
# સૂત્રોના રહસ્યો



- મુનિ મેઘદર્શનવિજય

# સૂત્રોના રહસ્યો

# ૧

મૂલ્ય રૂા. ૩૦/-

: લેખક :

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય

**મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબ**

: પ્રકાશક :

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ

સુરત

# પ્રાપ્તિસ્થાન

## સુરત

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિભવન
ગોપીપુરા, સુભાષચોક, સુરત.
ફોન નં. ૪૩૯ ૩૩૭.

## અમદાવાદ

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રીલીફરોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન નં. ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

## મુંબઈ

વર્ધમાન સંસ્કૃતિધામ
૬, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ,
ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન નં. ૩૮૮ ૭૬ ૩૭

## વડોદરા

ધર્મેન્દ્રભાઈ એસ. શાહ
૧૭/૩૨૪, ચિત્તેખાન ગલી, ૧લે માળે,
ઠક્કર બિલ્ડીંગ પાસે, ગેંડીગેટ રોડ, વડોદરા-૧૭
ફોન નં. ૪૩ ૮૪ ૯૪

## પ્રકાશકીય :

ઘૂઘવાટ કરી રહ્યો છે જિનાગમરૂપી મહાસાગર. તેના પેટાળમાં છે સુંદર મજાના દેદીપ્યમાન તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓ.

માનવજીવનને સફળ બનાવવા માટે અત્યંત જરૂરી આ તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓને ઘેર ઘેર પહોંચાડવા માટે પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સા.ની પ્રેરણા અને પૂ. મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબના સતત માર્ગદર્શન પ્રમાણે અમે **'ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન'** માસિકનું આયોજન કરેલ છે.

અમારી ધારણા કરતાં પણ અમને ઘણો વધારે રીસપોન્સ મળ્યો. પૂજ્ય શ્રી દ્વારા અત્યંત સરળ ભાષામાં પીરસાતાં તત્ત્વજ્ઞાનનાં ગહન વિષયોનું જ્ઞાન મેળવીને અનેકઆત્માઓનું જીવનપરિવર્તન થયું

વાચકોએ જ ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનનો એટલો બધો પ્રચાર કર્યો કે જેના કારણે માત્ર ત્રણ વર્ષ માટે જ શરૂ કરાયેલ આ માસિકે વાચકોના અતિશય આગ્રહને કારણે પોતાના તૃતીય ત્રિવાર્ષિક કોર્સમાં (સાતમા વર્ષમાં) પ્રવેશ કરવો પડ્યો છે.

જુના અંકોની પણ પુષ્કળ માંગણીઓ થતી હતી. અંકો ખલાસ થઈ જવા છતાં ય માંગણીઓ ચાલું રહેતાં પહેલાં ત્રણ વર્ષના અંકોમાં આવેલા વિષયોને જુદા જુદા પુસ્તકો રૂપે પ્રગટ કરવાનો અમારે નિર્ણય લેવો પડ્યો. તેના અનુસંધાનમાં **તારક તત્ત્વજ્ઞાન** અને **શ્રાવકજન તો તેને રે કહીએ** પુસ્તકો પ્રગટ કર્યાં પછી આજે **સૂત્રોના રહસ્યો** તથા **કર્મનું કમ્પ્યુટર** પુસ્તકો બહાર પાડતાં અમે આનંદ અનુભવીએ છીએ.

નવકારમંત્રથી આરંભીને નમુત્થુણં સુધીના સૂત્રો, સારાંશ, શબ્દાર્થ, સૂત્રાર્થ, ઉચ્ચાર અંગે સૂચનો તથા તેનું વિશિષ્ટ વિવેચન પૂજ્યપાદ મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબ **''સૂત્રોની સુવાસ''** વિભાગમાં પોતાની સરળભાષામાં રજૂ કરતા હતા. ખમાસમણની, ગુરુવંદનની, સામાયિક લેવા-પારવાની-મુહપત્તિ પડિલેહણની (સચિત્ર) વિધિ જણાવવા પૂર્વક, પોતાના ભવોદધિતારક ગુરુદેવશ્રીની કૃપાથી તેઓએ આ વિભાગમાં સૂત્રોના અર્થની પાછળ છૂપાયેલા વિશિષ્ટ રહસ્યોને પ્રગટ કરીને અનેક વાચકોના હૃદયમાં જિનશાસન, જિનશાસનના અનેક અંગો, ક્રિયાઓ પ્રત્યે વિશિષ્ટ આદર-બહુમાન પેદા કરાવ્યું છે; જે **'સૂત્રોના રહસ્યો'** નામના આ પુસ્તક રૂપે પૂજ્યશ્રીની આશિષ અને સંમતિથી સકળ સંઘના ચરણોમાં રજૂ કરવા ભાગ્યશાળી બન્યા છીએ. હવે પછી બાકી રહેલાં સૂત્રોના અર્થ અને રહસ્યોનું ભાગ-૨ રૂપે પુસ્તક બહાર પાડવાનું સદ્ભાગ્ય અમને જલ્દી સાંપડે તેવી આશા રાખીએ છીએ. સૌ કોઈ આ પુસ્તકના વાંચન-મનન દ્વારા ક્રિયાચુસ્ત બનીને જલ્દી પરમપદને પામે તેવી શુભાભિલાષા

*જીતુભાઈ શાહ*
સંચાલક
સંસ્કૃતિભવન, સુરત

# ક્યાં શું વાંચશો ?


| અ. નં. | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર | ૧ |
| ૨ | સૂત્ર - ૧ પંચ પરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર (નવકાર) | ૩ |
| ૩ | સૂત્ર - ૨ સુગુરુ સ્થાપના સૂત્ર (પંચિંદિય) | ૨૬ |
| ૪ | સૂત્ર - ૩ થોભવંદન સૂત્ર (ખમાસમણ) | ૩૯ |
| ૫ | સૂત્ર - ૪ સુગુરુ-સુખસાતા-પૃચ્છા સૂત્ર (ઈચ્છકાર) | ૪૫ |
| ૬ | સૂત્ર - ૫ ગુરુખામણા સૂત્ર (અબ્ભુટ્ઠિઓ) | ૫૩ |
| ૭ | ગુરુવંદનની વિધિ | ૬૨ |
| ૮ | લઘુ પ્રતિક્રમણ સૂત્રોનું ઝુમખું અને ભૂમિકા | ૬૩ |
| ૯ | સૂત્ર - ૬ ઐર્યાપથિકિ સૂત્ર (ઈરિયાવહિયા) | ૬૮ |
| ૧૦ | સૂત્ર - ૭ ઉત્તરીકરણ સૂત્ર (તસ્સ ઉત્તરી) | ૭૪ |
| ૧૧ | સૂત્ર - ૮ આગાર સૂત્ર (અન્નત્થ) | ૭૮ |
| ૧૨ | સૂત્ર - ૯ નામસ્તવ સૂત્ર (લોગસ્સ) | ૮૭ |
| ૧૩ | સૂત્ર - ૧૦ સામાયિક દંડક સૂત્ર (કરેમિભંતે) | ૯૪ |
| ૧૪ | સૂત્ર - ૧૧ સામાયિકપારણ સૂત્ર (સામાઈય વય જુત્તો) | ૧૦૪ |
| ૧૫ | સામાયિકની વિધિ | ૧૧૪ |
| ૧૬ | મુહપત્તિ પડિલેહણની વિધિ | ૧૨૫ |
| ૧૭ | ચૈત્યવંદન સૂત્રોનું ઝુમખું અને ભુમિકા | ૧૩૦ |
| ૧૮ | સૂત્ર - ૧૨ ચૈત્યવંદન સૂત્ર (જગચિંતામણિ) | ૧૪૦ |
| ૧૯ | સૂત્ર - ૧૩ તીર્થવંદના સૂત્ર (જંકિંચિ) | ૧૫૧ |
| ૨૦ | સૂત્ર - ૧૪ શક્રસ્તવ સૂત્ર (નમુથ્થુણં) | ૧૫૪ |

જુદા જુદા પ્રશ્નપત્રો દ્વારા જૈન શાસનના
અનેક વિષયો ઉપર પ્રકાશ ફેંકતું પુસ્તક

# જ્ઞાનદીપક પ્રગટાવો

ભાગ - ૧

સંયોજક


પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના શિષ્ય

મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ. સા.


પ્રકાશક


○ પ્રાપ્તિસ્થાન ○

અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ
ચં. કે. સંસ્કૃતિભવન, ગોપીપુરા મેઈન રોડ,
સુભાષ ચોક, સુરત.

મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/-

જુદા જુદા પ્રશ્નપત્રો દ્વારા જૈન શાસનના
અનેક વિષયો ઉપર પ્રકાશ ફેંકતું પુસ્તક

# જ્ઞાનદીપક પ્રગટાવો

ભાગ - ૨

સંયોજક


પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના શિષ્ય

મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ. સા.



પ્રકાશક

● પ્રાપ્તિસ્થાન ●

અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ
ચં. કે. સંસ્કૃતિભવન, ગોપીપુરા મેઈન રોડ,
સુભાષ ચોક, સુરત.

મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/- મૂલ્ય રૂા. ૨૫/-

# ૧ પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર

મંદ મંદ વાયુ વાવા લાગ્યો. આકાશમાં ચારે બાજૂ અજવાળા પથરાયા. સચરાચર સૃષ્ટિના સર્વ જીવો ક્ષણ માટે આનંદવિભોર બની ગયા. ચારે બાજુ પ્રસન્નતા વ્યાપી ગઈ. દેવલોકના દેવો આ ધરતી પર ઉતરવા લાગ્યા. વૈશાખ સુદ દસમનો તે દિન હતો. પરમાત્મા મહાવીરદેવ સાડા બાર વર્ષની ઘોર સાધના દ્વારા કર્મોને હરાવી દઈને કેવળજ્ઞાન પામ્યા હતા.

દેવોએ સમવસરણની રચના કરી. પરમાત્મા તેમાં બિરાજમાન થયા. દેશના શરૂ થઈ. પ્રભુની મધૂરી વાણી ગંગાના પાણીની જેમ ખળ ખળ વહેવા લાગી. ભાવવિભોર બનીને બધા સાંભળતા હતા. દેવો વાંસળીના સૂર પૂરાવતા હતા.

પણ અચાનક આ શું બન્યું ? ચારે બાજુ સન્નાટો કેમ છવાઈ ગયો ? સંગીતના સૂરો બંધ કેમ થઈ ગયા ? અરે ! દેશના અધૂરી છોડીને પરમાત્માએ તો વિહાર આદર્યો. દેવો પણ પરમાત્માની પાછળ પાછળ ચાલવા લાગ્યા. પરમાત્માની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. જૈનશાસનની સ્થાપના તે દિને થઈ ન શકી.

પરમાત્મા ધારત તો સભામાં આવેલા પોતાના પરમ ભક્ત ઈન્દ્રની વિપૂલ સંપત્તિ કે સત્તાના જોરે લાલચ કે જોહુકમી દ્વારા જૈનધર્મનો ફેલાવો કરી શકત. પણ ના, ભગવાને તેમ ન કર્યું. કારણકે પરમાત્મા પોતાની નિષ્ફળ દેશના દ્વારા જાણે કે આ વિશ્વને સફળ સંદેશો આપવા માંગતા હતા કે, 'મારું શાસન સત્તા કે સંપત્તિના જોરે ચાલનારું નથી, પણ વિરતિના પ્રભાવે ચાલવાનું છે. મારા શાસનમાં સત્તા કે સંપત્તિનું મહત્ત્વ નથી પણ વિરતિનું મહત્ત્વ છે. આ દેશનામાં સંપત્તિવાનો અને સત્તાધીશો હાજર હતા પણ વિરતિનો પરિણામ પેદા કરનારો કોઈ નહોતો. તેથી દેશના અધૂરી છોડીને પણ હું ચાલ્યો ગયો.'

વિહાર કરીને પરમાત્મા અપાપાપુરી નગરીની બહાર મહાસેન નામના ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. તે નગરીમાં પોતાની જાતને સર્વજ્ઞ માનનારા ઈન્દ્રભૂતિ વગેરે અગિયાર પ્રકાંડપંડિતો પોતાના ૪૪૦૦ શિષ્યો સાથે સોમીલ બ્રાહ્મણના ત્યાં યજ્ઞ કરાવતા હતા.

સર્વજ્ઞ ભગવાન મહાવીર પધાર્યા છે, તેવી વાત-અહંકારની ટોચે રહેલા અને પોતાની જાતને સર્વજ્ઞ માનતા-તેમનાથી શી રીતે સહન થાય ? હમણા જ વાદ કરીને તેમને હરાવી દઉં, તેવી ભાવનાથી એક પછી એક પંડિત પહોંચ્યો ભગવાન મહાવીર પાસે. પણ પરમાત્માના દર્શન થતાં, પરમાત્માના મુખે પોતાનું નામ સાંભળતાં, અરે ! વરસોથી પોતાને જે ગુપ્ત સંશય હતો, તે સંશય અને તેનું સચોટ સમાધાન પરમાત્માના મુખે સાંભળતાં, તેઓ પોતાના ૪૪૦૦ શિષ્યો સાથે પરમાત્માના ચરણે સમર્પિત બન્યા. પરમાત્માના શિષ્યો બન્યા. અગિયારે પંડિતોને પરમાત્માએ ગણધરપદે સ્થાપ્યા.

આ સંસાર રૂપી સમુદ્રમાં ડૂબતાં જીવોને તારનારું જિનશાસન નામનું નાવડું

પરમાત્મા મહાવીરદેવે તરતું મૂક્યું. આ જિનશાસનનું સંચાલન કરવા પરમાત્માએ ઈન્દ્રભૂતિપંડિતને પોતાના પ્રથમ ગણધર બનાવ્યા. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા રૂપ ચતુર્વિધસંઘની સ્થાપના કરી.

આ અગિયારે ગણધરોએ પરમાત્માને પ્રદક્ષિણા આપીને પૂછ્યું, 'ભંતે ! કિં તત્તં ? (હે ભગવંત ! તત્ત્વ શું છે ?) ભગવંતે કહ્યું, 'ઉપ્પન્નેઈ વા' (બધું ઉત્પન્ન પણ થાય છે.)

બધું સતત ઉત્પન્ન જ થતું રહે તો આ વિશ્વ ક્યારનું ય ભરાઈ જાય ! એક તસુ જેટલી જગ્યા પણ ખાલી શી રીતે રહે ? ફરી પ્રદક્ષિણા દઈને તેમણે સવાલ કર્યો, 'ભંતે કિં તત્તં ?' ભગવાને કહ્યું, 'વિગમેઈ વા' (બધું નાશ પણ પામે છે.)

જો ઉત્પન્ન થયેલું બધું જ નાશ પામી જતું હોય તો કોઈ ચીજ દેખાય જ નહિ. દુનિયામાં તો ઘણી વસ્તુ દેખાય છે. તેમણે ત્રીજીવાર પ્રદક્ષિણા દઈને ફરી પૂછ્યું, 'ભંતે ! કિં તત્તં ! ભગવાને કહ્યું, 'ધુવેઈ વા.' (સ્થિર પણ રહે છે.')

'ઉપ્પન્ને ઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા' (ઉત્પન્ન પણ થાય છે, નાશ પણ પામે છે, સ્થિર પણ રહે છે.) આ ત્રિપદી (ત્રણ પદો) આપ્યા પછી પરમાત્માએ તે ગણધરોના મસ્તકે વાસક્ષેપ કર્યો.

પરમાત્માનો વાસક્ષેપ પ્રાપ્ત થતાં જ તેમના જ્ઞાનાવરણીય કર્મનો જબરદસ્ત ક્ષયોપશમ થયો. આ ત્રિપદીના આધારે, પરમાત્માની કૃપાના પ્રભાવે તેમણે દ્વાદશાંગી (બાર અંગસૂત્રો)ની રચના કરી.

પરમાત્મા મહાવીરદેવે પોતાના ૪૨ થી ૭૨ વર્ષ સુધીના કેવલીકાળમાં જે દેશના આપી, તેણે ગણધર ભગવંતોએ સૂત્ર સ્વરૂપે ગુંથી લીધી. જે આગમ સૂત્રો તરીકે પ્રસિદ્ધ છે.

આપણને પ્રાપ્ત થયેલા આવશ્યક સૂત્રો પણ આગમ કહેવાય છે..તે ગણધરભગવંત રચિત છે. પરમાત્મા સાથે સાક્ષાત્ સંબંધ કરાવનારા આ સૂત્રો મંત્રાક્ષરો રૂપ છે. તેમાં તત્ત્વજ્ઞાનનો મહાસાગર ઘૂઘવાટ કરી રહ્યો છે. તેના અર્થ વિશિષ્ટ છે. તેની પાછળ અજબગજબ રહસ્યો છૂપાયેલાં છે.

તે અર્થો અને રહસ્યોને આપણે કદાચ ન પણ જાણી શકીએ તો ય તે સૂત્રો પોતે જ મંત્રાક્ષર સ્વરૂપ હોવાથી આત્મામાં પ્રસરેલાં કામ, ક્રોધ, ઈર્ષ્યા, નિંદા, લાલસા વગેરેના ઝેરને નાશ કરવા સમર્થ છે. પરંતુ તે સૂત્રોની સાથે આપણને જો તેના અર્થ તથા રહસ્યોની સમજણ પણ હોય તો તે સૂત્રો બોલતી વખતે તેનો અર્થ નજરમાં આવતાં આપણા ભાવોમાં વિશેષ ઉછાળો આવે છે. હૈયું ગદ્ગદ્ બને છે. પરમાત્મા, પરમાત્માના આગમ તથા પરમાત્માના શાસન પ્રત્યે વિશેષ અહોભાવ જાગે છે. પરિણામે તે સૂત્રો બોલવાની પ્રત્યેક ક્ષણે અનંતાનંતભવોના કર્મોનો કચ્ચરઘાણ બોલાય છે. આત્મા ઉપર જામી પડેલાં દોષો નબળા પડે છે. નાશ પામવાની ભૂમિકા પેદા થાય છે. તેથી સૂત્રો ભણવાની સાથે તેના અર્થ તથા રહસ્યો જાણવાની પણ તમન્ના પેદા કરવી જોઈએ. જાણેલાં તે અર્થોને આત્મસાત્ કરવાનો સમય કાઢીને પણ પ્રયત્ન કરવો જોઈએ.

સૂત્ર-૧

# ૨ પંચ પરમેષ્ઠિ-નમસ્કાર સૂત્ર

## નવકાર મંત્ર

ભૂમિકા :–

ચાર ગતિના આ સંસારમાં અનંતકાળથી આપણે ભટક્યા કરીએ છીએ. નહિ ઇચ્છેલી જગ્યાએ જન્મ લઈએ છીએ. પાપ ભરપૂર જીવન જીવીએ છીએ. રીબામણ ભરપૂર મોતને સ્વીકારીએ છીએ. આ જન્મ-જીવન-મરણની ઘટમાળ ચાલ્યા કરે છે, પણ તે બધાનું કારણ શું ? શા માટે તેનાથી છૂટકારો આપણો થતો નથી ? શા માટે કાયમી સુખ આપણને મળતું નથી ? અનેક પ્રકારની આરાધના-સાધના કરવા છતાં, ધર્મમય જીવન જીવવા છતાં આપણો મોક્ષ કેમ થતો નથી ? પરમાત્માનો સાક્ષાત્કાર કેમ થતો નથી ? બધા પાપો અને બધા દોષોમાંથી મુક્તિ કેમ સાંપડતી નથી ?

મુક્તિ મેળવવા ઘર છોડ્યું, ભોજન છોડ્યું, વસ્ત્રો બદલ્યા, દીક્ષા લીધી, તપ-જપ પણ ઘણાં કર્યાં છતાં મોક્ષ ન થયો કારણકે સંસાર પ્રત્યેનું કારમું આકર્ષણ મનમાંથી દૂર ન કર્યું. સંસાર પ્રત્યેનો રાગ સદા માટે ઊભો રાખ્યો. સંસારને મનથી સારો માન્યો. તેની સામગ્રીઓ મેળવવા જેવી માની. સંસારના સુખો ભોગવવા જેવા માન્યા. આજ આપણા સંસારનું મૂળ છે.

હવે જો આ સંસારની ચાર ગતિમાં રખડ્યાનું ભાન થયું હોય, પરલોકના દુઃખોનો ડર લાગતો હોય, મોક્ષમાં જવાની તમન્ના પેદા થઈ હોય તો સંસારના આ મૂળને ઉખેડીને ફેંકી દેવું જરૂરી છે. સમગ્ર સંસારના મૂળ રૂપ સંસાર પ્રત્યેના રાગને દૂર કરવાના અનેક ઉપાયો છે, પરંતુ તે મુશ્કેલ છે. સામાન્ય માણસનું તો ગજું જ નહિ.

પણ આ રાગને ખતમ કરવાનો એક સાવ સરળ ઉપાય પણ છે. દરેક જણ આચરી શકે તેવો આ ઉપાય છે. વળી આ ઉપાય અજમાવવા નથી પૈસાની જરૂર પડતી કે નથી વિશિષ્ટ શારીરિક શક્તિની જરૂર. આ સૌથી સરળ ઉપાયનું નામ છે **'નમસ્કાર'**. જેમણે પણ આ સંસારના રાગને પૂરેપૂરા ખતમ કરી નાંખ્યો છે, કે ખતમ કરી નાંખવાની જોરદાર સાધના જેઓ કરી રહ્યા છે, તેવા પાંચ પરમેષ્ઠિભગવંતોને ભાવભર્યો નમસ્કાર કરવાનો છે. અંતઃકરણના ઉલ્લાસથી વંદના અર્પવાની છે. જેમ જેમ વંદનાઓ થતી જશે, તેમ તેમ સંસાર પ્રત્યેનો રાગ વગેરે આત્મામાં પડેલા દોષો ખતમ થવા લાગશે. આત્મા મોક્ષની અભિમુખ બનવા લાગશે.

નવકારમંત્રમાં પાંચે પરમેષ્ઠિભગવંતોને નમસ્કાર કરવામાં આવેલ છે. આ સૂત્રના પ્રત્યેક અક્ષર મંત્રાક્ષર રૂપ છે. આ સૂત્ર શાશ્વત છે. અનાદિકાળથી છે. કોઈએ આ સૂત્રની રચના કરી નથી. ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર પણ સમાધિમરણ પ્રાપ્ત કરવા છેલ્લે આ નવકારમંત્રનું સ્મરણ કરે છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** પંચ પરમેષ્ઠિનમસ્કાર સૂત્ર

* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** નવકારમંત્ર

* (૩) **બીજું નામ :** પંચમહામંગલશ્રુતસ્કંધ

* (૪) **વિષય :** વિશ્વમાં સર્વશ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિભગવંતોને ભાવભર્યાં હૃદયે કરાતો નમસ્કાર.

* (૫) **સૂત્રનો સારાંશ :** મોક્ષ મેળવવા ધર્મની આરાધનાઓ કરવાની સાથે સંસાર પ્રત્યેનો કારમો રાગ પણ દૂર કરવો જરૂરી છે. નમસ્કારથી સંસારનો રાગ છૂટે. સંસારનો રાગ છૂટે તો જ સંસાર તુટે અને મોક્ષ પ્રાપ્ત થાય.

* (૬) **ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :**

* જ્યારે જોડિયા અક્ષરો બોલવાના હોય ત્યારે જોડિયા અક્ષર ઉપર ભાર ન આપતાં, એની પૂર્વના અક્ષર ઉપર ભાર આપવો. 'સિદ્ધાણં'માં 'દ્ધા' ઉપર ભાર ન આપતાં 'સિ' ઉપર ભાર આપવો. 'સવ્વ'માં 'વ્વ' ઉપર ભાર ન આપતાં 'સ' ઉપર ભાર આપવો.

* 'ం' મીંડા બોલવાનો ઉપયોગ રાખવો. જ્યારે મીંડું બોલાય ત્યારે બે હોઠ ભેગા થવા જોઈએ. 'અરિહંતાણં' બોલતાં છેલ્લે બે હોઠ ભેગા થયા કે નહિ ? તે ચેક કરી લો.

* 'સાહૂણં' માં 'હૂ'માં ઊ દીર્ઘ છે. તેથી તેનો ઉચ્ચાર 'ઊ' એમ લંબાવીને કરવો. 'સાહુણં' નહિ પણ 'સાહૂણં.'

* નવકારમંત્રમાં પદો નવ છે પણ સંપદા આઠ છે. દરેક લીટીને પદ કહેવાય, જ્યારે અર્થની યોગ્ય રચનાને કારણે જ્યાં અટકવાનું હોય ત્યાં સંપદા પૂરી થાય. નવકારમાં પહેલાં સાત પદની સાત સંપદા છે, પણ આઠમા અને નવમાપદની- અર્થની રચના એક જ હોવાથી- આઠમા નંબરની એક જ સંપદા છે. તેથી છેલ્લા બે પદો જુદા જુદા ન બોલતાં, બંને પદો સાથે જ બોલવા જોઈએ.

*** (૭) સૂત્ર**

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વ સાહૂણં**
**એસો પંચ નમુક્કારો**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં**
**પઢમં હવઈ મંગલં ॥૧॥**

## *(૮) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| નમો | નમસ્કાર કરું છું. | અરિહંતાણં | અરિહંત ભગવંતોને. |
| સિદ્ધાણં | સિદ્ધ ભગવંતોને | આયરિયાણં | આચાર્ય ભગવંતોને |
| ઉવજ્ઝાયાણં | ઉપાધ્યાય ભગવંતોને | લોએ | લોકમાં રહેલાં |
| સવ્વ | બધા | સાહૂણં | સાધુ ભગવંતોને |
| એસો | આ | પંચ | પાંચ |
| નમુક્કારો | નમસ્કાર | સવ્વ | બધા |
| પાવ | પાપનો | પણાસણો | સંપૂર્ણ નાશ કરનાર |
| મંગલાણં | મંગલોમાં | ચ | અને/વળી |
| સવ્વેસિં | મંગલોમાં | પઢમં | પ્રથમ |
| હવઈ | છે | મંગલં | મંગળ |

## *(૮) સૂત્રાર્થ :

**(સર્વ ક્ષેત્રના અને સર્વકાળના) સર્વ અરિહંત ભગવંતોને હું નમસ્કાર કરું છું. (સર્વ ક્ષેત્રના અને સર્વકાળના) સર્વ સિદ્ધભગવંતોને નમસ્કાર કરું છું (સર્વક્ષેત્રના અને સર્વકાળના) સર્વ આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું. (સર્વક્ષેત્રના અને સર્વકાળના) સર્વ ઉપાધ્યાય ભગવંતોને હું નમસ્કાર કરું છું. લોકમાં રહેલાં (સર્વ કાળના) સર્વ સાધુભગવંતોને હું નમસ્કાર કરું છું**

**આ પાંચ (પરમેષ્ઠિભગવંતોને કરેલો) નમસ્કાર સર્વ પાપોને નાશ કરનારો છે.**

**વળી સર્વ મંગલોમાં પહેલું મંગલ છે.**

## *(૮) વિશેષ વિચારણા :

**પ્ર.** આ સૂત્રનું નામ પંચપરમેષ્ઠિનમસ્કારસૂત્ર શા માટે છે ?

**જ.** આ સૂત્રમાં પાંચ પરમેષ્ઠિભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે. માટે તેનું નામ પંચપરમેષ્ઠિનમસ્કારસૂત્ર છે.

**પ્ર.** પાંચ પરમેષ્ઠિમાં કોણ કોણ આવે ?

**જ.** પાંચ પરમેષ્ઠિઓમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુભગવંતનો સમાવેશ થાય.

**પ્ર.** નમસ્કાર એટલે શું ?

**જ.** નમસ્કાર એટલે નમન કરવું, મસ્તક ઝુકાવવું, પ્રણામ કરવા, બે હાથ જોડીને વંદન કરવું વગેરે. આ ક્રિયાત્મક (દ્રવ્ય) નમસ્કાર કહેવાય. તે કરતી વખતે હૃદયમાં ભારોભાર બહુમાન જોઈએ. આંતરિક પ્રીતિ જોઈએ. મનનો લગાવ જોઈએ. તેવા ઉછળતા ઉલ્લાસ-ઉમંગ ભક્તિ-બહુમાનભાવ પૂર્વક કરાતી નમનની ક્રિયાને સાચો(ભાવ) નમસ્કાર કહેવાય.

પ્ર. પરમેષ્ઠિ કોને કહેવાય ?

જ. આ જગતમાં રહેલી સર્વશ્રેષ્ટ વ્યક્તિઓને પરમેષ્ઠી કહેવાય. તેમનાથી ચડિયાતી વ્યક્તિ આ જગતમાં અન્ય કોઈ હોઈ શકે જ નહિ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-ભગવંતો જગતની શ્રેષ્ઠ વ્યક્તિઓ છે, કારણકે તેઓ ઉત્તમ ગુણોના સ્વામી છે. આત્મિકસમૃદ્ધિમાં મહાલનારા છે. સંસારના વિષય કષાયોથી અલિપ્ત છે. નિજધ્યાનમાં લીન છે.

પ્ર. પરમેષ્ઠિભગવંતોને નમસ્કાર કરવાથી શું લાભ થાય ?

જ. પાણી જોઈતું હોય તેને પાણી ભરેલી માટલી પાસે જવું પડે. શાહી જોઈતી હોય તેને શાહીની બાટલી પાસે જવું પડે. તેમ જેને સદ્‌ગુણો જોઈતા હોય તેને સદ્‌ગુણોના સ્વામી પાસે જવું પડે. સદ્‌ગુણોના સર્વોત્કૃષ્ટ સ્વામી પંચ પરમેષ્ઠિભગવંતો છે. તેમને નમસ્કાર કરવાથી સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય.

આ દુનિયામાં જોશો તો ધનની ઇચ્છાવાળી વ્યક્તિ ધનવાનની પાછળ ફરતી જોવા મળશે. પ્રધાનપદની ઇચ્છાવાળી વ્યક્તિ વડાપ્રધાન કે મુખ્યપ્રધાનની સેવા કરતી જણાશે. જો આપણને પુણ્યની જરૂર હોય, ગુણોની જરૂર હોય, શુદ્ધિની જરૂર હોય તો પુણ્ય-ગુણો-શુદ્ધિના સ્વામી પરમેષ્ઠિભગવંતોની સેવા કરવી જોઈએ. તેમના ચરણોમાં ઝુકવું જોઈએ. તેમને ભાવભર્યા નમસ્કાર કરવા જોઈએ. તેમ કરવાથી એક દિવસ આપણે પણ તેમના જેવા પુણ્ય-શુદ્ધિ-સદ્‌ગુણોના સ્વામી બની શકીશું.

પ્ર. પાંચ પરમેષ્ઠીમાંના પ્રથમ પરમેષ્ઠી અરિહંત ભગવંત કોને કહેવાય ?

જ. અરિ=શત્રુ, હંત=હણનારા. શત્રુઓને હણનારા શત્રુ એટલે આ દુનિયામાં લોકો જેને શત્રુ માને છે, તે નહિ; પણ રાગ-દ્વેષ રૂપી આત્માના શત્રુઓ. આત્માના સાચા દુશ્મનો તો આ રાગ-દ્વેષ વગેરે દુર્ગુણો જ છે. તેઓ આત્માને સંસારમાં રખડાવે છે. આત્માને દુઃખોના દાવાનળમાં ઝીંકે છે. પાપોમાં રગદોળાવે છે. આવા રાગ-દ્વેષ વગેરે દુર્ગુણો રૂપી શત્રુઓ જેમણે હણી કાઢ્યા છે; તે અરિહંત ભગવંત કહેવાય.

અરિહંત માટે અર્હત્ શબ્દ પણ છે. પૂજાવાને યોગ્ય જે હોય તે અરિહંત. એટલે કે જેઓ ચોત્રીસ અતિશયોથી શોભતા હોય, દેવ-દેવેન્દ્રોથી પૂજાતા હોય. બાર ગુણોથી સહિત હોય, તે અરિહંતભગવંત કહેવાય. તેમણે આઠ કર્મોમાંથી ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યો હોય છે.

પ્ર. આઠ કર્મો કયા કયા ? ઘાતીકર્મ એટલે શું ?

જ. સમગ્ર વિશ્વનું સંચાલન કર્મો કરે છે. જે જીવ જે કર્મો બાંધે, તે કર્મો તે જીવે જ ભોગવવા પડે છે. તે કર્મોના કારણે દુઃખમય સંસારમાં જીવે રખડવું પડે છે. તે કર્મોનો નાશ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ કર્મો આઠ પ્રકારના છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩) વેદનીય કર્મ (૪) મોહનીય કર્મ

(૫) આયુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાય કર્મ. આ આઠ કર્મોને યાદ રાખવા માટે નાની વાર્તા છે. **જ્ઞાન**ચંદશેઠ **દર્શન** કરવા ગયા. રસ્તામાં **વેદના** ઉપડી. સામે **મોહન**ભાઈ વૈદ મળ્યા. 'વૈદરાજ ! મને દવા આપો નહિ તો મારું **આયુષ્ય** પૂરું થઈ જશે. વૈદરાજે જવાબ આપ્યો, ભગવાનનું **નામ** લો, **ગોત્ર** દેવતાને યાદ કરો. તમારા બધા **અંતરાય** દૂર થઇ જશે.' આ વાર્તામાં ઘાટાં અક્ષરો આઠ કર્મોને જણાવે છે.

આત્માના મૂળગુણો ઉપર સીધો હુમલો કરીને, તે ગુણોનો જે ઘાત કરે તે ઘાતીકર્મ કહેવાય. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય અને (૪) અંતરાય; આ ચાર કર્મો આત્માના મૂળગુણો ઉપર સીધો હુમલો કરતાં હોવાથી તેઓ ઘાતીકર્મ કહેવાય છે. જ્યારે (૧) વેદનીય (૨) આયુષ્ય (૩) નામ અને (૪) ગોત્રકર્મ; એ ચાર અઘાતી કર્મો છે, કેમકે તેઓ આત્માના મૂળગુણો ઉપર સીધો હુમલો કરી શકતા નથી.

ચારે ય ઘાતીકર્મોનો જેમણે સંપૂર્ણ નાશ કર્યો હોય અને જેઓ બારગુણોથી સહિત હોય તેઓ અરિહંત ભગવંત કહેવાય.

**પ્ર.** અરિહંત ભગવાનના બાર ગુણો કેવી રીતે હોય છે ?

જ. અરિહંત ભગવાનના બાર ગુણો બે વિભાગમાં ગોઠવાયેલાં છે. (૧) આઠ પ્રાતિહાર્યો અને (૨) ચાર અતિશયો.

પ્રાતિહારી એટલે અંગરક્ષક (બોડીગાર્ડ) અરિહંત પરમાત્માના પ્રાતિહારીની જેમ જે જે વસ્તુઓ અરિહંત પરમાત્માની સાથે જ રહે તે પ્રાતિહાર્ય કહેવાય. અરિહંત પરમાત્મા જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આઠ વસ્તુઓ સાથે રહે છે, તેથી તે આઠ પ્રાતિહાર્ય કહેવાય છે.

આ દુનિયામાં બીજા કોઈની પાસે ન હોય તેવી વિશિષ્ટતા પરમાત્માની હોય છે, જે અતિશય તરીકે ઓળખાય છે.

આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશયો મળીને અરિહંત ભગવંતના બાર ગુણો થાય છે.

પ્ર. આઠ પ્રાતિહાર્યો કયા અને કેવા હોય છે ?

જ. દેશના આપવા માટે દેવો ભક્તિથી ત્રણ ગઢનું સમવસરણ બનાવતાં હોય છે. એક યોજન પ્રમાણ આ સમવસરણમાં સૌથી નીચે વાહનો માટે ચાંદીનો ગઢ, તેની ઉપર પશુ-પંખીઓ માટે સોનાનો ગઢ અને સૌથી ઉપર દેવો-માનવો માટે રત્નનો ગઢ હોય છે. ચાંદીના ગઢને ચારે બાજુ દસ-દસ હજાર પગથીયાં હોય છે. જ્યારે સોના-રત્નના ગઢને દરેકને ચારે બાજુ પાંચ-પાંચ હજાર પગથીયાં હોય છે. આમ વીસ-વીસ હજાર પગથીયાં દરેક બાજુ હોવાથી સમવસરણમાં કુલ ૮૦,૦૦૦ પગથીયાં હોય.

(૧) **અશોકવૃક્ષ :** સમગ્ર સમવસરણને સંપૂર્ણ ઢાંકી દે, તેવું ઘટાદાર અશોક (આસોપાલવ) વૃક્ષ સમવસરણના બરોબર મધ્યભાગમાં દેવો રચે છે, જે ભગવાન કરતાં બારગણું ઊંચું હોય છે. તેની નીચે બેસીને ભગવાન દેશના આપે છે.

(૨) **સુરપુષ્પવૃષ્ટિ :** સમવસરણની ભૂમિમાં દેવો-ઢીંચણ સુધીના પગ અંદર ખૂંપી જાય તે રીતે-પાંચે વર્ણના સુગંધીદાર ફૂલોનો વરસાદ વરસાવે છે.

(૩) **દિવ્યધ્વનિ :** પરમાત્મા અર્ધમાગધીભાષામાં માલકૌંસ વગેરે રાગમાં દેશના આપે છે, ત્યારે આકાશમાં રહીને દેવો વાંસળીના મધૂર સૂરો વહાવીને વાતાવરણને સંગીતમય બનાવે છે.

(૪) **સિંહાસન :** પરમાત્માને બિરાજમાન થવા દેવો રત્નજડિત સોનાના ચાર સિંહાસનો રચીને અશોકવૃક્ષની ચારે દિશામાં સ્થાપન કરે છે. તેમાંના પૂર્વદિશામાં રહેલા સિંહાસન ઉપર પરમાત્મા બિરાજે છે. બાકીના ત્રણ સિંહાસન ઉપર વ્યંતરદેવો પરમાત્માના આબેહૂબ ત્રણ પ્રતિબિંબો બનાવીને સ્થાપે છે.

બધા દેવો ભેગા થઈને પણ પરમાત્માનો એક અંગૂઠો પણ બનાવી ન શકે તેવું અદ્‌ભૂત પરમાત્માનું રૂપ હોય છે. જે એક અંગૂઠો ન બનાવી શકે તે આખાને આખા ત્રણ આબેહૂબ રૂપો શી રીતે બનાવી શકે ? પણ પરમાત્માનો પ્રભાવ અચિન્ત્ય છે. પરમાત્માના પ્રભાવે વ્યંતરદેવોમાં ભગવાનના ત્રણ પ્રતિબિંબો બનાવવાની શક્તિ પેદા થાય છે.

(૫) **ચામર :** સમવસરણમાં ચારે દિશામાં બિરાજમાન થયેલા ભગવાન (અને તેમના પ્રતિબિંબો)ને બે બે દેવો રત્નજડિત સોનાની દાંડીવાળા ચામરો વીંઝે છે. આ ચામરો ચમરીગાયના પૂંછડાના વાળમાંથી બનેલા હોય છે. કુલ ચાર જોડી એટલે કે આઠ ચામરો વીંઝાય છે.

(૬) **ભામંડળ :** ભા=તેજ, પ્રકાશ. મંડળ=ગોળાકાર માંડલુ. બપોરના બાર વાગે આપણે સૂર્યની સામે જોઈ શકીએ ? જોવાનો પ્રયત્ન કરીએ તો સૂર્યનું તેજ ઘણું હોવાથી આપણી આંખો અંજાઈ જાય. મીંચાઈ જાય. આપણે જોઈ ન શકીએ. ત્રણલોકના નાથ, પરમપિતા, અરિહંત પરમાત્માનું તેજ તો સૂર્ય કરતાં ય અનેકગણું વધારે છે. તેમની સામે પણ આપણે શી રીતે જોઈ શકીએ ? તેથી તેમની પાછળ ભામંડળની રચના દેવો કરે છે, જે ભામંડળ પરમાત્માના તેજને પોતાનામાં સંહરી લે છે. તેથી ભગવાનની પાછળ તેજોવર્તુળ થાય છે. પરિણામે પરમાત્માની સામે આસાનીથી જોઈ શકાય છે. સમવસરણમાં ચારે ભગવાનની પાછળ એકેક ભામંડળ હોય છે.

(૭) **દેવદુંદુભી :** પરમાત્માની દેશના પહેલાં દેવો આકાશમાં રહીને જોરજોરથી દુંદુભી=નગારું વગાડે છે. જાણે કે લોકોને દેશનામાં પધારવાનું આમંત્રણ આપતાં કહે છે કે, 'હે ભવ્યજીવો ! મોક્ષનગરી તરફ પ્રયાણ કરતા સાર્થનો સાર્થવાહ અહીં

આવ્યો છે. જો તમારે પણ મોક્ષમાં જવું હોય તો આ સાર્થવાહને ભજો. સાર્થવાહ સમાન આ પરમાત્માનું શરણું સ્વીકારો.

(૮) **ત્રણ છત્ર :** ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોક. એ ત્રણેલોકના નાથ આ અરિહંત પરમાત્મા છે; તેવું સૂચવવા દેવો પરમાત્માના મસ્તક ઉપર સફેદ મોતીના હારોથી સુશોભિત ઉપરાઉપરી ત્રણ છત્રો રચે છે; ચારે દિશામાં ત્રણ ત્રણ છત્રો ગણીને કુલ બાર છત્રો રચે છે.

પ્ર. ચાર અતિશયો કયા કયા ?

જ. ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માની વિશિષ્ટ પુણ્યાઈ-પ્રભાવ-જેના દ્વારા જણાય તે અતિશય કહેવાય. તે ચાર છે.

(૧) **જ્ઞાનાતિશય :** આપણે આપણી આગળનું જોઈ શકીએ, ડોક હલાવ્યા વિના પાછળનું ન જોઈ શકીએ. અમેરીકાની વાતો ટી.વી. વગેરે દ્વારા જે સમયે જાણીએ તે જ સમયે રશીયાની વાતો ન જાણી શકીએ. સ્વર્ગ-નરક તો વૈજ્ઞાનિકો દૂરબીનથી પણ જોઈ-જાણી શકતા નથી..જ્યારે પરમપિતા પરમાત્માને જે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય છે; તેના પ્રભાવે તેઓ સ્વર્ગ-નરક અને આ ધરતીની, વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળની તમામે તમામ ઘટનાઓને એકી સાથે અક્રમે જાણી શકે છે. તેમનાથી કોઈપણ હકીકત જાણ્યા વિનાની રહેતી નથી.

(૨) **વચનાતિશય :** ભગવાન તો અર્ધમાગધીભાષામાં દેશના આપે છે, પણ ભગવાનની વાણીમાં એવો વિશિષ્ટ અતિશય હોય છે કે જેના પ્રભાવે પરમાત્માની દેશના દરેકને પોતપોતાની ભાષામાં સમજાય છે. દેવોને દેવોની ભાષામાં, પશુ-પંખીને તેમની પોતપોતાની ભાષામાં, માનવને માનવની ભાષામાં સમજાય છે. વળી તે વાણી પાંત્રીશગુણોથી સહિત હોય છે.

(૩) **પૂજાતિશય :** પરમપિતા પરમાત્માનું પુણ્ય એટલું બધું લોકોત્તરકક્ષાનું હોય છે કે તેમની પૂજા કરવા માટે માનવો, રાજાઓ, ચક્રવર્તીઓ, દેવો, દેવેન્દ્રો વગેરે તલસતાં હોય છે. દેવો સમવસરણની રચના કરે છે. ઓગણીસ પ્રકારના અતિશયો ઊભા કરે છે. પરમાત્મા ચાલે ત્યારે તેમના પગ મૂકવા સોનાના નવ કમળો રચે છે. પક્ષીઓ પ્રદક્ષિણા આપીને આગળ વધે છે. કાંટા ઉંધા વળે છે. વૃક્ષો નીચા નમે છે. પવન અનુકૂળ વાય છે. છએ ૠતુઓ સમકાળે ફળે છે. આ રીતે પરમાત્માને સૌ કોઈ પૂજે છે.

(૪) **અપાયા-પગમાતિશય :** અપાય=તકલીફ, મુશ્કેલી, કષ્ટ વગેરે. અપગમ=દૂર થવું તે. પરમાત્મા જ્યાં વિચરતાં હોય ત્યાં સવાસો યોજન સુધીમાં કોઈને પણ મારી-મરકી-રોગ-ઉપદ્રવ, દુકાળ, અતિવૃષ્ટિ વગેરેની તકલીફો આવતી નથી. જે રોગાદિ થયા હોય તે મટી જાય છે. છ મહીના સુધી નવા રોગો થતાં નથી.

આ ચાર અતિશયો અને આઠ પ્રાતિહાર્યો મળીને અરિહંત ભગવંતના

બાર ગુણો થાય છે. આ બાર ગુણોનો વિસ્તાર કરીએ તો પરમાત્માના ૩૪ અતિશયો પણ થાય છે, જે સમવાયાંગ સૂત્ર નામના આપણા આગમશાસ્ત્રમાં જણાવ્યા છે.

પ્ર. અરિહંત પરમાત્માના ચોત્રીશ અતિશયો કયા કયા છે ?

જ. જન્મથી ચાર, કર્મના ક્ષયથી અગિયાર અને દેવના ઓગણીસ મળીને કુલ ૩૪ અતિશય ગણાય છે.

**જન્મથી ચાર અતિશય :** અરિહંત પ્રભુને જન્મની સાથે જ ઉત્પન્ન થયેલા ચાર અતિશયો હોય છે :

(૧) તીર્થંકરપ્રભુનું શરીર રોગ, પરસેવો અને મેલ વગરનું હોય છે તથા અદ્‌ભુત રૂપવાળું હોય છે.

(૨) પ્રભુનો શ્વાસોચ્છ્‌વાસ કમળ જેવો સુગંધી હોય છે.

(૩) પ્રભુના માંસ અને લોહી ગાયના દૂધ જેવા સફેદ હોય છે.

(૪) પ્રભુના આહાર (જમવાની ક્રિયા) તથા નિહાર (શૌચક્રિયા) બીજા લોકો આંખેથી જોઈ શકતા નથી.

**કર્મના ક્ષયથી અગિયાર અતિશય :** અરિહંત પ્રભુને જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષય થઈ ગયો હોવાથી નીચે પ્રમાણે અગિયાર અતિશયો ઉત્પન્ન થયા હોય છે :

(૧) દેવો સમવસરણ રચે છે, જે એક યોજનનું હોય છે. જેમાં કરોડો દેવતા વગેરે સમાઈ શકે છે.

(૨) પ્રભુની વાણી અર્થગંભીર હોય છે. વળી એક યોજન સુધી સંભળાય છે. તેને દેવો, મનુષ્યો અને તિર્યંચો (પશુ-પક્ષી વગેરે) પોતપોતાની ભાષામાં સમજી શકે છે.

(૩) પ્રભુની આસપાસના ૧૨૫ યોજન=૫૦૦ ગાઉમાં કોઈને રોગ વગેરે થાય નહિ.

(૪) જન્મ-જાત વૈરી પ્રાણીઓ (ઉંદર-બિલાડી જેવા) પરસ્પરના વૈરને ભૂલી જાય છે.

(૫) ઉંદર-તીડ વગેરેનો ઉપદ્રવ થતો નથી.

(૬) મારી (પ્લેગ-કોલેરા) થાય નહિ,

(૭) અતિવૃષ્ટિ (હદ ઉપરાંતનો વરસાદ) થાય નહિ.

(૮) અનાવૃષ્ટિ (જરાયે વરસાદ ન પડવો) થાય નહિ.

(૯) દુકાળ (અન્ન-પાણી સંપૂર્ણ ન મળવા) થાય નહિ.

(૧૦) રાજાના પોતાના રાજમાં આંતરિક બળવો અગર શત્રુ રાજા દ્વારા યુદ્ધ થાય નહિ.

(૧૧) પ્રભુના મસ્તકની પાછળ દેદીપ્યમાન 'ભામંડલ' હોય.

**દેવોએ કરેલા ઓગણીસ અતિશય :**

(૧) તીર્થંકરદેવની ઉપર આકાશમાં દેદીપ્યમાન ધર્મચક્ર ચાલે છે.
(૨) આકાશમાં બંને બાજુ સફેદ ચામરો ચાલે છે.
(૩) આકાશમાં પાદપીઠ સાથે ઉજ્જવળ સિંહાસન ચાલે છે.
(૪) ભગવાના મસ્તક ઉપર ત્રણ છત્રો હોય છે.
(૫) આકાશમાં રત્નમય હજાર યોજન ઊંચો ધર્મધ્વજ ભગવાનની આગળ આગળ ચાલે છે.
(૬) ભગવાન સોનાના નવ કમળો ઉપર ચાલે છે.
(૭) ચાંદી, સોનું અને રત્નોથી બનાવેલા ત્રણ ગઢોવાળું સમવસરણ દેવો બનાવે છે.
(૮) જ્યારે દેશના આપતા હોય ત્યારે પૂર્વદિશા સન્મુખ ભગવાન જાતે બેસે છે અને બાકીની ત્રણે દિશામાં દેવો, જાણે અસલી પ્રભુ જ લાગે તેવા પ્રભુના અદ્‌ભુત રૂપને વિકુર્વીને (બનાવીને) સ્થાપે છે.
(૯) ભગવાનની ઊંચાઈથી બાર ગણું, અશોકવૃક્ષ (ચૈત્યવૃક્ષ સહિત) રચે છે.
(૧૦) દેવો દ્વારા દુન્દુભિ વાગે છે.
(૧૧) ભગવાનને દાઢી-મૂછના વાળ વધતા નથી.
(૧૨) જઘન્યથી (ઓછામાં ઓછા) એક કરોડ દેવો સાથે છે.
(૧૩) માર્ગમાં રહેલા કાંટાઓ ઊંધા થઈ જાયછે.
(૧૪) વૃક્ષો ડાળીઓ ઝુકાવીને નમન કરે છે.
(૧૫) (સંવર્ત્તક જાતિના) અનુકૂળ પવન વાય છે.
(૧૬) પંખીઓ પ્રદક્ષિણા આપે છે.
(૧૭) સઘળી ૠતુઓ અનુકૂળ અને મનોહર બને છે.
(૧૮) સુગંધી જળની વૃષ્ટિ કરે છે.
(૧૯) છએ ૠતુના પંચરંગી દિવ્ય ફૂલોની વૃષ્ટિ (વરસાદ) કરે છે.

ચોમાસી ચૌદસના દેવવંદનમાં આવતાં સ્તવનોમાં આ ચોત્રીશ અતિશયો સુંદર રીતે સમજાવાયા છે.

પ્ર. અરિહંત પરમાત્માનો વિશિષ્ટ ગુણ કયો ?

જ. અરિહંત પરમાત્માનો વિશિષ્ટ ગુણ છે **માર્ગોપદેશકતા**. વિશ્વના જીવોને આત્મકલ્યાણનો સાચો માર્ગ તેઓ ઉપદેશે છે. તે માટે તેઓ જિનશાસનની સ્થાપના કરે છે. તેનું સંચાલન કરવા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવીકા રૂપ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ સ્થાપે છે. જિનશાસન રૂપી તીર્થની સ્થાપના કરતા હોવાથી તેઓ તીર્થંકર પણ કહેવાય છે. સંસાર રૂપી સમુદ્રમાં ડૂબતા આપણા જેવા જીવોને તારવા માટે પરમાત્મા આ જિનશાસન નામનું નાવડું તરતું મૂકે છે, જેના પ્રભાવે

અનેક આત્માઓ મોક્ષમાં પહોંચી સાચા સુખના સ્વામી બને છે. આમ પરમાત્મા જિનશાસન રૂપી સાચો માર્ગ ઉપદેશતા હોવાથી માર્ગોપદેશકતા તેમનો વિશિષ્ટ ગુણ છે.

પ્ર. શેના પ્રભાવે તેઓ અરિહંત પરમાત્મા બને છે ?

જ. પૂર્વના ત્રીજા ભવમાં તેમના રોમરોમમાં વિશ્વનાં સર્વ જીવોને સર્વ દુઃખો, સર્વ પાપો અને સર્વ વાસનાઓમાંથી મુક્ત કરવાની તીવ્રતમ ભાવના ઉછળતી હોય છે. વીસે સ્થાનક કે તેમાંના કોઈ એક સ્થાનકની આરાધના કરતી વખતે આ ભાવના એટલી બધી ઉછળે છે કે જેના પ્રભાવે તેઓ તીર્થંકરનામકર્મ બાંધે છે. પછી દેવ કે નારકનો ભવ કરીને તીર્થંકર તરીકે છેલ્લો ભવ શરૂ થાય છે, જેમાં આ તીર્થંકરનામકર્મનો ઉદય થતાં, તેઓ જિનશાસન રૂપી તીર્થની સ્થાપના કરે છે.

આમ, તેમનામાં રહેલો કરૂણાગુણ જ્યારે ટોચકક્ષાએ પહોંચે છે, ત્યારે તીર્થંકરપણું નક્કી થાય છે. માટે તમામ તીર્થંકરોની માતા કરૂણા છે, એમ કહી શકાય.

અરિહંત પરમાત્માની કરૂણા એટલી બધી જોરદાર હોય છે કે જેના કારણે છેલ્લા ભવમાં તેમના શરીરના લોહી અને માંસનો વર્ણ ગાયના દૂધ જેવો સફેદ હોય છે.

જેમ માતાને પોતાના બાળક પ્રત્યે અપાર વાત્સલ્ય હોવાથી સ્તનમાં દૂધ ભરાય છે, તેમ પરમાત્માને વિશ્વના તમામ જીવો પ્રત્યે વાત્સલ્ય હોવાથી, શરીરના માત્ર કોઇ એક અંગમાં જ નહિ પણ સમગ્ર શરીરમાં જાણે કે લોહીની જગ્યાએ દૂધ વહે છે ! અરિહંત પરમાત્મામાં રહેલા આ અપૂર્વ વાત્સલ્યને સૂચવવા અરિહંત પરમાત્માનો વર્ણ સફેદ ગણાય છે.

પ્ર. સિદ્ધ ભગવંત કોને કહેવાય છે ?

જ. ચાર ઘાતી અને ચાર અઘાતી મળીને, જ્ઞાનાવરણીયાદિ આઠે આઠ કર્મોનો જેમણે સંપૂર્ણ નાશ કર્યો હોય, રાગ-દ્વેષ-વિષય-કષાય વગેરે દોષોથી જેઓ સદા માટે મુક્ત બન્યા હોય, જન્મ-જીવન-મરણની ઘટમાળમાંથી હવે જેમણે ક્યારેય પસાર થવાનું ન હોય, કોઈપણ પ્રકારના દુઃખો જેમની ઉપર હુમલો કદી કરી શકે તેમ ન હોય, આત્માનું શુદ્ધ સ્વરૂપ જેમણે પ્રગટ કર્યું હોય, સિદ્ધશીલા (મોક્ષ)માં બિરાજમાન થઈને સદા આત્મરમણતામાં લીન હોય, વીતરાગદશા અને કેવળજ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું હોય તેઓ સિદ્ધભગવંત કહેવાય. સિદ્ધભગવંતો અનંતાગુણોના સ્વામી છે, છતાં તેમના મુખ્ય આઠ ગુણો વિશેષ પ્રચલિત છે.

પ્ર. સિદ્ધભગવંતોના આઠ ગુણો કયા કયા છે ?

જ. આઠ કર્મોનો નાશ કરવાથી તેમને નીચે પ્રમાણે આઠ વિશિષ્ટ ગુણો પ્રાપ્ત થયા હોય છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરવાથી .......... **અનંતજ્ઞાન**
(૨) દર્શનાવરણીય કર્મનો નાશ કરવાથી ........ **અનંતદર્શન**
(૩) વેદનીયકર્મનો નાશ કરવાથી ........... **અવ્યાબાધ સુખ**
(૪) મોહનીય કર્મનો નાશ કરવાથી............... **વીતરાગતા**
(૫) આયુષ્યકર્મનો નાશ કરવાથી ............... **અક્ષયસ્થિતિ**
(૬) નામકર્મનો નાશ કરવાથી ...................... **અરૂપીપણું**
(૭) ગોત્રકર્મનો નાશ કરવાથી ...................... **અગુરુલઘુ**
(૮) અંતરાયકર્મનો નાશ કરવાથી ....... **અનંતવીર્ય (શક્તિ)**

પ્ર. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનમાં શું તફાવત ?

જ. (૧) અરિહંત ભગવાને ચાર ઘાતી કર્મોનો જ નાશ કર્યો હોય છે, જ્યારે સિદ્ધભગવંતોએ ચાર ઘાતી અને ચાર અઘાતી, એમ આઠે કર્મનો નાશ કર્યો હોય છે. (૨) અરિહંત ભગવંત આ વિશ્વમાં ભવ્ય જીવોને ઉપદેશ આપતા વિચરતા હોય છે, જ્યારે સિદ્ધ ભગવંતો મોક્ષમાં બિરાજમાન હોય છે. (૩) અરિહંત ભગવંતોના ૧૨ વિશિષ્ટ ગુણો ગણાય છે, જ્યારે સિદ્ધ ભગવંતોના આઠ વિશિષ્ટ ગુણો ગણાય છે. (૪) અરિહંત ભગવાન શરીરવાળા હોય છે જ્યારે સિદ્ધ ભગવંતો શરીર વિનાના હોય છે. (૫) અરિહંત ભગવંતો આયુષ્ય પૂર્ણ થતાં સિદ્ધ ભગવંત બને જ છે, પણ તમામ સિદ્ધ ભગવંતો પૂર્વે અરિહંત હોય જ તેવું નથી. પૂર્વે તેઓ સામાન્ય કેવલજ્ઞાની મહાત્મા પણ હોઈ શકે છે. (૬) અરિહંત ભગવંતોમાં શાસનની સ્થાપના કરવાની વિશિષ્ટ પુણ્યાઈ હોય છે જ્યારે સિદ્ધ ભગવંતોમાં પૂર્વે તેવી પુણ્યાઈ હોય જ તેવો નિયમ નથી. (૭) વિશ્વના સર્વજીવો પ્રત્યે અપાર વાત્સલ્ય વહેતું હોવાથી અરિહંત ભગવંતોનો વર્ણ સફેદ છે, જ્યારે આઠે કર્મોને બાળીને ભસ્મીભૂત કર્યા હોવાથી સિદ્ધભગવંતોનો વર્ણ લાલ છે.

પ્ર. અરિહંતો જો પછીથી સિદ્ધભગવંત બનતા હોય તો સિદ્ધભગવંતો પછીથી શું બને ?

જ. સિદ્ધભગવંતો સદા માટે મોક્ષમાં જ રહે. સિદ્ધભગવંતોને કર્મો હોતા નથી, તેથી તેમને જન્મ લેવાનો નહિ, શરીર ધારણ કરવાનું નહિ. હમેશ માટે તેઓએ સુખ-સુખને સુખમાં જ રહેવાનું. સંસારમાં તેઓએ કદી ફરી જન્મ પણ લેવાનો નહિ. માટે આપણે પણ સિદ્ધભગવંત બનવું જોઈએ. તે માટે સર્વ સિદ્ધભગવંતોને 'નમો સિદ્ધાણં' કહીને નમસ્કાર કરવા જોઈએ.

પ્ર. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનને સમજવા માટે કોઈ દ્રષ્ટાંત છે ?

જ. હા ! શાસ્ત્રમાં ખૂબ જ સુંદર દૃષ્ટાંત દ્વારા અરિહંત ભગવંત તથા સિદ્ધ ભગવંતની ઓળખાણ આપી છે.

એક મોટો સમુદ્ર ઘુઘવાટ કરી રહ્યો છે. અંદર તરંગો ઉછળી રહ્યાં છે. આ સમુદ્રને પાર કરવા માટે મુસાફરો સ્ટીમરમાં બેઠાં છે. સ્ટીમરનો કેપ્ટન તે

સ્ટીમરને યોગ્ય સ્થળ તરફ લઈ જઈ રહ્યો છે. પણ તેની નજર રાત્રીના સમયે સતત ધ્રુવના તારા તરફ જાય છે. કારણકે ધ્રુવના તારા વિના તે કેપ્ટનને દિશાનું જ્ઞાન કેવી રીતે થાય ? ધ્રુવના તારાને નિહાળવા દ્વારા દિશાનું સાચું જ્ઞાન કરતો કેપ્ટન ટૂંક સમયમાં મુસાફરોને ઈચ્છિત સ્થાને પહોંચાડે છે.

આ સંસાર તે મોટો સમુદ્ર છે. અને ભવ્ય જીવો છે મુસાફરો. તેમણે પહોંચવું છે મોક્ષનગરમાં.

સંસાર સમુદ્ર પાર કરાવીને મોક્ષનગરમાં પહોંચાડનારી સ્ટીમર એ બીજું કોઈ નહિ પણ જિનશાસન છે. જિનશાસન રૂપી સ્ટીમરમાં બેસીને સંસાર સમુદ્ર પાર કરીને આપણે મોક્ષનગરમાં પહોંચવું તો છે, પ્રણ આપણને પહોંચાડનાર કપ્તાન તો જોઈશે ને ? તે કપ્તાન છે અરિહંત ભગવંતો. અને તે અરિહંતભગવંતો રૂપી કપ્તાનને દિશા સૂચન કરનાર ધ્રૂવના તારા જેવા છે સિદ્ધભગવંતો.

આમ, અરિહંતભગવંતો શાસનની સ્થાપનાં કરીને આપણને મોક્ષ તરફ લઈ જાય છે, જ્યારે સિદ્ધભગવંતો આપણને નિરંતર મોક્ષ રૂપી સ્થાનનું જાણે કે દિશા-સૂચન આપ્યા જ કરે છે કે 'હે ભવ્ય જીવો ! તમારે આ મોક્ષ તરફ આવવાનું છે.

પ્ર. સિદ્ધભગવંત કોણ બની શકે ?

જ. મનુષ્યગતિને પ્રાપ્ત કરેલો માનવ જો સાધના દ્વારા રાગ-દ્વેષ વગેરે આંતરશત્રુઓનો નાશ કરી દે, આઠે આઠ કર્મોનો ખુરદો બોલાવી દે, તો તે આત્મા તે જ ભવમાં મોક્ષમાં જઈ શકે છે. સિદ્ધભગવંત બની શકે છે. મનુષ્યગતિ સિવાયની બાકીની ત્રણ ગતિમાંથી સીધા મોક્ષે જઈ શકાતું નથી.

કેટલાક આત્માઓ પહેલા ચાર ઘાતીકર્મો ખપાવીને કેવળજ્ઞાની બને છે. ભવ્યજીવોને ઉપદેશ આપતા આ દુનિયામાં વિચરે છે. તે વખતે તેઓ જિન કે કેવલી તરીકે ઓળખાય છે. પછી બાકીના ચાર અઘાતીકર્મોને પણ ખપાવીને મોક્ષમાં જાય છે, તે વખતે તેઓ સિદ્ધ ભગવાન કહેવાય છે.

જ્યારે ગજસુકુમાલમુનિ ખંધકમુનિ વગેરે આત્માઓ ચાર ઘાતીકર્મો ખપાવીને, કેવળજ્ઞાની બનીને તરત જ આયુષ્ય પૂર્ણ થતાં બાકીના અઘાતીકર્મોનો નાશ કરીને તરત જ મોક્ષે જાય છે. તેઓ અંતકૃત કેવલી તરીકે ઓળખાય છે.

પ્ર. સિદ્ધભગવંતને મોક્ષમાં સુખ હોય કે નહિ ?

જ. મોક્ષમાં તો સદા માટે સુખ-સુખને સુખ જ હોય. તે સુખ આપણા સંસારના સુખ જેવું નહિ પણ તેનાથી અનંતગણું ચડિયાતું સુખ હોય. સંસારના સુખને તો સુખ કહેવાય જ શી રીતે ? સંસારના જે કાંઈ સુખો ગણાતા હોય તે તમામ વિનાશી છે. કાયમ ટકતા નથી. વળી દુ:ખોની ભેળસેળવાળા છે. મોટા દુ:ખોને લાવનારા છે. સામગ્રીને આધીન છે. જે કાયમ ટકવાના ન હોય પણ નાશ જ પામવાના હોય તેવા વિનાશી સુખો મેળવવાનો શો અર્થ ?

ખરેખર તો કાયમ ટકનારું અવિનાશી, દુઃખોના ભેળસેળ વિનાનું, મોટા દુઃખોને નહિ લાવનારું, સ્વાધીન સુખ જે હોય તે જ પ્રાપ્ત કરવાની ઝંખના રાખવામાં બુદ્ધિમત્તા છે. તેવું સુખ તો માત્ર મોક્ષમાં જ હોય. સિદ્ધ ભગવંતોને જ હોય. આવા કાયમી ટકનારા, ક્યારેય નાશ નહિ પામનારા, સ્વાધીન, શાશ્વત સુખને મેળવવા સિદ્ધભગવંત બનવાનો પુરુષાર્થ આદરવો જોઈએ.

સિદ્ધ ભગવંતો પોતે અવિનાશી (નાશ ન પામે તેવા) છે અને તેમનું સુખ પણ અવિનાશી છે; માટે સિદ્ધભગવંતનો વિશિષ્ટ ગુણ છે **અવિનાશીપણું**.

પ્ર. આપણા દેરાસરમાં અરિહંતભગવંત હોય કે સિદ્ધભગવંત હોય ?

જ. આપણા દેરાસરમાં અરિહંત અને સિદ્ધ: બંને ભગવંતની પ્રતિમા હોઈ શકે છે. અષ્ટ પ્રાતિહાર્ય સહિત મહાવીરસ્વામી ભગવાન બિરાજમાન હોય તો તે અરિહંત અવસ્થાના મહાવીર ભગવાન કહેવાય. અષ્ટપ્રાતિહાર્ય રહિત સિદ્ધાવસ્થા જણાવતી મહાવીરસ્વામીની પ્રતિમા હોય તો તે મોક્ષમાં પહોંચી ગયેલા સિદ્ધાવસ્થાના મહાવીરસ્વામી ભગવાન ગણાય.

આપણા દેરાસર ઉપર અરિહંત અને સિદ્ધને સૂચવતી લાલ-સફેદ રંગની ધજા હોય છે; પણ તેમાં ય મૂળનાયક ભગવાન જો અરિહંતાવસ્થામાં હોય તો બે બાજુ લાલ અને વચ્ચે સફેદ રંગ હોય છે તથા મૂળનાયક ભગવાન જો સિદ્ધાવસ્થામાં હોય તો ધજામાં બે બાજુ સફેદ અને વચ્ચે લાલરંગ હોય છે. અરિહંત અને સિદ્ધ સિવાય બીજા કોઈ પરમાત્મા છે જ નહિ; તેથી તે સિવાયના રંગની ધજા દેરાસર ઉપર લગાડાતી નથી.

પ્ર. અરિહંત અને સિદ્ધ સિવાય બીજા કોઈ પરમાત્મા ન હોય તો આચાર્ય ભગવંતને નમસ્કાર શા માટે કરાય છે ?

જ. અરિહંત પરમાત્માના ઉપદેશ અનુસાર સાધુજીવન સ્વીકારીને જેઓ ઊંચો સદાચાર પાળે છે અને બીજા પાસે પળાવે છે, તે આચાર્યભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે. તેઓ ભગવાન નથી પણ ભગવાન બનવાની સાધના કરે છે. વળી ભગવાનની ગેરહાજરીમાં જિનશાસનનું તેઓ સંચાલન કરે છે. પરમાત્માનો ઉપદેશ વિશ્વના જીવોને આપીને તેમને સાચા માર્ગે લાવે છે. વૈરાગ્યભરપૂર તેઓ અનેક જીવોને આ સંસારથી વૈરાગી બનાવીને સાધુજીવન સુધી પહોંચાડે છે. અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેઓ પ્રકાંડ પંડિત બનેલા હોય છે. ૩૬ ગુણોના તેઓ સ્વામી હોય છે.

અરિહંત પરમાત્મા રાજા જેવા છે તો આચાર્યભગવંતો રાજપુત્ર જેવા છે. રાજાની ગેરહાજરીમાં રાજપુત્ર રાજા ગણાય છે, તેમ અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં આચાર્યભગવંતો પણ અરિહંત જેવા મહાન ગણાય છે.

જિનશાસનની સેવા કરવા સાથે અનેક બાહ્ય આક્રમણોથી જિનશાસનની અવસરે રક્ષા કરવાની જવાબદારી પણ તેમણે અદા કરવાની હોય છે.

આચાર્યભગવંતો સૂર્ય સમાન તેજસ્વી હોવાથી તેમનો વર્ણ પીળો છે. તેમના ૩૬ ગુણોનું વર્ણન પંચિંદિયસૂત્રમાં આવશે.

પ્ર. આચાર્યભગવંતનો વિશિષ્ટગુણ કયો છે ?

જ. આચાર્ય ભગવંતનો વિશિષ્ટ ગુણ છે **આચાર**. તેઓ આચારના ભંડાર હોય છે. સ્વયં ઊંચા આચારો પાળે છે અને અનેકોને ઊંચા આચારો પાળવાની પ્રેરણા કરે છે.

પ્ર. ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર શા માટે કરવાનો ?

જ. ઉપાધ્યાય ભગવંતો પણ સંસારથી વૈરાગ્ય પામીને દીક્ષિત બનેલા સાધુ છે. પણ તેઓ જિનશાસનના ધર્મશાસ્ત્રો ભણીને બીજા સાધુઓને સરસ રીતે ભણાવવાની આવડતવાળા હોય છે. શાસ્ત્રો સ્વયં ભણવા અને બીજાને સતત ભણાવવા, તે તેમનું મુખ્ય કાર્ય છે. વળી આચાર્યભગવંત ઉપદેશ આપીને, વૈરાગ્ય પમાડીને, જેમને સાધુ બનાવે છે; તેમને સાધુપણામાં સ્થિર કરવાનું, મજબૂત બનાવવાનું, ઉલ્લસિત કરવાનું, સાચા સાધુ બનાવવાનું કાર્ય આ ઉપાધ્યાયભગવંતો કરે છે.

આચાર્ય ભગવંત જો પિતા જેવા છે, તો ઉપાધ્યાયભગવંતો માતા જેવા છે. તેઓ માની જેમ શિષ્યોની કાળજી કરે છે. ક્યારેક વહાલથી તો ક્યારેક કડકાઈથી, ક્યારેક વાંટો પાડીને તો ક્યારેક પ્રેમાળ શબ્દો બોલીને તેઓ સાધુઓને સંયમમાં લીન રાખે છે.

નાનું બાળક ભૂલ કરે તો જેમ મા તેને સમજાવે છે, પટાવે છે, ન માને તો ધમકાવે છે અને તો ય ન માને તો ક્યારેક લાફો પણ મારી દે છે, તેમ છતાંય દરેક અવસ્થામાં માના હૃદયમાં તો બાળક પ્રત્યે અપાર પ્રેમ-વાત્સલ્ય જ હોય છે, બાળકના હિતનો જ વિચાર હોય છે; તેમ ઉપાધ્યાય ભગવંતો પણ સતત સાધુઓનું હિત વિચારે છે.

સાધુઓના શરીરની, મનની અને વિશેષ કરીને તો તેમના આત્માના હિતની કાળજી કરતા હોય છે. કોઈ સાધુની ભૂલ થાય તો માની જેમ ઉપાધ્યાયભગવંત પણ તેને સમજાવે, પટાવે, ક્યારેક ધમકાવે, છતાં ય જો કોઈ સાધુ ન માને તો તમાચો મારવાની પણ ઉપાધ્યાય ભગવંતોને સત્તા હોય છે. તેમ કરવા છતાંય આ દરેક અવસ્થામાં તેમના હૃદયમાં તો સાધુ પ્રત્યે અપાર પ્રેમ-વાત્સલ્ય જ હોય છે. સાધુનું કલ્યાણ કરવાની ભાવના હોય છે. માટે તેઓ સાધુની સાચી માતા (ભાવમાતા) ગણાય છે.

ઉનાળાના બળબળતા બપોરે તરસ્યો, થાકેલો ને ગરમીથી કંટાળેલો માણસ જેમ વડલાની છાયાં મળતા 'હાશ' અનુભવે તેમ દોષોથી ત્રાસેલા સાધુઓ ઉપાધ્યાયભગવંત રૂપી વડલાની છાયાં મેળવીને 'હાશ' અનુભવે છે. તેથી તેમનો વર્ણ પણ 'હાશ' કરાવનારા વડલાના જેવો લીલો છે.

પ્ર. ઉપાધ્યાય ભગવંતોના ગુણો કેટલા છે ? કેવી રીતે ?

જ. ઉપાધ્યાય ભગવંતોના ૨૫ ગુણો પ્રચલિત છે. ગણધર ભગવંતોએ રચેલી દ્વાદશાંગીમાંથી ૧૧ અંગ વિદ્યમાન છે. તથા બારે અંગ સાથે સંબંધિત બાર ઉપાંગ પણ હાલ વિદ્યમાન છે. આ ૧૧ અંગ + ૧૨ ઉપાંગ = ૨૩ શાસ્ત્રોને તેઓ ભણે છે ને ભણાવે છે, તે તેમના ૨૩ ગુણોમાં (૨૪) ચરણસિત્તરી અને (૨૫) કરણસિત્તરીનું તેઓ જે પાલન કરે છે; તે બે ઉમેરતાં ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણો થાય છે.

પ્ર. ઉપાધ્યાય ભગવંતનો વિશિષ્ટગુણ કયો ?

જ. ઉપાધ્યાય ભગવંતો પોતે ઉત્તમ પ્રકારના વિનયગુણના ભંડાર છે અને સાધુઓને પણ એવા જ વિનયગુણથી શોભતા બનાવે છે. માટે ઉપાધ્યાય ભગવંતનો વિશિષ્ટ ગુણ **વિનય** છે.

પ્ર. સાધુ ભગવંતોને નમસ્કાર શા માટે કરવાનો છે ?

જ. લાડી, વાડી, ગાડી, બાગ, બંગલા વગેરે સમગ્ર સંસારનો ત્યાગ કરીને તેઓ સાધુ બન્યા છે. માતા-પિતા વગેરે સ્વજનો પ્રત્યેની મમતા પણ તેમણે ત્યાગી છે. કંચન કે કામીનીનો સ્પર્શ કરવાની પણ તેમની તૈયારી નથી. અઢારે વરણની જરૂર પડે તેવી સ્વાશ્રયી જીવનપદ્ધતિ તેમણે અપનાવી છે. ખુલ્લા પગે ચાલીને ગામોગામ વિચરે છે. દર છ મહિને વાળનો લોચ કરાવે છે. આત્મામાં વળગેલા કર્મો અને દોષોને ખતમ કરવા પરમાત્માએ બતાડેલી સાધના સતત કરે છે. ઉત્તમકક્ષાનું બ્રહ્મચર્ય પાળે છે. આવા ત્યાગી, વૈરાગી, સંયમી સાધુ ભગવંતને નમસ્કાર કરવાની કોને ઇચ્છા ન થાય ?

જે સહન કરે તે સાધુ. સાધુભગવંતો પૃથ્વીની જેમ બધું સહન કરે છે. કષ્ટો, તકલીફો, મુસીબતોને હસતે મુખડે વધાવે છે. અરે ! સામે ચાલીને કષ્ટોને આમંત્રણ આપે છે.

જે સાધે તે સાધુ. તેઓ મોક્ષમાર્ગની સાધના કરે છે. તે માટે સમગ્રજીવન દરમ્યાન અરિહંત પરમાત્માની આજ્ઞા મસ્તકે ચઢાવે છે. સર્વ પાપવ્યાપારોનો ત્યાગ કરે છે. ભૂલથી પણ પાપ થઈ જાય તો તેનું દુઃખાતા દીલે શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરે છે. મોક્ષ પામવાની તીવ્ર લગનવાળા હોય છે.

આ વિશ્વમાં ઊંચામાં ઊંચી કોટીનો જે સદાચાર છે, તે પાંચ મહાવ્રતો રૂપ સદાચારને તેઓ આત્મસાત કરે છે.

જે સહાય કરે તે સાધુ. પોતાની સાથે રહેલા સર્વ સાધુઓને સહાય કરવા તે તલપાપડ હોય છે. સંયમ સુંદર પાળે તો છે, પણ સાથે સાથે બીજા સાધુઓને સુંદર સંયમ પળાવવામાં સતત સહાયક બને છે. સાધુભગંવતોનો વિશિષ્ટ ગુણ **સહાયકતા** છે.

આવા ઉમદા ગુણોવાળા સાધુભગવંતોને નમસ્કાર કરવાથી તેમના જેવા ગુણો જીવનમાં પ્રગટે છે. માટે તેમને ભાવથી નમસ્કાર અવશ્ય કરવા જોઈએ.

પ્ર. સાધુ ભગવંતનો વર્ણ કયો છે ?

જ. સાધુ ભગવંતો સાધના કરીને, સહન કરીને, સહાય કરીને આત્માને ચોંટેલા કાળાડીબાંગ કર્મોને બહાર કાઢે છે. માંટે તેમનો વર્ણ શ્યામ=કાળો છે.

પ્ર. સાધુભગવંતના કેટલા ગુણો પ્રચલિત છે ? કેવી રીતે ?

જ. સાધુ ભગવંતના ૨૭ ગુણો પ્રચલિત છે. તે આ પ્રમાણે : (૧ થી ૫) પાંચ મહાવ્રત (૬) રાત્રીભોજનવિરમણ (ત્યાગ) વ્રત (૭ થી ૧૨) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની રક્ષા કરવી. (૧૩ થી ૧૭) પાંચે ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખવી. (૧૮) લોભનિગ્રહ (૧૯) ક્ષમા (૨૦) ભાવવિશુદ્ધિ (૨૧) પડિલેહણ વગેરે ક્રિયામાં વિશુદ્ધિ (૨૨) સંયમયોગોનું પાલન (૨૩ થી ૨૫) અશુભ-મન-વચન-કાયાનો નિરોધ (૨૬) ઠંડી-ગરમી વગેરે પરિષહો સહવા તથા (૨૭) મરણાંત ઉપસર્ગો સહન કરવા.

પ્ર. પાંચ મહાવ્રતો કયા કયા છે ?

જ. (૧) જગતના કોઈપણ જીવને ક્યારેય મારવો-પીડવો કે હણવો નહિ. કોઈ પ્રકારનો ત્રાસ આપવો નહિ. અરે ! આવું કરવાનો વિચાર પણ નહિ કરવો. બીજા પાસે આવું બધું કરાવવું પણ નહિ અને આવું જે જે લોકો કરતાં હોય એને મનથી પણ સારા માનવા નહિ. આ મહાવ્રતને શાસ્ત્રીય ભાષામાં સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત કહેવાય છે.

(૨) ક્યારેય જૂઠું બોલવું નહિ. બીજા પાસે જૂઠું બોલાવવું નહિ. રે ! જૂઠું બોલવાનો વિચાર પણ કરવો નહિ અને બીજા જૂઠું બોલનારાઓને મનથી પણ સારા માનવા નહિ. આનું નામ 'અસત્ય-ત્યાગ'. આ મહાવ્રતને શાસ્ત્રીયભાષામાં સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત કહેવાય છે.

(૩) ક્યારેય ચોરી કરવી નહિ. બીજા પાસે ચોરી કરાવવી નહિ અને બીજાઓ ચોરી કરતા હોય તેને સારા પણ માનવા નહિ. આનું નામ 'ચોરી-ત્યાગ'. આ મહાવ્રતને શાસ્ત્રીય ભાષામાં સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત કહેવાય છે.

(૪) કોમળ, સુંદર, મુલાયમ વસ્તુઓને અડવાની, સુંદર મજાની સ્વાદિષ્ટ વાનગીઓ ખાવાની, સરસ સુગંધીદાર ફૂલો વગેરે સૂંઘવાની, સરસ રૂપાળા પદાર્થો જોવાની અને મીઠા મધુરાં, કાનને ગમે તેવા સંગીત વગેરે સાંભળવાની, આવી આવી જે અનેક વાસનાઓ છે તેને છોડી દેવી, બીજાઓ પાસે આવું બધું કરાવવું નહિ અને જે બીજાઓ આવું બધું કરે છે તેને સારું માનવું નહિ. આનું નામ 'બ્રહ્મચર્ય'. (આ મહાવ્રતને શાસ્ત્રીય ભાષામાં સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત કહેવાય છે.

(૫) પૈસા, દોલત, મકાન, કુટુંબ, સંસારી માતા-પિતા વગેરે સઘળું છોડી દેવું. બીજાઓ પાસે પણ પૈસા-દોલત વગેરે રખાવવા નહિ અને જે કોઈ પૈસો, દોલત, મકાન વગેરેનો પરિગ્રહ કરે છે તેને સારું માનવું નહિ. આનું નામ 'પરિગ્રહ ત્યાગ આ મહાવ્રતને શાસ્ત્રીય ભાષામાં સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત કહેવાય છે.

પ્ર. નવકારના આ પાંચમા પદમાં 'લોએ' શબ્દની શી જરૂર છે ?

જ. મનુષ્યોની ઉત્પત્તિ માત્ર અઢી દ્વીપમાં જ થતી હોવાથી સાધુઓનું નિવાસસ્થાન અઢી દ્વીપ પ્રમાણ લોકમાં જ છે. તે જણાવવા 'લોએ' પદ મૂકાયેલ છે. તેથી તેનો અર્થ : 'અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુભગવંતને નમસ્કાર થાઓ.' થાય છે.

પ્ર. 'સવ્વ' પદની શી જરૂર છે ?

જ. (૧) 'લોએ' શબ્દથી અઢીદ્વીપ (જે ૯૦૦ યોજન પ્રમાણ ઊંચાઈમાં, અધોગ્રામની અપેક્ષાએ ૧૦૦૦ યોજન પ્રમાણ ઊંડાઈમાં અને ૪૫ લાખ યોજન પ્રમાણ તીર્ચ્છા વિસ્તારમાં છે) સમજાય છે. તેથી જો 'સવ્વ' પદ ન હોય તો 'લોએ' પદ હોવાના કારણે માત્ર અઢીદ્વીપમાં રહેલા સાધુઓને જ નમસ્કાર થાય પણ અઢીદ્વીપ બહાર મેરુપર્વતના પંડુકવનમાં કે નંદીશ્વરાદિ દ્વીપમાં જે લબ્ધિધારી સાધુઓ ગયા હોય તેમને નમસ્કાર ન થઈ શકે. તેઓ પણ સાધુ તો છે જ. તેથી તેમને પણ નમસ્કાર કરવા 'સવ્વ' પદ છે. તેથી હવે તેનો અર્થ 'લોકમાં જયાં જયાં જે જે સાધુઓ હોય તે તમામને નમસ્કાર થાઓ.' એવો થયો.

(૨) વળી જેઓ કેવળજ્ઞાન પામ્યા છે પણ અરિહંત કે સિદ્ધ નથી, તેવા સામાન્ય કેવલીભગવંતને પણ કોઈ પદથી નમસ્કાર થતો નથી. તેમને પણ નમસ્કાર કરવા માટે આ 'સવ્વ' પદ છે. તેથી કેવલી, જિનકલ્પી, પરિહારવિશુદ્ધિકલ્પિક, પ્રત્યેકબુદ્ધ વગેરે તમામ પ્રકારના સર્વ સાધુઓને નમસ્કાર થશે.

(૩) સવ્વ=સાર્વ=સર્વજ્ઞભગવંત સંબંધી. આથી હવે 'લોકમાં રહેલા સર્વજ્ઞ ભગવંત સંબંધી સાધુઓને નમસ્કાર થાઓ.' અર્થ થવાથી તમામ સુગુરુને વંદન થઈ શકશે. બાવા, સંન્યાસી, ફકીર વગેરેને નમસ્કાર નહિ થાય.

પ્ર. અરિહંત ભગવાને ચાર કર્મનો જ નાશ કર્યો છે. હજુ સંસારમાં છે. મોક્ષમાં પહોંચવાનું બાકી છે. જ્યારે સિદ્ધભગવંતોએ તો આઠે કર્મોનો નાશ કર્યો છે. મોક્ષમાં પહોંચી ગયા છે. તો પહેલા સિદ્ધભગવાનને નમસ્કાર કરીને પછી જ અરિહંત ભગવાનને નમસ્કાર કરવો જોઈએ ને ?

જ. આપણે સિદ્ધભગવંતને પણ અરિહંતાદિના ઉપદેશથી જ જાણીએ છીએ ને ? વળી જુઓ ! અરિહંત જ તીર્થની પ્રવર્ત્તના કરે છે. અને ઉપદેશ આપીને ઘણા જીવોને તારે છે. એટલું જ નહિ, પરંતુ સિદ્ધ પણ શ્રી અરિહંતના ઉપદેશથી જ ચારિત્ર અંગીકાર કરીને કર્મરહિત થઈ સિદ્ધિપણું પામે છે. માટે શ્રી અરિહંત ભગવાનને

પ્રથમ નમસ્કાર કરાય છે. આમ, સૌથી વધુ ઉપકાર અરિહંત પરમાત્માઓનો હોવાથી પ્રથમ નમસ્કાર તેમને કરાય છે.

પ્ર. અરિહંત ભગવાનની ગેરહાજરીમાં હાલ આપણને અરિહંત ભગવાનની ઓળખાણ પણ આચાર્ય-ઉપાધ્યાય કે સાધુ કરાવે છે. તેથી અરિહંત કરતાં ય વધારે ઉપકારી તેઓ કહેવાય, તો ઉપકારની દ્રષ્ટિએ અરિહંત કરતાં ય પહેલાં તેમને નમસ્કાર કેમ નહિ ?

જ. આચાર્યાદિ પણ અરિહંત ભગવાનના ઉપદેશ અનુસાર જ ઉપદેશ આપે છે, પણ પોતાની સ્વતંત્રતાથી નહિ. આમ આચાર્યાદિના મૂળમાં પણ અરિહંતો જ છે. તેથી પહેલા અરિહંતને નમસ્કાર કરાય છે.

વળી, અરિહંત રાજા સમાન છે અને આચાર્યાદિ તેની પર્ષદા (સભા) સમાન છે. રાજાને નમસ્કાર કર્યા પછી જ સભાને નમસ્કાર થાય પણ સભાને નમસ્કાર કરીને રાજાને નહિ ! તેથી સભા સમાન આચાર્યાદિને નમસ્કાર કરતા પહેલા રાજા સમાન અરિહંતાદિને નમસ્કાર કરવો યોગ્ય જ છે.

પ્ર. પંચ પરમેષ્ઠિઓના કુલ કેટલા ગુણ છે ?

જ. અરિહંત ભગવંતના ગુણ ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭; આનો કુલ સરવાળો ૧૦૮ થાય. આથી પંચ પરમેષ્ઠિઓના ગુણ ૧૦૮ થાય છે.

પ્ર. પાંચે પરમેષ્ઠીઓના ગુણો યાદ રાખવા માટે શું કરવું ?

જ. નીચેનું ચૈત્યવંદન ગોખવાથી પાંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણો યાદ પણ રહેશે અને દેરાસરમાં બોલવામાં પણ ઉપયોગી થશે.

**બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે,**
**સિદ્ધ આઠ ગુણ સમરતા, દુઃખ દોહગ જાવે...૧**
**આચારજ ગુણ છત્રીસ, પચવીસ ઉવજ્ઝાય,**
**સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શીવસુખ થાય...૨**
**અષ્ટોતર શત ગુણ મળીએ, એમ સમરો નવકાર,**
**ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર...૩**

પ્ર. પાંચ પરમષ્ઠિભગવંતોને પાંચ પદોથી નમસ્કાર તો થઈ ગયો. હવે છઠ્ઠા પદમાં કોની વાત છે ?

જ. જૈન શાસનમાં તત્ત્વત્રયી અને રત્નત્રયીનું ઘણું મહત્ત્વ છે. તત્ત્વત્રયીમાં (૧) સુદેવ (૨) સુગુરુ અને (૩) સુધર્મનો સમાવેશ થાય છે, જ્યારે રત્નત્રયીમાં (૧) સમ્યગ્દર્શન (૨) સમ્યગ્જ્ઞાન અને (૩) સમ્યગ્ ચારિત્રનો સમાવેશ થાય છે. નવકારના પ્રથમ બે પદ વડે જે અરિહંત અને સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરાયો, તેઓ સુદેવ કહેવાય. ત્રીજા, ચોથા અને પાંચમા પદ વડે જે આચાર્ય, ઉપાધ્યાય

અને સાધુ ભગવંતને નમસ્કાર કરાયો; તેઓ સુગુરુ કહેવાય. છઠ્ઠા પદમાં નમસ્કાર કરવા રૂપ સુધર્મની વાત આવે છે.

પ્ર. સુધર્મ તરીકે નમસ્કારની જ વાત કેમ ?

જ. લલિતવિસ્તરા નામના ગ્રંથમાં પૂજ્યપાદ સૂરિપુરન્દર, ૧૪૪૪ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિજી જણાવે છે કે धर्मं प्रति मूलभूता वन्दना। ધર્મ રૂપી વૃક્ષનું મૂળ છે વંદના=નમસ્કાર. આ વિશ્વના સર્વધર્મોમાં સર્વોત્કૃષ્ટ ધર્મ હોય તો તે છે વિનય, નમસ્કાર, પ્રણામ, વંદના. જેના જીવનમાં આ નમસ્કાર રૂપ ધર્મ આવ્યો, તેના જીવનમાં તમામે તમામ ધર્મો આવ્યા વિના ન રહે. જેના જીવનમાં નમસ્કારધર્મ ન આવે તેના જીવનમાં આવેલા બધા ધર્મો કદાચ ચાલ્યા ગયા વિના ન રહે !

આપણા આત્માનો વિકાસ થતો અટકાવનાર કોઈપણ દોષ હોય તો તે અહંકાર છે. અહંકાર સર્વદોષોનો રાજા છે. અહંકાર પોતાની સાથે અનેક દોષોનું સૈન્ય લઈને આવે છે. જેનામાં અહંકાર હશે તેનામાં ક્રોધ, ઈર્ષ્યા, નિંદા અચૂક જોવા મળશે, તેના આત્માને અધઃપતન તરફ દોરી જતાં હશે.

પેલા બાહુબલીજી ! એક વર્ષ સુધી ઝાડની જેમ ઊભા રહ્યા. ધ્યાનમાં લીન બન્યા. છતાં કેવળજ્ઞાન ન મળ્યું. હું મોટો થઈને નાના ભાઈને કેમ વંદન કરું ? એવો અહંકાર નડતો હતો. જ્યાં તે અહંકારને તેમણે દૂર કર્યો, નમસ્કાર કરવાનું નક્કી કર્યું, તે માટે પગ ઉપાડ્યો. તેની સાથે ત્યાં જ કેવળજ્ઞાન થઈ ગયું. કલ્પના કરો કે નાનાશા અહંકારની પણ કેવી જબરદસ્ત તાકાત કે કેવળજ્ઞાનને આંટા મારવા દે, પણ પ્રગટ થવા ન દે !

અહંકાર આપણા કોઈપણ ધર્મને સાચોધર્મ બનવા દેતો નથી. જો આપણે સાચો ધર્મ કરવો હોય તો અહંકારનો ત્યાગ કરી દેવો જોઈએ. આ મેં કર્યું, મેં આટલું દાન આપ્યું, મેં આટલો તપ કર્યો, વગેરેમાં રહેલું અભિમાન તે તપ-જપ-દાનના ધર્મને સળગાવી નાંખે છે.

આ અહંકારને ખલાસ કરવાનું કામ કરે છે નમસ્કારભાવ. જે નમે છે, તેનામાં અહંકાર ટકી શકતો નથી. તેથી અહંકારનું વિસર્જન કરવા પંચ પરમેષ્ઠિ ભગવંતોને વારંવાર નમસ્કાર કરવો જોઈએ.

આત્માને પરમાત્મા બનતો અટકાવનાર જો અહંકાર હોય તો તે કેટલો ભયંકર દોષ ગણાય ! આવા ભયંકરદોષને જે જમીનદોસ્ત કરવાની તાકાત ધરાવે છે, તે નમસ્કાર કેટલો મહાન ધર્મ ગણાય ! આવા મહાન નમસ્કારધર્મની વાત નવકારના છઠ્ઠા પદમાં જણાવાઈ છે.

પ્ર. નમસ્કાર કરવાથી શું શું લાભ થાય ?

જ. પંચ પરમેષ્ઠી ભગવંતોને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરી દે છે.

પાપની ક્રિયાઓ જેમ પાપ છે. તેમ પાપની ક્રિયાઓ કરાવનાર રાગ-દ્વેષ

વગેરે દુર્ગુણો પણ પાપ છે. મનગમતાં પદાર્થો પ્રત્યે રાગ કરવો, પ્રેમ કરવો તે પાપ અને અણગમતાં પદાર્થો પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે ગુસ્સો કરવો તે ય પાપ. આ સંસારમાં બધા તોફાનો રાગ અને દ્વેષના છે. જો રાગ અને દ્વેષની નાબૂદી થઈ જાય તો ક્યાંય કોઈને ય કોઈપ્રકારનું દુઃખ ન રહે. બધા સાચા અર્થમાં સુખી બની જાય.

આ રાગ અને દ્વેષ આપણને પણ સતાવે છે. પંચપરમેષ્ઠી ભગવંતને કરાતો નમસ્કાર આ રાગ-દ્વેષની નાબૂદી કરવા સમર્થ છે. માટે રાગ-દ્વેષના તોફાનોમાંથી મુક્તિ મેળવવા આપણે રોજ પંચપરમેષ્ઠીભગવંતને નમસ્કાર કરવો જોઈએ.

વળી અરિહંતાદિ પાંચે પરમેષ્ઠી ભગવંતોને વંદના કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. જે ઉદયમાં આવે ત્યારે સુખની પુષ્કળ સામગ્રીઓ તો મળે જ છે, પણ સાથે સાથે તે સુખને પચાવવાની તાકાત પણ પ્રાપ્ત થાય છે. ગમે તેવા સુખમાં પણ આત્મા ગાંડો બનવાના બદલે વૈરાગી રહી શકે છે. ખરાબ બનવાના બદલે સારો રહી શકે છે. અહંકારી બનવાના બદલે નમ્ર બની શકે છે.

વળી નમસ્કાર કરવાથી પાપો-દોષો નાશ પામે છે. તેથી આત્મામાં શુદ્ધિ પેદા થાય છે. પવિત્રતા પેદા થાય છે. આત્મા મોક્ષ તરફ દોટ મૂકે છે.

પૂર્વભવના કોઈ પાપકર્મના ઉદયે દુઃખો આવે તો ય નમસ્કાર ધર્મથી ભાવિત બનેલ વ્યક્તિ તેવા દુઃખમાં હાયવોય નહિ કરે. દીન નહિ બને. પણ સમતા અને સમાધિથી તે દુઃખોને સહન કરવાની તાકાત મેળવશે.

પંચ પરમેષ્ઠી ભગવંતને સાચા હૃદયથી કરાતાં નમસ્કારના પ્રભાવે આત્મા પોતે પરમેષ્ઠી બની શકે છે આપણને પરમેષ્ઠી બનાવનાર આ નમસ્કારમંત્રને પ્રથમ મંગલ કહેવાયું છે.

પ્ર. મંગલ એટલે શું ?

જ. જેના દ્વારા આપણી તકલીફો, આપત્તિઓ, મુશ્કેલીઓ દૂર થાય, આપણને સુખ સગવડ, શાંતિ, સમાધિ, સામગ્રી વગેરે અનુકુળતાઓ મળે તે મંગલ કહેવાય.

કોઈ ઘર કે દુકાનનો આરંભ કરાય ત્યારે ગોળધાણા વહેંચાય છે. સારા કામ માટે કોઈ ઘરમાંથી જાય ત્યારે તેને દહીં કે ગોળની કાંકરી ખવડાવાય છે. આ બધું મંગલ કહેવાય છે. ખાસ કામે બહાર જતી વખતે સામે માથે બેડુ લઈને કુંવારિકા મળે તો શુકન એટલે કે મંગલ કહેવાય છે. આ બધા દુન્વયી મંગલ છે. દ્રવ્યમંગલ છે. તેના કરતાં અનેકગણી તાકાત નવકારમહામંત્રમાં છે. થઈ ગયેલા અનેક અમંગળોને પણ મંગળમાં ટ્રાન્સફર કરવા નવકારમંત્ર સમર્થ છે. તે ભાવ મંગલ છે. તમામ મંગલોમાં સૌથી પહેલું અને સૌથી ચડિયાતું મંગલ આ નમસ્કાર મહામંત્ર છે. કારણ કે દુન્વયી મંગલો તો થોડા સમય માટે કોઈ દુઃખને અટકાવી

શકે, પણ કાયમ માટે નહિ. સંસારના કોઇ સુખને થોડા કાળ માટે આપી શકે પણ તમામ સુખોને તમામ કાળ માટે નહિ.

જ્યારે નમસ્કાર મહામંત્ર તો એવું અદ્ભૂત અને અલૌકિક મંગલ છે, કે જેના પ્રભાવે માત્ર દુ:ખો જ દૂર થતાં નથી પણ તે દુ:ખોને પેદા કરનારા પાપો જ ખતમ થઈ જાય છે. અરે ! પાપો પણ જેના કારણે બંધાય છે, તે રાગ-દ્વેષ-કામવાસના-ક્રોધ, નિંદા, ઈર્ષ્યા, અહંકાર વગેરે દોષોનો જ ખાત્મો બોલાઈ જાય છે. આપણી સંસારની વાસનાઓને, સંસાર પ્રત્યેના કાતિલ રાગને જ નષ્ટ કરવાનું અઘરું કાર્ય નવકારમંત્રના પ્રભાવે થાય છે. તેથી નવકારમંત્ર પ્રથમ મંગલ છે. સર્વોત્કૃષ્ટ મંગલ છે. આ નવકારમંત્ર જેમ જેમ વધુને વધુ વાર ગણાતા જાય તેમ તેમ દોષો નબળા પડતા જાય છે. જીવન સદ્ગુણોનો બાગ બને છે. આત્માનું કલ્યાણ થાય છે.

પ્ર. નવકારમંત્ર ગણવાથી કોને કોને શું શું લાભ થયો ?

જ. નવકારમંત્રનો પ્રભાવ જ અચિન્ત્ય છે. તેના પ્રભાવે શીવકુમારને મૃત્યુના બદલે સુવર્ણપુરુષ મળ્યો. અમરકુમારને જીવતદાન મળ્યું. સુદર્શન રાજાની શૂળીનું સિંહાસન થયું. શ્રીમતી શ્રાવિકાએ નવકાર ગણવાથી સાપ ફૂલની માળા બન્યો. નવકાર સાંભળતા સમડી મરીને રાજકુમારી સુદર્શના બની. વગેરે અનેક દ્રષ્ટાંતો શાસ્ત્રમાં છે.

પ્ર. આ નવકારમંત્રની રચના કોણે કરી ?

જ. આ નવકાર મંત્ર શાશ્વત છે. અનાદિકાળથી છે. શબ્દથી કે અર્થથી તેની રચના કોઈએ કરી નથી.

પ્ર. નવકારમાં કેટલા પદ છે ? કેટલી સંપદા છે ? કેટલા અક્ષર છે ?

જ. નવકારમાં નવ પદ છે. આઠ સંપદા છે. અને કુલ ૬૮ અક્ષરો છે.

પ્ર. જો પદ નવ છે, તો સંપદા આઠ કેમ ?

જ. પદ એટલે લીટી, વાક્ય. નવકારમાં નવ લીટી છે માટે નવ પદ છે. અર્થ સમજાય તેવી વાક્યરચનાને સંપદા કહેવાય છે. નવકારના છેલ્લા બે પદોને ભેગા કરીએ ત્યારે સળંગ એક અર્થ સમજાય છે, માટે છેલ્લા બે પદની એક સંપદા છે. અને પહેલા સાત પદની સાત સંપદા ગણતા નવકારમાં નવ પદની આઠ સંપદા ગણાય છે.

પ્ર. નવકારના છેલ્લા ચાર પદોને શું કહેવાય છે ?

જ. નવકારના છેલ્લા ચાર પદોને 'ચૂલિકા' કહેવાય છે.

પ્ર. ચૂલિકા કેટલા અક્ષરની છે ?

જ. ચૂલિકા ૩૩ અક્ષરની છે.

પ્ર. પંચ પરમેષ્ઠિઓના પહેલા પહેલા અક્ષરથી કયું મંત્રબીજ બને છે ? કેવી રીતે ?

જ. પંચ પરમેષ્ઠિઓના પહેલા પહેલા અક્ષરોથી 'ॐ' બને છે.

અરિહંતના अ + અશરીરી (સિદ્ધનો) अ = आ

आ + આચાર્યનો अ = आ

आ + ઉપાધ્યાયનો उ = ओ

ओ + મુનિ(સાધુ)નો म् = ओम् = ॐ

પ્ર. પંચપરમેષ્ઠિ પરથી પંચતીર્થને કેવી રીતે નમસ્કાર થાય ?

જ. (૧) અરિહંતના 'અ' ઉપરથી અષ્ટાપદજી તીર્થ. (૨) સિદ્ધના 'સિ' ઉપરથી સિદ્ધાચલજી તીર્થ. (૩) આચાર્યના 'આ' ઉપરથી આબુ (અર્બુદગિરિ) તીર્થ. (૪) ઉપાધ્યાયના 'ઉ' ઉપરથી ઉજ્જયંતગિરિ (ગિરનારજી) તીર્થ અને (૫) સાધુના 'સ' ઉપરથી સમેતશિખરજી તીર્થ.

ઉપરોક્ત રીતે પંચ તીર્થને પણ નમસ્કાર થાય છે.

પ્ર. નવકાર ભણવા-ગણવાની પાત્રતા ક્યારે આવે ?

જ. ઉપધાનતપનું પ્રથમ અઢારીયું કરવાથી નવકાર ગણવાની પાત્રતા આવે.

પ્ર. પણ તો પછી હાલ નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના ઘણા લોકો અઢારીયું કર્યા વિના પણ નવકાર કેમ ગણે છે ?

જ. શક્તિ કે અનુકૂળતા ન હોવાથી અઢારીયું કરીને અત્યારે ભલે પાત્રતા નથી મેળવી, પણ ભવિષ્યમાં તેઓ અઢારીયું કરીને પાત્રતા મેળવી લેશે ! એવી આશાથી આજે આરાધનાથી વંચિત ન રહી જાય તે માટે નવકાર વગેરે ભણવા-ગણવાની જીત-આચારથી રજા અપાઈ છે. તેથી શક્તિ-અનુકૂળતા આવતા શક્યતઃ જલ્દી અઢારીયું વગેરે ઉપધાન અવશ્ય કરી લેવા જોઈએ.

પ્ર. નવકારના પ્રત્યેક અક્ષર ઉપર કેટલી વિદ્યાઓ રહેલી છે ?

જ. નવકારના પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાઓ રહેલી છે.

પ્ર. નવકારનો એક અક્ષર, એક પદ, એક નવકાર કે ૧૦૮ નવકાર બોલવાથી કેટલું પાપ નાશ પામે ?

જ. નવકારનો એક અક્ષર બોલવાથી સાત સાગરોપમ, નવકારનું એક પદ બોલવાથી ૫૦ સાગરોપમ, એક નવકાર બોલવાથી ૫૦૦ સાગરોપમ અને ૧૦૮ નવકાર ગણવાથી ૫૪૦૦૦ સાગરોપમ નરકના પાપ નાશ પામે છે, માટે રોજ ઓછામાં ઓછા ૧૦૮ નવકાર તો અવશ્ય ગણવા જોઈએ.

પ્ર. ૧૦૮ નવકારમંત્રનો જપ કેવી રીતે કરવો જોઈએ ?

જ. પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ, ઉનના સફેદ કટાસણા ઉપર, પદ્માસનમાં બેસીને, આંખોને બંધ કરીને કે પોતાની નાસિકાના અગ્ર સ્થાને સ્થાપીને સુતરની સફેદ નવકારવાળીથી ૧૦૮ નવકારમંત્રનો જપ રોજ નિયત સમયે કરવો જોઈએ.

પ્ર. નવકારમંત્ર ક્યારે ક્યારે ગણવો જોઈએ ?

જ. ખાતા-પીતા, બેસતા-ઉઠતા, જાગતા-ઉંઘતા વગેરે કોઈપણ કામ કરતા ગમે તે સમયે નવકારમંત્ર ગણી શકાય છે. વસ્ત્રાદિ અશુદ્ધ હોય તો હોઠ ન ફફડે તે રીતે પણ પળે-પળે, સમયે-સમયે, શ્વાસે-શ્વાસે નવકારમંત્રનું સ્મરણ કરવું જોઈએ, છેવટે, 'ત્રણ કે એક નવકાર ગણ્યા પછી જ કોઈ કાર્ય શરૂ કરીશ'; તેવો નિયમ તો દરેકે લેવો જ જોઈએ. વળી સાત પ્રકારના ભયો ટાળવા રાત્રે સુતા સાત અને આઠ પ્રકારના કર્મોનો નાશ કરવા સવારે ઊઠતાં આઠ નવકાર ગણવા જોઈએ. અરિહંતના ગુણો બાર છે, માટે ત્રિકાળ બાર-બાર નવકાર પણ ગણી શકાય.

નવકારના ૬૮ અક્ષરો ૬૮ તીરથનો સાર છે. નવ પદો નવનિધિ આપે છે. આઠ સંપદા આઠ સિદ્ધિ આપે છે. **આ નવકારમંત્ર ૧૪ પૂર્વનો સાર છે.** મૃત્યુ સમયે ગણાયેલો નવકાર મોક્ષ આપે. છેવટે વૈમાનિક દેવલોક તો આપે જ.

ચૌદ પૂર્વી પણ અંત સમયે જેને યાદ કરે તે નવકારમંત્ર ગણ્યા વિના આપણને તો ચાલે જ કેમ ? માટે નવકારમંત્રનું સતત સ્મરણ કરવું જોઈએ.

### સમરો મંત્ર

*સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર*
*એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર.....૧*

*સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત,*
*જીવતા સમરો, મરતા સમરો, સમરો સૌ સંગાથ.....૨*

*જોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા-રંક,*
*દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક.....૩*

*અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તિરથસાર,*
*આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર.....૪*

*નવપદ એના નવનિધિ આપે, ભવોભવના દુઃખ કાપે,*
*વીરવચનથી હૃદયે સ્થાપે, પરમાતમપદ આપે.....૫*

સૂત્ર-૨

# ૩ સુગુરુ-સ્થાપના સૂત્ર

## પંચિંદિય સૂત્ર

**ભૂમિકા :–**

જિનશાસનની તમામ આરાધનાઓ ગુરુભગવંતની (અથવા તો ગુરુના ય ગુરુ એવા પરમાત્માની પ્રતિષ્ઠિતપ્રતિમાની) સાક્ષીએ કરવાની જણાવી છે. ગુરુભગવંતની હાજરીથી આપણને આરાધના કરવામાં ઉલ્લાસ વધે છે. આનંદ ઉભરાય છે. વિધિ સચવાય છે. ગુરુભગવંત પાસે આદેશ માંગી શકાય છે. ગુરુભગવંત હાજર છે, એવો વિચાર મન-વચન-કાયાથી કોઈ ભૂલ થવા દેતો નથી. તેમની આમન્યા સાચવવા પણ ખોટું કામ થતું અટકે છે. આવા અગણિત લાભો હોવાથી ગુરુભગવંતની હાજરીમાં બધી ક્રિયાઓ કરવાની છે.

પણ દરેક વખતે ગુરુભગવંતની હાજરી શી રીતે લાવવી ? તો શું ગુરુભગવંત ન હોય તો જે તે આરાધના-ક્રિયા કરવાની જ નહિ ? ના, તે તો કેમ ચાલે ? તેથી જ્યારે ગુરુ(આચાર્ય)ભગવંતની હાજરી શક્ય ન હોય ત્યારે તેમની સ્થાપના કરીને, તે સ્થાપનાચાર્યજીની સાક્ષીએ આરાધના કરવી જોઈએ. સુગુરુની સ્થાપના કરવા માટે આ પંચિંદિયસૂત્ર જરૂરી છે.

સૌ પ્રથમ નવકારમંત્ર બોલીને આરાધનાનું મંગલ કરાય છે. પછી આચાર્યભગવંતના ૩૬ ગુણોને જણાવતું આ પંચિંદિયસૂત્ર બોલવા દ્વારા ગુરુભગવંતની સ્થાપના કરાય છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** સુગુરુસ્થાપના સૂત્ર.

* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** પંચિંદિય સૂત્ર

* (૩) **વિષય :** ગુરુભગવંતની ગેરહાજરીમાં તેમની સ્થાપના કરવા આચાર્યભગવંતના ૩૬ ગુણોનું આરોપણ.

* (૪) **સૂત્રનો સારાંશ :** તમામ ક્રિયા-આરાધનાઓ ગુરુભગવંતની હાજરીમાં જ કરવી જોઈએ. તેમની ગેરહાજરીમાં છેવટે તેમની સ્થાપના કરીને પણ આરાધના કરવી જોઈએ, જેથી મારા ગુરુ હાજર છે, તેવો ભાવ સતત જીવંત રહે, જેના પ્રભાવે આરાધના સુંદર થાય તથા ગમે તે રીતે વર્તવાનો કે ભૂલો કરવાનો વિચાર સરખો પણ ન જાગે.

*** (૫) સૂત્ર :**

*પંચિંદિય સંવરણો*
*તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો*
*ચઉવિહ-કસાય-મુક્કો*
*ઈઅ અઠારસ-ગુણેહિં સંજુત્તો ॥૧॥*

*પંચ-મહવ્વય-જુત્તો*
*પંચવિહાયાર-પાલણ-સમત્થો*
*પંચ-સમિઓ તિ-ગુત્તો*
*છત્તીસ-ગુણો ગુરુ મજ્ઝ ॥૨॥*

(૬) **ઉચ્ચાર અંગે સૂચનો :** બે-ત્રણ-ચાર શબ્દો ભેગા થઈને ક્યારેક સામાસિક (સમાસ બનીને) એક જ શબ્દ બને છે; ત્યારે તે બધા શબ્દો સાથે જ બોલવાના હોય છે. દા.ત. 'તહ નવવિહ બંભચેર ગુત્તિધરો'માં 'નવવિહ' ભેગું બોલાય. કારણકે 'નવવિહ' સામાસિક પદ છે. તેને જુદું પાડીને 'તહનવ ન બોલાય.

જે શબ્દ, જે શબ્દની સાથે બોલવાનો હોય, તેને તે રીતે બોલવામાં ન આવે તો ક્યારેક ઘણો મોટો અનર્થ થતો હોય છે.

દા.ત. 'આગલ ગાડી છે' ને 'આગ લગાડી છે' બોલો તો શું થાય ? કેવો ગોટાલો થાય ? તે જ રીતે 'બાલક રડે છે' ના બદલે 'બાલ કરડે છે' બોલીએ તો પણ કેવો અર્થ પલટાઈ જાય ! આવું ન થાય તે માટે જે શબ્દ/અક્ષર જેની સાથે જે રીતે બોલવો જરૂરી હોય તે જ રીતે બોલવાનો ઉપયોગ રાખવો જોઈએ.

હ્રસ્વ (ટૂંકો બોલવાનો) સ્વર અને દીર્ઘ (લાંબો બોલવાનો) સ્વર બોલવામાં પણ ગોટાળો ન કરવો. નહિ તો અર્થ બદલાઈ જશે.

ફરિયાદ = કોઈની ભૂલ કહેવી તે.
ફરી યાદ કરો = ફરી એટલે બીજીવાર યાદ કરો.
દિન = દિવસ. દિન = ગરીબ

## * (૭) શબ્દાર્થ :

**પંચિંદિય** = પાંચ ઈન્દ્રિયોને
**સંવરણો** = રોકનાર
**તહ** = તથા
**નવવિહ** = નવ પ્રકારના
**બંભચેર** = બ્રહ્મચર્ય વ્રતની
**ગુત્તિધરો** = વાડ ને ધારણ કરનારા
**ચઉવિહ** = ચાર પ્રકારના
**કસાય** = કષાયોથી
**મુક્કો** = મુક્ત થયેલાં
**ઈઅ** = એ
**અટ્ઠારસ-ગુણેહિં** = અઢાર ગુણો વડે
**સંજુત્તો** = સહિત
**પંચમહવ્વય** = પાંચ મહાવ્રતોથી
**જુત્તો** = સહિત (વાળા)
**પંચ વિહાયાર** = પાંચ પ્રકારનાં આચારને
**પાલણ-સમત્થો** = પાળવામાં સમર્થ (શક્તિવાળા)

પંચ સમિઓ = પાંચ પ્રકારની સમિતિઓવાળા
તિગુત્તો = ત્રણ પ્રકારની ગુપ્તિઓવાળા
છત્તીસ ગુણો = છત્રીશ ગુણોવાળા
ગુરુ = ગુરુ
મજ્ઝ = મારા

## (૮) સૂત્રાર્થ :

પાંચ ઈન્દ્રિયોને ખરાબ માર્ગે જતી અટકાવનારા તેમજ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓ (વાડો)ને ધારણ કરનારા, ચાર પ્રકારના કષાયો વગરના, આ અઢાર ગુણોવાળા (તથા) પાંચ મહાવ્રતોવાળા, પાંચ પ્રકારના આચારોનું પાલન કરવામાં સમર્થ (શક્તિવાળા), પાંચ સમિતિવાળા, (અને) ત્રણ ગુપ્તિવાળા, (એમ) છત્રીસ ગુણોવાળા મારા ગુરુમહારાજ છે.

## (૯) વિવેચન

પ્ર. આ સૂત્રનું નામ 'સુગુરુસ્થાપના સૂત્ર' શા માટે રાખવામાં આવ્યું છે ?

જ. જિનશાસનમાં ગુરુ તરીકે આચાર્યભગવંતને ગણવામાં આવે છે. તેમની હાજરીમાં બધી ધર્મારાધના કરવાની હોય છે. પણ તેમની જ્યારે ગેરહાજરી હોય ત્યારે તેમની સ્થાપના કરવી જરૂરી બને છે. આચાર્યભગવંતની સ્થાપના એટલે કોઈ વ્યક્તિની સ્થાપના નહિ પણ આચાર્યભગવંતના ગુણોની સ્થાપના; કારણકે જિનશાસન વ્યક્તિપૂજાને નહિ પણ ગુણપૂજાને મહત્ત્વ આપે છે. આચાર્યભગવંતની સ્થાપના કરવા આચાર્યભગવંતના જે ૩૬ ગુણો છે, તેની સ્થાપના કરવી પડે તે ૩૬ ગુણોનું વર્ણન આ પંચિંદિયસૂત્રમાં આવે છે. તેથી આ પંચિંદિયસૂત્ર દ્વારા આચાર્યભગવંતની (સુગુરુની) સ્થાપના કરાય છે. માટે આ પંચિંદિયસૂત્રનું નામ સુગુરુસ્થાપના સૂત્ર છે.

પ્ર. ગુરુભગવંતની સ્થાપના કરવાથી શું લાભ થાય ?

જ. ગુરુભગવંતની સ્થાપના આપણી સામે રહેવાથી 'મારા ગુરુમહારાજ હાજર છે. મને બરાબર જોઈ રહ્યા છે.' એવો વિચાર આવે છે. જેના કારણે આપણા મન-વચન અને કાયા અશુભ થતા અટકે છે. શુભમાં જોડાય છે.

જૈન રામાયણમાં એક પ્રસંગ આવે છે. ક્ષીરકદંબક પાઠક પાસે પોતાનો પુત્ર પર્વત, રાજપુત્ર વસુ તથા નારદ એમ ત્રણ વિદ્યાર્થીઓ ભણતા હતા. બે નરકગામી અને એક મોક્ષગામી છે.' તેવા શબ્દો સાંભળવા મળતા, તેમને જાણવાની ઇચ્છા થઇ કે આ ત્રણમાંથી મોક્ષગામી કોણ ?

ક્ષીરકદંબક પાઠકે લોટના ત્રણ કુકડા લાખનો રસ ભરીને બનાવ્યા. ત્રણે શિષ્યોને એકેક કુકડો આપીને કહ્યું કે, 'કોઈ જોતું ન હોય ત્યાં જઈને આ કુકડાને છરીથી મારી

નાંખજો. ગામમાં તો કોઈ જુએ, જંગલમાં કોણ જોવાનું છે ? એમ વિચારીને ત્રણેય જણા કુકડા લઈને જંગલ તરફ આગળ વધ્યા.

'અહીં કોઈ જોતું નથી' એમ વિચારીને રાજપુત્ર વસુ જ્યાં ઘા મારવા જાય છે ત્યાં તેને જંગલના પશુ-પક્ષીઓને જોયા. અરે ! આ બધા તો જુએ છે. ગુરુએ તો કહ્યું છે કે જ્યાં કોઈ જોતું ન હોય ત્યાં જઈને મારવા. તેથી અહીં ન મરાય. તે આગળ વધ્યો. એક ગુફા આવી. ગુફામાં માનવ કે પશુ-પંખી; કોઈ ન હતું. અહીં કોઈ જોતું નથી, એમ સમજીને તેણે કુકડાને વધેરી નાંખ્યો.

પંડિતપુત્ર પર્વત પણ પશુ-પંખી ન જુએ તે માટે કોઈ ગુફામાં પહોંચ્યો. જ્યાં મારવા જાય છે, ત્યાં વિચાર આવ્યો કે, અરે ! અહીં ભલે કોઈ ન જોતું હોય. હું પોતે તો જોઉં છું ને ?' તે અટકી ગયો. પછી આંખો મીંચી દઈને, હવે અહીં કોઈ જોતું નથી એમ માનીને તેણે કૂકડો વધેરી દીધો.

નારદ પણ ગુફામાં પહોંચ્યો. પોતે પણ ન જુએ તે માટે આંખો મીંચી દીધી. હવે માનવ, પશુ, પંખી કે પોતે પણ જોતો નથી, તેની ખાતરી થયા બાદ જ્યાં મારવાનો વિચાર કરે છે, ત્યાં તેને ખ્યાલ આવે છે કે અરે ! ભગવાન તો બધે બધું જ જુએ છે. આ વિશ્વમાં કોઈ સ્થાન એવું નથી, કોઈ વસ્તુ એવી નથી કે જેની જાણ ભગવાનને ન થાય. ના, મારાથી કૂકડો મરાય જ નહિ. મને થતું હતું કે જીવદયાના પાઠો ભણાવનારા ગુરુજી કુકડો મારવાની આજ્ઞા કરે જ શા માટે ? પણ હવે સમજાયું. તેમની આજ્ઞાનું સાચું પાલન ત્યારે જ થાય કે જ્યારે કુકડાને મારવાનું બંધ કરાય. કારણ કે ગુરુજીની તો આજ્ઞા છે કે જ્યાં કોઈ જોતું ન હોય ત્યાં જઈને કૂકડાને મારી આવો.' આ પ્રમાણે વિચારીને કૂકડાને માર્યા વિના જ તે ગુરુ પાસે પાછો ફર્યો.

બધી વાત સાંભળીને ગુરુજી સમજી ગયા કે નારદ મોક્ષગામી છે. બાકીના બે નરકગામી છે. નરકગામી પુત્રના પિતા બનવા બદલ તેમને દુઃખ થયું. સંસાર છોડીને સાધનાના માર્ગે તેમણે કદમ ઉઠાવ્યા.

'ભગવાન બધી જગ્યાએ બધું જ જુએ છે' તેવી માન્યતાના કારણે નારદ કુકડો મારવાના પાપમાંથી બચી શક્યો. તે જ રીતે ગુરુભગવંત મારી સામે બેઠા છે, મને જુએ છે, મારી બધી ક્રિયાને પણ બરોબર નિહાળે છે. મને આદેશો આપે છે. એવું જો આપણા મગજમાં રહે તો આપણી બધી ક્રિયાઓ ભગવાનની આજ્ઞા પ્રમાણેની- ઊભા ઊભા, ઉલ્લાસભરપૂર અને શુદ્ધ ઉચ્ચાર પૂર્વકની- થયા વિના ન રહે.

જ્યારે ગુરુભગવંત સાચે સાચ સામે બેઠાં હોય ત્યારે તો ઉપર જણાવ્યા પ્રમાણેનો બધો લાભ મળી શકે છે; પરંતુ ગુરુમહારાજ ન હોય તો ? તેવા સમયે પણ આપણી ક્રિયાઓ સુંદર બની રહે, ભરપૂર લાભ આપનારી બની રહે તે માટે- ગુરુમહારાજ ન હોય તોય- ગુરુમહારાજ સતત મારી સામે જ છે તેવો ભાવ પેદા કરવા ગુરુમહારાજની સ્થાપના સ્થાપવામાં આવે છે.

## ગુરુભગવંતની સ્થાપના સ્થાપવાની વિધિ

* આચાર્યભગવંતને ગુરુ તરીકે ગણવામાં આવ્યા છે. તેથી આચાર્યભગવંત પોતે હાજર હોય તો સ્થાપના સ્થાપવાની જરૂર નથી. તેમની સામે પણ બધી ક્રિયા થઈ શકે છે.

* આપણા ગુરુભગવંતો જે સ્થાપનાચાર્યજી રાખે છે, તે જો હોય તો બીજી કોઈ સ્થાપના સ્થાપવાની જરૂર નથી. તેમની સામે બધી ક્રિયા કરી શકાય છે.

પણ જો આચાર્યભગવંત કે ગુરુભગવંતના સ્થાપનાચાર્યજી ન હોય તો બધી ક્રિયા કરવા માટે નવકાર અને પંચિંદિય સૂત્ર વડે ગુરુભગવંતની સ્થાપના સ્થાપવામાં આવે છે. તે માટે નવકાર અને પંચિંદિયસૂત્રવાળું પુસ્તક, જો તેવું પુસ્તક ન હોય તો કોઈપણ પુસ્તક અથવા સાપડો, નવકારવાળી કે ચરવાળા જેવી જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણ રૂપ ધાર્મિક વસ્તુને પોતાની સામે મૂકીને, તે વસ્તુમાં ગુરુભગવંતના ૩૬ ગુણોની સ્થાપના કરતા હોઈએ તે રીતે તેની સન્મુખ જમણો હાથ રાખવો.




મંગલ માટે નવકારમંત્ર બોલીને, ગુરુની સ્થાપના કરવા તેમના ૩૬ ગુણોવાળું પંચિંદિયસૂત્ર સ્થાપનામુદ્રામાં બોલવું. આમ, કરવાથી સ્થાપના સ્થપાઈ કહેવાય.

પછી સામાયિક લેવાની-પ્રતિક્રમણની વગેરે ક્રિયા તે સ્થાપેલા સ્થાપનાચાર્યજી સામે કરવી. જ્યાં સુધી ક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તે સ્થાપનાજી હલવા ન જોઈએ. સ્થિર રહેવા જોઈએ. બધી ક્રિયા પૂર્ણ થયા પછી, જો હવે કોઈ ક્રિયા કરવાની ન હોય તો તે સ્થાપનાજીને ઉત્થાપવાની ક્રિયા કરવી એટલે કે અવળો હાથ રાખવા રૂપ ઉત્થાપનામુદ્રા કરીને નવકાર ગણવો. ત્યારપછી સ્થાપનાજીની તે વસ્તુને હલાવવામાં કે આછી-પાછી કરવામાં દોષ નથી.

ક્રિયા કરતી વખતે વચ્ચે પવન વગેરેના કારણે સ્થાપનાજી હલી જાય કે કોઈ વ્યક્તિ ભૂલમાં હલાવી નાખે તો તે વખતે ઉત્થાપનામુદ્રા દ્વારા નવકારગણીને ઉત્થાપી લેવા. પછી ફરી નવકાર-પંચિંદિય સૂત્ર વડે સ્થાપવા.

આ સ્થાપનાજી ઓછામાં ઓછા ૩ાા હાથ દૂર રાખવા. આપણી નાભી (ડુંટી)ના ભાગ કરતાં ઊંચા અને નાસિકાના ભાગ કરતાં નીચા રાખવા. તેની પૂંઠ ન થાય તેની કાળજી રાખવી. તેઓ સાક્ષાત્ ગુરુમહારાજ છે, તેમ સમજીને તેમની સામે બધી ક્રિયાઓ ઉલ્લાસભેર વિધિપૂર્વક કરવી. તેમ કરવાથી ક્રિયા શુદ્ધ થાય છે. પુષ્કળ ફળ આપનારી બને છે.

## ગુરુભગવંતના છત્રીસ ગુણો

**સ્થાપના સ્થાપતી વખતે આચાર્યભગવંતના જે છત્રીસગુણોની સ્થાપના કરવામાં આવે છે, તે નીચે પ્રમાણે છે.**

| | |
|---|---|
| * પાંચ ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી. | ૫ |
| * બ્રહ્મચર્યની નવ વાડને ધારણ કરવી. | ૯ |
| * ચાર કષાયનો ત્યાગ કરવો. | ૪ |
| * પાંચ મહાવ્રતનું પાલન કરવું. | ૫ |
| * પાંચ આચારનું પાલન કરવું. | ૫ |
| * પાંચ સમિતિનું પાલન કરવું | ૫ |
| * ત્રણ ગુપ્તિનું પાલન કરવું. | ૩ |

**(૧ થી ૫) પાંચ ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી તે પાંચ ગુણ :**

ઈન્દ્રિયો પાંચ છે (૧) સ્પર્શનેન્દ્રિય (સ્પર્શ કરવાની શક્તિવાળી ચામડી) (૨) રસનેન્દ્રિય (સ્વાદ ચાખવાની શક્તિવાળી જીભ) (૩) ઘ્રાણેન્દ્રિય (ગંધ પારખવાની શક્તિવાળું નાક) (૪) ચક્ષુરિન્દ્રિય (રૂપ જોવાની શક્તિવાળી આંખ) અને (૫) શ્રોત્રેન્દ્રિય અથવા કર્ણેન્દ્રિય (સાંભળવાની શક્તિવાળા કાન). આ પાંચેય ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયોમાં આસક્ત ન બનવું.

**આ પાંચ ઈન્દ્રિયોના જે ત્રેવીસ વિષયો છે તે આ પ્રમાણે:**

* સ્પર્શનેન્દ્રિય દ્વારા આઠ પ્રકારના સ્પર્શના અનુભવ થઈ શકે છે. (૧) ઠંડો (શીત) (૨) ગરમ (ઉષ્ણ) (૩) ચીકણો (સ્નિગ્ધ) (૪) લુખો (રૂક્ષ) (૫) લીસો (મૃદુ) (૬) ખરબચડો (કર્કશ) (૭) ભારે (ગુરુ) અને (૮) હલકો (લઘુ)

* રસનેન્દ્રિય દ્વારા પાંચ પ્રકારના રસ (સ્વાદ)નો અનુભવ થઈ શકે છે. (૧) ખાટો (આમ્લ) (૨) કડવો (કટુ) (૩) તિખો (તિક્ત) (૪) તુરો (કષાય) અને (૫) મીઠો (મધૂર)

* ઘ્રાણેન્દ્રિય દ્વારા બે પ્રકારની ગંધ પારખી શકાય. (૧) સુગંધ (સુરભી) અને (૨) દુર્ગંધ (દુરભી).

* ચક્ષુરિન્દ્રિય દ્વારા પાંચ પ્રકારના રૂપને જોઈ શકાય છે. (૧) લાલ (રક્ત) (૨) લીલો (નીલ) (૩) પીળો (પીત) (૪) કાળો (શ્યામ) અને (૫) સફેદ (શ્વેત).

* શ્રોત્રેન્દ્રિય દ્વારા ત્રણ પ્રકારના શબ્દો સાંભળી શકાય છે. (૧) સચિત્ત : જીવ વડે ઉત્પન્ન થયેલો (૨) અચિત્ત : અજીવ વડે ઉત્પન્ન થયેલો તથા (૩) મિશ્ર : જીવ-અજીવના સહયોગ વડે ઉત્પન્ન થયેલો.

આ ૮+૫+૨+૫+૩=૨૩ પ્રકારના વિષયો પાંચ ઈન્દ્રિયોના થયા. તે ત્રેવીસ પ્રકારના વિષયોમાંથી અનુકૂળ (મનગમતા) વિષયો મળે તો રાજી ન થાય અને પ્રતિકૂળ (અણગમતા) વિષયો મળે તો દુઃખી ન થાય. એટલું જ નહિ પણ અનુકૂળ વિષયો

મેળવવાની કે પ્રતિકૂળ વિષયો મળ્યા હોય તો તેને દૂર કરવાની ઇચ્છા કે પ્રયત્નો ન કરે. આ પાંચ ગુણો કહેવાય.

**(૬ થી ૧૪) નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડોને ધારણ કરવી તે નવગુણ**

બ્રહ્મ એટલે આત્મા. તેમાં જ ચર્ય એટલે ફરવું તે બ્રહ્મચર્ય. આત્માનું કલ્યાણ કરનારી બાબતોમાં રહેવું. પોતાના સ્વરૂપમાંથી બહાર ન જવું તે બ્રહ્મચર્ય. કામવાસનાનું સેવન ન કરવું તે બ્રહ્મચર્ય.

અનાદિકાળના કુસંસ્કારો આપણા આત્મામાં એટલા બધા જામ થયેલા છે કે જેના કારણે આપણા આત્મામાં વિજાતીય તત્ત્વ (સ્ત્રી/પુરુષ) પ્રત્યે સહજ આકર્ષણ ઊભું થાય છે. કામવાસના જાગે છે. વિકારો ઉભરાય છે. આત્મા પોતાના સ્વરૂપમાંથી બહાર નીકળી જાય છે. બ્રહ્મચર્ય પાળવું મુશ્કેલ બને છે. બ્રહ્મચર્યનું પાલન કરવા ઈચ્છનારે તે મુશ્કેલીને દૂર કરવા માટે બ્રહ્મચર્યની નવ પ્રકારની વાડોનું પાલન કરવું જોઈએ. 'વાડ વગર વેલો ન ચડે' તે કહેવત તો સાંભળી છે ને ? વેલો તો જ મોટો થાય, જો તેની રક્ષા માટે તેની આસપાસ કાંટાની વાડ કરેલી હોય. જો વાડ ન કરવામાં આવે તો જાનવરો આવીને તે વેલાને જ ખાઈ જાય ! વેલો પોતે જ ન રહે તો મોટો થવાની તો વાત જ ક્યાં ?

બ્રહ્મચર્ય રૂપી વેલાને આત્મામાં મોટો-સ્થિર-મજબૂત કરવા માટે કાંટા જેવી નવવાડોથી સુરક્ષિત રાખવો જરૂરી છે. આપણા ગુરુભગવંતો મહાબ્રહ્મચારી હોય છે, કારણકે તેઓ બ્રહ્મચર્યનું પાલન-રક્ષણ માટે નીચે જણાવેલી આ નવ વાડોનું બરોબર પાલન કરતા હોય છે.

**(૧) સંસક્તવસતિનો ત્યાગ કરવો :** જ્યાં (પુરુષો માટે) સ્ત્રીઓ અથવા નપુંસકો રહેતા હોય ત્યાં ન રહેવું, એટલું જ નહિ; જ્યાં સ્ત્રીઓના ચિત્રો હોય કે બારી વગેરેમાંથી સામેના ઘરમાં સ્ત્રી-ટી.વી. વગેરે દેખાતા હોય તેવા સ્થાનમાં પણ રહેવું નહિ. કારણ કે તેવા સ્થાનમાં રહેવાથી સ્ત્રીઓ દેખાતા વિકારો જાગવાની શક્યતા છે.

**(૨) સ્ત્રીકથાનો ત્યાગ કરવો :** સ્ત્રીની સાથે વાતો ન કરવી. પુરુષ સાથે પણ સ્ત્રી સંબંધિત વાતો ન કરવી, ન સાંભળવી.

**(૩) આસન :** જ્યાં સ્ત્રી બેઠેલી હોય ત્યાં, તેના ઊઠી ગયા પછી પણ ૪૮ મિનિટ સુધી પુરુષે બેસવું નહિ. તે જ રીતે જ્યાં પુરુષ બેઠેલ હોય ત્યાં, તેના ઊઠી ગયા પછી સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ.

**(૪) અંગોપાંગ જોવાનો ત્યાગ કરવો :** પુરુષે સ્ત્રીના કે સ્ત્રીએ પુરુષના મુખ, હાથ, પગ વગેરે શરીરના અંગો જોવા નહિ. તેમ કરવાથી વિકારો જાગવાની શક્યતા છે.

**(૫) ગૃહસ્થની દીવાલવાળા રહેઠાણનો ત્યાગ કરવો.** જે દીવાલની એક બાજુએ સંસારી સ્ત્રી-પુરુષો રહેતા હોય, વિષયસેવનાદિ કરતા હોય તે દિવાલની બીજી બાજુએ

બ્રહ્મચારીએ રહેવું નહિ. કારણ કે સ્ત્રી-પુરુષોની તેવી ગંદી વાતો સંભળાઈ જતા કે ક્યારેક ગંદી ચેષ્ટાઓ દેખાઈ જતા મન વિકારી બને છે.

**(૬) પૂર્વક્રીડાના સ્મરણનો ત્યાગ કરવો :** જેમણે પોતાના પૂર્વના જીવનમાં ખરાબ કાર્યો કર્યાં હોય, વિષયસેવનાદિ કર્યાં હોય, તે બધા ખરાબ કાર્યોને તેમણે કદી યાદ ન કરવા. થઈ ગયેલાં તે પાપોનું એક વાર ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લઈ લેવું, પણ ત્યારપછી ક્યારેય-પશ્ચાત્તાપ કરવા માટે ય- તે વિષયવાસના સંબંધિત પાપોને યાદ કરવા નહિ. કારણકે આ પાપો એવા પ્રકારના છે કે જો તેને ફરી યાદ પણ કરવામાં આવે તો વિકારો પેદા થવાની શક્યતા છે. તે બ્રહ્મચર્યનું પાલન કરવું મુશ્કેલ બનાવે છે. તેથી પૂર્વના પોતાના જીવનના મૈથુનસંબંધિત પાપોને યાદ કરવા નહિ.

**(૭) ચીકણા- વિગઈવાળા-આહારનો ત્યાગ કરવો.** ઘી, દૂધ, મેવા, મીઠાઈ વગેરે ચીકણો આહાર કહેવાય. તે વાપરવાથી વિકારો પેદા થવાથી શક્યતા છે. માટે બ્રહ્મચર્યનું પાલન કરવાની ઈચ્છાવાળાએ આવા સ્નિગ્ધ પદાર્થોનો ત્યાગ કરવો અત્યંત આવશ્યક છે. આમ છતાંય પોતાના ગુરુમહારાજ ખાસ કારણે જેને રજા આપે, તે સાધુ સાધ્વીજી મહારાજને તેટલા પ્રમાણમાં ઘી-દૂધ વાપરવાની છૂટ હોય છે.

**(૮) અતિભોજનનો ત્યાગ કરવો :** ખૂબ વધારે પડતુ ખાવુ નહિ. વધું ખાવાથી શરીરમાં જડતા આવે છે. પરિણામે વિકારો પણ પેદા થવાની શક્યતા ઊભી થાય છે. જેમ ઉપવાસ વગેરે તપ કરવો જરૂરી છે, તેમ (ભૂખ કરતાં ઓછું ખાવા રૂપ) ઉણોદરી તપ કરવો પણ જરૂરી છે. રોજ ઊણોદરી કરનારનું આરોગ્ય સારું રહે છે. મન પ્રસન્ન રહે છે. જીવન પવિત્ર બને છે. બ્રહ્મચર્યનું પાલન સુલભ બને છે. સર્વ પ્રકારે આત્માનું કલ્યાણ થાય છે. માટે રોજ ઉણોદરી કરવી જોઈએ.

**(૯) વિભૂષા-શોભા-શણગારનો ત્યાગ કરવો :** આકર્ષક વસ્ત્રો ન પહેરવા. જે વસ્ત્રો-આભૂષણો-મેકઅપને જોતા બીજા લોકોને વિકારો જાગે, આપણા પ્રત્યે આકર્ષણ પેદા થાય, ખરાબ વિચારો જાગે. તેવા વસ્ત્રો, આભૂષણો કે મેકઅપનો ઉપયોગ કરવો નહિ. શરીરની ટાપટીપ કરવી નહિ. સ્નાન વિલેપન. સુગંધી તેલ-માલીસ, પાન વગેરેનો ઉપયોગ કરવો નહિ. શરીરને બહુ શણગારવું નહિ. બને તેટલા સાદા વસ્ત્રો પહેરવા. સાદાઈથી રહેવું-જીવવું. તેમ કરવાથી આપણને ખરાબ વિચારો આવતા નથી અને આપણને જોઈને બીજાને પણ ખરાબ વિચારો ન આવવાથી તેમના તરફથી પણ આપણા બ્રહ્મચર્યનો ભંગ થવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી.

ઉપર જણાવેલી બ્રહ્મચર્યની નવ વાડોનું ગુરુ-ભગવંતો પાલન કરે છે. તેમ કરવાથી તેઓ સુંદર રીતે સહેલાઈથી બ્રહ્મચર્ય પાળી શકે છે.

આ નવવાડોનું પાલન માત્ર સાધુ-સાધ્વીજી ભગવંતોએ જ કરવાનું છે, એવું નહિ પણ ગૃહસ્થોએ પણ પોતાનું જીવન ઉચ્ચસદાચારમય જીવવા માટે પોતાનાથી શક્ય હોય તેટલી વધારેમાં વધારે બ્રહ્મચર્યની વાડોનું પાલન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૧૫ થી ૧૮) ચાર પ્રકારના કષાયોનો ત્યાગ કરવો તે ચાર ગુણ :**

કષ એટલે સંસાર. આય=લાભ. જેનાથી સંસારનો લાભ થાય, સંસારનું પરિભ્રમણ વધે, સંસારમાં રખડવું પડે. તેને કષાય કહેવાય. તે કષાય ચાર પ્રકારના છે. (૧) ક્રોધ (૨) માન (૩) માયા અને (૪) લોભ.

(૧) ક્રોધ=ગુસ્સો, રીસ (૨) માન=અભિમાન, ઘમંડ, અક્કડાઈ, બીજા પ્રત્યે તિરસ્કાર-ધિક્કાર. (૩) માયા=કપટ, છેતરપીંડી, છળ. (૪) લોભ=લાલસા, આસક્તિ.

આ ચારેય કષાયો ચોર અને લૂંટારા કરતાંય વધારે ભૂંડા છે. તેમની ક્યારે ય સોબત કરવા જેવી નથી. જ્યારે જ્યારે તે આત્મા ઉપર પોતાનો પ્રભાવ બતાડે છે, ત્યારે ત્યારે જીવ છતી આંખે આંધળો બની જાય છે. તેના વિવેકચક્ષુ બીડાઈ જાય છે. પરિણામે તે આત્મા તે વખતે ભયંકર ભૂલો પણ કરી બેસે છે. આત્માના ગુણોનું નિકંદન કાઢી દે છે. માટે આ ચારે ય કષાયોથી બધાએ સદા દૂર રહેવા જેવું છે.

ગુરુભગવંતો બને ત્યાં સુધી તો આ કષાયોથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. શક્ય હોય ત્યાં સુધી આ કષાયો ઉપર ખૂબ જ કાબૂ રાખે છે. તેથી તેમના આ ચાર ગુણો થયા.

**(૧૯ થી ૨૩) પાંચ મહાવ્રતોનું પાલન કરવું તે પાંચ ગુણ.**

પાળવા માટે દુષ્કર-મુશ્કેલ વ્રતો તે મહાવ્રતો. શ્રાવકના અણુવ્રતો કરતાં આ મહાવ્રતો મોટાવ્રતો છે. તે પાંચ છે.

**(૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત :** સર્વ પ્રકારે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર, કોઈ પણ જીવની હિંસા કરવી નહિ, કરાવવી નહિ કે કોઈ હિંસા કરતા હોય તો તેમને સારા માનવા નહિ; તેવી મહાપ્રતિજ્ઞા.

**(૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત :** સર્વ પ્રકારે, ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય કે ભયથી પણ જૂઠું બોલવું નહિ, બીજા પાસે જૂઠ બોલાવડાવવું નહિ, કોઈ જૂઠ બોલતા હોય તો તેને સારો માનવો નહિ; તેવી મહાપ્રતિજ્ઞા.

**(૩) સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત :** સર્વ પ્રકારે, માલિકે નહિ આપેલી (ચોરીની) વસ્તુ લેવી નહિ, બીજા પાસે લેવડાવવી નહિ, કોઈ લેતું હોય તો તેને સારો માનવો નહિ; તેવી મહાપ્રતિજ્ઞા.

**(૪) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત :** સર્વ પ્રકારે, દેવી-મનુષ્ય-તિર્યંચ સંબંધી મૈથુન સેવવું નહિ (ગંદુ કામ કરવું નહિ), બીજા પાસે સેવરાવવું નહિ, કોઈ મૈથુન સેવતું હોય તો તેને સારા માનવા નહિ; તેવી મહાપ્રતિજ્ઞા.

**(૫) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત :** સર્વ પ્રકારે જાતે પરિગ્રહ (મૂર્છા-મમત્વ) કરવો નહિ, બીજા પાસે કરાવવો નહિ, કોઈ પરિગ્રહ કરતું હોય તો તેને સારો માનવો નહિ, તેવી મહાપ્રતિજ્ઞા.

વિરમણ શબ્દનો અર્થ થાય છે : વિરામ પામવો, અટકવુ. આ બધા મહાવ્રતો નકારાત્મક સ્વરૂપે છે. પણ હકારાત્મક સ્વરૂપે નથી. એટલેકે પહેલું મહાવ્રત 'અહિંસાનું

પાલન કરવું' એ પ્રમાણે નથી પણ હિંસા ન કરવી.' રૂપે છે. 'સાચું બોલવું જ' એવું બીજું મહાવ્રત નથી કેમકે તે સંભવિત નથી અને સર્વથા લાભકર પણ નથી પરંતુ જૂઠું ન બોલવા રૂપ મહાવ્રત છે. આ રીતે પાંચે ય મહાવ્રતોમાં સમજવું.

આ પાંચે ય મહાવ્રતોમાંથી ચોથા મહાવ્રતમાં કોઈ અપવાદ રખાતો નથી, બાકીના ચાર મહાવ્રતોમાં અપવાદ મળી શકે છે. કારણ કે ક્યારેક ધર્મ-તીર્થ વગેરેની રક્ષા માટે હિંસા, જૂઠ વગેરે થઈ જાય તો પણ તે વખતે મનને પવિત્ર રાખવું શક્ય બને છે, પણ ચોથા મહાવ્રત સંબંધી કાંઈપણ ખોટું કામ કરવામાં આવે તો તે વખતે મન પવિત્ર રહી શકતું નથી પણ રાગ-દ્વેષ વગેરેથી દૂષિત થઈ જાય છે. માટે ચોથા મહાવ્રતમાં કોઈ અપવાદ/છૂટ આપવામાં આવતી નથી. બાકીના મહાવ્રતોમાં પણ ગીતાર્થ-સંવિગ્ન ગુરુભગવંતો રજા આપે તો જ અપવાદ સેવી શકાય છે.

**(૨૪ થી ૨૮) પાંચ આચારોનું પાલન કરવા રૂપ પાંચ ગુણો :**

**(૧) જ્ઞાનાચાર :** સમ્યગ્જ્ઞાન સારી રીતે ભણવું-ભણાવવું વગેરે

**(૨) દર્શનાચાર :** પરમાત્મા, પરમાત્માનું શાસન વગેરે ઉપર પોતાની અને બીજાની શ્રદ્ધા વધે તેવા પ્રયત્નો કરવા વગેરે.

**(૩) ચારિત્રાચાર :** ઉત્તમ પ્રકારના ચારિત્ર=સદાચારનું સેવન કરવું વગેરે

**(૪) તપાચાર :** ઉપવાસ વગેરે બાહ્યતપ તથા પ્રાયશ્ચિત્ત વગેરે અભ્યંતર તપ કરવો તે.

**(૫) વીર્યાચાર :** ઉપર જણાવેલાં ચારે ય આચારોમાં, જિન-શાસનમાં બતાડેલી તમામ ધર્મારાધનાઓમાં પોતાનું વીર્ય ફોરવવું, ઉલ્લાસ-ઉમંગ રાખવો તે.

ગુરુભગવંતો આ પાંચે ય આચારોનું પોતાના જીવનમાં પાલન કરે છે. શ્રાવક અને શ્રાવીકાઓએ પણ આ પાંચે ય આચારોનું યથાશક્તિ પાલન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૨૯ થી ૩૩) પાંચ સમિતિનું પાલન કરવા રૂપ પાંચ ગુણો :**

દોષો ન લાગે તેના ઉપયોગપૂર્વક કરાતી ક્રિયાને સમિતિ કહેવાય. તે પાંચ પ્રકારની છે.

**(૧) ઈર્યાસમિતિ :** કોઈપણ જીવ મરી ન જાય, તેની કાળજી રાખવા પૂર્વક નીચે જોઈને ચાલવું તે. કહ્યું છે કે :

*''નીચે જોઈને ચાલતા, ત્રણ ગુણ મોટા થાય,*
*કાંટો ટળે, દયા પળે, પગ પણ નવિ ખરડાય.*

**(૨) ભાષા સમિતિ :** મુખની સામે ચાર આંગળ દૂર મુહપત્તિ રાખીને, સારા નરસાનો વિચાર કરીને, કોઈપણ પાપ ન લાગે તેવી વાણી બોલવી તે. મુહપત્તિના ઉપયોગ વિના ધાર્મિક સૂત્રો કે શાસ્ત્રની વાતો કહીએ તો પણ ભાષાસમિતિનું પાલન થયું ન ગણાય !

**(૩) એષણા સમિતિ :** ધર્મારાધના કરવા માટે જરૂરી શરીરને ટકાવવા માટે જરૂર પૂરતી ખાવા-પીવાની વસ્તુઓ (ગોચરી-પાણી) પરમાત્માની આજ્ઞા પ્રમાણે પૂરેપૂરી કાળજીપૂર્વક ગોચરીના ૪૨ દોષોમાંથી કોઈપણ દોષ ન લાગે તે રીતે તપાસીને લાવવી તે.

**(૪) આદાન-ભંડ-મત્ત-નિક્ખેવણા સમિતિ :** કોઈપણ જીવજંતુ મરી ન જાય તેની કાળજીપૂર્વક પૂંજી-પ્રમાર્જીને જ કોઈપણ વસ્તુ લેવી-મુકવી તે.

**(૫) પારિષ્ઠાપનિકા સમિતિ :** જ્યાં કોઈ જીવજંતુ, ઘાસ, લીલ-ફુગ વગેરે ન હોય ત્યાં પેશાબ, ઝાડો વગેરે નકામી ચીજોનો વિધિપૂર્વક ત્યાગ કરવો તે.

**(૩૪ થી ૩૬) ત્રણ ગુપ્તિનું પાલન કરવા રૂપ ત્રણ ગુણો.**

ગુપ્તિ એટલે મન-વચન-કાયાથી થતી ખરાબ પ્રવૃત્તિઓને અટકાવીને, મન-વચન-કાયાને સારી પ્રવૃત્તિઓમાં જોડવા તે

**(૧) મનોગુપ્તિ :** મનમાં ખરાબ વિચારો ન કરવા. વિચારો કરવા જ પડે તો સારા વિચારો કરવા.

**(૨) વચનગુપ્તિ :** શક્ય બને તો મૌન રાખવું. બોલવું જ પડે તો ખરાબ-કડવા-અસત્ય-અપ્રિય વચનો ન બોલતાં સારા-મધૂર-સત્ય-પ્રિય વચનો બોલવા.

**(૩) કાયગુપ્તિ :** શરીર વડે કોઈપણ ખરાબ કાર્ય ન કરતાં સારું કાર્ય કરવું. તે વખતે પણ પૂંજવા-પ્રમાજવાનો ઉપયોગ રાખવો.

આપણા ગુરુભગવંતો ઉપર જણાવેલી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને સારી રીતે પાળે છે. આ આઠ અષ્ટપ્રવચનમાતા તરીકે પ્રસિદ્ધ છે.

આ આઠનું પાલન કરવાથી સંયમજીવન નિર્મળ બને છે. સાધુજીવન દીપી ઊઠે છે. પુષ્કળ કર્મનિર્જરા થાય છે. મોક્ષ નજીક આવે છે. આમ, આ આઠે ય સાધુના સંયમની માતાની જેમ કાળજી કરનાર હોવાથી અષ્ટપ્રવચનમાતા કહેવાય છે. માતા વિના બાળક કેટલું ટકે ? તેમ જે સાધુના જીવનમાં આ અષ્ટપ્રવચનમાતાનું પાલન બરોબર નથી હોતું, તેનું સંયમજીવન સફળ બનવું મુશ્કેલ બને છે.

શ્રાવક-શ્રાવીકાઓએ પણ સામાયિક-પૌષધમાં આ અષ્ટપ્રવચનમાતાનું બરોબર પાલન કરવાનું હોય છે.

ઉપર જણાવેલો ૩૬ ગુણોથી યુક્ત ગુરુ હોય છે.

પ્ર. મુનિ, ઉપાધ્યાય ભગવંત વગેરે પણ ગુરુ તો છે જ ને ? તો શું ઉપરના ૩૬ ગુણો તેમના પણ ગણવાના ? તો ઉપાધ્યાયના ૨૫ ગુણ, સાધુના-૨૭ ગુણ સાંભળવા મળે છે, તેનું શું ?

જ. આપણા શાસ્ત્રોમાં મુખ્યત્વે ગુરુ શબ્દનો પ્રયોગ આચાર્યભગવંત માટે જ કરવામાં આવ્યો છે. ગુરુ એટલે આચાર્યભગવંત. તેમના ૩૬ ગુણો હોય છે, જે આ સૂત્રમાં જણાવવામાં આવ્યા છે.

ઉપાધ્યાયભગવંત અને સાધુભગવંતના તો અનુક્રમે ૨૭ અને ૨૫ ગુણ સમજવા, જે આ ૩૬ ગુણોથી જુદા છે.

જે ૩૬ ગુણવાળા તે ગુરુ, તેથી આચાર્યભગવંત જ ગુરુ ગણાય. બીજા મુનિઓ વગેરે તો મોક્ષમાર્ગની આરાધનામાં એકબીજાને સહાય કરનારા છે. તેઓ એકબીજાના સંઘાટક કહેવાય. છતાં લોકોની ભાષામાં (વ્યવહાર નયથી) તો આચાર્યભગવંત સિવાયના ઉપાધ્યાયજી, પંન્યાસજી, ગણિવર્ય, મુનિવર વગેરે તમામને ગુરુ કહેવામાં આવે છે. અને તે યોગ્ય પણ છે.

પ્ર. 'મજઝ' પદથી મારા ગુરુ કહીને રાગ કરવાનું કેમ જણાવ્યું છે ?

જ. આ સૂત્રના છેલ્લા પદમાં 'મજઝ' શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે. તે અદ્‌ભુત છે. 'મારા ગુરુ, મારા ગુરુ' એ ભાવો આત્માને સંસાર સાગરથી પેલે પાર મોક્ષે પહોંચાડવા સમર્થ છે.

અનાદિકાળથી આ સંસારમાં આપણા આત્માનું પરિભ્રમણ જે ચાલુ ને ચાલુ જ રહ્યું છે; તેનું એક કારણ એ છે કે અત્યારસુધી મોટાભાગે આપણે સંસારના પદાર્થો ઉપર જ મમત્ત્વ કર્યાં કર્યું. મારી પત્ની, મારો દીકરો, મારા પૈસા, મારું મકાન, મારું ફર્નિચર, મારો પરિવાર, મારું ભોજન, મારાં કપડાં વગેરે જુદી જુદી અનેક વસ્તુઓ ઉપરનું જે મમત્ત્વ કર્યું, તે રાગ કહેવાય. તે જરાય સારો નથી. પુષ્કળ કર્મ બંધાવનારો છે. દુર્ગતિમાં લઈ જનારો છે. દુઃખોના દાવાનળમાં ફેંકનારો છે. આ અપ્રશસ્ત (અશુભ) રાગને દૂર કરવા પ્રશસ્તરાગ જરૂરી છે.

મારા ભગવાન મારા ગુરુ, મારો ધર્મ, મારું સામાયિક, મારી પૂજા, મારું પ્રતિક્રમણ વગેરે ધાર્મિકતત્ત્વો ઉપરનું મમત્વ તે પ્રશસ્ત (શુભ) રાગ કહેવાય. ભગવાન પર તીવ્ર રાગ કરવાથી પૈસા પરનો રાગ તુટે. ગુરુમહારાજ પર રાગ કરવાથી ઘરવાળી પ્રત્યેનો રાગ તુટે. સાધર્મિકો પ્રત્યે મમત્ત્વ કરવાથી પરિવાર પરનું મમત્ત્વ દૂર થાય. ધર્મ પ્રત્યેનું મમત્ત્વ સંસારના મમત્ત્વને દૂર કરે. જેમ કાંટાથી કાંટો નીકળે, હીરાથી હીરો કપાય તેમ (પ્રશસ્ત) રાગથી (અપ્રશસ્ત) રાગ દૂર થાય.

અપ્રશસ્ત રાગ દૂર થવાથી આપણો આત્મા ઊંચી આધ્યાત્મિક કક્ષાને પામે. તે ઊંચી કક્ષા પ્રાપ્ત થતાં જ પ્રશસ્તરાગ તેની જાતે જ દૂર થઈ જાય. તેને દૂર કરવા આપણે કોઈ જ મહેનત કરવાની જરૂર નથી. પેટમાં જામી ગયેલા મળને દૂર કરવા એરંડીયું લેવું પડે. એરંડીયું જુના મળને બહાર કાઢે. પછી એરંડીયાને બહાર કોણ કાઢશે ? તે પૂછવાની જરૂર નથી. તે એરંડીયું તો તેની જાતે જ બહાર નીકળી જશે. તેને બહાર કાઢવા કોઈ જ મહેનત કરવાની જરૂર નથી. બસ તે જ રીતે અપ્રશસ્ત રાગને દૂર કરવા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો પ્રશસ્ત રાગ પેદા કરવાનો છે. પછી પ્રશસ્તરાગ તો ઓટોમેટીક દૂર થઈ જશે. તેમ થતાં આત્મા વીતરાગ બનશે. કેવળજ્ઞાન પામશે. શાશ્વતકાળ માટે સુખી બનશે. મોક્ષમાં સ્થાન મેળવશે.

પરંતુ આપણે હજુ તેવી ઊંચી કક્ષાને પામ્યા નથી. આપણને તો ઘણા અપ્રશસ્ત મમત્વો સતાવે છે. તેથી તેને દૂર કરવા આપણે ભગવાન ઉપર, ગુરુ ઉપર, ધર્મ ઉપર, ખૂબ ખૂબ મમત્ત્વ ઊભું કરવું જોઈએ. તમામ ધાર્મિક પદાર્થો ઉપર મારાપણાનો ભાવ પેદા કરવો જોઈએ.

ગુરુ પ્રત્યે મારાપણાનો ભાવ પેદા કરવા આ સૂત્રમાં છેલ્લે 'મારા ગુરુ' જણાવેલ છે. છત્રીસગુણોથી યુક્ત ગુરુ પ્રત્યે શિષ્યને જો કોઈ મમત્વ જ ન હોય તો તે ગુરુ એકલા શી રીતે શિષ્યનું કલ્યાણ કરી શકે ? સમગ્ર સૂત્રમાં અદ્‌ભૂત એકાકારતા લાવવા માટે આ 'મજઝ' પદ ખૂબ જ ઉપયોગી બની રહે છે.

કુમારપાળ મહારાજાનું કલ્યાણ થવામાં મુખ્ય કારણ તેમના હૃદયમાં રહેલો હેમચંદ્રાચાર્યજી તરફનો 'મારા ગુરુ' તરીકેનો ભાવ છે.

જ્યારે તેઓ જિનધર્મથી વાસિત નહોતા થયા, ધર્મ પામવાની નજદીકમાં હતા, તે વખતે દેવબોધિ નામના બ્રાહ્મણે તેમને જૈનધર્મ પામતા અટકાવવા મોટી માયાજાળ રચી હતી. તે માયાજાળમાં કુમારપાળ મહારાજ જેવા પણ આબાદ રીતે લપટાઈ ગયા હતા.

પરંતુ તે વખતે ય તેમના હૃદયમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી પ્રત્યે 'મારા ગુરુ' તરીકેનો ભાવ જીવંત હતો. તેથી તેમનાથી વાગ્ભટ્ટમંત્રીને પૂછાઈ ગયેલું કે, 'મારા ગુરુ (હેમચંદ્રાચાર્યજી)માં આવી કોઈ શક્તિ છે ખરી ?

દેવબોધિથી અંજાયેલા કુમારપાળને જોઈને વાગ્ભટ્ટ મંત્રી પણ અત્યંત હતાશને નિરાશ બની ગયેલા. પણ જ્યાં તેમણે કુમારપાળના મુખે હેમચંદ્રાચાર્યજી માટે 'મારા ગુરુ' શબ્દ સાંભળ્યો, ત્યાં તેમની બધી નિરાશા ખંખેરાઈ ગઈ. તેઓ ખૂબ જ ઉલ્લસિત બની ગયા. તેમણે વિચાર્યું કે, 'હજુ પણ દેવબોધિ કાંઈ જ કરી શકે તેમ નથી કારણ કે કુમારપાળના હૃદયમાં પોતાના ગુરુ તરીકે હજુય હેમચંદ્રાચાર્યજીનું સ્થાન અકબંધ છે.'

અને તેથી તેમણે કુમારપાળને કહી દીધું કે, 'આ તો કાંઈ નથી, આના કરતાં ય વિશિષ્ટ શક્તિઓ હેમચંદ્રાચાર્યજીમાં છે.' અને તેઓ દોડી ગયા.ગુરુદેવ પાસે. પરિણામ ઘણું જ સુંદર આવ્યું. હેમચંદ્રાચાર્યજીએ પોતાની ગીતાર્થતા દ્વારા કુમારપાળને માત્ર જૈનધર્મી જ ન બનાવ્યો, પરમાર્હત્ (શ્રેષ્ઠ શ્રાવક) બનાવ્યો. તેના દ્વારા ૧૮ દેશમાં અમારી પ્રવર્તન કરાવ્યું. આવતી ચોવીસમાં કુમારપાળ મહારાજા ગણધર બનીને મોક્ષે જશે.

''મારા ગુરુ'' શબ્દોની આ વિશિષ્ટ તાકાત છે કે જેણે કુમારપાળને ઠેઠ ગણધરપદ સુધી પહોંચાડી દીધો.

આપણે પણ સુદેવ, સુગુરુ, સુધર્મ પ્રત્યે આવો મમત્ત્વભાવ કેળવીને તે દ્વારા તમામ અપ્રશસ્ત મમત્ત્વનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સૂત્ર-૩

# ૪ થોભવંદન સૂત્ર

## ખમાસમણ સૂત્ર

**ભૂમિકા :-**

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માએ સ્થાપેલા જિનશાસનમાં સુદેવ અને સુગુરુનું ખૂબ જ ઊંચું મહત્ત્વ આંકવામાં આવ્યું છે, કારણ કે આપણી ઉપર તેમનો જેવો ઉપકાર છે, તેવો ઉપકાર કરવા આ દુનિયાની અન્ય કોઈપણ વ્યક્તિ સમર્થ નથી.

ઉપકારીએ આપણી ઉપર જે જે ઉપકારો કર્યાં હોય, તેને યાદ રાખવા જેમ જરૂરી છે, તેમ આપણી ઉપર ઉપકાર કરનાર ઉપકારીઓને પણ સતત યાદ રાખવા જોઈએ. તેમના પ્રત્યે હૃદયમાં ઉછળતો બહુમાનભાવ પેદા કરવો જોઈએ તેમના પ્રત્યે વિનય કેળવવો જોઈએ. જો ઉપકારીઓને આપણે ભૂલી જઈએ, તેમના પ્રત્યે બહુમાનભાવ ન રાખીએ, તેમના પ્રત્યે વિનય-ભક્તિ પ્રદર્શિત ન કરીએ તો આપણે કૃતઘ્ન કહેવાઈએ. કોઈએ કરેલા (કૃતં) ઉપકારને જે હણે છે, નાશ પમાડે છે, ભૂલી જાય છે (હન્તિ) તે કૃતઘ્ન કહેવાય. ના આપણે કૃતઘ્ન બનવાનું નથી પણ કૃતજ્ઞ બનવાનું છે. કોઈએ કરેલા ઉપકારને (કૃતં) જે જાણે છે (જાનાતિ), યાદ રાખે છે, તેમના પ્રત્યે વિનય-બહુમાન રાખે છે તે કૃતજ્ઞ કહેવાય. આવા કૃતજ્ઞ આપણે તો જ કહેવાઈએ કે જો આપણામાં રહેલી તે કૃતજ્ઞતા માત્ર શબ્દોમાં જ નહિ પણ વર્તન-વ્યવહારમાં વ્યક્ત થતી હોય. તે માટે ઉપકારીઓનો વારંવાર વિનય કરવો જોઈએ. તેમના કાર્યો કરી લેવા જોઈએ. તેમની ભક્તિ-વૈયાવચ્ચ ઉલ્લાસભેર કરવી જોઈએ. તેમના તમામ કાર્યોમાં સહાયક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભૂલમાં ય તેમની નિંદા ન થઈ જાય, તેમને ન ગમતું વર્તન ન થઈ જાય, તેની સતત કાળજી રાખવી જોઈએ.

વિનય તો પાયાનો ગુણ છે. જેનામાં વિનય આવ્યો, તેનામાં બધા ગુણો આવવા લાગે. જેનામાં વિનય નથી, તેનામાં જે ગુણો હોય તે ય ચાલ્યા જાય. તેથી તો સાધુ-સાધ્વીજી ભગવંતોને સૌ પ્રથમ ઉત્તરાધ્યયન સૂત્રમાંનું વિનય અધ્યયન ભણાવવામાં આવે છે.

તેમના પ્રત્યેનો વિનય વ્યક્ત કરવા વંદનાદિ કરવા જોઈએ. તે વંદનાદિ કરવા માટેનું આ સૂત્ર છે. સૌ પ્રથમ નવકાર વડે મંગલ કર્યું. પછી પંચિંદિય સૂત્ર દ્વારા ૩૬ ગુણોનું આરોપણ કરવા પૂર્વક ગુરુભગવંતની સ્થાપના કરી. હવે આ ત્રીજા થોભવંદન (ખમાસમણ) સૂત્ર દ્વારા વંદન કરીને દેવ કે ગુરુ પ્રત્યે યથાયોગ્ય વિનયભાવ વ્યક્ત કરવાનો છે. વિનયભાવ પ્રદર્શિત કર્યાં પછી જ બીજી બધી ધર્મક્રિયાનો આરંભ થાય.

જેણે પણ સારા માણસ બનવું હોય, સદાચારી, સંયમી, તત્ત્વના જાણકાર, વિદ્વાન્, સદ્ગુણોના સ્વામી બનવું હોય તે દરેક જણે પૂજનીય ગુરુભગવંતનો વિનય કરવો જ જોઈએ. તેમની ભક્તિ-વૈયાવચ્ચ કરવી જોઈએ. ઉછળતો બહુમાનભાવ દાખવવો

જોઈએ. જે આ પ્રમાણે કરે છે. તે શિષ્ય વગર ભણે ગુરુની કૃપાથી વિદ્વાન્ બની જાય છે. શાસ્ત્રોનો પારગામી બને છે. કહ્યું છે

*યસ્ય દેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ,*

*તસ્યૈતે સકલા અર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ।।*

જે શિષ્યને ભગવાનના વિષયમાં જેવી ઉત્કૃષ્ટ ભક્તિ છે. તેવી જ ઉત્કૃષ્ટ ભક્તિ જો ગુરુના વિષયમાં પેદા થઈ જાય, તે મહાન શિષ્યને શાસ્ત્રના અતિ ગહન શબ્દોની પાછળ છૂપાયેલા ગંભીર અર્થો સહજ રીતે સમજાવા લાગે !

અન્ય સ્થાને એમ જણાવેલ છે કે, 'આ સંસારમાં વિષય-વાસનાનો ત્યાગ દુર્લભ જણાય છે. તત્ત્વનું દર્શન દુર્લભ કહેવાય છે. આત્માની સહજ અવસ્થાનો અનુભવ પણ દુર્લભ કહેવાય છે. પણ સબૂર ! તે બધું કોના માટે દુર્લભ છે ! જેને સદ્ગુરુની કરૂણા (કૃપા) પ્રાપ્ત થઈ નથી તેને. પણ ગુરુની કૃપાને પ્રાપ્ત કરનારા જીવ માટે તો આ બધું સાવ સુલભ છે.

*'દુર્લભો વિષયત્યાગઃ, દુર્લભં તત્ત્વદર્શનમ્ ।*

*દુર્લભા સહજાવસ્થાઃ, સદ્ગુરોઃ કરુણાં વિના ॥*

અજૈન શાસ્ત્રોમાં એક જગ્યાએ તો ગુરુભક્તિનો મહિમા બતાડતા બતાડતા ત્યાં સુધી કહ્યું છે કે, 'ગુરુકૃપા વિના મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકતો નથી.' તે શ્લોકમાં જણાવ્યું છે કે, 'શું તમારે ધ્યાન ધરવું છે ? તો બીજા કોઈનું ધ્યાન ધરવાની જરૂર નથી, માત્ર ગુરુની મૂર્તિનું ધ્યાન ધરો. તમારે મંત્રજાપ કરવો હોય તો કોઈ મંત્ર શોધવા ક્યાં ય રખડવાની જરૂર નથી, ગુરુના મુખમાંથી જે વાક્ય નીકળે તે જ મહાન મંત્ર ! તમારે પૂજા કરવી હોય તો ગુરુના ચરણોની જ પૂજા કરો. અને મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો આમ તેમ ફાંફા મારવાને બદલે માત્ર ગુરુની કૃપા જ મેળવી દો.

*'ધ્યાનમૂલં ગુરો મૂર્તિઃ, મંત્રમૂલં ગુરો વચઃ ।*

*પૂજામૂલં ગુરોઃ પાદૌ, મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥*

આવા મહાન ગુરુદેવો પ્રત્યે વારંવાર વિનય પ્રદર્શિત કરવા આ સૂત્રનો વારંવાર ઉપયોગ કરવો અત્યંત હિતકારી છે.

**(૧) શાસ્ત્રીય નામ :** થોભવંદન સૂત્ર અથવા પંચાંગ પ્રણિપાત સૂત્ર.

**(૨) લોકપ્રસિદ્ધ નામ :** ખમાસમણ સૂત્ર

**(૩) વિષય :** ખૂબ ટૂંકાણમાં પરમાત્મા તથા ગુરુભગવંતને વંદના.

**(૪) સૂત્રનો સારાંશ :** આપણા અત્યંત ઉપકારી પરમાત્મા તથા ગુરુભગવંતો

આપણા હૃદયમાં ઉછળતો બહુમાનભાવ હોવો જરૂરી છે. તે બહુમાનભાવને પ્રગટ કરવા વારંવાર વંદનાદિ કરવા જોઈએ. તે વંદનાદિ પણ ઉછળતા સદ્‌ભાવ-આદર અને બહુમાનપૂર્વક કરવા જોઈએ.

## (૫) સૂત્ર :

*ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં*
*જાવણિજ્જાએ,*
*નિસીહિઆએ*
*મત્થએણ વંદામિ*

## (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

* 'ખમાસમણો' પદ સંબોધન રૂપ છે માટે તેને તે રીતે લહેકાથી બોલવું જોઈએ. (અ) નિર્મળ હોંશિયાર છોકરો છે.' અને (બ) નિર્મળ ! તું ક્યાં જાય છે ?' આ બે વાક્યોમાં 'નિર્મળ' શબ્દ જુદી જુદી રીતે બોલાય છે ને ? બીજા વાક્યમાં 'નિર્મળ' સંબોધન છે. તે જે રીતે બોલાય છે, તે રીતે 'ખમાસમણો' પદ બોલવાનું છે. ત્યારપછી થોડુંક અટકીને 'વંદિઉં' પદ બોલવું.

* 'વંદિઉં'માં 'ઉ' ઉપરનું મીંડું બોલવાનું રહી ન જાય તે ધ્યાન રાખવું. મીંડું (અનુસ્વાર) બોલતા બે હોઠ ભેગા થવા જોઈએ.

* 'મત્થએણ' છે પણ 'મત્થેણ' નહિ. ચારે અક્ષરો બરોબર બોલવા વળી તે વખતે માથું બરોબર નમાવવું જોઈએ. 'મત્થએણ વંદામિ'નો અર્થ છે : મસ્તક વડે વંદન કરું છું. જો માથું ન નમાવીએ ને માત્ર હાથ જ જોડીએ તો 'હત્થેણ વંદામિ' થયું ગણાય ને ? આ કાંઈ બરોબર ન ગણાય. આપણે 'હત્થેણ વંદામિ' કરવાનું નથી પણ 'મત્થએણ વંદામિ' કરવાનું છે, તે ધ્યાનમાં રાખવું.

## (૭) શબ્દાર્થ :

*ઈચ્છામિ: ઈચ્છું છું.*
***ખમાસમણો:** હે ક્ષમાશ્રમણ !*
*વંદિઉં : વંદન કરવાને.*
***જાવણિજ્જાએ:** યાપનિકા વડે (શરીરની શક્તિ સહિત)*
*નિસીહિઆએ: નૈષેધિકી વડે. (પાપવ્યાપારોનો ત્યાગ કરીને)*
*મત્થએણ: મસ્તક નમાવીને*
*વંદામિ: વંદન કરું છું.*

## (૮) સૂત્રાર્થ :

***હે ક્ષમાના ભંડાર શ્રમણ (સાધુ) ભગવંત !***

**(વંદન કરવાંમાં જ) શરીરની શક્તિનો ઉપયોગ કરીને (યાપનિકા વડે), સર્વ પ્રકારના પાપવ્યાપારોનો ત્યાગ કરીને (નૈષેધિકી વડે) હું (આપને) વંદન કરવાને ઈચ્છું છું. (અને) મસ્તક નમાવીને વંદન કરું છું.**

## (૯) વિવેચન :

કષ=સંસાર, આય=લાભ. જેનાથી સંસારનો લાભ થાય, સંસારમાં આત્માનું પરિભ્રમણ વધે તેને કષાય કહેવાય. આ કષાય ચાર છે : (૧) ક્રોધ (૨) માન (૩) માયા અને (૪) લોભ. આ ચારે કષાયમાં પ્રથમ સ્થાન છે ક્રોધનું. જીવનના ઊંચા વિકાસને પામેલા આત્માને પણ ક્યારેક આ ક્રોધ ભયંકર પછડાટ પમાડે છે. આ ક્રોધને ખતમ કરનારો ગુણ છે : ક્ષમા.

જો ક્રોધ સૌથી ખતરનાક દોષ છે તો તેનો પ્રતિપક્ષી ક્ષમા એ સૌથી શ્રેષ્ઠ ગુણ છે. સાધુભગવંતો અનેક ગુણોના ભંડાર હોય છે. તેઓના તે સર્વ ગુણોમાં ક્ષમા ગુણની પ્રધાનતા હોય છે. માટે સાધુભગવંતોને ક્ષમાશ્રમણ કહેવામાં આવે છે.

આવા ક્ષમાશ્રમણને (ગુરુ ભગવંતોને) વંદન કરવાના ત્રણ પ્રકારો શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યા છે.

(૧) જઘન્ય = નાનું (૨) મધ્યમ = ખૂબ નાનું નહિ કે ખૂબ મોટું પણ નહિ. (૩) ઉત્કૃષ્ટ = મોટું.

**(૧) જઘન્ય ગુરુવંદન :** ફિટ્ટાવંદન : ફિટ્ટા = રસ્તો.

રસ્તામાં જતા-આવતા જો સામે સાધુ કે સાધ્વીજી ભગવંત મળે તો તેમને જે વંદન કરાય, તે ફિટ્ટાવંદન કહેવાય. સામેથી સાધુ-સાધ્વીજી ભગવંત દેખાય કે તરત જ, વાહન વગેરેમાંથી ઊતરીને, પગમાંથી બુટ-ચંપલાદિ દૂર કરીને, બે હાથ જોડીને, મસ્તક નમાવીને **મત્થએણ વંદામિ** કહેવું તે ફિટ્ટાવંદન કહેવાય.

ગુરુભગવંત સામે મળે છતાંય જોયા વિના ચાલ્યા જવું, હાથ ન જોડવા, મસ્તક ન નમાવવું, તે ગુરુ ભગવંતનો અવિનય ગણાય. આવો અવિનય કદી ન કરવો. બલ્કે અવશ્ય ફિટ્ટાવંદન કરવું જ.

ટ્રેન, બસ વગેરે વાહનોમાં જતા હોઈએ અને તે કારણે વાહનમાંથી ઊતરી ન શકીએ તો તે વખતે પણ પગમાંથી પગરખાં દૂર કરીને, બેઠા બેઠા પણ બે હાથ જોડીને, માથુ નમાવીને મત્થએણ વંદામિ અવશ્ય કહેવું.

રસ્તામાં શ્રાવક-શ્રાવિકા મળે તો તેમને મત્થએણ વંદામિ ન કહેવાય. પણ બે હાથ જોડીને પ્રણામ કહેવું. સાધર્મિક ભાઈઓને પ્રણામ કરવા તે ઔચિત્ય છે. સાધર્મિક ભાઈ-બહેનોને જય જિનેન્દ્ર ન કહેવું.

પણ જો સામે અજૈન ભાઈ-બહેન મળે અને તેઓ જયસીયારામ કે જયશ્રીકૃષ્ણ બોલે ત્યારે તેમની સામે આપણે પણ જયસીયારામ કે જયશ્રીકૃષ્ણ ન બોલાય. પણ આપણે તે વખતે જય જિનેન્દ્ર કહેવા વડે જિનેન્દ્ર ભગવાનની જય બોલવી.

**(૨) મધ્યમ ગુરુવંદન : થોભ વંદન :** થોભ=થોભીને કરાતું વંદન. ઊભા રહીને, પંચાંગ પ્રણિપાત સાથે ઇચ્છકાર, અબ્ભુટ્ઠિઓ સૂત્ર બોલવા દ્વારા કરવામાં આવતું વંદન.

બે હાથ, બે ઢીંચણ અને મસ્તક - એ પાંચ અંગોને જમીન ઉપર અડાડીને કરવામાં આવતા નમસ્કારને પ્રણિપાત કહેવાય. પંચાંગ પ્રણિપાત કરતા આ ખમાસમણ સૂત્ર

બોલવાનુ હોય છે. માટે ખમાસમણ સૂત્રનું બીજું નામ પંચાંગ પ્રણિપાત સૂત્ર છે.

ગુરુ ભગવંત જ્યારે પ્રસન્ન હોય, પોતાના સ્થાને બેઠેલા હોય, વંદન કરવાની રજા આપતા હોય, ત્યારે તેમની રજા લઈને આ થોભવંદન કરવું જોઈએ.

પરન્તુ ગુરુ મહારાજ વાપરવા બેઠા હોય કે વાપરવા જવાની ઈચ્છાવાળા હોય, કોઈ મહત્ત્વના કાર્યમાં વ્યગ્ર હોય, કોઈ કારણે બહાર જતા હોય કે બહાર જવાની ઉતાવળમાં હોય, આરામ કરતા હોય કે સૂઈ ગયા હોય ત્યારે વંદન ન થાય.

પુરુષોથી સાધ્વીજી ભગવંતોને ફિટ્ટાવંદન કરી શકાય, પણ મધ્યમ (થોભ) વંદન કે ઉત્કૃષ્ટ વંદન કરાય નહિ.

**(૩) ઉત્કૃષ્ટ ગુરુ વંદન :** દ્વાદશાવર્તવંદન

દ્વાદશ = બાર આવર્ત જે વંદનમાં કરવાના હોય છે, તે વંદનને દ્વાદશાવર્ત વંદન કહેવાય છે. ઉત્કૃષ્ટ = મોટું. ત્રણે વંદનમાં આ સૌથી મોટું વંદન છે. શ્રાવક-શ્રાવિકાઓ પૌષધ કરે ત્યારે જે રાઈમુહપત્તી કરે છે, તે આ દ્વાદશાવર્ત વંદન છે, તેમાં વાંદણાસૂત્ર બોલવા દ્વારા ગુરુ ભગવંતને વિશિષ્ટ રીતે વંદન કરવાનું હોય છે.

ગણિવર્ય, પંન્યાસજી, ઉપાધ્યાયજી, આચાર્યભગવંત વગેરે પદવીધારી ગુરુભગવંતોને જ આ દ્વાદશાવર્તવંદન કરવાનું હોય છે. પૌષધમાં પદવીધારી ગુરુભગવંતોના અભાવમાં, મુનિ મહારાજની હાજરીમાં સ્થાપનાચાર્યજીને રાઈમુહપત્તી કરવા દ્વારા આ દ્વાદશાવર્તવંદન કરવામાં આવે છે.

થોભવંદન કરવા માટે પ્રસ્તુત ખમાસમણ સૂત્રની જરૂરિયાત છે. માત્ર ગુરુ ભગવંતને જ નહિ, પણ અરહિંત ભગવાન, સિદ્ધ ભગવાન અને જ્ઞાનને વંદન કરવા માટે પણ આ ખમાસમણ સૂત્ર ઉપયોગી છે. પરન્તુ કુળદેવતા કે માતા-પિતા વગેરેને વંદનાદિ કરવા આ સૂત્રનો કદી પણ ઉપયોગ કરી શકાય નહિ.

## (૧૦) દરેક પદ ઉપર વિચારણા :

**ઈચ્છામિ :** જૈન શાસનમાં બળાત્કારે કાંઈપણ કરવા કે કરાવવાની વાત નથી. ગુરુ પણ પોતાના વિનયી શિષ્યોને જલ્દી જલ્દી આજ્ઞા કરતા નથી પણ પોતાની ઈચ્છા જણાવે છે. તે જ રીતે શિષ્યો પણ પ્રત્યેક બાબતમાં પોતાના ગુરુની ઈચ્છા જાણવા પ્રયત્ન કરે છે અને પછી પોતાના ગુરુની ઈચ્છા પ્રમાણે કાર્ય કરવામાં અત્યંત ઉલ્લસિત બને છે.

ગુરુ મહારાજને વંદન કરવું છે. તે માટે ગુરુ મહારાજની રજા માંગવી છે. તેથી, 'ગુરુ ભગવંત ! જો આપની ઈચ્છા (રજા) હોય તો હું વંદન કરવાને ઈચ્છું છું.' તેવું ઈચ્છામિ પદ દ્વારા જણાવીએ છીએ.

**ખમાસમણ = ક્ષમાશ્રમણ :** પરમાત્મા કે ગુરુ મહારાજ; બંને ક્ષમા વગેરે ગુણોના ભંડાર છે. માટે તેમનું ક્ષમાશ્રમણ પદ દ્વારા સંબોધન કરવામાં આવ્યું છે. હે ક્ષમાશ્રમણ ! હું ઈચ્છું છું.

વંદિઉં : વંદન કર્યા વિના વિનય શી રીતે થાય ? વિનય વિના વિદ્યા શી રીતે મળે ? વિદ્યા વિના મોક્ષ સુધીના સુખો શી રીતે પ્રાપ્ત થાય ? માટે હું આપને વંદન કરવાને ઇચ્છું છું.

**જાવણિજ્જાએ :** યાપનિકા વડે. યાપનિકા શબ્દના બે અર્થ છે.

**(૧) યાપનિકા** = ચામડી, જીભ, નાક, આંખ અને કાન; એ જે પાંચ ઇન્દ્રિયો છે તે પાંચ ઇન્દ્રિયોને શાન્ત કરી દેવા વડે. એટલે કે પાંચે ઇન્દ્રિયો વડે કોઈપણ ખરાબ કામ ન કરવાપૂર્વક (હું આપને વંદન કરવાને ઇચ્છું છું).

**(૨) યાપનિકા** = મન, વચન અને કાયાની બધી જ શક્તિઓને વંદનની ક્રિયામાં જોડી દેવાપૂર્વક (વંદન કરવાને ઇચ્છું છું)

**નિસીહિયાએ :** નૈષેધિકી. નિષેધ કરવા વડે. મન વચન અને કાયાના બધા જ અશુભ વ્યાપારોના ત્યાગ (નિષેધ) કરી દેવા પૂર્વક (વંદન કરવાને ઇચ્છું છું.)

'જાવણિજ્જાએ અને નિસીહિયાએ'નો ટૂંકમાં ભેગો અર્થ : પાંચ ઇન્દ્રિયો કે મન, વચન, કાયાની અશુભ ક્રિયાઓને છોડીને તથા મન - વચન - કાયાને સારી ક્રિયાઓમાં જોડીને (હું વંદન કરવાને ઇચ્છું છું.)

**મત્થએણ વંદામિ :** મસ્તક વડે વંદન કરું છું. આ પદ બોલતી વખતે મસ્તક બરાબર જમીનને અડવું જોઈએ. જો મસ્તક નમે નહિ અને માત્ર હાથ જ જોડાયેલા રહે તો સાચું વંદન થયું ન કહેવાય.

પૂજનીય પરમાત્મા કે ગુરુભગવંતોને વંદન કરતા હૃદયમાં પુષ્કળ અહોભાવ ઊછળતો હોવો જોઈએ.

## * (૧૧) ખમાસમણ દેવાની વિધિ :

ટટ્ટાર ઊભા રહેવું. બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળ અને પાછળ બે એડી વચ્ચે તેથી થોડું ઓછું અંતર રાખવું.

બે હાથની આંગળીઓ પરસ્પર એકબીજાની વચ્ચે ગોઠવાઈ જાય તે રીતે ચપ્પટ બે હાથ જોડીને સહેજ મસ્તક નમાવવું. પછી 'ઇચ્છામિ ખમા...નિસીહિયાએ' સુધી બોલવું.

પછી વાંકા વળીને, બે ઢીંચણ, જોડેલા બે હાથની કોણી અને મસ્તક જમીનને અડાડવા, તે વખતે મત્થએણ વંદામિ બોલવું. આ થઈ ખમાસમણ દેવાની વિધિ.

પંચિંદિય, ખમાસમણ વગેરે સૂત્રોની રચના ગણધરભગવંતોએ કરી છે. પણ નવકારમંત્રની રચના કોઈએ કરી નથી. નવકારમંત્ર શાશ્વત છે. અનાદિકાળથી છે. અનંતકાળ સુધી તે રહેશે. ભૂતકાળમાં ક્યારેય પણ નવકારમંત્ર નહોતો તેવું નહિ. વર્તમાનમાં પણ નવકારમંત્ર છે જ. અને ભવિષ્યમાં પણ નવકારમંત્ર સદા રહેવાનો છે જ. આમ નવકારમંત્ર હતો, છે અને રહેશે.

સૂત્ર-૪

# ૫ સુગુરુ - સુખ શાતા - પૃચ્છા સૂત્ર

## ઈચ્છકાર સૂત્ર

ભૂમિકા :–

ખમાસમણ સૂત્ર વડે દેવ-ગુરુ અને જ્ઞાનને વંદના કરી. હવે ઇચ્છકાર સૂત્ર વડે ગુરુમહારાજને સુખશાતા પૂછવાની છે.

દેવની ઓળખાણ આપણને ગુરુમહારાજ આપે છે. જ્ઞાનનું દાન પણ ગુરુભગવંત કરે છે. તેથી, અપેક્ષાએ દેવ અને જ્ઞાન કરતાં ય ગુરુભગવંત આપણા માટે વધુ ઉપકારી ગણાય.

વીતરાગ ભગવંતની આજ્ઞા સંપૂર્ણપણે તો ગુરુમહારાજ જ પાળી શકે. તેમની અપેક્ષાએ ગૃહસ્થો તો અંશ માત્ર પણ પાળી શકતા નથી. તેથી વીતરાગની સંપૂર્ણ આજ્ઞા પાળતા ગુરુભગવંતો નજરે પડતા જ તેમને વંદન કર્યા વિના શી રીતે રહી શકાય ?

જેમ શિક્ષક વિના શાળા ન ચાલી શકે તેમ ગુરુભગવંત વિના જૈનશાસન ન ચાલી શકે. પ્રભુનો માર્ગ જીવો સુધી ન પહોંચી શકે. સંસારના ભોગ-વિલાસોમાં ચકચૂર ગૃહસ્થોના ઉપદેશની અસર કેટલી ? ગુરુ મહારાજ કંચન, કામીની અને કુટુંબના ત્યાગી હોવાથી તેમના ઉપદેશથી અનેક આત્માઓ સાહજિક આત્મકલ્યાણ સાધી શકે છે.

જો સાંસારિક સ્વજનો મળે ત્યારે પણ, 'કેમ છો ? મજામાં ? તબિયત સારી છે ને ?' વગેરે પુછાઈ જાય છે; તો આપણા આત્માના સાચા હિતેચ્છુ, સાચા સગા, પૂ. ગુરુભગવંતો મળે તો તેમની સુખશાતા શું આપણે ન પૂછવી જોઈએ ?

સંસારમાં જેમ જન્મ થતા જ બા, બાપુજી, મામા, માસી, ફોઈ, દાદા વગેરે જુદી જુદી વ્યક્તિઓ સાથે સંબંધો તૈયાર થાય છે, તે લોકો સગા જણાય છે તેમ સમ્યગ્દર્શન મળતા આત્મિક દુનિયામાં આપણો જન્મ થયો ગણાય છે અને તેથી દેવ-ગુરુ-ધર્મ સાધર્મિકબંધુ વગેરે આપણા સગા બને છે.

સાંસારિક સગા તો મોહ-રાગ કરાવીને દુર્ગતિમાં લઈ જનારા બનતા હોવાથી તેઓ સાચા સગા છે જ નહિ. પણ જેઓ સાચો માર્ગ બતાવીને આપણા આત્માને મોક્ષ-સદ્ગતિ પહોંચાડે છે તેવા ગુરુ ભગવંતો જ આપણા સાચા સગા છે.

તેવા સાચા સગા ગુરુભગવંતોને આપણે રોજ દિવસમાં ત્રણવાર (ત્રિકાળ) ગુરુવંદન કરવું જોઈએ. રાત્રે ત્રણવાર ગુરુમહારાજને વંદન કરવું શક્ય ન બને. તેથી સાંજના પ્રતિક્રમણ પછી ગૃહસ્થોએ ગુરુભગવંતને-થોભવંદન ન કરતાં-બે હાથ જોડીને, મસ્તક નમાવીને ત્રિકાળ વંદના કહેવું જોઈએ.

દિવસે જ્યારે જ્યારે ગુરુભગવંતને થોભવંદન કરીએ, ત્યારે પ્રથમ બે ખમાસમણ દઈને આ ઇચ્છકાર સૂત્ર બોલવાનું હોય છે. આ સૂત્ર ગુજરાતી અને પ્રાકૃતભાષામાં મિશ્ર છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ** : સુગુરુ-સુખશાતા-પૃચ્છાસૂત્ર.

* (૨) લોકોમાં પ્રચલિત નામ : ઇચ્છકાર સૂત્ર.

* (૩) વિષય : સદ્‌ગુરુને સુખશાતા પૂછવી.

* (૪) સૂત્રનો સારાંશ : ગુરુમહારાજને પૂજ્ય માનીએ તેટલા માત્રથી ન ચાલે. તેમને વંદન કરવું જોઈએ. એટલું જ નહિ પણ સાથે સાથે તેમની સુખશાતા (તબિયત વગેરેના સમાચાર) પણ પૂછવા જોઈએ. તેમને જો કોઈ તકલીફ હોય તો તે તકલીફ દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. વળી સાથે સાથે પૂ. ગુરુભગવંતને ગોચરી, પાણી વહોરવા પધારવાની વિનંતિ કરવી જોઈએ.

*** (૫) સૂત્ર :**

*ઈચ્છકાર સુહરાઈ ? સુહદેવસિ ?*
*સુખ તપ ? શરીર નિરાબાધ ?*
*સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ?*
*સ્વામી ! શાતા છે જી ?*
*[ગુરુ: દેવ-ગુરુ પસાય.]*
*ભાત-પાણીનો લાભ દેજોજી.*
*[ગુરુ: વર્તમાન જોગ.]*

*** (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :**

(૧) બપોરના ૧૨.૩૦ વાગ્યા (મધ્યાહ્ન) પહેલા 'સુહરાઈ' બોલવું. ત્યાર પછી 'સુહદેવસિ' બોલવું પણ 'સુહરાઈ' અને 'સુહદેવસિ' બંને શબ્દો સાથે કદી ન બોલવા.

(૨) જોડાક્ષર બોલવા માટે પૂર્વના અક્ષર ઉપર ભાર મૂકવાનું ભૂલવું નહિ. 'ઇચ્છકાર' બોલવા ઇ ઉપર ભાર દેવો. તેથી 'ચ્છ'નો ઉચ્ચાર સાચો થઈ શકશે.

(૩) આ સૂત્રમાં 'સુહરાઈ'થી 'સ્વામી શાતા છે જી !' સુધીના તમામ વાક્યો જુદા જુદા પ્રશ્નોને જણાવે છે. તેથી તે તમામ વાક્યો પ્રશ્નો પૂછતાં હોઈએ તે રીતે બોલવા. તે વાક્યો બોલતી વખતે મુખ ઉપર તે તે પ્રશ્નોના જવાબો જાણવાની ઇચ્છાના હાવભાવ પ્રગટ થવા જોઈએ.

**(૭) શબ્દાર્થ :**

**ઈચ્છકાર :** (આપની) ઇચ્છા હોય તો (પૂછું કે)

**સુહરાઈ :** આપની રાત્રિ સુખપૂર્વક પસાર થઈ છે ને ?

**સુહદેવસિ :** આપનો દિવસ સુખપૂર્વક પસાર થયો છે ને ?

**સુખતપ :** આપનીત્તપશ્ચર્યા સુખપૂર્વક ચાલે છે ને ?

**શરીર નિરાબાધ :** આપનું શરીર કોઈપણ પીડા (દુઃખ) વિનાનું છે ને ?

**સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ?** સંયમ રૂપી યાત્રાનું પાલન સુખપૂર્વક થાય છે ને ?

**સ્વામી ! શાતા છે જી ?** હે ગુરુ ભગવંત ! આપ સુખશાંતિમાં છો ને ?

**ભાત-પાણીનો લાભ દેજો જી :** ગોચરીપાણી વહોરવા પધારીને મને લાભ આપવા કૃપા કરશોજી.

### * (૮) સૂત્રાર્થ :

**હે ગુરુભગવંત ! આપ કૃપાળુની ઈચ્છા હોય તો હું પૂછું છું કે, 'આપ કૃપાળુની રાત્રિ સુખપૂર્વક પસાર થઈ છે ને ? (આપ કૃપાળુનો દિવસ સુખપૂર્વક પસાર થયો છે ને ?) આપની તપશ્ચર્યા સુખપૂર્વક થાય છે ને ? આપનું શરીર કોઈપણ પ્રકારની પીડાથી રહિત છે ને ? આપની સંયમ જીવનના પાલન રૂપ યાત્રા સુખપૂર્વક પસાર થાય છે ને ? હે ભગવંત ! બધી રીતે આપ શાતામાં છો ને ?**

**ગોચરી-પાણીનો લાભ આપવા કૃપા કરશોજી.**

### (૯) વિવેચન :

જૈન શાસનમાં ગુરુપદનું ગૌરવ કોઇ અનેરું છે. પરમાત્માએ બતાવેલા જૈન શાસનને આજે આપણા સુધી પહોંચાડનાર જો કોઈ હોય તો તે ગુરુ ભગવંત જ છે.

અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરનાર ગુરુ છે. વિષયના વિષનું વમન કરાવીને આરાધનના અમૃતનું પાન કરાવનાર જો કોઈપણ હોય તો તે ગુરુ જ છે.

ભાન ભૂલેલાને સાચો રાહ આ દુનિયામાં ગુરુ સિવાય કોણ બતાવે ?

જેઓ કંચન અને કામિનીના સર્વથા ત્યાગી હોય, પાંચ મહાવ્રતોનું સુંદર પાલન કરતા હોય, પરમાત્માના માર્ગે યથાશક્તિ ચાલતા હોય, પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કદી ય ક્યારે ય બોલતા ન હોય, મોક્ષ મેળવવાની જેમને તલપ હોય, સંસારીજનોના સંતપ્ત હૈયાને શાન્ત કરી દે તેવી પ્રશાન્ત મુખમુદ્રાને ધારણ કરતા હોય, સંસારના સર્વ પદાર્થોમાં અનાસક્ત બનીને, આત્માના સદ્‌ભૂત આનંદની જેઓ રસલ્હાણ માણતા હોય તેવા ગુરુભગવંતના સંસર્ગ-પરિચયથી ભવોભવના પાપો ઓસરી જાય. તેમના ચરણોમાં વંદના કરવાથી ભવોભવનાં કર્મબંધનો તૂટીને ખલાસ થઈ જાય.

તેમને કરવામાં આવતી વંદના ચંદનથી ય વધારે શીતલતા આપવા સમર્થ છે. ચંદન તો શરીરને કેટલાક સમય માટે ઠંડક આપે પણ ગુરુ ભગવંતને કરવામાં આવતી વંદના; કષાયના ભાવોને શાંત કરીને, ભવોભવના સંતાપોને શમાવી દેનાર અદ્‌ભુત શીતળતા આપે છે તેમાં જરા ય શંકા રાખવા જેવી નથી.

ગુરુ વિના જગતમાં આપણને આધાર પણ કોનો છે ?

સંસારમાં રઝળતા પરમાત્મા ઋષભદેવ ભગવાનના આત્માને ધનાસાર્થવાહના ભવમાં સૌ પ્રથમ ધર્મઘોષસૂરિજી નામના ગુરુનો જ ભેટો થયો હતો ને ? જેમના માર્ગદર્શનને મસ્તકે ચઢાવ્યું તો આગળ વધતા તેરમાભવે તેઓ બની ગયા આ અવસર્પિણીના પ્રથમ જિનેશ્વર ભગવાન. તે જ રીતે પરમ તારક પરમાત્મા મહાવીરદેવના આત્માને પણ તેમના નયસાર તરીકેના પ્રથમ ભવમાં ગુરુભગવંત જ મળ્યા હતા ને ? જો નયસારે ગુરુભગવંતને જંગલમાંથી શહેરનો માર્ગ બતાવ્યો, તો ગુરુભગવંતે તેને ભવાટવીમાંથી બહાર નીકળનારો મોક્ષમાર્ગ બતાવી દીધો. જેના પ્રભાવે તે જ નયસાર ૨૭મા ભવમાં બની ગયા પરમાત્મા મહાવીરદેવ !

ભૂતકાળમાં ડોકિયું કરશો તો જણાશે કે સામાન્ય રીતે જે જે લોકો મહાન બન્યા છે, તે બધાયને સૌ પહેલા તો ગુરુ જ મળ્યા હતા. ગુરુભગવંતના સત્સંગના પ્રભાવે તેઓ પતનની ખાઈમાંથી મહાનતાના એવરેસ્ટ શિખરોને સર કરી શક્યા હતા.

સવાલાખ જિનચૈત્યો અને સવા કરોડ જિનબિંબોનું સર્જન કરનાર મહારાજા સંપ્રતિને આર્યસુહસ્તિસૂરિજી મળ્યા હતા, તો અઢાર દેશમાં અમારિનું પ્રવર્તન કરાવનાર ગૂર્જરેશ્વર કુમારપાળને મળ્યા હતા કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી.

ક્રૂર અને ખૂંખાર મોગલ શહેનશાહ અકબરમાં જીવદયાનું સરવરિયું પેદા કરનાર પણ જગદ્‌ગુરુ હીરસૂરિશ્વરજી મહારાજ જ હતા ને ?

સંસારના તાપ-સંતાપની ખાઈમાંથી ઉગારનાર આવા મહાન ગુરુભગવંતોના ચરણોમાં ઝૂકતા જો અંતરમાં આનંદના પૂર ઊભરાવા લાગે તો મનની મૂંઝવણ તો ક્યાંય પલાયન થઈ જાય.

ગુરુ એ માતા છે. ગુરુ જ પિતા છે. ગુરુ મિત્ર છે. ગુરુ જ ભાઈ છે. દેવોના દેવ પણ ગુરૂ છે.

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર. અંધારામાંથી પ્રકાશમાં લઈ જનાર, સંસારના વિષય-કષાયાદિ પ્રમાદમાં ઘસઘસાટ ઊંઘનારને ઢંઢોળીને જગાડનાર ગુરુભગવંત તો શિરસાવંદ્ય છે. આવા સુગુરુને જોતા જ મન-વચન-કાયાથી તેમના ચરણોમાં આળોટી જવાનું મન થયા વિના ન રહે. તેમના ઉપકારોને યાદ કરીને પોતાનું સર્વસ્વ તેમના ચરણોમાં ન્યોછાવર કરવાનું મન થયા વિના રહે નહિ.

જિનશાસનમાં ગુરુની ઇચ્છા વિના કોઈપણ કાર્ય કરી શકાતું નથી. તેથી જ ગુરુમહારાજને શાતા પૂછતા પહેલા પણ તે અંગે તેમની ઇચ્છા જાણવી જરૂરી છે. માટે જ આ સૂત્રમાં સૌ પ્રથમ 'ઇચ્છકાર' શબ્દ મૂકવામાં આવ્યો છે.

જો શાતા પૂછવા માટે પણ ગુરુજીની ઇચ્છા જાણવી જરૂરી હોય અને જો તેમની ઇચ્છા ન હોય તો શાતા પણ પૂછી શકાતી ન હોય તો પછી ગુરુજીની ઇચ્છા વિના અન્ય કાર્ય તો કરી શકાય જ શી રીતે ? ટૂંકમાં ગુરુજીની ઇચ્છા જાણીને તેને અનુરૂપ જ જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમની ઇચ્છાથી વિરુદ્ધ સ્વપ્નમાં પણ ન થઈ જાય તેની સતત કાળજી રાખવી જોઈએ, માટે જ કહ્યું છે કે-

**ગુરુની ઇચ્છાનું પાલન અમૃતકુંભ સમાન છે,**
જ્યારે **ગુરુનો એકેક નિસાસો વધસ્થંભ સમાન છે.**

જ્યારે આપણે 'સ્વામી ! શાતા છે જી ?' સવાલ પૂછીએ ત્યારે ગુરુભગવંત જવાબ આપે છે : **'દેવ-ગુરુ પસાય.'**

આ 'દેવ-ગુરુ પસાય' વાક્ય એ જૈન શાસનનું અદ્‌ભુત વાક્ય છે. અનાદિકાળથી મજબૂત કરેલા અહંકાર ભાવને નાશ કરવા માટેનું અમોઘ શસ્ત્ર આ વાક્ય છે.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં આપણને કોઈ પણ પ્રકારની સફળતા મળે તો તે

સફળતા પાછળ દેવ-ગુરુની કૃપા જ કારણ છે. દેવગુરુની કૃપાથી જ હું આ સફળતા પામી શક્યો છું, તેવી આપણી સજ્જડ માન્યતા હોવી જોઈએ.

મગધની રાજધાની રાજગૃહી નગરીમાં નેપાળના વેપારીઓ રત્નકંબલ વેચવા આવ્યા. શ્રેણિકરાજા ચેલણારાણી માટે એક કંબલ પણ ખરીદી ન શક્યા, કારણ કે રાજખજાનાની માલિકી તેઓ પોતાની નહોતા સમજતા, પરન્તુ પોતાની પ્રજાની સમજતા હતા. પ્રજાની મિલકતથી પોતાના મોજશોખ શી રીતે કરાય ? સવાલાખ સોનામહોરની કિંમતવાળી તે રત્નકંબલ શ્રેણિક જેવા મહારાજ દ્વારા પણ ન ખરીદાતા, હતાશ થયેલા વેપારીઓ દુઃખમય ચહેરે રાજગૃહીના રાજમાર્ગો ઉપરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમના દુઃખથી દુઃખી બનેલા, ભદ્રામાતાએ તેમને પોતાની પાસે બોલાવ્યા. પોતાના પુત્ર શાલિભદ્રની ૩૨ પત્નીઓ માટે બત્રીસ રત્નકંબલ માંગી.. પણ વેપારીઓ પાસે તો સોળ રત્નકંબલ જ હતી.

સવાલાખ સોનામહોરની એક એવી સોળ રત્નકંબલો વીસ લાખ સોનામહોરોમાં ખરીદીને, દરેકના બબ્બે ટુકડા કરીને ભદ્રામાતાએ બત્રીસે વહુને ટુવાલ તરીકે ઉપયોગ કરવા આપી દીધી.

નેપાળના વેપારીઓ તો આ દશ્ય જોઈને આભા જ બની ગયા. પોતાનો બધો જ માલ વેચાઈ જતા, આનંદિત બનેલા તેઓ પોતાના દેશ ગયા.

પોતે એક રત્નકંબલ પણ ખરીદી શક્યો નથી, જ્યારે પોતાના જ નગરમાં રહેનાર ભદ્રા શેઠાણીએ એક નહિ પણ સોળ સોળ રત્નકંબલ ખરીદી લીધી છે, એટલું જ નહિ તેમની પુત્રવધૂઓએ તે સોળ રત્નકંબલમાંથી ૩૨ ટુકડા કરીને શરીર લૂછીને તે રત્નકંબલોને ગટરમાં નાખી દીધી છે તેવા સમાચાર જ્યારે મહારાજા શ્રેણિકને મળ્યા ત્યારે તેમને તે ભદ્રાશેઠાણી અને તેમના પુત્ર શાલિભદ્રની સમૃદ્ધિ જોવાની ઈચ્છા થઈ.

સાત મજલાના ભદ્રામાતાના મહેલમાં શ્રેણિકરાજા પધાર્યા. એક પછી એક મજલાની હેરત ભરેલી સમૃદ્ધિને જોતા શ્રેણિક આગળ વધી રહ્યા છે. પાંચમા મજલે જ્યારે પહોંચ્યા ત્યારે ભદ્રા માતા કહે છે, 'મહારાજ ! હવે ઉપર નહિ જવાય.' શ્રેણિક કહે છે : 'કેમ ? મારે તો ઉપરના બે મજલા પણ જોવા છે.'

ભદ્રામાતા : રાજન્ ! છઠ્ઠા માળે મારી ૩૨ પુત્રવધૂઓ રહે છે. તેમના ખંડમાં કોઈપણ પરપુરુષથી જઈ ન શકાય. આપણા આર્યદેશની આ પરંપરા છે કે પરપુરુષ પરસ્ત્રીની સામે પણ જોઈ ન શકે. આપ અહીં જ રહો. સાતમા મજલે રહેતા મારા પુત્ર શાલિભદ્રને હું અહીં જ બોલાવું છું.

બેટા, શાલિ ! નીચે આવ. શ્રેણિક આવ્યા છે. માતાએ બૂમ મારી.

'મા ! તેમાં મારું શું કામ છે ? શ્રેણિક આવ્યા છે તો નાંખ વખારમાં !!!'

શાલિભદ્ર મહાપુણ્યનો સ્વામી હતો. રોજ ૯૯, ૯૯, પેટીઓ સ્વર્ગમાંથી તેના પિતાદેવ મોકલતા હતા. ધરતી ઉપર કદી તેણે પગ મૂકવો પડ્યો નહોતો. અરે !

કોઈપણ કાર્ય કરવું પડતું ન હોવાથી તેના હાથની હથેળીમાં અને પગની પાનીમાં પણ વાળ ઊગી ગયા હતા. તેને તે પણ ખબર નહોતી કે તેની ઉપર મહારાજ શ્રેણિક રાજ્ય કરે છે. શ્રેણિક નામની કોઈ કરિયાણાની વસ્તુ આવી હશે તેમ સમજીને તેણે વખારમાં નાંખવા કહી દીધું.

પણ માતાએ કહ્યું કે, 'બેટા શાલિ ! નીચે આવ. શ્રેણિક તો આપણા મગધના નાથ છે. તારા અને મારા; અરે ! મગધની સમગ્ર પ્રજાના તેઓ રાજા છે. તને મળવા આવ્યા છે. ચાલ... નીચે આવ.'

અને શાલિભદ્ર નીચે આવ્યો. અત્યંત સુકોમળ કાયા ધરાવનાર મહારાજ શ્રેણિક શાલિને ભેટી પડ્યા. હજુ તો થોડી ક્ષણો પસાર થઈ ન થઈ ત્યાં તો માતા બોલી, છોડી દો મારા લાડલાને ! મારું ફૂલ કરમાઈ જશે !

શાલિની કાયા કેટલી બધી સુકોમળ હશે કે મહારાજ શ્રેણિકના શ્વાસોશ્વાસથી તેના ગૂંગળાઈ જવાની દહેશત તેની માતાને થાય !

આવી સમૃદ્ધિની રેલમછેલ વચ્ચે ઊછરેલા અને રહેલા શાલિભદ્રને જ્યારે મહારાજા શ્રેણિકે પૂછ્યું કે, કેમ શાલિ ! મજામાં ? ત્યારે શાલિભદ્રે જવાબ આપ્યો, " દેવ-ગુરુ પસાય !"

દેવ અને ગુરુ તત્ત્વ પ્રત્યે કેટલો બધો બહુમાનભાવ ! પોતાની સમૃદ્ધિનું જરા પણ અભિમાન નહિ. બલ્કે અત્યંત નમ્રતાભાવ. તેની જાત સાથે આપણી જાતને સરખાવીએ ત્યારે ખબર પડે કે આપણામાં કેટલો બધો અહંકાર ઉછાળા મારી રહ્યો છે.

કોઈ પૂછે કે, 'તબિયત સારી છે ?' તો જવાબ શું મળે ? 'ડૉક્ટરોની દવાથી હવે ખૂબ સારું છે.' એવો કે 'દેવ-ગુરુ પસાય ?' વરસીતપમાં પૂછે કે, 'છઠ્ઠ સારો થયો ?' તો જવાબ આપણા મુખમાંથી કદીય એવો તો ન જ નીકળે કે, 'બીયાસણામાં બરાબર વપરાયું હતું તેથી સારું છે !' (અઠ્ઠાઈ સારી થઈ કારણ કે અત્તવાયણામાં અડદના ઢોકળા વાપર્યા હતા !!!)

આપણે આપણી જાતને ડગલે ને પગલે સૂક્ષ્મ બુદ્ધિથી નિહાળવી પડશે. તે સિવાય આપણામાં જામ થઈ ગયેલા દોષોનું આપણને ભાન નહિ થઈ શકે. ભાન થયા વિના તે દોષોને દૂર કરવાનો તો પ્રયત્ન જ શી રીતે આપણે કરી શકીશું ?

ચાલો... શાલિભદ્રના દૃષ્ટાન્તને જાણીને આજથી પોતાને પ્રાપ્ત થતી તમામ સિદ્ધિઓનો યશ દેવ-ગુરુને આપીએ. તબિયતના સમાચાર કોઈ પૂછે તો દેવ-ગુરુ પસાય જવાબ આપીએ.

દેવ-ગુરુ પસાય - જેમ સુંદર વાક્ય છે, તેમ બીજા પણ બે સુંદર વાક્યો સમજવા જેવા છે : **(૧) વર્તમાન જોગ, અને (૨) કાળધર્મ.**

ગુરુભગવંતની શાતા પૂછયા બાદ આપણે તેમને ગોચરી-પાણી વહોરવા પધારવાની વિનંતી 'ભાત પાણીનો લાભ દેજોજી. વાક્ય બોલવા દ્વારા કરવાની છે.

ભાત-પાણી એટલે માત્ર ભાત અને પાણી જ નહિ, પરન્તુ ખાવા-પીવાની તમામ ચીજ-વસ્તુઓ. તે વહોરાવવા દ્વારા ભાવિમાં સાધુપણું પ્રાપ્ત કરવાનું બાનાખત કરવાનું છે.

તે વિનંતી સાંભળીને ગુરુભગવંત જવાબ આપે છે 'વર્તમાન જોગ' એટલે કે 'તે સમયે અમારી જેવી અનુકૂળતા'. 'અમને તે સમયે જેવો યોગ હશે તે પ્રમાણે કરીશું.' પણ ગુરુજી એવું કદી ન કહે કે 'કાલે આવીશ, આજે ચોક્કસ આવીશ વગેરે...'.

કારણ કે જો તે પ્રમાણે વચન આપે અને પછી કોઈક તેવા પ્રકારનું કાર્ય ઉપસ્થિત થતાં, ન જઈ શકાય તો પોતાનું બોલેલું વાક્ય ખોટું ઠરે. તેમ થતાં તેમના બીજા (અસત્ય ન બોલવું) મહાવ્રતમાં દોષ લાગે.

જૈન શાસનની આ કેવી સુંદર દેન છે. પેલા અગ્નિશર્મા તાપસને જૈન શાસન નહોતું મળ્યું. તેથી વર્તમાન જોગ જેવા શબ્દો અને તેની પાછળનાં રહસ્યોની તેને જાણ શી રીતે હોય ? માસક્ષમણના પારણે માસક્ષમણ કરતો હતો. પારણું કરવા પણ એક જ જણના ત્યાં જવાનું. જો કાંઈ ન મળે તો પારણું કર્યા વિના જ પાછા ફરવાનું, પણ બીજા ઘરે નહિ જવાનું.

રાજાએ પારણું કરવા પોતાના ત્યાં પધારવા વિનંતી કરી. વર્તમાન જોગ શબ્દ અને તેના રહસ્યને નહિ જાણતા તેણે હા પાડી દીધી. પારણાના દિવસે પહોંચ્યો રાજમહેલે. પણ રાજાને સખત માથું દુઃખતું હતું. બધા તેમની સરભરામાં રોકાયા હતા. પરિણામે કોઈએ તેમની તરફ ધ્યાન ન આપ્યું. પારણું ન થઈ શક્યું. બીજીવાર મહિનાના સળંગ ઉપવાસ થઈ ગયા. રાજાને ખબર પડતાં ક્ષમા માંગી. બીજીવારના પારણાનો લાભ આપવા વિનંતી કરી. ફરી અગ્નિશર્માએ સ્વીકારી. બીજી વખતના પારણા સમયે રાજાના ત્યાં પુત્રનો જન્મ થયો. બધા તેની ખુશાલીમાં લીન હતા. અગ્નિશર્માએ પારણું કર્યા વિના જ પાછા ફરવું પડ્યું. લાગલગાટ ત્રીજા મહિનાના ઉપવાસ શરૂ થયા. પોતાની ભૂલનું ભાન થતાં રાજાએ ક્ષમા માંગીને ત્રીજી વખત તો પોતે કાળજી રાખશે જ ! કહીને છેલ્લી એક વાર પારણાનો લાભ આપવા વિનંતી કરી.

પણ અફસોસ ! ત્રીજી વાર જ્યારે અગ્નિશર્મા રાજમહેલ પાસે પહોંચ્યો, ત્યારે રાજા સૈન્ય સાથે યુદ્ધે જઈ રહ્યો હતો. કોઈએ ધ્યાન ન આપ્યું. પાછો ફર્યો. રાજા ઉપર ભયંકર ગુસ્સો ચડ્યો. મને હેરાન કરવા જ રાજા આ બધાં તોફાનો કરે છે. પારણાની વિનંતી કરી કરીને અહોભાવ બતાડે છે. અને પછી કો'ક ને કો'ક નિમિત્ત ઊભું કરી દઈને મને ભૂખ્યો મારી નાંખવાના પ્રયત્ન કરે છે. પાછો રડી-રડીને ક્ષમા માંગવાનો ખોટો ડોળ કરે છે. ના...પણ હવે તો એને હું નહિ જ છોડું. મારા તપના પ્રભાવે હું ભવોભવ તે રાજાને મારનારો થાઉં. તેવું નિયાણું કરવાપૂર્વક તેણે અનશન સ્વીકારી લીધું. રાજાએ ખૂબ ક્ષમા માંગી. કુલપતિએ ખૂબ સમજાવ્યા તો ય ન માન્યા. હૈયામાં વૈરની તીવ્ર ગાંઠ બંધાઈ ગઈ. નવ-નવ ભવ સુધી તેણે ગુણસેન રાજા તરફ વૈરની આગ ઓકી. છેલ્લે તે સાતમી નારકે ગયો, જ્યારે દરેક ભવમાં ક્ષમાના અમૃત વરસાવીને,

છેલ્લા ભવે સમરાદિત્ય કેવલી બનેલા તે ગુણસેન રાજા મોક્ષમાં ગયા.

જો આ અગ્નિશર્મા તાપસને જિનશાસન મળ્યું હોત, તેણે વર્તમાન જોગ શબ્દનો પ્રયોગ કર્યો હોત તો રાજાના ઘરે જ પારણું કરવા જવાનું તે નિશ્ચિત ન કરત. પરિણામે વૈરનું બીજારોપણ પણ ન થાત.

વર્તમાન જોગ જેવો જ સુંદર શબ્દ છે : 'કાળધર્મ'. સાધુ-સાધ્વીજી ભગવંતો મૃત્યુ પામે ત્યારે તેઓ મરી ગયા, તેવું ન બોલાય પણ તેઓ કાળધર્મ પામ્યા તેવું બોલાય છે. કારણ કે આત્મા કદી મરતો નથી. પછી મરી ગયા, તેવું કહી શકાય જ શી રીતે ? કાળનો ધર્મ છે નવાને જૂનું કરવું. સડન, પડન, ગલન, વિધ્વંસન પણ કાળના ધર્મો છે. આયુષ્ય પૂર્ણ થયું એટલે કે કાળે પોતાનો ધર્મ બતાવ્યો.

બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા એ જેમ કાળના ધર્મો છે, તેમ આયુષ્ય પૂર્ણ થવું તે પણ કાળનો જ એક ધર્મ છે. માટે જ મહાત્માનું આયુષ્ય પૂર્ણ થતા મહાત્માનો કાળધર્મ થયો તેમ બોલવામાં આવે છે.

અમર એવા આત્માને મરી ગયો એમ કહેવું તે શું આત્માની મશ્કરી ન ગણાય ?

સૂત્ર-૫

# ૬ ગુરુ ખામણા સૂત્ર

## (અબ્ભુટ્ઠિઓ સૂત્ર)

ભૂમિકા :–

ખમાસમણ સૂત્ર દ્વારા ગુરુભગવંતને લઘુવંદન કર્યું. ઇચ્છકાર સૂત્ર વડે ગુરુભગવંતને સુખશાતા પૂછી તથા ઘરે ગોચરી વહોરવા પધારવાની વિનંતી પણ કરી. હવે આ અબ્ભુટ્ઠિઆ સૂત્ર વડે, તે પરમોપકારી ગુરુભગવંતનો જે કાંઈ અવિનય અપરાધ થઈ ગયો હોય તેની ક્ષમા માંગવાની છે.

અરિહંત પરમાત્મા તો હાલ આપણા ભરતક્ષેત્રમાં વિદ્યમાન નથી. સિદ્ધ ભગવંતો તો મોક્ષમાં બિરાજે છે. આપણી વચ્ચે પરમોપકારી જીવંતતત્ત્વ જો કોઈ હોય તો તે ગુરુભગવંત છે. તેમની તોલે આ વિશ્વની કોઈપણ વ્યક્તિ કે કોઈપણ ચીજ આવી શકે નહિ.

તેઓશ્રી તીર્થંકરની ગેરહાજરીમાં આપણને મોક્ષનો માર્ગ બતાડી રહ્યા છે. ખોટા માર્ગથી આપણને ખેંચીને સન્માર્ગે લઈ જઈ રહ્યા છે. તેઓશ્રીના ઉપકારને કદી વિસરી શકાય નહિ. સમગ્ર જીવન તેઓના ચરણોમાં કુરબાન કરી દઈએ તોપણ તેઓશ્રીના ઉપકારનો બદલો વાળી શકાય નહિ. આવા પરમોપકારી ગુરુભગવંતની જાણતા કે અજાણતા પણ આશાતના ન થવી જોઈએ. અરે ! સ્વપ્નમાં પણ તેની આશાતના ન થઈ જાય તેની પળે પળે કાળજી લેવાવી જોઈએ.

છતાં પણ કદાચ એકાએક જાણતા કે અજાણતા પ્રમાદથી આશાતનાદિ થઈ ગયા હોય તો તેઓશ્રી પાસે જઈને હૃદયના ગદ્‌ગદ ભાવો સાથે ક્ષમા માંગવી જોઈએ.

આવી ક્ષમા માંગવા માટે જ આ અબ્ભુટ્ઠિઓ સૂત્ર છે.

આ સૂત્રમાં ગુરુના સંબંધમાં શિષ્યથી થઈ જતા અનેક અપરાધો બદલ ક્ષમા માંગવામાં આવી છે.

છતાં ય કોઈ અપરાધ ખમાવ્યા વિનાનો ન રહી જાય, તે માટે છેલ્લે 'તુબ્ભે જાણહ, અહં ન જાણામિ' વગેરે દ્વારા હે સ્વામી ! તમે જાણો છો, પણ હું દુર્ભાગી જે દોષોને જાણતો નથી, તેવા તમામે તમામ સેવાયેલા દોષોની હું ક્ષમા યાચું છું. મારા તે દોષો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.' કહીને શિષ્ય પોતાની ભૂલોનો વિનમ્રતાથી દુઃખપૂર્વક સ્વીકાર કરીને ક્ષમા માંગે છે. આ સૂત્રમાં બે મહત્ત્વની વાત આવે છે :

(૧) સદ્‌ગુરુ પાસે અનેક પ્રકારના અપરાધોની ક્ષમા ત્યારે જ ભાવવિભોર બનીને માંગી શકાય કે જ્યારે ગુરુભગવંત પ્રત્યે હૃદયમાં પુષ્કળ અહોભાવ હોય. આમ આ સૂત્ર ગુરુ પ્રત્યેના સર્વોત્કૃષ્ટ અહોભાવને સૂચવે છે.

(૨) એક પછી એક તમામ અપરાધો યાદ કરી કરીને, તેની ક્ષમા મંગાય છે. તે એમ જણાવે છે કે જીવે પાપનો ખટકો રાખવો જોઈએ. શુદ્ધિની તલપ રાખવી જોઈએ. એક પણ પાપ પ્રાયશ્ચિત્ત કર્યા વિનાનું ન રહેવું જોઈએ. તે માટે હૃદયમાં સાચા અર્થનો પશ્ચાત્તાપ પણ જોઈએ.

આમ, જિનશાસનમાં સદ્ગુરુ તથા પાપના પ્રાયશ્ચિત્તનું મહત્ત્વ પુષ્કળ આંકવામાં આવ્યું છે, તે વાત આ સૂત્રથી સમજાય છે.

ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે કે :

*ગુરુપદ સેવા નિરઓ, ગુરુ આરાહણંમિ તલ્લિચ્છો*
*ચરણ ભર ધરણ સત્તો હોઈ જઈ નન્નહા નિયમા.*

ગુરુભગવંતના ચરણોની સેવામાં જે લીન છે, ગુરુભગવંતની આજ્ઞાનું પાલન વગેરે કરવા રૂપ આરાધનામાં જે સદા તત્પર છે. તે જ સાધુ ચારિત્ર્યજીવનનો ભારેખમ બોજ ઉપાડવાને સમર્થ બને છે. બીજાનું તો અહીં ગજું જ નહિ.

ગુરુભગવંતની કૃપાથી ચારિત્ર જીવનનો બોજ ઉઠાવવાને સમર્થ બનાય છે, તે વાત સમજ્યા પછી, ગુરુભગવંતના વિષયમાં થયેલા અપરાધોની ક્ષમા માટેનું આ સૂત્ર અતિ મહત્ત્વનું બની જાય છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** ગુરુખામણા સૂત્ર.
* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** અબ્ભુટ્ઠિઓ સૂત્ર.
* (૩) **વિષય :** ગુરુભગવંત પાસે અપરાધોની ક્ષમા માંગવી.
* (૪) **સૂત્રનો સારાંશ :** પરમાત્માની જેમ ગુરુભગવંતો પણ અત્યંત ઉપકારી છે. તેમની બાબતમાં થયેલી નાનકડી ભૂલ પણ અનેક આપત્તિઓ લાવવા સમર્થ છે. તેથી તે તમામ અપરાધોની રડતાં હૃદયે ક્ષમાપના માંગી લેવી. સદ્ગુરુના વિષયમાં કરેલો પ્રત્યેક અપરાધ વધસ્થંભ સમાન છે. તેમની નાનકડી કૃપા પણ અમૃતકુંભ સમાન છે.

*** (૫) સૂત્ર :**

*ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !*
*અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં/રાઈઅં*
*ખામેઉં*
(ગુરુ : ખામેહ)
*ઈચ્છં, ખામેમિ દેવસિઅં/રાઈઅં.*
*જંકિંચિ*
*અપ્પત્તિઅં-પરપત્તિઅં*
*ભત્તે-પાણે, વિણએ-વેયાવચ્ચે*
*આલાવે-સંલાવે, ઉચ્ચાસણે-સમાસણે*
*અંતરભાસાએ-ઉવરિભાસાએ*
*જંકિંચિ,*
*મજ્ઝ વિણય-પરિહીણં*
*સુહુમં વા બાયરં વા*
*તુબ્ભે જાણહ-અહં ન જાણામિ*
*તસ્સ મિચ્છા મિ દુક્કડં.*

**(૬) ઉચ્ચાર વગેરે અંગેનાં સૂચનો :**

(૧) 'અભ્યંતર' શબ્દ નથી, પણ 'અબ્ભિંતર' શબ્દ છે, તે ધ્યાનમાં રાખવું.

(૨) આ સૂત્રમાં બે જગ્યાએ રાઈઅં-દેવસિઅં શબ્દ છે. બપોરે ૧૨-૩૦ પહેલા બંને જગ્યાએ રાઈઅં બોલવું અને બપોરે ૧૨-૩૦ પછી બંને જગ્યાએ દેવસિઅં બોલવું.

(૩) 'ખામેઉં' પદમાં 'ઉ' ઉપર રહેલું મીંડું બોલવાનું ભૂલવું નહિ.

(૪) 'ભત્તે-પાણે' વગેરે જોડિયા પદો છે. તેમને સાથે જ બોલવા.

(૫) 'મજ્ઝ' પદમાં ઝ નો ઉચ્ચાર ઝભલાના 'ઝ' ની જેમ કરવો.

(૬) 'મિચ્છા મિ દુક્કડં'માં ત્રણે પદો અલગ અલગ છે. તેથી તે ત્રણે પદો બોલતી વખતે વચ્ચે વચ્ચે થોડું અટકવું જોઈએ.

**(૭) શબ્દાર્થ :**

| | | | |
|---|---|---|---|
| **ઈચ્છાકારેણ :** | ઈચ્છાપૂર્વક | **સંલાવે :** | વિશેષ વાતચીતમાં |
| **સંદિસહ :** | આજ્ઞા આપશોજી | **ઉચ્ચાસણે :** | ઊંચા આસને બેસવાથી |
| **ભગવન્ :** | હે ગુરુભગવંત ! | **સમાસણે :** | સમાન આસને બેસવાથી |
| **અબ્ભુટ્ઠિઓમિ :** | હું ઊભો થયો છું. | **અંતરભાસાએ :** | વચ્ચે બોલવાથી |
| **અબ્ભિંતર :** | અંદરના | **ઉવરિભાસાએ :** | ઉમેરીને બોલવાથી |
| **દેવસિઅં :** | દિવસ સંબંધી | **મજ્ઝ :** | મારા વડે |
| **રાઈઅં :** | રાત્રિ સંબંધી | **વિણય પરિહીણં :** | વિનય વિનાનું |
| **ખામેઉં :** | ખમાવવાને | **સુહુમં :** | નાનું |
| **ખામેહ :** | ખમાવો | **બાયરં :** | મોટું |
| **ઈચ્છં :** | હું પણ ઈચ્છું છું. | **વા :** | અથવા |
| **ખામેમિ :** | ખમાવું છું | **તુબ્ભે :** | તમે |
| **જંકિંચિ :** | જે કાંઈ | **જાણહ :** | જાણતા હો |
| **અપત્તિઅં :** | અપ્રીતિ કરનારું | **અહં :** | હું |
| **પરપત્તિઅં :** | ખૂબ અપ્રીતિ કરનારું | **ન :** | નથી |
| **ભત્તે :** | ભોજન અંગે | **જાણામિ :** | જાણતો |
| **પાણે :** | પાણી અંગે | **તસ્સ :** | તેનું |
| **વિણએ :** | વિનય અંગે | **મિચ્છા :** | નાશ પામો |
| **વેયાવચ્ચે :** | સેવા-ચાકરી અંગે | **મિ :** | મારું |
| **આલાવે :** | સાધારણ વાતચીતમાં | **દુક્કડં :** | પાપ |

**(૮) સૂત્રાર્થ :**

**હે પરમકૃપાળુ ગુરુભગવંત ! આપની જો ઈચ્છા હોય તો આપ મને આજ્ઞા આપો.**

**દિવસ દરમ્યાન (કે રાત્રિ દરમ્યાન) મારાથી આપના સંબંધમાં જે જે ભૂલો થઈ છે, તે તમામ ભૂલોની ક્ષમા માંગવા હું ઉપસ્થિત થયો છું.**

(આપની પ્રત્યેના ઊભરાતા ભક્તિ-બહુમાનપૂર્વક હું મારું સ્થાન કે આસન છોડીને આપ કૃપાળુની પાસે મારા અપરાધોની ક્ષમા માંગવા આવ્યો છું. આપ કૃપાળુ કૃપા કરીને મને ક્ષમા માંગવાની આજ્ઞા આપો.)

(ગુરુ ભગવંત કહે : 'ખામેહ : તારી ભૂલોને તું ખમાવ.)

હું પણ એમ જ ઇચ્છું છું (હું પણ આપની પાસે ક્ષમા માંગવાને ઇચ્છું છું. મને આપની આજ્ઞા પ્રમાણ છે.)

મેં જે કાંઈ આપને અપ્રીતિ થાય તેવું કે વિશેષ અપ્રીતિ થાય તેવું વર્તન
(નીચેની બાબતોમાં) કર્યું હોય... (તેની હું ક્ષમા માગું છું.)
ભોજન-પાણી વહોરાવવાના વિષયમાં,
આપના વિનય અને વૈયાવચ્ચ કરવાની બાબતમાં,
સામાન્ય વાતમાં કે વિશેષ વાતચીતમાં,
ઊંચા આસને બેસવા વડે કે સમાન આસને બેસવા વડે,
આપ કોઈની સાથે વાતચીત કરતા હો ત્યારે
વચ્ચે બોલવા દ્વારા કે આપની વાત ઉપર પાછળથી ડહાપણ ડોળવાથી,
(અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ ઉપજાવી હોય)

વળી, બીજું પણ મારાથી જે કાંઈ આપ કૃપાળુના વિષયમાં નાનું કે મોટું વિનયરહિતપણું (વિનય વિનાનું આચરણ) કરાયું હોય,

જે કાંઈ આપ જાણતા હો, પણ હું જાણતો ન હોઉં, તે સર્વે અપરાધોની હું આપની પાસે ક્ષમા યાચું છું. મારું તે સર્વ પાપ મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

## (૯) વિવેચન :

જૈન શાસનમાં રત્નત્રયી અને તત્ત્વત્રયીનું ખૂબ જ મહત્ત્વ છે. રત્નત્રયીમાં આવે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર. જ્યારે તત્ત્વત્રયીમાં આવે: દેવ, ગુરુ અને ધર્મ.

આ ત્રણે તત્ત્વોમાં દેવ અને ધર્મ કરતાં ય અપેક્ષાએ ચડિયાતું તત્ત્વ 'ગુરુ' છે. કારણ કે આપણને દેવની ઓળખાણ ગુરુ કરાવે છે. ધર્મની સમજણ પણ ગુરુ જ આપે. નાના નાના પાયાના ધર્મોમાં જોડવાનું શરૂ કરીને છેલ્લે સંસારની અસારતા સમજાવીને સર્વવિરતિ (સાધુ) ધર્મમાં પણ ગુરુ જ જોડે. સાધુ જીવનમાં આપણને જોડીને તેઓ અટકી જતા નથી, પણ સાધુજીવનના રથના તેઓ સારથિ પણ બને છે. સંયમજીવનમાં આઘાપાછા થનારને ગુરુદેવો સાચા રસ્તે આગળ ધપાવે છે. વર્તમાનકાલીન કુનિમિત્તોથી સદા દૂર રાખીને સંયમજીવનની રક્ષા પણ તેઓ કરે છે. વાચના અને વાત્સલ્ય વડે સંયમજીવનમાં સ્થિર કરવાનું કાર્ય પણ તેઓ કરે છે. બરબાદીથી અટકાવીને જીવનને આબાદ બનાવવાનું કાર્ય આ વિશ્વમાં સાચા અર્થમાં કોઈ કરતું હોય તો તે ગુરુ છે.

ગુરુની, આટલી બધી મહત્તા હોવાથી જ 'ગુરુતત્ત્વવિનિશ્ચય' નામના ગ્રન્થનું મંગલાચરણ કરતા પૂ. મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ ગુરુના જ ગુણગાન

ગાયા છે.

તેઓ ત્યાં જણાવે છે કે : અણિમાદિ આઠ સિદ્ધિઓ ગુરુની કૃપાથી મળે છે. મેળવેલી વિદ્યાઓ ગુરુની ભક્તિથી સફળ બને છે. ગુરુની આજ્ઞાનું પાલન કરવાથી મોક્ષ થાય છે.

અત્યંત ભયંકર આ સંસારરૂપી જંગલમાં, મોક્ષાભિલાષી ભવ્ય જીવોને માટે મોક્ષ માર્ગના ઉપદેશક ગુરુ સિવાય અન્ય કોઈ શરણ છે નહિ, હશે નહિ, પૂર્વે હતું પણ નહિ. ત્રણે કાળમાં એક માત્ર શરણરૂપ જો કોઈ હોય તો તે ગુરુ છે.

જેમ આ દુનિયાના દયાળુ વૈદરાજ (ડૉક્ટર) જુદી જુદી દવાઓ આપીને, તાવ વગેરે રોગોને દૂર કરીને દરદીને આરોગ્ય આપે છે, તેમ ગુરુમહારાજ પણ કરુણાના સાગર છે. તેઓ સંસારી જીવોના કામવાસનાદિ દોષો રૂપી રોગોને, જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ઔષધોનું પાન કરાવીને દૂર કરે છે, અને આત્માનું ભાવ-આરોગ્ય (મોક્ષ) પ્રાપ્ત કરાવે છે. શરીર કરતાં પણ અનેકગણા કિંમતી આત્માને ભાવ-આરોગ્ય અપાવનારા હોવાથી ગુરુ મહાવૈદ છે.

તેઓશ્રી જણાવે છે કે, અમારા જેવા મૂર્ખાઓ પણ ગુરુભક્તિના પ્રભાવથી પંડિતોમાં સ્થાન પામ્યા છે. આનાથી વધારે ગુરુભક્તિનો કયો પ્રભાવ જણાવું ? પાષાણ જેવા અમને પારસમણિ સમાન બનાવનાર તે ગુરુભગવંતોના ચરણોમાં અનંતાનંત વંદના હો.

પંચાશક ગ્રન્થમાં સમકિતી જીવોના ત્રણ લક્ષણો જણાવ્યા છે. તેમાં એક લક્ષણ 'દેવ અને ગુરુની ભક્તિ' જણાવી છે. તે જણાવતી વખતે તે શાસ્ત્રમાં દેવ-ગુરુ શબ્દ ન વાપરતા ગુરુ-દેવ શબ્દનો પ્રયોગ કરીને જણાવેલ છે કે 'દેવ કરતાંય વધુ ઉપકારક ગુરુ છે' તે વાત જણાવવા માટે જ અમે દેવ શબ્દની પહેલા ગુરુ શબ્દ મૂકેલ છે.

વેદમાં પણ ગુરુની મહત્તા જણાવતાં કહ્યું છે કે

***હરિસેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર,***
***તો ભી નહિ બરાબરી, વેદન કીઓ વિચાર.***

સતત સોળવર્ષ સુધી પરમાત્માની ભક્તિ કરો અને માત્ર ચાર પળ (સેકંડ) ગુરુની સેવા કરો તો પણ ચારપળની ગુરુસેવાની બરાબર સોળ વર્ષની હરિસેવા ન થઈ શકે.

ગુરુતત્ત્વની મહત્તા અન્ય સ્થાને નીચેના શબ્દોમાં સાંભળવા મળે છે :

***ગુરુ-ગોવિંદ દોનો ખડે, કીસ કો લાગુ પાય ?***
***બલિહારી ગુરુદેવકી, જિસને ગોવિંદ દીયો બતાય.***

ગુરુ અને ભગવાન બંને કદાચ સામે આવી જાય, તો સૌ પ્રથમ કોને નમસ્કાર કરવા ? ભગવાનની ઓળખાણ કરાવનાર ગુરુ હોવાથી તેમનો જ વધુ ઉપકાર છે. માટે પ્રથમ પ્રણામ તો તે ગુરુને કરવા.

જેટલી ભક્તિ ભક્તને ભગવાન ઉપર છે, તેટલી જ ભક્તિ જો ગુરુ ઉપર આવી જાય તો વાંચ્યા વગર પણ શાસ્ત્રોમાં ઘૂંટવાતા રહસ્યો તે ભક્તને સમજાઈ જાય.

*યસ્ય દેવે પરાભક્તિ:, યથા દેવે તથા ગુરૌ*
*તસ્યૈતે સકલા-અર્થા: પ્રકાશન્તે મહાત્મન:।*

ભાઈ ! તમારે ધર્મ કરવો છે ? તો બીજું કાંઈ જ કરવાની જરૂર નથી. એક જ કાર્ય કરો : ગુરુની આંગળી પકડીને તેમની પાછળ પાછળ ચાલ્યા કરો. તમારા જીવનમાં સાચો ધર્મ આવીને જ રહેશે. આ વાતને જણાવતા આ રહ્યા તે શબ્દો : 'અણુગુરુણો ધમ્મો' ગુરુનો મહિમા ગાતા કોઈ ચિંતકે જણાવ્યું છે કે :

***કલેવરં વા તદ્ભસ્મ, તદ્ધૂમં વાપિ સત્તમ !***
***યદિ પશ્યતિ પુણ્યાત્મા, સ યાતિ પરમાં ગતિમ્।***

તમે તમારા ગામથી ગુરુના દર્શને નીકળ્યા હો, પણ કમનસીબે ગુરુનો સ્વર્ગવાસ થઈ ગયાના સમાચાર મળે તો ય જો તમને તેમના મૃતદેહના પણ દર્શન મળી જાય તો તમે તમારી જાતને ધન્ય માનજો. કદાચ ચિતામાં મૃતદેહ ગોઠવાઈ ગયો હોય અને અગ્નિદાહ પણ દેવાઈ ગયો હોય તો ય જો તમને કદાચ તે ચિતામાંથી નીકળતી અગ્નિજવાળાઓ કે ધુમાડો પણ દેખાઈ જાય તો ય તમે તમારી જાતને ભાગ્યશાળી માનજો. અરે ! કદાચ એટલા બધા મોડા પડ્યા હોવ કે જેથી ચિતાનો ધુમાડો પણ જોવા ન મળ્યો, છતાં ય જો તેની રાખ પણ હાથમાં આવી ગઈ તો ય ભાગ્યશાળી; કારણ કે ગુરુની રાખ પણ મોક્ષગતિ આપવાની તાકાત ધરાવે છે.

આટલો બધો અચિન્ત્ય મહિમા જેમનો છે, તે ગુરુ ભગવંતની થોડી પણ આશાતના ન થઈ જાય તેની કાળજી રાખવી. ગુરુની હિલના કે તિરસ્કાર કદી કોઈએ ન કરવો. દશવૈકાલિક સૂત્ર નામના આગમ સૂત્રમાં જણાવેલ છે કે, **ન યાવિ મોક્ખો ગુરુ હિલણાએ.** ગુરુની હિલના કરનારનો મોક્ષ થતો નથી. તેથી ગુરુભગવંતની ભૂલમાં પણ થઈ ગયેલી આશાતનાની ક્ષમા માંગવા આ અબ્ભુઠ્ઠિયો સૂત્ર વંદન કરતી વખતે બોલવામાં આવે છે.

આજે કેટલાક લોકો પરમાત્માના દર્શન-પૂજન કરવા રોજ જતા હોય છે. પરન્તુ દર્શન-પૂજન કર્યા બાદ, નજીકમાં જ રહેલા ગુરુભગવંતને વંદન કરવા જતા આળસ કરતા હોય છે. આ જરાય ઉચિત નથી.

શ્રીકૃષ્ણે નેમીનાથપરમાત્માના અઢાર હજાર સાધુઓને ગુરુવંદન કર્યું તો તેનાથી તેમને તીર્થંકર નામકર્મ બંધાયું. જેના પ્રભાવે તેઓ આવતી ચોવીસીમાં અમમનાથ નામના ભગવાન થવાના છે. વળી તેઓ ગુરુવંદના પ્રભાવે ક્ષાયિક સમકિત પામ્યા. તેમની નક્કી થયેલી સાતમી નરક તૂટીને ત્રીજી નરક થઈ ગઈ.

***તિત્થયરત્તં સમ્મત્ત ખાઈયં, સત્તમીઈ તઈયાએ,***
***સાહૂણ વંદણેણં, બદ્ધં ચ દસારસિહેણં***

આવો અનુપમ અને અવર્ણનીય મહિમા છે ગુરુવંદનનો. આ ગુરુવંદન વિનાનો દિવસ જાય તો તે દિવસને વાંઝિયો દિન સમજાવો.

* (૧૦) જુદા જુદા પદ ઉપર વિશેષ વિચારણા :

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !** હે ભગવંત ! આપની ઇચ્છા હોય તો. આ પદ જણાવે છે કે ગુરુની ઇચ્છા વિના સારું પણ કાર્ય થઈ શકે નહિ. ખમાવવાની ક્રિયા કરતા પહેલા પણ ગુરુની ઇચ્છા મેળવવી જરૂરી છે.

**અબ્ભુટ્ઠિઓ મિ :** હું આદરપૂર્વક ઉપસ્થિત થયો છું. આ પદ માત્ર અપરાધોની ક્ષમા માગવાની ઇચ્છા નહિ, પણ ક્ષમા માગવાની ઉત્કંઠા=તત્પરતા જણાવે છે.

વળી હું આ ક્ષમા કોઈના દબાણને કે આગ્રહને વશ થઈને માગવા નથી આવ્યો, પરન્તુ આદરપૂર્વક મારી ઇચ્છાથી જ આવીને ઊભો રહ્યો છું; તેવું જણાવે છે.

આમ, આપણે પણ અપરાધોની ક્ષમા હૃદયના ઊભરાતા બહુમાનભાવથી ગદ્‌ગદિત થઈને માગવાની છે. તેમ નક્કી થયું.

**અબ્ભિંતર દેવસિઅં ખામેઉં :** કેટલા સમય દરમ્યાન થયેલા અપરાધોને ખમાવવાને ઇચ્છીએ છીએ ? તે આ પદ દ્વારા જણાવાય છે.

દિવસના, રાત્રિના, ૧૫ દિનના, ચાર મહિનાના, કે એક વર્ષના અપરાધોને ખમાવવા માટે અનુક્રમે દેવસિઅં, રાઇઅં, પક્ખિઅં, ચોમાસિઅં કે સંવચ્છરિઅં બોલવામાં આવે છે.

હું ખમાવવાને ઇચ્છું છું એટલે કે હું ક્ષમા માગુ છું. ક્ષમા માગવી એ દીનતા નથી પણ જાગ્રત આત્માનો સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટેનો ઉત્તમ પ્રયત્ન છે. અને તેનાથી ચિત્ત-પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે.

જો ક્ષમા આપવી તે ઉદારતા છે, તો ક્ષમા સામેથી માગવી તે પવિત્રતા છે.

**ઇચ્છં, ખામેમિ દેવસિઅં :** આપની આજ્ઞાને સ્વીકારું છું અને દિવસ સંબંધી અપરાધોને ખમાવું છું. અર્થાત્ તેની માફી માગું છું. આપ પણ ઉદારતાપૂર્વક મને ક્ષમા આપજો.

**અપત્તિઅં-પરપત્તિઅં :** અપત્તિઅં = સામાન્ય દુઃખ પેદા થાય તેવું વર્તન. અને પરપત્તિઅં = વિશેષ દુઃખ પેદા થાય તેવું વર્તન. પોતાના એકાદ વર્તનથી ગુરુને ક્ષણ માટે પણ જો દુઃખ પેદા થાય તો સાચા શિષ્યને એકી સાથે સો સો વીંછી ચટકા ભરતા હોય તેવી વેદના થાય છે. તેથી હવે પછી જણાવવામાં આવનાર જુદી જુદી બાબતોમાં જે કાંઈ અપ્રીતિકર કે વિશેષ અપ્રીતિકર થઈ ગયું હોય તેની આ પદો વડે તે ક્ષમા યાચે છે.

**ભત્તે પાણે :** ભોજન-પાણી વહોરવા જતી વખતે, વહોરતી વખતે કે વહોરીને આવ્યા પછી સાધુએ એવું કોઈ વર્તન ન કરવું જોઈએ કે જેથી ગુરુદેવને અપ્રીતિ વગેરે થાય.

ગૃહસ્થોએ પણ ગુરુ મહારાજને ભોજન-પાણી વહોરાવવાના વિષયમાં વિવેક જાળવવો જોઈએ. રોજ સમયસર વહોરવા પધારવા વિનંતી કરવી. ગુરુજી પધારે

ત્યારે આવકારવા. બધી વસ્તુઓની વિનંતી કરવી. આગ્રહ **જરૂર કરવો**, ભક્તિ જરૂર બતાવવી પણ ઘેલછા ન કરવી. જે ચીજ જેટલા પ્રમાણમાં **જરૂર હોય તેટલા** પ્રમાણમાં વહોરાવવી. પણ ફોર્સપૂર્વક પાતરામાં નાખી ન દેવું. આ બધી **બાબતોમાં** જે અપ્રીતિ-વિશેષ અપ્રીતિ થઈ હોય તેની ક્ષમા માંગવાની છે.

**વિણયે-વેયાવચ્ચે :** વીસ સ્થાનકની આરાધના કરવાથી **તીર્થંકર** નામકર્મ બંધાય છે. તે વીસ સ્થાનકમાં વિનય અને વૈયાવચ્ચનું સ્થાન **અનુક્રમે દસમુ અને સોળમુ** છે.

જ્ઞાન વગેરે મેળવતા પૂર્વે વિનય કરવો જોઈએ. **શ્રેણિક મહારાજાએ** કેરીના ચોરનાર પાસેથી વિદ્યા મેળવવાની હતી. પોતે સિંહાસન **ઉપર બેઠા અને ચોરને** સામે ઊભો રાખીને વિદ્યા મેળવવા પ્રયત્ન કર્યો... વિદ્યા ન આવડી.

અભયકુમારે કહ્યું કે વિદ્યા એમ ન આવડે. વિનયપૂર્વક લેશો **તો** આવડશે. ચોરને વિદ્યાગુરુ તરીકે સ્વીકારીને રાજ્ય-સિંહાસન ઉપર બેસાડો. અને **તમે સામે** શિષ્યની જેમ વિનમ્રતાપૂર્વક ઊભા રહીને પ્રયત્ન કરશો તો વિદ્યા આવડશે. **અને તેમ કરવાથી** ખરેખર શ્રેણિકને વિદ્યા આવડી ગઈ.

શિષ્ટાચાર સેવવો તે વિનય કહેવાય. સેવા-શુશ્રૂષા કરવી **તે વૈયાવચ્ચ** કહેવાય.

ગુરુભગવંતની વૈયાવચ્ચ પણ કરવી જોઈએ.

આ વિનય કે વૈયાવચ્ચ યથા અવસરે ન કર્યા હોય અથવા **કરતી** વખતે અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ પેદા થાય તેવું વર્તન થયું હોય તો **ક્ષમા માગવાની છે.**

**આલાવે-સંલાવે :** સામાન્ય બોલવામાં કે વાતચીત **કરવામાં : ગુરુજી** જ્યારે પણ બોલાવે ત્યારે તરત તેમની પાસે જવું જોઈએ. બે હાથ **જોડીને, મસ્તક નમાવીને** હાજી ! કહીને ઊભા રહેવું. જે પૂછે તેનો 'હા' કે 'ના' જવાબ **ન આપતા 'હાજી !'** કે 'નાજી !' જવાબ આપવો જોઈએ.

જ્યારે કોઈ વિશેષ વાતચીત કરવાનો પ્રસંગ ઉપસ્થિત **થાય ત્યારે** પણ ગુરુજીના માન્-મર્યાદા મોભો સચવાય તે રીતે શિષ્ટ ભાષામાં વાત કરવી **જોઈએ.** ગુરુજી પ્રત્યેનો બહુમાનભાવ ઓછો ન થાય તેની કાળજી રાખવી જોઈએં.

આ બાબતોમાં જે ભૂલ થઈ હોય તેની આલાવે-સંલાવે **પદો** દ્વારા શિષ્ય ક્ષમા માંગે છે.

**ઉચ્ચાસણે-સમાસણે :** ઊંચા આસન કે સરખા આસનનો **ઉપયોગ** કરવામાં...

ગુરુથી ઊંચા આસને બેસાય નહિ. વ્યાખ્યાન હોલમાં પણ **જ્યાં સુધી** નીચે જગ્યા હોય ત્યાં સુધી ઉપર બાલ્કનીમાં ન બેસાય. ગુરુની આશાતના **થાય.** તબિયતાદિ કારણસર ખુરશી વગેરે ઉપર બેસવાની લાચારી હોય તો **સૌ પ્રથમ ગુરુજીની** રજા લેવી જોઈએ.

ગુરુના સમાન-આસને પણ ન બેસાય.

ગુરૂ કરતાં વધારે ઊંચી (વધારે સારી કે વધારે કિંમતવાળી) આસન-કામળી વગેરે વસ્તુઓ પણ ન વપરાય.

આવું કરવાથી જે અપ્રીતિ કે વિશેષ-અપ્રીતિ થઈ હોય તે બદલ આ બે પદોથી ક્ષમા માંગવાની છે.

**અંતરભાસાએ-ઉવરિભાસાએ** : વચ્ચે બોલવામાં કે વધારે બોલવામાં. ગુરુ મહારાજ કોઈની સાથે વાતચીત કરતા હોય ત્યારે કે પોતાના વિચારો દર્શાવતા હોય ત્યારે વચ્ચે બોલવું કે, 'ના, એ વાત આવી નથી પણ આમ છે... મને બરાબર ખબર છે... વગેરે તે અંતરભાસા કહેવાય. ગુરુજી વાત કરતા હોય ત્યારે વચ્ચે કદી ન બોલવું. જરૂર જણાય તો પછીથી એકાંતમાં ગુરુજીને તે વાત કરવી.

ગુરુજી કોઈ વાત પૂર્ણ કરે ત્યાર પછી તેમાં પોતાનું વિશેષ ડહાપણ ડોળવું તે ઉવરિભાસા કહેવાય. ગુરુજીની વાત ઉપર પાછળથી કોઈ કોમેન્ટ ન કરવી. તેમની વાતોમાં મીઠું-મરચું ભભરાવીને બીજાની પાસે રજૂઆત ન કરવી.

ઉપરોક્ત બાબતમાં પણ વિપરીત વર્તન કરવાથી જે અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ થઈ હોય તેની ક્ષમા માંગવાની છે.

જંકિંચિ... થી ઉવરિભાસાએ સુધીના પદો વડે, જુદા જુદા કાર્યોથી અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ થઈ હોય તેની ક્ષમા માંગવામાં આવી છે.

મજ્ઝ વિણય... પદોથી પોતાને ખ્યાલ હોય તેવા થઈ ગયેલા વિનય વિહોણા અપરાધો બદલ ક્ષમા માંગવાની છે.

તુબ્ભે જાણહ... વગેરે પદો દ્વારા પોતાને ખ્યાલ ન હોય (ગુરુને ખ્યાલ હોય) તેવા વિનય વિહોણા અપરાધો બદલ ક્ષમા માંગવાની છે.

ગદ્ગદિત થઈને બોલાતું 'મિચ્છામિ દુક્કડમ્' પદ, થઈ ગયેલા પાપો બદલ દિલગીરી સૂચવવાપૂર્વક, હવે ફરી તેવા પાપો નહિ કરવાની કબૂલાતને જણાવે છે.

જવાબ રૂપે ગુરુ પણ 'અહમવિ ખામેમિ તુમ્હં' બોલે છે. એટલે કે, હે શિષ્ય ! મારા વડે તને પ્રેરણા વગેરે કરવામાં કડવા વચનો વડે અપ્રીતિ વગેરે ઉત્પન્ન થઈ હોય તો હું પણ તને ખમાવું છું.

જૈન ધર્મની આ જ મહાનતા છે કે અહીં વડીલ એવા ગુરુ પણ પોતાના શિષ્ય પાસે ક્ષમા માંગે છે ! નાના કે મોટાની અહીં વાત નથી. અહીં તો નાનો મોટાને ખમાવે અને મોટો નાનાને ખમાવે. બધાના મનમાં એક જ ભાવના ઊછળતી હોય કે મારે કોઈની સાથે વેર-વિરોધ કરવા નથી. મારી ભૂલ થાય કે તરત જ મારે તેની ક્ષમા માંગીને મારા આત્માને તરત પવિત્ર બનાવી દેવો છે !

# ૭ ગુરુવંદનની વિધિ :

બે પગની પાની વચ્ચે લગભગ ચાર આંગળ જેટલું અને પાછળ બે એડી વચ્ચે તેથી પણ ઓછું અંતર રહે તે રીતે ઊભા રહેવું. બે હાથની આંગળીઓ પરસ્પર એકબીજાની વચ્ચે ગોઠવાઈ જાય તે રીતે હાથ જોડીને, તેની કોણી છાતીને અડે તે રીતે રાખીને 'ઇચ્છામિ ખમાસમણો... નિસીહિયાએ' સુધી ખમાસમણ સૂત્ર બોલવું. પછી જોડેલા બે હાથ, બે ઢીંચણ, અને મસ્તક જમીનને અડાડીને 'મત્થએણ વંદામિ' બોલવું. આ થઈ ખમાસમણ દેવાની વિધિ.

ઉપર જણાવેલી વિધિ પ્રમાણે પહેલા બે ખમાસમણ દેવા. પછી ઊભા ઊભા, બે હાથ જોડીને 'ઇચ્છકાર સૂત્ર' પ્રશ્નો પૂછતા હોઈએ તે રીતે બોલવું. બપોરે ૧૨-૩૦ પહેલા સુહરાઈ અને ૧૨-૩૦ પછી સુહદેવસિ પાઠ બોલવો. છેલ્લે વિનંતી કરતા હોઈએ તે રીતે 'ભાત-પાણીનો લાભ દેશોજી' બોલવું.

પછી ઊભા ઊભા, બે હાથ જોડીને, મસ્તક નમાવીને 'ઇચ્છા, સંદિ. ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ... ખામેમિ દેવસિઅં...' સુધી પાઠ બોલીને, જમણો હાથ ગુરુભગવંત તરફ જમીન (ચરવાળા) ઉપર સ્થાપીને 'જંકિંચી અપત્તિઅં... દુક્કડં' સુધીનો પાઠ બોલવો.

પછી ફરી એક ખમાસમણ દેવું.

જો ગુરુભગવંત પદવીધારી (ગણી-પંન્યાસ-ઉપાધ્યાય કે આચાર્ય) હોય તો ઇચ્છકાર બોલ્યા પછી વધારાનું એક ખમાસમણ દેવું.

ગુરુવંદન કર્યા પછી, જો પચ્ચક્ખાણ લેવાનું હોય તો એક ખમાસમણ દઈને 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી.' બોલવું. પચ્ચક્ખાણ લીધા પછી ફરી ખમાસમણ દેવું. જો વ્યાખ્યાન કે વાચના સાંભળવાની હોય કે ગાથા લેવાની કે આપવાની હોય તો વંદન કર્યા પછી ખમાસમણ દેવા પૂર્વક નીચેના ત્રણ આદેશ માંગવા :

(૧) ઇચ્છા. સંદિ. ભગવન્ ! વાયણા સંદિસાઉં ? ઇચ્છં.

(૨) ઇચ્છા. સંદિ. ભગવન્ ! વાયણા લેશું ? ઇચ્છં.

(૩) ઇચ્છકારી ભગવન્ પસાય કરી વાયણા પ્રસાદ કરશોજી.

રોજ ઉપાશ્રયમાં જઈને ગુરુવંદન કરવું જોઈએ. જો ગુરુમહારાજ ન હોય તો સ્થાપનાચાર્યજીને કે તેમના ફોટાને વંદન કરવું. ફોટો પણ ન હોય તો પુસ્તકમાં નવકાર-પંચિદિય સૂત્ર વડે ગુરુમહારાજની સ્થાપના કરીને પણ અવશ્ય ગુરુવંદન કરવું જોઈએ.

રોજ દિવસે ત્રણવાર વંદન કરવું જોઈએ. સૂર્યાસ્ત પછી રાત્રિએ વંદન ન થઈ શકતું હોવાના કારણે રાત્રિના ત્રણે વંદન એકી સાથે કરવાની ભાવનાથી બે હાથ જોડીને-મસ્તક નમાવીને 'ત્રિકાળ વંદના' બોલવાનું હોય છે.

# (૮) લઘુ પ્રતિક્રમણ સૂત્રોનું ઝુમખું

## ચાર સૂત્રો

*૧. ઈરિયાવહિયં સૂત્ર:*
*(સર્વ જીવો સાથે - થઈ ગયેલી વિરાધનાની - ક્ષમાપના.)*
*૨. તસ્સ ઉત્તરી સૂત્ર :*
*(ક્ષમાપના પછી વિશેષ ભાવોલ્લાસપૂર્વક વિશિષ્ટ પ્રાયશ્ચિત્તની ઝંખના)*
*૩. અન્નત્થ સૂત્ર :*
*(વિશિષ્ટ પ્રાયશ્ચિત્તરૂપે કરાનારા કાઉસ્સગ્ગની વિધિ અને જયણા)*
*૪. લોગસ્સ સૂત્ર :*
*(પાપોના નાશ કરવા પ્રાયશ્ચિત્તરૂપે કાઉસ્સગ્ગમાં ૨૪ ભગવાનની સ્તવના અને કાઉસ્સગ્ગ પાર્યા પછી, શુદ્ધિ મળ્યાનો ઉલ્લાસ વ્યક્ત કરવા ૨૪ ભગવાનનું નામકીર્તન)*

### લઘુ પ્રતિક્રમણ સૂત્રોના ઝૂમખાની ભૂમિકા :

પ્રણિપાતસૂત્ર (ખમાસમણ) સુગુરુસુખ-શાતાપૃચ્છા સૂત્ર (ઈચ્છકાર) અને ગુરુખામણા સૂત્ર (અબ્ભુટ્ઠિયા) વડે ગુરુવંદન કરવાનું આપણે શીખી ગયા.

ગુરુવંદનાની જેમ ચૈત્યવંદનાદિ ધર્મક્રિયાઓ પણ દિવસ દરમ્યાન કરવાની હોય છે. જેમ મકાન, દેરાસર વગેરે બનાવતા પહેલા ઊંડે સુધી ખોદીને જમીનશુદ્ધિ કરવી જરૂરી છે, તેમ તમામ ધર્મક્રિયાઓ કરતા પહેલા આત્માની શુદ્ધિ કરવી અત્યંત આવશ્યક છે. તે શુદ્ધિ કરવા માટે દરેક ધર્મક્રિયા કરતા પહેલા લઘુપ્રતિક્રમણ સૂત્રોના આ ઝૂમખાનો ઉપયોગ કરવામાં આવે છે.

ગુરુભગવંતને ગુરુવંદન કર્યા પછી, ધર્મની ક્રિયા શરૂ કરતાં પહેલા પ્રતિક્રમણ કરવું જોઈએ.

પ્રતિ = પાછું, ક્રમણ = આક્રમણ કરવું. પાપકાર્યોમાં જે પ્રવૃત્તિ કરી છે, તેમાંથી પાછા હટવું. આત્મા પોતાના શુદ્ધભાવ (સ્વસ્થાન)થી ખસીને પ્રમાદના કારણે દુષ્ટભાવ રૂપી પરસ્થાને ગયો હતો. ત્યાંથી પાછો ફેરવીને આત્માને પોતાના સ્થાનમાં લાવવો, સ્વભાવમાં = શુભ ભાવમાં સ્થિર કરવો તે પ્રતિક્રમણ કહેવાય. કહ્યું છે કે :

***સ્વસ્થાનાત્ યત્ પરસ્થાનં, પ્રમાદસ્ય વશાદ્ ગતઃ***
***તત્રૈવ ક્રમણં ભૂયઃ, પ્રતિક્રમણમુચ્યતે ॥***

પ્રતિક્રમણના પાંચ પ્રકાર છે (૧) રાઈ (૨) દેવસિ (૩) પક્ખિ (૪) ચોમાસી અને (૫) સંવત્સરી.

રાત્રિ દરમ્યાન થઈ ગયેલા પાપોની શુદ્ધિ માટે રોજ સવારે રાઈ-પ્રતિક્રમણ કરવાનું હોય છે. દિવસ દરમ્યાન લાગેલા પાપોને ધોવા રોજ સાંજે દેવસિ પ્રતિક્રમણ કરવાનું હોય. પંદર દિવસના પાપોને ધોવા (ચોમાસી ચૌદશ સિવાયની) ચૌદશના સાંજે જે પ્રતિક્રમણ કરવાનું હોય, તે પક્ખિ પ્રતિક્રમણ કહેવાય. ચાર મહિનામાં થયેલા

પાપોને ધોવા કારતક સુદ ચૌદશ, ફાગણ સુદ ચૌદશ અને અષાઢ સુદ ચૌદશના સાંજે ચોમાસી પ્રતિક્રમણ કરવાનું હોય છે અને સમગ્ર વર્ષના પાપોને ધોવા ભાદરવા સુદ ચોથના સાંજે સંવત્સરી પ્રતિક્રમણ કરાય છે.

આ પાંચે પ્રકારના પ્રતિક્રમણોની અપેક્ષાએ જે નાનું પ્રતિક્રમણ છે, તે લઘુ પ્રતિક્રમણ કહેવાય છે. તે આ ઇરિયાવહીયા વગેરે ચાર સૂત્રોના ઝૂમખા વડે કરાય છે.

જ્યાં સુધી ભૂલનો ભૂલ તરીકે સ્વીકાર કરાતો નથી ત્યાં સુધી ભૂલ સુધરતી નથી. ભૂલને સુધારવાનો ઉપાય ભૂલ કર્યા બદલ હૃદયમાં પારાવાર દુઃખ થવું તે છે. ભૂલની ભૂલ તરીકે કબૂલાત કરવાની ક્રિયાને આલોચના કહેવાય છે.

આ આલોચના કરવાની સાથે, ફરીથી તે ભૂલ ન કરવાના સંકલ્પ સાથે, તે ભૂલ બદલ તીવ્ર પશ્ચાત્તાપ કરવો, તે ભૂલની ક્ષમા માંગવી, તે પ્રતિક્રમણ કહેવાય છે.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના સંબંધમાં થયેલી વિરાધનાઓનું આવું પ્રતિક્રમણ જ્યાં સુધી ન કરાય ત્યાં સુધી ધર્મક્રિયાઓમાં ઉલ્લાસ આવતો નથી. સંક્લેશવાળા ભાવથી કરેલી આરાધનાથી ચિત્તમાં પ્રસન્નતા ઊભરાતી નથી. માટે જ ધર્મક્રિયાઓ કરતાં પહેલાં આ લઘુ પ્રતિક્રમણ વડે આત્મિક શુદ્ધિ કરવી જરૂરી બને છે.

શાસ્ત્રમાં દસ પ્રકારના પ્રાયશ્ચિત્તો બતાવવામાં આવેલાં છે, (૧) આલોચના (૨) પ્રતિક્રમણ (૩) મિશ્ર (૪) વિવેક (૫) કાયોત્સર્ગ (૬) તપ (૭) છેદ (૮) મૂળ (૯) અનવસ્થાપ્ય અને (૧૦) પારાંચિત.

ગુરુની પાસે જઈને પોતાની ભૂલોનો એકરાર કરવો તે આલોચના પ્રાયશ્ચિત્ત કહેવાય.

થઈ ગયેલી ભૂલોની ગુરુ સમક્ષ નિંદા કરવી, ગર્હા કરવી અને ક્ષમા માંગવી, તે પાપોનું મિચ્છામિ દુક્કડં દેવું તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહેવાય. જેમાં આલોચન અને પ્રતિક્રમણ બંને કરવાનું હોય તે મિશ્ર પ્રાયશ્ચિત્ત કહેવાય વગેરે...

લઘુ પ્રતિક્રમણના સૂત્રો વડે જીવ વિરાધનાનું દુઃખપૂર્વક પ્રતિક્રમણ કરવાનું ... એટલું જ નહિ તેની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ રૂપ પ્રાયશ્ચિત્ત પણ કરવાનું છે.

સૌ પ્રથમ ઇરિયાવહીયાસૂત્ર વડે થઈ ગયેલી જીવાદિ વિરાધનાનું પ્રતિક્રમણ કરવાનું. પછી તસ્સ ઉત્તરી સૂત્ર વડે, તે વિરાધનાદિની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવાનો સંકલ્પ કરવાનો. અન્નત્થ સૂત્ર વડે તે કાયોત્સર્ગમાં રાખવાની છૂટો તથા કાયોત્સર્ગની મર્યાદા વિચારીને કાયોત્સર્ગ કરવાનું શરૂ કરવાનું.

પછી કાયોત્સર્ગ મુદ્રામાં, ૨૪ ભગવાનની સ્તવના કરતું લોગસ્સ સૂત્ર ચિંતવવાનું. કાયોત્સર્ગ પારીને, કૃતજ્ઞતાગુણને પ્રગટ કરતું લોગસ્સસૂત્ર બોલવાનું. તેમ થતાં લઘુ પ્રતિક્રમણની ક્રિયા પૂર્ણ થાય. આત્મામાં લઘુ પ્રતિક્રમણ વડે મૈત્રીભાવની ભૂમિકા તૈયાર થયા પછી અન્ય ધર્મક્રિયા શરૂ કરવાની હોય છે.

પેલા અઈમુત્તા મુનિવરને તો જાણો છો ને ? નાનો બાળક મિત્રોની સાથે રમતમાં મશગૂલ હતો, ત્યાં જોયા દૂરથી આવતા ગુરુમહારાજને. દોડતો પહોંચ્યો મહારાજ પાસે. વિનયપૂર્વક, બે હાથ જોડીને, મસ્તક નમાવીને, 'મત્થએણ વંદામિ' બોલીને ઘરે ગોચરી

વહોરવા પધારવા વિનંતી કરવા લાગ્યો.

અઈમુત્તાની કાકલૂદીભરી વિનંતીને ગોચરી વહોરવા નીકળેલા ગૌત્તમસ્વામીજી ઠુકરાવી ન શક્યા. પહોંચ્યા અઈમુત્તાના ઘરે. ધર્મલાભ કહી ઊભા રહ્યા. અઈમુત્તાની માતા શ્રીમતી હરખઘેલી થઈ દરવાજે દોડી આવી. પધારો પધારો કહીને ગુરુભગવંતને આમંત્રણ આપ્યું. કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નથી પણ કિંમતી ગુરુભગવંતને ઘર-આંગણે પધારેલા જાણીને મા-દીકરાના હૈયે હર્ષ માતો નથી. ભાવવિભોર બનીને ગોચરી વહોરાવી. ગુરુદેવ ના... ના... કહેતા રહ્યા ને અઈમુત્તાએ ગુરુદેવનું પાત્ર લાડવાથી ભરી દીધું

પછી તે ગુરુમહારાજને વળાવવા તેમની સાથે ગયો. રસ્તામાં કહે છે કે 'ગુરુદેવ ! આપને ખૂબ ભાર લાગતો હશે. મને આપના પાત્રા ઊંચકવા આપો ને !'

અઈમુત્તા ! અમારા પાત્રા એમ તો ન અપાય. એ તો દીક્ષા લે ને, તેને જ અપાય. બોલ, તારે દીક્ષા લેવી છે ?

પણ ગુરુદેવ ! દીક્ષા એટલે શું ? તેમાં શું કરવાનું ? તે દીક્ષા કેમ લેવાની ?

ગૌત્તમસ્વામી અઈમુત્તાને દીક્ષા અંગે સમજણ આપવા લાગ્યા... કે દીક્ષા લેવી એટલે આ સંસારને છોડી દેવો. સંસાર તો પાપની ખાણ છે. સંસારમાં રહે તેને સતત પાપ કરવું જ પડે. પાપ કરવાથી દુઃખ મળે. પાપ કરવાથી મોક્ષ ન મળે. સુખ જોઈતું હોય તો મોક્ષમાં જવું પડે. ને તે મોક્ષ મેળવવા સંસાર છોડી દેવાનો ને દીક્ષા લેવાની. કારણ કે સંસારમાં રહેનારે કેટલા બધા જીવોને મારવા પડે ! જૂઠું પણ બોલવું પડે, અનેક ખોટાં કામ પણ કરવા પડે, તેથી પાપ ન કરવા હોય તો દીક્ષા લેવી જોઈએ.

હે ગુરુદેવ ! દીક્ષા લઈને તો ખાઈએ-પીએ તો પાપ ન લાગે ?

ના અઈમુત્તા ! આ જ તો ખરી કમાલ છે. ખાવાનું છતાં ય પાપ નહિ ! પાણી પીવાનું છતાં ય પાપ નહિ ! દુનિયામાં જીવવાનું છતાં ય પાપ નહિ ! એવું સુંદર છે આ દીક્ષાનું જીવન.

અમારા માટે બનાવેલું ભોજન અમે ના વહોરીએ. અમારા માટે બનાવેલા મકાનમાં અમે ન રહીએ. ન તો અમે પૈસા રાખીએ કે ન તો અમે સ્ત્રીને અડીએ. અમારે વેપાર-ધંધા કરવાના નહિ ને કોઈ જીવને મારવાના નહિ. પછી અમને પાપ શી રીતે લાગે ? એક પણ પાપ વિનાનું જે સુંદર જીવન તેનું જ નામ દીક્ષા.

ગૌત્તમસ્વામીની આ વાત સાંભળીને, અઈમુત્તો બોલી ઊઠ્યો... તો તો હું દીક્ષા જ લઈશ. મારે પાપ કરવા જ નથી. તેથી હવે મારે સંસારમાં પણ રહેવું જ નથી.

ત્યાં તો તેઓ પરમાત્મા મહાવીરદેવ પાસે પહોંચ્યા. પરમાત્માની દેશનામાં સંસારની અસારતાનું વર્ણન સાંભળીને, અઈમુત્તાને આ સંસાર પ્રત્યે ભારોભાર તિરસ્કાર પેદા થયો. વૈરાગ્ય દૃઢ થયો. પણ માતા-પિતાની રજા વિના ગૌતમસ્વામી તેને દીક્ષા આપવા તૈયાર નહોતા.

અઈમુત્તો તો પહોંચ્યો દોડતો ઘેર. વૈરાગ્ય જાગ્યા પછી હવે તે સંસારમાં ક્ષણભર પણ રહેવા માંગતો નહોતો. જળ વિના તરફડતી માછલી જેવી તેની હવે હાલત હતી.

માતા પાસે જઈને દીક્ષાની રજા આપવા તે કાકલૂદી કરવા લાગ્યો : મા ! તેં જ મને શીખવ્યું છે કે પાપ કદી ન કરાય. પાપ કરીએ તો નરકમાં જવું પડે. મા ! શું તું તારા દીકરાને નરકમાં મોકલવા માંગે છે ? જો ના, તો મારાથી પાપ ન થાય તેવું જીવન મને જીવવાની રજા આપ. સંસારમાં તો ડગલે ને પગલે, સવારથી સાંજ સુધી કેટલાં બધાં પાપો કરવાનાં ! ના... હવે મારે પાપ કરવા નથી.

અઈમુત્તાની વૈરાગ્ય નીતરતી વાણી સાંભળીને માતાના હૃદયમાં આનંદ માતો નથી. તેને લાગે છે કે મેં આપેલા સંસ્કારો ઊગી નીકળ્યા. હું હવે રત્નકુક્ષી બનીશ. મારા જીવનને તો આબાદ ન બનાવી શકી પણ મારા દીકરાના જીવનને આબાદ બનાવવાનું સદ્ભાગ્ય મને મળશે.

છતાં, દીકરાના વૈરાગ્યની કસોટી કરવા તેણે અનેક સવાલો કર્યા. પરન્તુ દરેક સવાલોના જડબેસલાક જવાબો વયમાં નાના છતાં યે જ્ઞાનમાં ઘણા મોટા આ અઈમુત્તાએ માતાને આપ્યા. માતા પોતાના દીકરાના વૈરાગ્ય નીતરતા વચનોનું પાન કરતા ધન્ય બની રહી. તરત જ વ્હાલા દીકરાને છાતીસરસો ચાંપીને કહેવા લાગી, હે મારા લાડલા લાલ ! તારા જેવા સુપુત્રને પામીને હું તો ખરેખર આજે ધન્ય બની ગઈ છું. પરમાત્મા મહાવીરદેવ અને ગણધર ગૌત્તમસ્વામીના શરણે બેટા ! ચોક્કસ જજે. મારા આશીર્વાદ છે. પણ બેટા ! તારે દીક્ષા લેતાં પહેલા મને વચન આપવું પડશે કે, જો પાપ ન કરવા માટે જ તું દીક્ષા લેતો હોય તો દીક્ષા પછી તારે કદીય પાપ ન કરવું. પળે પળે સાવધાની-પાપ ન થઈ જાય તેની – રાખવી, અને છતાં ય ભૂલથી જો પાપ થઈ જાય તો છેવટે ગુરુમહારાજ પાસે તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ બનવાનું. બોલ બેટા !, આટલી ખાતરી તો તું મને આપશે ને ?

માતાના એકેક શબ્દો સાંભળતા અઈમુત્તાના આનંદનો પાર નથી. એકીશ્વાસે તે બોલી ઊઠ્યો : ઓ મારી વ્હાલી મા ! તારા દીકરાનું આ વચન છે કે તે કદી પાપ કરશે નહિ, છતાં ય જો પાપ ભૂલમાં થઈ જશે તો તેનું તે પ્રાયશ્ચિત્ત કરવામાં પાછો નહિ પડે... બસ ! મા ! હવે તું મને આશિષ આપ, તારા આશિષથી જ મારું સંયમ જીવન સફળતાને પામશે. પાપ નહિ કરવાની મારામાં તાકાત આવશે.

અને જૈન શાસનને સાચા અર્થમાં સમજેલી આ માતાએ ભાવવિભોર બનીને દીકરાને સંયમ જીવનના આશીર્વાદ આપ્યા અને શ્રેષ્ઠ મુહૂર્તે અઈમુત્તાને દીક્ષા અપાવી.

આ બાળમુનિ અઈમુત્તા ગુરુની સેવામાં લીન બન્યા. સ્વાધ્યાયમાં તલ્લીન બન્યા. સમય પસાર થઈ રહ્યો છે.

ત્યાં એક વાર, ચોમાસાના દિવસોમાં બાળમુનિવર અઈમુત્તાજી અન્ય વડીલ સાધુઓ સાથે ઠલ્લે જવા (શૌચક્રિયા) માટે ગામ બહાર ગયા હતા. બીજા મુનિવરો કરતાં વહેલાં પાછા ફરેલા અઈમુત્તાજી બીજા વડીલ મુનિઓની રાહ જુએ છે. ત્યાં તો વરસાદથી ભરાયેલા ખાબોચિયામાં પોતાની કાગળની હોડીઓ તરાવીને આનંદ-કિલ્લોલ કરતાં બાળકો દેખાયાં.

અઈમુત્તાજી ભલે મુનિવર હતા, પણ ઉંમરમાં તો હજુ બાળક જ હતા ને ! તેથી તેમના બાળપણે તેમને બાળકો પાસે પહોંચાડ્યા. 'હું પણ મારી હોડી તરાવું છું' એમ કહીને તેમણે પોતાની પાસે રહેલી પાતરી પાણીમાં તરતી મૂકી. 'જુઓ મારી નાવડી સૌથી આગળ' બોલતા આ નાના મહારાજ તો ખુશખુશાલ થઈને નાચવા લાગ્યા !

એટલામાં વડીલ મુનિવરો ત્યાં આવી પહોંચ્યા. બાળમુનિ વડે તરાવાયેલી પાતરી જોતાં જ તેઓએ કહ્યું, 'નાના મહારાજ ! તમે આ શું કર્યું ? આપણે તો સાધુ છીએ. આપણે તો કોઈ પણ પાપ ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. કાચા પાણીના દરેક ટીપામાં અસંખ્યાતા અસંખ્યાતા જીવો છે. આ પાતરી તરતા તરતા અસંખ્યાતા જીવોનો ખુરદો બોલાવી રહી છે. જીવહિંસાનું આ કેવું ભયાનક પાપ તમારાથી થઈ ગયું !'

બાળમુનિ તો આ વાત સાંભળીને ચોંકી ગયા. પોતાની ભૂલનો ખ્યાલ આવતાં જ તેમની આંખમાં પસ્તાવાથી આંસુની ધાર વહેવા લાગી. અરરર્... મેં આ શું કર્યું ? માતાએ કહ્યું હતું કે ભૂલથી પણ પાપ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થજે. ઉપકાર માનું છું આ વડીલ મુનિવરોનો કે જેમણે મારી ભૂલનું મને ભાન કરાવ્યું છે. ભગવાન પાસે જઈને, મારાથી થઈ ગયેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરી લઉં.

અઈમુત્તા મુનિવર પહોંચ્યા પ્રભુવીર પાસે. અને શરૂ કર્યું લઘુ પ્રતિક્રમણ. (ઇરિયાવહીયાદિ ચાર સૂત્રોની ક્રિયા).

ગદ્‌ગદિત થઈને, પોતાની ભૂલોનો એકરાર રડતી આંખે ઇરિયાવહી સૂત્ર દ્વારા અઈમુત્તા મુનિવર કરી રહ્યા છે. ઇરિયાવહિયાએ વિરાહણાએ... બોલતા બોલતા પણગ દગ-મટ્ટી- શબ્દો આવ્યા. (પાણીના, માટીના જીવોને મેં હણ્યા હોય તો તેનું હું મિચ્છામિ દુક્કડમ્ દઉં છું) આ શબ્દો બોલતા બોલતા અઈમુત્તાને પાતરી તરાવ્યાની ભૂલ યાદ આવી. પશ્ચાત્તાપ થવા લાગ્યો. અરરર્... મેં આ શું કર્યું ? અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ બોલાવી દીધો ! મારાં આ પાપો નાશ પામો... નાશ પામો... નાશ પામો. હવે કદી પણ હું પાપ નહિ કરું. હે ભગવાન ! મારી ભૂલની તમે મને માફી આપો... માફી આપો... માફી આપો.

પસ્તાવો વધતો જ ગયો. વધતો જ ગયો, પરિણામે માત્ર પાતરી તરાવતા થયેલી પાણીની હિંસાનું જ પાપ ન ધોવાયું પણ ભૂતકાળના અનંતા ભવોના અનંતા પાપો આ પશ્ચાત્તાપના પાવક અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગ્યા. અઈમુત્તામુનિ કેવળજ્ઞાન પામ્યા. વિશ્વમાં ભવ્ય જીવોને ઉપદેશ આપતા વિચરીને છેલ્લે મોક્ષમાં પહોંચ્યા.

હૃદયના પશ્ચાત્તાપના ભાવ સાથે, આ લઘુ પ્રતિક્રમણ કરતાં કરતાં અઈમુત્તામુનિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. આપણે પણ લઘુ પ્રતિક્રમણના સૂત્રો પશ્ચાત્તાપથી ભાવવિભોર બનીને-ગદ્‌ગદિત બનીને બોલવાનો ઉપયોગ રાખવો જોઈએ.

પાંચસો ધનુષ પ્રમાણની અઠ્ઠાવીસ હજાર જિનપ્રતિમા ભરાવતાં જે પુણ્ય થાય છે, તેટલું પુણ્ય ઇરિયાવહી પડિક્કમતાં (લઘુ પ્રતિક્રમણ કરતા) બંધાય છે.

હવે આપણે આ લઘુ પ્રતિક્રમણના સૂત્રોના અર્થને ક્રમશઃ વિચારીશું.

# સૂત્ર-૯
# ૯ ઐર્યાપથિકી સૂત્ર
## ઈરિયાવહિયા સૂત્ર

ભૂમિકા :–

ધર્મની શરૂઆત બીજાનો વિચાર કરવાથી થાય છે. જીવ માત્ર સાથેની મૈત્રી, તે ધર્મનો પાયો છે. જેણે સિદ્ધ બનવું હોય તેણે જીવમાત્રના મિત્ર બનવું જ રહ્યું. વિશ્વના સર્વ જીવો પ્રત્યે સ્નેહનો પરિણામ ખીલવવો જ રહ્યો. સર્વ જીવ પ્રત્યેનો મધુર પરિણામ આત્માને જલદીથી પરમાત્મા બનાવે છે.

એકાદ જીવ પ્રત્યે પણ જો તિરસ્કાર કે ધિક્કારની લાગણી હોય તો ધર્મક્રિયા કરવામાં આનંદ કે ઉલ્લાસ પૂર્ણપણે પ્રગટી શકે નહિ. આરાધના કરીએ ખરા, પરન્તુ આરાધનાનું તાત્કાલિક ફળ જે ચિત્ત-પ્રસન્નતા છે, તે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય નહિ.

રેવરન્સ ફોર લાઇફ (જીવના જીવનનું બહુમાન કરો) એ સિદ્ધાન્ત કોઈ આજનો શોધાયેલો નથી. ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માએ આ વાત અનંતકાળથી આપણને જણાવી છે.

બધા જીવોનું બહુમાન કરો. નાનકડા કે તુચ્છ ગણાતા જીવમાં પણ શિવનું (પરમાત્માનું) દર્શન કરો.

જેમ આજની દેખાતી રફ (હીરાનો કાચો માલ) આવતીકાલનો મહામૂલ્યવાન હીરો છે, તેમ આજે અનેક દોષોથી ભરપૂર જણાતો જીવ આવતીકાલના પરમાત્મા છે. તેમના પ્રત્યે મનમાં કદી ય લેશ માત્ર પણ દુર્ભાવ ન થવો જોઈએ.

જે બીજા પ્રત્યે દુર્ભાવ કરે છે, તેના તરફ બીજાને પણ દુર્ભાવ થાય છે. જે બીજાને ત્રાસ આપે છે, તે ત્રાસ પામ્યા વિના રહી શકતો નથી. બીજાને હેરાન કરનારો શું સ્વયં હેરાન નહિ થાય ? બીજાને દુ:ખી કરનારો પોતે જીવનમાં સુખી શી રીતે થઈ શકે ? આ વાત નિશ્ચિતપણે મનમાં લખી રાખવી જોઈએ કે જે આપશું તે જ મળશે. બીજાને મોત આપશું તો મોત મળશે અને જીવન આપશું તો જીવન મળશે.

ધર્મક્રિયા શરૂ કરતાં પહેલા બીજા જીવોને જે ત્રાસ, કિલામણા પરિતાપ, પીડા આપણા દ્વારા ઉત્પન્ન કરાયેલ હોય તેની ક્ષમા માંગવા બે હાથ જોડીને, ગદ્‌ગદ થઈને આ ઈરિયાવહી સૂત્ર બોલવાનું છે.

જીવોની જુદી જુદી દસ રીતે વિરાધના થવાની શક્યતા છે. તેમાંથી જે રીતે વિરાધના થઈ ગઈ હોય, તેનું મિચ્છામિ દુક્કડં ભાવવિભોર બનીને આ સૂત્ર બોલવા દ્વારા માંગવાનું છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** ઐર્યાપથિકી સૂત્ર
* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** ઈરિયાવહી સૂત્ર
* (૩) **વિષય :** જતા-આવતા કોઈ પણ જીવની જે વિરાધના થઈ હોય, તેની ક્ષમા માંગવી.

**(૪) સૂત્રનો સારાંશ :** જીવ માત્ર પ્રત્યે પ્રેમ રાખો. કોઈના પણ પ્રત્યે દુર્ભાવ કે ધિક્કાર ન કરો. બધાને ક્ષમા આપો. બધાની ક્ષમા માંગો. પણ કોઈના ય પ્રત્યે વૈરનો ભાવ ન રાખો. મનમાં રખાતો વ્યક્તિ પ્રત્યેનો ડંખ પણ એક પ્રકારની માનસિક જીવહિંસા ગણાય. તે પણ ન રહેવા દો. સર્વ જીવો સાથે મૈત્રીભાવ કેળવો. તેમાં જરાક પણ ભૂલ થાય તો હૃદયથી ક્ષમા માંગો. હૃદયના પશ્ચાત્તાપપૂર્વક પ્રતિક્રમણ કરો. આ સિવાય જીવનમાં સાચા ધર્મનો આરંભ થઈ શકતો નથી.

**(૫) સૂત્ર :**

*ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !*
*ઈરિયાવહિયં પડિક્કમામિ ?*
*ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં,*
*ઈરિયાવહિયાએ, વિરાહણાએ*
*ગમણાગમણે, પાણક્કમણે,*
*બીયક્કમણે હરિયક્કમણે*
*ઓસા ઉત્તિંગ પણગ દગ-મટ્ટી*
*મક્કડા-સંતાણા, સંકમણે*
*જે મે જીવા વિરાહિયા*
*એગિંદિયા બેઈંદિયા તેઈંદિયા*
*ચઉરિંદિયા પંચિંદિયા*
*અભિહયા વત્તિયા લેસિયા સંઘાઈયા*
*સંઘટ્ટિયા પરિયાવિયા કિલામિયા ઉદ્દવિયા*
*ઠાણાઓ ઠાણં સંકામિયા*
*જીવિયાઓ વવરોવિયા*
*તસ્સ મિચ્છા મિ દુક્કડમ્.*

*** (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :**

* 'ઈરિયાવહિયં પડિક્કમામિ ?' આ વાક્ય પ્રશ્ન રૂપે છે, માટે પ્રશ્ન કરતા હોઈએ તે રીતે બોલવું.

* 'પડિક્કમિઉં' માં 'ઉ' ઉપર મીંડું બોલવું ભૂલવું નહિ. જરા ચેક કરી લો... 'ઉં' બોલતાં બે હોઠ ભેગા થયા કે નહિ ?

* 'પડિક્કમામિ, પડિક્કમિઉં, પાણક્કમણે વગેરે પદોમાં 'ક્ક' જોડાક્ષર છે. તે બોલતી વખતે તેની પૂર્વના અક્ષર ઉપર ભાર દેવો.

* 'પણગ-દગ, મટ્ટી-મક્કડા, સંતાણા-સંકમણે એ રીતે બે-બે પદો સાથે ન બોલવા. પણ 'પણગ' જુદુ બોલવું. પછી દગ-મટ્ટી સાથે બોલવું. મક્કડા-સંતાણા સાથે બોલવું. પછી અટકીને 'સંકમણે' પદ જુદું બોલવું.

* 'ઠાણાઓ ઠાણં સંકામિયા' સાથે બોલવું.
* 'જીવિયાઓ વવરોવિયા' સાથે બોલવું.
* 'તરસ' બોલીને જરા અટકવું.
* મિચ્છા મિ અને દુક્કડમ્, ત્રણે પદો જુદાં છે, તે ધ્યાનમાં રાખવું.

## (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| **ઈચ્છાકારેણ :** | (આપની) ઈચ્છા હોય તો | **જે મે જીવા :** | મેં જે જીવો |
| **સંદિસહ :** | આજ્ઞા આપશોજી. | **વિરાહિયા :** | વિરાધ્યા હોય |
| **ભગવન્ ! :** | હે ગુરુભગવંત | **એગિંદિયા :** | એક ઈન્દ્રિયવાળા |
| **ઈરિયાવહિયં :** | ઐર્યાપથિકી = જવા-આવવાની ક્રિયાથી-લાગેલા હિંસાદિ પાપોનું. | **બેઈન્દ્રિયા :** | બે ઈન્દ્રિયવાળા |
| | | **તેઈંદિયા :** | ત્રણ ઈન્દ્રિયવાળાં |
| | | **ચઉરિંદિયા :** | ચાર ઈન્દ્રિયવાળા |
| **પડિક્કમામિ :** | પ્રતિક્રમણ કરું. | **પંચિંદિયા :** | પાંચ ઈન્દ્રિયવાળા |
| **પડિક્કમેહ :** | પ્રતિક્રમણ કરો. | **અભિહયા :** | લાતથી માર્યા હોય |
| **ઈચ્છં :** | આપની આજ્ઞા સ્વીકારું છું. | **વત્તિયા :** | ધૂળથી ઢાંક્યા હોય |
| **ઈચ્છામિ :** | ઈચ્છું છું | **લેસિયા :** | જમીન ઉપર ઘસ્યા હોય |
| **પડિક્કમિઉં :** | પ્રતિક્રમણ કરવાને. | **સંઘાઈયા :** | ભેગા કર્યા હોય |
| **ઈરિયાવહિયાએ :** | ઐર્યાપથિકી ક્રિયાની | **સંઘટ્ટિયા :** | પરસ્પર અથડાવ્યા હોય |
| **વિરાહણાએ :** | વિરાધનામાં | **પરિયાવિયા :** | હેરાન (પરિતાપ) કર્યા હોય |
| **ગમણાગમણે :** | જવા-આવવામાં | **કિલામિયા :** | કિલામણા કરી હોય |
| **પાણક્કમણે :** | જીવો ઉપર ચાંપીને ચાલતા | **ઉદ્દવિયા :** | ઉદ્વેગ પમાડ્યો હોય |
| **બીયક્કમણે :** | બીજને ચાંપીને ચાલતા | **ઠાણાઓ ઠાણં :** | એક સ્થાનથી બીજા સ્થાને |
| **હરિયક્કમણે :** | લીલી વનસ્પતિને ચાંપીને ચાલતા | **સંકામિયા :** | ફેરવ્યા હોય |
| | | **જીવિયાઓ :** | જીવનથી |
| **ઓસા :** | ઝાકળ | **વવરોવિયા :** | રહિત કર્યા હોય |
| **ઉત્તિંગ :** | કીડીના નગરા | **તસ્સ :** | તે સંબંધી |
| **પણગ :** | પાંચ વર્ણની લીલ ફુગ | **મિચ્છા :** | મિથ્યા થાઓ |
| **દગમટ્ટી :** | કાદવ (પાણી + માટી) | **મિ :** | મારું |
| **મક્કડા સંતાણા :** | કરોળિયાના જાળાં | **દુક્કડમ્ :** | પાપ. (દુષ્કૃત) |
| **સંકમણે :** | ચાંપ્યા હોય | | |

## (૮) સૂત્રાર્થ :

**હે ગુરુદેવ ! આપની ઈચ્છા હોય તો મને આજ્ઞા આપશોજી, હું ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરું ? એટલે કે જવા-આવવા રૂપ ઈર્યાપથિકી ક્રિયા કરતાં જે હિંસાદિ પાપો થયાં હોય, તેની ક્ષમા માગું ?**

(ગુરુ : પડિક્કમેહ : પ્રતિક્રમણ કર. મારી રજા છે.) હું આપની આજ્ઞાનો સ્વીકાર કરું છું. ઐર્યાપથિકી ક્રિયા કરતાં થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ કરવાને હું ઇચ્છું છું.

જવા-આવવાની ક્રિયા કરતા જીવોને પગથી ચાંપીને ચાલતા, બીજને પગથી ચાંપીને ચાલતા, વનસ્પતિને પગથી ચાંપીને ચાલતા, ઝાકળ, કીડીના નગરાં, પાંચે વર્ણવાળી લીલ-ફુગ, પાણી-કાદવ, કરોળિયાના જાળાં વગેરે ઉપર ચાંપીને ચાલતાં. જે કોઈ જીવોની મેં વિરાધના કરી હોય;

(વિરાધના પામેલો) તે જીવ એકેન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય રૂપ એક ઇન્દ્રિયવાળા પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ) હોય, બેઇન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય, એ બે ઇન્દ્રિયવાળા શંખ-કોડા વગેરે) હોય તેઇન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયવાળા કીડી-માંકડ વગેરે) હોય. ચઉરિન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય, એ ચાર ઇન્દ્રિયવાળા માખી-ભમરા વગેરે) હોય કે પંચેન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય, એ પાંચે ઇન્દ્રિયવાળા ગાય-બળદ માણસ વગેરે) હોય.

તે જીવોને મેં

(૧) લાતથી માર્યા હોય
(૨) ધૂળથી ઢાંક્યા હોય
(૩) જમીન કે ભીંત સાથે ઘસ્યા હોય
(૪) અરસ-પરસ ભેગા કર્યા હોય
(૫) પરસ્પર અથડાવ્યા હોય
(૬) હેરાન-પરેશાન કર્યા હોય
(૭) કચડ્યા હોય કે તેમના અવયવો છૂટા પાડ્યા હોય
(૮) ડરાવ્યા હોય કે અતિશય ત્રાસ પમાડ્યો હોય
(૯) એક ઠેકાણેથી બીજા ઠેકાણે ફેરવ્યા હોય
(૧૦) સંપૂર્ણપણે મારી નાખ્યા હોય

તેનાથી જે કાંઈ પાપ લાગ્યું હોય તે બધું મારું પાપ

મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

**વિવેચન :** કોઈપણ વ્યક્તિના પ્રાણ હરી લેવા તે જ હિંસા નથી. તે સિવાય પણ અનેક રીતે આપણાથી હિંસા થઈ જાય છે. તેનું મિચ્છા મિ દુક્કડમ્ આ ઇરિયાવહિયા સૂત્ર દ્વારા દેવાય છે.

જુદી જુદી દસ રીતે હિંસા આપણાથી થઈ જાય છે. દુનિયાના વ્યવહારમાં તો છેલ્લી દસમા નંબરની હિંસાને જ હિંસા મનાયેલી જણાય છે, પણ તે સિવાયની બીજી પણ નવ પ્રકારની હિંસા છે. તે ન થઈ જાય તેની આપણે કાળજી રાખવાની છે.

વળી માત્ર મનુષ્યની કે કૂતરા-બિલાડાની જ નહિ, કીડી કે માંકડની જ નહિ, વનસ્પતિ કે પાણીના જીવોની પણ હિંસા ન થઈ જાય તે ધ્યાનમાં રાખવું.

આ જાણ્યા પછી પાણીનો વપરાશ ઘી ની જેમ જ થશે ને ? કાચું પાણી પીવાનું બંધ કરીને ઉકાળેલા પાણીનો ઉપયોગ શરૂ થઈ જ જશે ને ? ઇલેક્ટ્રિસીટી અને પંખા વગેરેના ઉપયોગમાં કાપ મુકાશે ને ?

જ્ઞાનસ્ય ફલં વિરતિ. જ્ઞાનનું ફળ પાપનો અટકાવ છે. જો પાપ અટકે નહિ તો કેમ ચાલે ?

કીડી-મંકોડાની રક્ષા કરનારા આપણે, ક્યારેક ભૂલથી કોઈ જીવ મરી જાય તો તરત દોડીને ગુરુ પાસે જઈને પ્રાયશ્ચિત્ત લેનારા આપણે, આપણી નજીક વસતા મનુષ્યોને ઉદ્વેગ પમાડતા નથી ને ? હેરાન-પરેશાન કરતા નથી ને ? ત્રાસ પહોંચાડતા નથી ને ? ગર્ભપાત ન કરાવાનો નિર્ણય છે ને ? કટુશબ્દો દ્વારા કોઈને ધરતીમાં ભંડારી દેતા નથી ને ? ટોંટ મારીને માનસિક ત્રાસ આપતા નથી ને ? આપણને આ બધી હિંસા લાગે છે ? તેનું પ્રાયશ્ચિત્ત કદી કરીએ છીએ ? જાતને પૂછવાની જરૂર છે. આત્મનિરીક્ષણ કર્યા વિના આત્મા પરમાત્મા શી રીતે બનશે ?

કીડી જે તરફથી આવી હોય તે તરફ જ પૂંજીને તેને લઈ જવી જોઈએ. જો તેનાથી વિપરીત દિશામાં લઈ જઈએ તો પોતાનું ઘર પાછું ન મળી શકતા તેને કેટલો ત્રાસ થાય ? ઠાણાઓ ઠાણં સંકામિયા પદથી તે હિંસાની ક્ષમા મંગાય છે.

દસે પ્રકારની વિરાધનાનું પ્રાયશ્ચિત્ત આ સૂત્રથી કરાય છે. તે જ બતાવે છે કે આમાંથી કોઈપણ પ્રકારની વિરાધના ન થઈ જાય તેની પળે પળે આપણે જાગૃતિ રાખવી જોઈએ.

દુનિયાના સર્વ ધર્મો હિંસાનો અર્થ 'મારવું' કરે છે. પણ જૈનશાસનની આ વિશેષતા છે કે તે દરેક પદાર્થને ખૂબ જ સૂક્ષ્મતાથી નિહાળે છે. અને તેથી જ માત્ર મારી નાંખવાથી ક્રિયાને જ હિંસા ન કહેતાં જૈન શાસને આ ઇરિયાવહિયા સૂત્ર દ્વારા લાત્થી માર્યા હોયથી માંડીને જીવિતવ્યરહિત કર્યા હોય ત્યાં સુધીની જુદી જુદી દસે પ્રકારની ત્રાસદાયક પ્રવૃત્તિઓને હિંસા કહી છે. જે તત્ત્વજ્ઞાન કોઈ પાસે નથી તે તત્ત્વજ્ઞાન જૈનશાસનના સૂત્રોમાં ઠાંસીઠાંસીને ભરેલું છે.

જૈનધર્મની આ જબરી વિશેષતા છે કે એણે હિંસાના નાનામાં નાના પ્રકારો માત્ર જણાવ્યા જ નથી, પણ હિંસાના સૂક્ષ્મ પ્રકારો જણાવીને એમાંથી છૂટવાનો ઉપાય પણ બતાવેલ છે. આવું ઊંડું અને સૂક્ષ્મતાભરેલું વર્ણન કરીને મહાપુરુષોએ ખૂબ જ કમાલ કરી છે.

વળી આ દસ પ્રકારે હિંસા જે જીવોની થાય છે તે જીવોનું જ જ્ઞાન ન હોય તો તે હિંસાને શી રીતે અટકાવી શકાય ? આ સૂત્રમાં એગિંદિયા વગેરે પદો દ્વારા એકેન્દ્રિય બેઇન્દ્રિય વગેરે પાંચે પ્રકારના જીવોનું વર્ણન પણ કરી દીધું છે !

અને...

જીવોના પ્રકારોને તથા જીવોની થતી દસ પ્રકારની હિંસાનું વર્ણન કરીને

જૈનશાસ્ત્રકારો અટકી નથી ગયા: પણ તે પાપથી મુક્ત થવાનો ઉપાય છેલ્લે 'મિચ્છા મિ દુક્કડમ્' પદ દ્વારા સચોટ રીતે બતાવ્યો છે.

પોતે કરેલી ભૂલનો ભૂલ તરીકે જ્યારે હાર્દિક સ્વીકાર થાય, ત્યારે તે બદલ પોતાને દુ:ખ થયા વિના ન રહે. તે આત્મા તરત જ ગુરુભગવંત પાસે જઈને પોતાનાથી થઈ ગયેલી ભૂલની કબૂલાત કરે જ. પોતાની ભૂલોનું ગુરુ પાસે જે નિવેદન કરાય તેને આલોચના કહેવાય છે. આ સૂત્રમાં 'જીવિયાઓ વવરોવિયા' સુધીના પદો આલોચના રૂપે છે.

ભૂલોનું નિવેદન કર્યા પછી, આ ભૂલો હવે ફરીથી ન કરવાથી ભાવનાપૂર્વક, થયેલી ભૂલોની ક્ષમા માંગવી તે પ્રતિક્રમણ છે. આ સૂત્રમાં 'મિચ્છા મિ દુક્કડમ્' પદો પ્રતિક્રમણ રૂપ છે.

આ સૂત્ર વડે થયેલા પાપોની આલોચના અને પ્રતિક્રમણ કરવાથી ચૈત્યવંદનાદિ અન્ય ક્રિયાઓ કરવામાં ઉલ્લાસ વધી જાય છે.

સૂત્ર-૭

# ૧૦ ઉત્તરીકરણ સૂત્ર

## તસ્સઉત્તરી સૂત્ર

ભૂમિકા :–

મેલાં કપડાંને ધોયા પછી પણ ઇસ્ત્રી વગેરે વડે તેને વિશેષ સુશોભિત બનાવાય છે, તેમ ઇરિયાવહીયા સૂત્ર વડે શુદ્ધિ કર્યા છતાં આત્માને વિશેષ શુદ્ધ બનાવવા માટેના માર્ગનો નિર્દેશ આ સૂત્રમાં કરવામાં આવ્યો છે.

નાના નાના પાપો તો આલોચના અને પ્રતિક્રમણ કરવાથી નાશ પામી ગયા, પરન્તુ જે મોટી ભૂલો થઈ ગઈ છે, તેની શુદ્ધિ-વિશુદ્ધિ માત્ર આલોચના કે પ્રતિક્રમણથી ન થાય. તે પાપને ખતમ કરવા કાયોત્સર્ગ કરવો જરૂરી છે, તે વાત આ સૂત્રમાં જણાવી છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** ઉત્તરીકરણ સૂત્ર
* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** તસ્સ ઉત્તરી સૂત્ર.
* (૩) **વિષય :** પાપોની વિશેષ શુદ્ધિ મેળવવા કાયોત્સર્ગ કરવાનો સંકલ્પ.
* (૪) **સૂત્રનો સારાંશ :** જૈન માત્રને મોક્ષ મેળવવાની ઇચ્છા હોય જ. જ્યાં સુધી પાપોની સંપૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં સુધી મોક્ષ તો મળે જ નહિ. તેથી પાપોની શુદ્ધિ કરવાની તેની તીવ્ર ભાવના હોય અને તે માટે કાયોત્સર્ગાદિ જે કાંઈ કરવું જરૂરી હોય, તે કરવા તે તૈયાર હોય. આ સૂત્રમાં વિશેષશુદ્ધિ મેળવવા કાયોત્સર્ગ કરવાનો સંકલ્પ કરાયો છે.

### (૫) સૂત્ર :

**તસ્સ**
***ઉત્તરી કરણેણં, પાયચ્છિત્ત કરણેણં,***
***વિસોહિ-કરણેણં, વિસલ્લી કરણેણં,***
***પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ***
***ઠામિ કાઉસ્સગ્ગં.***

### * (૬) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

સૂત્રમાં પુષ્કળ જોડાક્ષરો છે. તે બોલતી વખતે બરોબર ઉપયોગ રાખવો. જોડાક્ષરનો ઉચ્ચાર કરતી વખતે પૂર્વના અક્ષર પર ભાર આપવો.

### * (૭) શબ્દાર્થ :

**તસ્સ :** તેનું (ઇરિયાવહીયા સૂત્ર વડે શુદ્ધિ કરવા છતાં બાકી રહેલાં પાપોનું)
**ઉત્તરી કરણેણં :** કાઉસ્સગ્ગ રૂપી ઉત્તરક્રિયા કરવા માટે
**પાયચ્છિત્ત કરણેણં :** પ્રાયશ્ચિત્ત કરવા માટે
**વિસોહિ કરણેણં :** વિશેષ શુદ્ધિ કરવા માટે

વિસલ્લી કરણેણં : શલ્યો = દોષોથી રહિત કરવા માટે
પાવાણં : પાપ
કમ્માણં : કર્મોના
**નિગ્ઘાયણટ્ઠાએ :** સંપૂર્ણ નાશ કરવા માટે
ઠામિ : કરું છું.
કાઉસ્સગ્ગં : કાયોત્સર્ગ.

## (૮) સૂત્રાર્થ :

**ઈરિયાવહિયા સૂત્ર વડે આલોચના અને પ્રતિક્રમણ કર્યા પછી બાકી રહેલાં પાપોની શુદ્ધિ માટે (૧) કાયોત્સર્ગ રૂપ ઉત્તરકાર્ય કરવા વડે (૨) ગુરુની પાસે પ્રાયશ્ચિત્ત કરવા વડે (૩) વિશેષ શુદ્ધિ કરવા વડે (૪) આત્માને શલ્ય-દોષો વિનાનો કરવા માટે તથા (૫) પાપ-કર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે હું કાઉસ્સગ્ગ કરું છું.**

## * (૯) વિવેચન :

પાપોની વિશેષ શુદ્ધિ કરવા માટે કાઉસ્સગ્ગ કરવાનું આ સૂત્રમાં જણાવેલ છે.

કાઉસ્સગ્ગનું ફળ પાપકર્મોનો નાશ છે. પરન્તુ કાઉસ્સગ્ગ પોતે પાપકર્મનો નાશ શી રીતે કરે ? પાપકર્મોનો નાશ કરવાના ચાર સાધનોની જરૂર પડે છે. તે ચાર સાધનો પણ આ સૂત્રમાં નીચે પ્રમાણે જણાવ્યાં છે.

**(૧) ઉત્તરીકરણ :** ઈરિયાવહીયાથી પાપોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા છતાં બાકી રહી ગયેલાં પાપોને સંપૂર્ણ શુદ્ધ કરવાની કરાતી ક્રિયાને ઉત્તરીકરણ કહેવાય. તેના વડે પાપકર્મોનો નાશ થાય છે.

**(૨) પ્રાયશ્ચિત્તકરણ :** જે પાપો થઈ ગયાં છે, તેનું પ્રાયશ્ચિત્ત કરવાથી પાપોથી શુદ્ધિ થાય છે. અહીં કાયોત્સર્ગ રૂપી પ્રાયશ્ચિત્ત કરવા વડે પાપકર્મોનો નાશ કરવાનો છે.

**(૩) વિશોધિકરણ :** વિશિષ્ટ રીતે દોષોનું શોધન કરવાની ક્રિયા તે વિશોધિકરણ, તેજાબ કે તાપ વડે જેમ સોનાનું શોધન કરાય છે અને સાબુ વડે જેમ મેલાં વસ્ત્રોનું શોધન કરવામાં આવે છે તેમ આત્મામાં રહી ગયેલા દોષોનું શોધન કાઉસ્સગ્ગ વડે કરવાનું છે. આત્માની અંદર રહી ગયેલી મલિનતાઓનો નાશ કરવાની ક્રિયા તે આ વિશોધિકરણ.

**(૪) વિશલ્યીકરણ :** સેવેલા દોષોને આત્મામાં સંઘરી રાખવા તે શલ્ય કહેવાય છે. રસ્તે જતાં જો પગમાં કાંટો વાગી જાય તો તે તરત કાઢવો જ પડે. જો ન કાઢીએ તો તે સેપ્ટીક-ધનુર્ કરીને છેવટે મોતને ઘાટ પણ ઉતારી દે. આપણે જ્યાં પહોંચવું છે ત્યાં ન પહોંચવા દે. તેથી તો જ્યાં સુધી પગમાંથી કાંટો બહાર ન કાઢીએ ત્યાં સુધી આપણને

ચેન પડતું નથી.

આત્મામાં પણ આવા શલ્યો રહી જાય છે. તે દૂર ન કરીએ તો પાપોનો મૂળથી નાશ થતો નથી. મોક્ષનગરમાં પહોંચાતું નથી... અરે ! આ શલ્યો તો તિર્યંચ કે નરકગતિ રૂપી ખાઈમાં આત્માને પટકી નાખે છે. માટે આ શલ્યો આત્મામાંથી કાઢી જ નાખવાં જોઈએ.

આ શલ્યો ત્રણ પ્રકારના.છે.

(૧) **માયા શલ્ય :** કરેલાં પાપોને છુપાવવા માયા-કપટ કરવા. અંદર જુદું ને બહાર જુદું. વિચાર-ઉચ્ચાર અને આચારમાં તફાવત. છળ-પ્રપંચ વગેરે પણ માયા કહેવાય. તે શલ્ય છે. તે દૂર કરવાથી સરળતા-નિખાલસતા ગુણ ઉત્પન્ન થાય છે.

(૨) **નિયાણ શલ્ય :** બધી જ ધર્મારાધનાઓ મોક્ષ મેળવવા માટે કરવાની છે. પણ ધર્મક્રિયાના ફળરૂપે સંસારના સુખોની ઈચ્છા કરવી તે નિયાણશલ્ય.

(૩) **મિથ્યાત્વ શલ્ય :** સાચાને ખોટું અને ખોટાને સાચું માનવું તે મિથ્યાત્વ. વીતરાગ દેવ સિવાયના સરાગી દેવોને ભગવાન તરીકે માનવા, પંચમહાવ્રતધારી સુવિહિત સાધુને બદલે તેવા ન હોય તેને ગુરુ માનવા, કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સિવાયના અન્યધર્મને ધર્મ તરીકે સ્વીકારવો એ મિથ્યાત્વ કહેવાય. તે પણ શલ્ય રૂપ છે. મોક્ષમાં પહોંચાડવામાં વિઘ્નભૂત છે.

આ ત્રણે શલ્યોથી રહિત આપણા આત્માને બનાવવો જોઈએ. તેમ કરીએ તો આત્મા વિશલ્ય બન્યો ગણાય. આત્માને વિશલ્ય બનાવવા દ્વારા પાપકર્મોનો નાશ કરવાનો છે.

ઉત્તરીકરણ, પ્રાયશ્ચિત્તકરણ, વિશોધિકરણ અને વિશલ્યીકરણ, આ ચારે સાધનો વડે કાયોત્સર્ગ કરવાનો છે. જો આ ચારે સાધનો પૂર્વક કાયોત્સર્ગ કરીએ તો પાપકર્મોનો સંપૂર્ણ નાશ થઈ શકે.

જેમ કોઈના શરીરમાં કાંટો, કાચની કરચ કે લોખંડની કણી રૂપ શલ્ય પ્રવેશી ગયું હોય તો તે શલ્ય અંદરથી દૂર કરવું જરૂરી છે તેવા ભાન સાથે-

(૧) તેને તરત કાઢવા માટેનો પ્રયત્ન કરવો પડે.

(૨) તેની ઉપર એવી દવાઓ લગાડવી પડે કે જેથી તે ભાગ વધારે સૂજી ન જાય અને તેની અંદર રહેલું શલ્ય જલદી ઉપર આવી જાય.

(૩) વિરેચન, લાંઘન વગેરે વડે તેના કોઠાની વિશુદ્ધિ કરવી પડે કે જેથી અંદરનું

લોહી દૂષિત ન થાય અને

(૪) શલ્ય ઉપર આવી જતાં તેને હળવે રહીને ખેંચી કાઢવું પડે કે જેથી તમામ પીડા મટી જાય અને ઇષ્ટપ્રવૃત્તિ કરી શકાય.

આપણા આત્મામાં પણ પાપો રૂપી શલ્ય પ્રવેશી ગયું છે. તેને બહાર ખેંચી કાઢીને સ્વસ્થ બનવું જરૂરી છે. તે માટે ઉપરના જેવી જ નીચે જણાવેલી પ્રક્રિયાઓમાંથી પસાર થયા વિના કેમ ચાલે ?

(૧) તે પાપ રૂપી શલ્યને સૌ પ્રથમ બહાર લાવવાનો વિશેષ પ્રયત્ન કરવો પડે. ઉત્તારીકરણ

(૨) પછી આલોચના નિંદા, ગર્હા વગેરે રૂપી પ્રાયશ્ચિત્ત વડે ઉપર લાવવું પડે. (પ્રાયશ્ચિત્તકરણ)

(૩) જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના વડે આત્માની વિશુદ્ધિ કરવી પડે જેથી તે પાપરૂપી શલ્ય બીજી વિકૃતિને પેદા ન કરે. (વિશોધિકરણ)

(૪) નિંદિત ગર્હિત-આલોચિત તે પાપોને કાયોત્સર્ગ દ્વારા આત્મામાંથી એવી રીતે બહાર કાઢી દેવા પડે કે જેથી તે આત્માને કદી પણ કોઈ ઉપદ્રવ કરી ન શકે. (વિશલ્યીકરણં).

ઉપરોક્ત ક્રિયાઓ કરવા માટે કાયોત્સર્ગની સ્થિતિ અનુકૂળ છે.

# સૂત્ર-૮
# ૧૧ આગાર સૂત્ર
## અન્નત્થ સૂત્ર

ભૂમિકા :–

પરમપિતા પરમાત્મા મહાવીરદેવ વગેરે તીર્થંકર ભગવંતો દીક્ષાજીવન સ્વીકાર્યા બાદ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધીનો સાધનાકાળ સામાન્ય રીતે કાઉસ્સગ્ગ-ધ્યાનમાં વ્યતીત કરતા હતા.

આત્માના દોષોને ખતમ કરવા બાહ્યતપ અનશનની સાથે અભ્યંતરતપ તરીકે કાઉસ્સગ્ગ અને ધ્યાનની પણ અત્યંત આવશ્યકતા છે.

શરીરનો મોહ ઘટાડવા, કાયાને સ્થિર કરીને ભટકતા એવા ચંચળ મનને કાબૂમાં લેવા તથા એકાગ્ર ચિત્તે ધ્યાનમાં રહી આત્માની દબાયેલી શક્તિઓને જાગ્રત કરવા કાઉસ્સગ્ગ સર્વોત્કૃષ્ટ સાધન છે.

સર્વ ધર્મનો સાર અધ્યાત્મ છે. અધ્યાત્મનો સાર યોગ છે અને યોગનો સાર કાઉસ્સગ્ગ છે. માટે તો કાઉસ્સગ્ગને યોગી બનવા માટેનું પ્રથમ પગથિયું કહેવાયું છે ને !

પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે, આત્માની વિશુદ્ધિ કરવા માટે, ત્રણે શલ્યોને આત્મામાંથી ખેંચી કાઢવા માટે અને સર્વ કર્મોનો નાશ કરવા માટે કાઉસ્સગ્ગ એ અમોઘ ઉપાય છે. છ આવશ્યક, અભ્યંતરતપ અને દસ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં કાઉસ્સગ્ગનો સમાવેશ થાય છે.

વિધિપૂર્વક કાઉસ્સગ્ગ કરવાથી પાંચે ઇન્દ્રિયો ઉપર કાબૂ આવે છે. કષાયો શાન્ત પડે છે, રાગ-દ્વેષ ઉપર વિજય મેળવાય છે. મન શાંત બને છે અને છેવટે કેવળજ્ઞાન અને મોક્ષના શાશ્વત સુખની પ્રાપ્તિ પણ થાય છે.

કાઉસ્સગ્ગ માટે મૂળ શબ્દ છે કાયોત્સર્ગ. કાય=શરીર. ઉત્સર્ગ=ત્યાગ. શરીરનો સંપૂર્ણ ત્યાગ તો શક્ય નથી કેમ કે શરીર પોતે જ ધર્મનું મુખ્ય સાધન છે. શરીર વિના તો મોક્ષની આરાધના શી રીતે થઈ શકે ? તેથી શરીરનો નહિ પણ શરીરની ચંચળતાનો, શરીરની ક્રિયાઓનો અને શરીર ઉપરની માયા-મમતા-મૂર્ચ્છાનો ત્યાગ કરવાનો છે.

કાઉસ્સગ્ગમાં જાણે કે મડદાં જેવા સાવ નિશ્ચેષ્ટ બની જવાનું ! લાકડા જેવા સ્થિર બની જવાનું. બધી જ ક્રિયાઓનો ત્યાગ કરી દેવાનો, શરીર ઉપરના રાગને દૂર કરીને ધર્મધ્યાનમાં લીન બનવાનું. ડાંસ, મચ્છર ચટકા ભરે તો જેમ મડદું તેને ન ઉડાડે તેમ આપણે પણ નહિ ઉડાડવાના.

પરન્તુ મડદા કે લાકડામાં તો જેમ મોટી મોટી ક્રિયાઓ નથી થતી તેમ શ્વાસોચ્છ્વાસ લેવો વગેરે નાની નાની ક્રિયાઓ પણ થતી નથી. જો આપણે કાઉસ્સગ્ગમાં તેવી નાની નાની ક્રિયાઓનો પણ ત્યાગ કરી દઈએ તો શ્વાસોચ્છ્વાસ લીધા વિના જીવી શી રીતે શકાય ?

તેથી કાઉસ્સગ્ગ કરવાનાં પ્રતિજ્ઞાં કરતાં પહેલા જે વસ્તુઓનો ત્યાગ કરવો આપણા માટે અશક્ય છે, તેની છૂટ રાખવા માટે આ અન્નત્થ સૂત્ર કહેવામાં આવે છે.

જૈન ધર્મની એક પણ ક્રિયા આરોગ્યને નુકસાન થાય તેવી છે જ નહિ બલ્કે રોગને નિર્મૂળ કરીને આરોગ્ય અપાવનારી છે અને તેથી જ છીંક-બગાસું-વાછૂટ વગેરે રોકવાથી જો આરોગ્ય બગડે છે, તો તે રોકવાની ના પાડીને, કાઉસ્સગ્ગમાં પણ તેની છૂટ રાખવાનું આ અન્નત્થ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે.

કાઉસ્સગ્ગમાં રાખવામાં આવતી છૂટ માટે આગાર શબ્દ વાપરવામાં આવે છે. આ અન્નત્થ સૂત્રમાં કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા વખતે રાખવાના ૧૬ આગારનું, કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞાનું, કાઉસ્સગ્ગની સમયમર્યાદાનું તથા કાઉસ્સગના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** આગાર સૂત્ર

* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** અન્નત્થ સૂત્ર

* (૩) **વિષય :** કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા, આગાર, સમય-મર્યાદા તથા સ્વરૂપનું વર્ણન.

* (૪) **સૂત્રનો સારાંશ :** પાપોનો સંપૂર્ણ નાશ કરવા માટે ધ્યાન ધરવું જરૂરી છે. ધ્યાન રૂપી અગ્નિમાં ગમે તેવાં કર્મો પણ બળીને ખાખ થઈ શકે છે. આ ધ્યાન ધરવા માટે કાયાની મમતાને છોડવી અત્યંત જરૂરી છે. મન-વચન-કાયાની સ્થિરતા જરૂરી છે. તે માટે કાયોત્સર્ગ કરવો જોઈએ.

કોઈપણ પ્રતિજ્ઞા લીધા પછી પ્રાણાન્તે પણ તેમાં ભંગ ન કરી શકાય. પ્રતિજ્ઞા લેતાં પહેલાં પોતાની શક્તિ વિચારી લેવી અને જરૂર જણાય તો પહેલેથી જ કેટલીક છૂટછાટ રાખવી. પણ પ્રતિજ્ઞા લીધા પછી તો જે રીતે પ્રતિજ્ઞા લીધી હોય તે રીતે તેનું બરોબર પાલન અવશ્ય કરવું.

### * (૫) સૂત્ર : અન્નત્થ

*ઉસસિએણં નીસસિએણં, ખાસિએણં*
*છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં*
*વાય-નિસગ્ગેણં, ભમલીએ, પિત્ત-મુચ્છાએ*
*સુહુમેહિં અંગ સંચાલેહિં*
*સુહુમેહિં ખેલ સંચાલેહિં*
*સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં*
*એવમાઈ એહિં આગારેહિં*
*અભગ્ગો અવિરાહિઓ*
*હુજ્જ મે કાઉસ્સગ્ગો.*
*જાવ-અરિહંતાણં ભગવંતાણં*
*નમુક્કારેણં, ન પારેમિ*
*તાવ-કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં*
*અપ્પાણં વોસિરામિ.*

## ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :

* 'અનત્થ' નહિ પણ 'અન્નત્થ' છે. તે બરોબર ધ્યાનમાં રાખવું. 'ન્ન' બોલતા પૂર્વના અક્ષર 'અ' ઉપર બરોબર ભાર આપવો.

* ભમ્મલીએ' ન બોલતાં 'ભમલીએ' બોલવું. 'ભ' ઉપર ભાર ન આપવો.

* ત્રણે લીટીના 'સુહુમેહિં' અને 'સંચાલેહિં' પદોમાં છેલ્લા 'હિં' ઉપર રહેલું મીંડું બોલવાનું ભૂલવું નહિ. બોલીને જરાક ચેક કરી લો કે બે હોઠ ભેગા થયા કે નહિ ?

* 'એવમાઈ આગારેહિં' નહિ પણ 'એવમાઈ એહિં આગારેહિં' છે, તે ધ્યાનમાં રાખવું. 'એહિં' અને 'આગારેહિં'માં છેલ્લા 'હિ' ઉપર રહેલું મીંડું બોલવું ભૂલવું નહિ.

* 'જાવ અરિહંતાણં... વગેરે બોલતાં પહેલાં પોતે જેટલા લોગસ્સનો-નવકારનો કાઉસ્સગ્ગ કરવો હોય તે મનમાં ધારી લેવો.

* 'વોસરામિ' નહિ પણ 'વોસિરામિ'-છે તે ધ્યાનમાં લેવું.

## * (૬) શબ્દાર્થ

| | |
|---|---|
| અન્નત્થ : | સિવાય |
| ઉસસિએણં : | શ્વાસ લેવો |
| નીસસિએણં : | શ્વાસ છોડવો |
| ખાસિએણં : | ઉધરસ (ખાંસી) ખાવી |
| છીએણં : | છીંક ખાવી |
| જંભાઈએણં : | બગાસુ ખાવું |
| ઉડ્ડુએણં : | ઓડકાર ખાવો |
| વાયનિસગ્ગેણં : | વાછૂટ થવી |
| ભમલીએ : | ચક્કર આવવા |
| પિત્ત-મુચ્છાએ : | પિત્તના ઉછાળાથી બેભાન થવું |
| સુહુમેહિં : | સૂક્ષ્મ (ધીમે ધીમે) |
| અંગ-સંચાલેહિં : | અંગ-શરીર ફરક્યા કરવું |
| ખેલ-સંચાલેહિં : | કફ વગેરેનું ફરક્યા કરવું |
| દિટ્ઠિ સંચાલેહિં : | દૃષ્ટિ-ચંચળ આંખનું ફરક્યા કરવું |
| એવમાઈ એહિં : | એવી બીજી પણ |
| આગારેહિં : | છૂટો વડે |
| અભગ્ગો : | ભાંગ્યા વગરનો |
| અવિરાહિઓ : | વિરાધના થયા વગરનો |
| હુજ્જ : | થાઓ |
| મે : | મારો |
| કાઉસ્સગ્ગો : | કાઉસ્સગ્ગ |
| જાવ : | જ્યાં સુધી |
| અરિહંતાણ : | અરિહંત |
| ભગવંતાણં : | ભગવંતોને |
| નમુક્કારેણં : | નમસ્કાર કરવા વડે |
| ન પારેમિ : | ન પારું |
| તાવ : | ત્યાં સુધી |
| કાયં : | કાયાને (શરીરને) |
| ટાણેણં : | સ્થાન વડે |
| મોણેણં : | મૌન વડે |
| ઝાણેણં : | ધ્યાન વડે |
| અપ્પાણં : | આત્માને (અર્થાત્ એવી મારી જાતને) |
| વોસિરામિ : | વોસિરાવી (તજી) દઉં છું. |

## * (૭) સૂત્રાર્થ :

અન્નત્થ - સિવાય. હવે પછી જણાવાતી છૂટો સિવાય હું કાયોત્સર્ગ કરું છું. તે છૂટો (આગારો) આ પ્રમાણે છે : (૧) શ્વાસ લેવાથી (૨) શ્વાસ છોડવાથી (૩) ખાંસી

**આવવાથી (૪) છીંક આવવાથી (૫) બગાસુ આવવાથી (૬) ઓડકાર આવવાથી (૭) વાછૂટ થવાથી (૮) ચક્કર આવવાથી (૯) પિત્તના ઉછાળાથી બેભાન થવાથી (૧૦) સૂક્ષ્મપણે શરીર ફરકવાથી (૧૧) સૂક્ષ્મપણે શરીરમાં કફ વગેરેના ફરવાથી (૧૨) સૂક્ષ્મપણે આંખ ફરકવાથી.**

**આ (૧૨ આગારો) અને એવા બીજા પણ (ચાર) આગારો વડે**

**(બીજા ચાર આગારો = છૂટો : (૧) જ્યાં કાઉસ્સગ્ગ કરતા હોઈએ ત્યાં આગ લાગી જવાના કે અગ્નિ-દીવા વગેરેની ઉજેહી આવવાના કારણે ખસવાથી (૨) પંચેન્દ્રિય જીવની હત્યા થતી હોય કે આડ પડતી હોય ત્યારે ખસવાથી (૩) ચોર કે રાજા અંગેનો એકાએક ભય ઊભો થતાં ખસવાથી કે (૪) સાપ વગેરે ઝેરી પ્રાણીઓના ડંખનો કે ભીંત વગેરે પડવાનો ભય હોય ત્યારે આઘાપાછા થવું પડે તો.)**

**મારો કાયોત્સર્ગ ભાંગ્યા વિનાનો અને વિરાધના વિનાનો થાઓ. (સમયમર્યાદાઃ) જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરવા વડે ન પારું ત્યાં સુધી**

**(કાઉસ્સગ્ગનું સ્વરૂપઃ) કાયાને એક સ્થાને (કાઉસ્સગ્ગની મુદ્રામાં) રાખવા વડે, (વાણીને) મૌન રાખવા વડે (મનથી) ધ્યાન ધરવા વડે મારા (પાપીષ્ઠ) આત્માને હું વોસીરાવું છે, છોડી દઉં છું, ત્યાગી દઉં છું.**

## * (૮) વિવેચન :

આ અન્નત્થ સૂત્ર મુખ્યત્વે ચાર વિભાગોમાં વહેંચાયેલું છે (૧) કાઉસ્સગ્ગના આગાર (૨) કાઉસ્સગ્ગની સમયમર્યાદા (૩) કાઉસ્સગ્ગનું સ્વરૂપ અને (૪) કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા.

**(૧) આગાર :** કાઉસ્સગ્ગ દરમ્યાન સંપૂર્ણ કાયવ્યાપાર ત્યાગવો શક્ય નથી. સૂક્ષ્મ સૂક્ષ્મ કાયવ્યાપાર તો ચાલું જ રહે છે. તેથી લીધેલી કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે માટે પહેલેથી જ છૂટ રાખવામાં આવે છે. જે છૂટને આગાર કહેવામાં આવે છે. જો આવા આગારો રાખવામાં ન આવે તો કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા ભાંગવાનો ભયંકર દોષ લાગે.

જૈન શાસનમાં પ્રતિજ્ઞાનું પુષ્કળ મહત્ત્વ છે. જે પાપકાર્ય આપણે ન કરતાં હોઈએ, તેના ત્યાગની પ્રતિજ્ઞા છતાં જો ન કરી હોય તો તેનું પાપ આપણને લાગ્યા જ કરે છે. તેથી તે પાપો ન લગાડવા પ્રતિજ્ઞા કરવી જરૂરી છે. પણ સાથે સાથે લીધેલી પ્રતિજ્ઞાનું પૂર્ણપણે પાલન પણ થવું જ જોઈએ. કેમકે લીધેલી પ્રતિજ્ઞાને તોડી નાંખવી તે ઘણું મોટું પાપ છે.

જો આપણામાં પ્રતિજ્ઞાનું સંપૂર્ણતઃ પાલન કરવાની શક્તિ ન જણાતી હોય તો પ્રતિજ્ઞા લેતી વખતે જ પહેલેથી કેટલીક છૂટછાટ રાખી લેવી પરન્તુ લીધેલી પ્રતિજ્ઞાને તો ક્યારેય ભાંગવી નહીં.

વંકચૂલે નાના નાના ચાર નિયમો લીધેલા પણ લીધા પછી આવેલી આકરી

કસોટીમાં પણ તેનું બરોબર પાલન કર્યું તો તેનું કલ્યાણ થઈ ગયું.

પ્રતિજ્ઞાના ભંગના ભયથી પ્રતિજ્ઞા જ ન લેવી તે વાત બરોબર નથી. પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે માટે છૂટછાટ રાખીને પણ પ્રતિજ્ઞા તો લેવી જ. પ્રતિજ્ઞાના પાલન વિના મોક્ષ થવો મુશ્કેલ છે.

હૃદયના ઊછળતા ભાવ સાથે અને પાલન કરવાના દૃઢ નિર્ધાર સાથે પ્રતિજ્ઞા લીધા પછી તેવા કોઈક આકસ્મિક સંયોગે કદાચ પ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય તો છેવટે ગુરુભગવંત પાસે જઈને તેનું પ્રાયશ્ચિત્ત લઈ લેવું.

પાપકર્મોના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરવાની છે, પણ તેનો ભંગ ન થઈ જાય તે માટે સોળ પ્રકારની છૂટ (આગાર) રાખવી જરૂરી છે.

જેમાંની શ્વાસ લેવો, મૂકવો વગેરે બાર પ્રકારની છૂટો શરીરના ધર્મોને અનુલક્ષીને છે, જો તે ચીજો રોકવામાં આવે તો અનેક રોગોથી માંડીને છેવટે મૃત્યુ સુધીની શક્યતાઓ ઊભી થાય છે. તે શક્યતાઓને દૂર કરવા ૧૨ છૂટો બતાવી છે.

બાકીની ચાર છૂટો આકસ્મિક પ્રસંગોને લગતી છે. કલ્પના પણ ન હોય તેવા પ્રસંગો ઉપસ્થિત થઈ જાય તો પણ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે માટે તે છૂટો બતાવી છે.

(૧) આપણે જ્યાં કાઉસ્સગ્ગ કરતા હોઈએ ત્યાં અચાનક તે મકાનને આગ લાગે તો ચાલુ કાઉસ્સગ્ગમાં આપણાથી ખસી શકાય, અન્ય સલામત સ્થળે જઈ પણ શકાય. ત્યાં જઈને તરત અધૂરો કાઉસ્સગ્ગ પૂરો કરીએ તોપણ આપણો કાઉસ્સગ્ગ અખંડિત જ ગણાય.

તે જ રીતે કાઉસ્સગ્ગ કરતી વખતે જો આપણા શરીર ઉપર લાઈટ, દીવા વગેરેનો પ્રકાશ પડે તો ઉજેહી આવી કહેવાય, તેવા સમયે ત્યાંથી તરત ખસી જઈને કે કામળી વગેરે ઓઢી લઈને અધૂરો કાઉસ્સગ્ગ પૂરો કરી શકાય.

(૨) આપણે જ્યાં કાઉસ્સગ્ગ કરતા હોઈએ ત્યાં આપણી નજર સામે જ પંચેન્દ્રિયજીવોની હત્યા થતી હોય, છેદન-ભેદન થતું હોય તો આપણા કોમળ પરિણામની રક્ષા કરવા માટે ત્યાંથી અન્યત્ર જઈને બાકીનો અધૂરો કાઉસ્સગ્ગ પૂર્ણ કરી શકાય.

સ્થાપનાચાર્યજી અને આપણી વચ્ચેથી કોઈપણ પંચેન્દ્રિય જીવ પસાર થાય તો આડ પડી ગણાય. તેવી આડ પડવાથી શક્યતા જણાય ત્યારે આડ પડતી અટકાવવા આપણે ચાલુ કાઉસ્સગ્ગમાં સ્થાપનાચાર્યજીની નજીકમાં જઈએ તો કાઉસ્સગ્ગ ભાંગતો નથી.

(૩) રાજા, ચોર કે ડાકુ-ગુંડા જેવા કોઈપણ માણસો તરફથી આક્રમણ આવે તો ચાલુ કાઉસ્સગ્ગમાં પણ બીજે જઈ શકાય.

(૪) સાપ, વાઘ, સિંહ વગેરે હિંસકપ્રાણીઓ કે ભીંત પડવા વગરેનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે ચાલુ કાઉસ્સગ્ગમાં અન્ય સ્થાને જઈને અધૂરો કાઉસ્સગ્ગ પૂર્ણ કરી શકાય છે.

જે આત્માઓ વિશિષ્ટ સત્ત્વશાળી છે. ગમે તેવા પ્રસંગોમાં પણ આત્માની સમાધિને સાચવી શકે છે, તેવા આત્માઓ આવી છૂટોનો ઉપયોગ કરતા નથી. ખંધકમુનિ, ગજસુકુમાલ મુનિ, સુકોશલમુનિ વગેરે અનેક મહા-પુરુષોના પ્રસંગો શાસ્ત્રોમાં વાંચવા મળે છે કે જેઓએ મરણાન્ત ઉપસર્ગોમાં પણ છૂટ લીધી નથી.

પણ બધાની તાકાત સરખી હોતી નથી. નબળા મનોબળવાળા જીવોને છૂટ રાખવી જરૂરી બને છે. વળી છૂટ રાખી એટલે તેનો ઉપયોગ કરવો જ, એવું નથી. છૂટ રાખવા છતાં ય તેનો ઉપયોગ ન કરવામાં કોઈ વાંધો નથી. જરૂર પડે અને સત્ત્વ ન પહોંચે તો છૂટનો ઉપયોગ પણ કરી શકાય.

જો કાઉસ્સગ્ગમાં બિલકુલ છૂટ ન આપવામાં આવે તો નબળા મનવાળા આત્માઓને તેવી પરિસ્થિતિમાં ખૂબ જ અશુભ વિચારો આવવા રૂપ અસમાધિ થતાં તેઓ ભારે અહિત કરી બેસે. આવું ન થાય તે માટે શાસ્ત્રકાર પરમર્ષિઓએ આ સૂત્ર વડે પહેલેથી જ કાઉસ્સગ્ગમાં ૧૬ છૂટ રાખવાનું જણાવી દીધું છે.

પણ આ સોળ સિવાયની બાકીની બધી જ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાનો હોય છે.

જો આ સોળમાંથી કોઈપણ પ્રવૃત્તિ થાય તો કાઉસ્સગ્ગ ભાંગતો નથી કે વિરાધનાવાળો બનતો નથી, પરન્તુ જો સોળ સિવાયની કોઈપણ પ્રવૃત્તિ કરીએ તો કાઉસ્સગ્ગ ભાંગી જાય છે કે વિરાધિત બને છે.

કેટલાક લોકો કાઉસ્સગ્ગમાં આંગળીના વેઢા વડે કે નવકારવાળી વડે લોગસ્સ કે નવકાર ગણે છે. પણ તે બરોબર નથી. આંગળી હલાવવાની છૂટ અન્નત્થ સૂત્રમાં ક્યાંય બતાવવામાં આવી નથી.

તે જ રીતે કેટલાક લોકો કાઉસ્સગ્ગમાં હસે છે, હું... હું... અવાજ કરે છે, તે પણ બરોબર નથી. તેનાથી કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞાનું શુદ્ધ પાલન થતું નથી.

ઘડો જ્યારે પૂરેપૂરો તૂટી જાય, પાણી ભરવા પણ કામ ન લાગે તેવો ફૂટી જાય ત્યારે તેને ભાંગી ગયો કહેવાય. પણ જો તેનો ઉપરનો કાંઠલો તૂટી ગયો હોય અને પાણી ભરવાના કામમાં લાગી શકે તેમ હોય તો તેને નંદવાયો (ખંડિત થયેલો) કહેવાય.

આ જ રીતે કાઉસ્સગ્ગ જો પૂરેપૂરો ભાંગી જાય તો ભગ્ન કહેવાય અને અમુક અંશમાં ભાંગે તો વિરાધિત કહેવાય.

ઉપરની ૧૬ છૂટ રાખવા દ્વારા કાઉસ્સગ્ગ કરનારની ભાવના પોતાના કાઉસ્સગ્ગને અભગ્ન અને, અવિરાધિત રાખવાની છે.

'અન્નત્થ... હુજ્જ મે કાઉસ્સગ્ગો' સુધી આ પ્રથમ 'આગાર વિભાગ' છે.

**(૨) કાઉસ્સગ્ગની સમયમર્યાદા :**

કાઉસ્સગ્ગની ઉત્તમતા અને ઉપકારકતાને નજરમાં લેતા, તેની આરાધના જેટલો વધારે સમય થાય તેટલી કરવી જોઈએ. તેમ છતાં આપણું વર્તમાન જીવન અનેક

જવાબદારીવાળું અને મર્યાદિત શક્તિવાળું હોવાથી તેની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

કાઉસ્સગ્ગની મર્યાદા ઘડી, યંત્ર કે ઘડિયાળના આધારે નક્કી કરી શકાય નહિ, કારણ કે તેમ કરતાં વારંવાર તેનું ધ્યાન રાખવું પડે. પરિણામે કાઉસ્સગ્ગનું સ્વરૂપ જ પલટાઈ જાય.

તેથી કાઉસ્સગ્ગનું પ્રમાણ શ્વાસોચ્છ્વાસના આધારે નક્કી કરવામાં આવ્યું છે. જેમકે રાઈપ્રતિક્રમણમાં ૨૫ શ્વાસોચ્છ્વાસનો, દેવસિપ્રતિક્રમણમાં ૫૦ શ્વાસો.નો, પક્ખિ પ્રતિક્રમણમાં ૩૦૦ શ્વાસો.નો, ચોમાસી પ્રતિક્રમણમાં ૫૦૦ શ્વાસો.નો અને સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસો.નો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

*पाय समा ऊसासा, कालपमाणेण हुंति नायव्वा ।*
*एयं कालपमाणेणं, उस्सग्गेणं तु नायव्वं ॥*

કાઉસ્સગ્ગ માટે ગાથાના પાદ (ચોથા ભાગ)ને ૧ શ્વાસો. પ્રમાણ ગણવો. એ પ્રમાણે શાસ્ત્રીય વ્યવસ્થા હોવાથી જ્યારે ૨૫ શ્વાસો. નો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે ત્યારે 'ચંદેસુ નિમ્મલયરા' સુધીના લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે.

લોગસ્સમાં સાત ગાથા છે. દરેક ગાથાની ૪-૪ લીટી છે. ૧ લીટીનો ૧ શ્વાસો. થાય, તેથી ૬ ગાથાની ૬ × ૪ = ૨૪ લીટીમાં ૭મી ગાથાની ૧લી લીટી ચંદેસુ નિમ્મલયરા ઉમેરીએ એટલે ૨૫ શ્વાસો. નો કાઉસ્સગ્ગ થઈ જાય. તે જ રીતે દેવસિ પક્ખિ, ચોમાસી પ્રતિક્રમણમાં અનુક્રમે ૫૦ - ૩૦૦ - ૫૦૦ શ્વાસો.નો કાઉસ્સગ્ગ કરવા ચંદેસુ નિમ્મલયરા સુધીના ૨, ૧૨ અને ૨૦ લોગસ્સનો (૨૦ × ૨૫ = ૫૦૦) કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

નવકારના પદો નવ છે પણ સંપદા આઠ છે. તેથી ૧ નવકાર આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ ગણાય છે. સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસો. નો કાઉસ્સગ્ગ કરવાનો હોવાથી ૪૦ લોગસ્સને ૧ નવકાર (૪૦ × ૨૫ = ૧૦૦૦ + ૮ =૧૦૦૮ શ્વાસો.)નો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

રાત્રે કામવાસના સંબંધિત ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત ૧૦૮ શ્વાસો. પ્રમાણના કાઉસ્સગ્ગનું છે. તેથી સવારે રાઇપ્રતિક્રમણમાં કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ સાગરવરગંભીરા સુધીના ચાર લોગસ્સ (૨૭ લીટી × ૪ = ૧૦૮ શ્વાસો.)નો કરવાનો હોય છે.

કાઉસ્સગ્ગમાં ખરેખર તો લોગસ્સ જ ગણવાનો હોય છે. જેને લોગસ્સ સૂત્ર ન આવડતું હોય તેણે તરત જ ગોખી લેવું જોઈએ. કેમકે ૨૫ શ્વાસો. ના કાઉસ્સગ્ગ માટે ચંદેસુ નિમ્મલયરા સુધીનો લોગસ્સ બોલવાને બદલે ચાર નવકાર ગણીએ તો ૪ × ૮ = ૩૨ શ્વાસો. પ્રમાણ કાઉસ્સગ્ગ થઈ જાય છે. આ તો જે બાળજીવોને લોગસ્સ સૂત્ર આવડતું જ નથી, તેવા જીવો જ્યાં સુધી લોગસ્સ સૂત્ર ગોખી ન લે ત્યાં સુધી આરાધનાથી

વંચિત ન રહી જાય તે માટે લોગસ્સ ન આવડે તેને ચાર નવકાર ગણવાનું જણાવ્યું છે. પણ તેનો અર્થ એવો નથી કે લોગસ્સ ન ગોખીને જિંદગીના છેડા સુધી લોગસ્સના બદલે નવકાર જ ગણ્યા કરવા ! તેથી શુદ્ધ કાઉસ્સગ્ગ કરવા દરેકે લોગસ્સ સૂત્રને બરોબર ગોખી લેવું જોઈએ.

ત્રણ વખત બે બે ગોળી લેવાના બદલે કોઈ એકીસાથે છ ગોળી લે તો શું થાય ? જે દવા જેટલા પ્રમાણમાં જ્યારે લેવાની હોય, તે દવા તેટલા જ પ્રમાણમાં ત્યારે જ લે તો જ ફાયદો થાય. બસ તે જ રીતે જે કાઉસ્સગ્ગમાં જેટલા લોગસ્સ, જ્યાં સુધી ગણવાના કહ્યા હોય, તે કાઉસ્સગ્ગમાં તેટલા જ લોગસ્સ, ત્યાં સુધી જ ગણાય, પણ તેથી વધારે કે ઓછા ન ગણાય તે વાત ધ્યાનમાં રાખવી.

ઈરિયાવહી, સામાયિક લેવા-પારવા વગેરે ક્રિયાઓમાં ચંદેસુ નિમ્મલયરા સુધી જ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે પણ સંપૂર્ણ લોગસ્સનો નહિ, તે વાત ધ્યાનમાં રાખવી.

વળી આ કાઉસ્સગ્ગ 'નમો અરિહંતાણં' કહીને પારવાનો હોય છે. માટે જ સૂત્રમાં જણાવ્યું છે કે જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું ત્યાં સુધી.....

આ સૂત્રમાં 'જાવ, અરિહંતાણં.....ન પારેમિ' સુધીનો 'કાઉસ્સગ્ગની સમયમર્યાદા વિભાગ છે.

*** (૩) કાઉસ્સગ્ગનું સ્વરૂપ :**

આધ્યાત્મિક જીવનમાં મનની શુદ્ધિનું પુષ્કળ મહત્ત્વ છે. મનઃશુદ્ધિ વિના આત્મશુદ્ધિ શક્ય નથી. આ ભટકતાં મનને શુદ્ધ કરવું જોઈએ, અને આવેલી શુદ્ધિ ચાલી ન જાય તે માટે તકેદારી રાખવી જોઈએ.

કાયાની પ્રવૃત્તિ જ્યાં સુધી ચાલુ હોય છે, ત્યાં સુધી મનમાં વિક્ષેપ થયા કરે છે. પરિણામે મનઃશુદ્ધિ પ્રાપ્ત થતી નથી. તેથી કાઉસ્સગ્ગમાં કાયાને સૌપ્રથમ સ્થિર કરવામાં આવે છે.

બે પગની બે પાની વચ્ચે ચાર આંગળ અને પાછળ બે એડી વચ્ચે તેનાથી થોડુંક ઓછું અંતર રાખીને સ્થિર ઊભા રહેવાનું હોય છે. બે હાથ લટકતા ટટ્ટાર રાખવાના, દૃષ્ટિને નાસિકાના અગ્ર ભાગ ઉપર અથવા સ્થાપનાચાર્યજી કે ભગવાન સન્મુખ સ્થિર રાખવાની.

વાણીના પ્રયોગનો પણ મન સાથે સંબંધ છે. તેથી મનને સ્થિર કરવા વાણીને પણ બંધ કરવી જ પડે. તેથી કાયાને જેમ એક સ્થાને ઉપરોક્ત રીતે સ્થિર કરવાની છે તેમ વાણીને પણ મૌનમાં રાખવાની છે. આમ કરવાથી મનની સ્થિરતા સાધી શકાય છે. પણ મન તો માંકડું છે ! જો તેને ક્યાંક શુભભાવમાં જોડવામાં ન આવે તો અશુભમાં જોડાયા વિના રહેતું નથી, તેથી મનને ધ્યાનમાં જોડવાનું છે. તેમ થતાં મનઃશુદ્ધિથી આત્મશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

આમ, આત્મશુદ્ધિ માટે કાયાને એક સ્થાને રાખવા વડે, વાણીને મૌન વડે અને મનને ધ્યાન વડે જોડીને કાઉસ્સગ્ગ કરવાનું જણાવ્યું છે.

સૂત્રમાં 'તાવ કાયં... ઝાણેણં' સુધી કાઉસ્સગ્ગનું સ્વરૂપ વિભાગ છે.

*** (૪) કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા :**

'દેહાધ્યાસનો ત્યાગ' એ પરમાત્મા બનવા માટેનું પહેલું પગથિયું છે. હું એટલે આત્મા, તેના બદલે શરીરને જ 'હું' માનવું તે દેહાધ્યાસ છે, અને તે દેહાધ્યાસને જ મુખ્ય બનાવીને જે કાંઈ વિચારો, ઉચ્ચારો કે વ્યવહારો કરવા તે બહિર્મુખતા છે. આવું જીવન જ્યાં સુધી ચાલે ત્યાં સુધી આત્માનો વિકાસ થતો નથી.

પણ આત્માને જ 'હું' માનીને, તેને કેન્દ્રસ્થાને માનીને જે કાંઈ વિચારો, ઉચ્ચારો કે વ્યવહારો કરાય તે અંતર્મુખતામાં સમાવેશ પામે. તેનાથી જ આત્માનો વિકાસ થાય.

હું કાયોત્સર્ગ કરું છું એવી પ્રતિજ્ઞાનો અર્થ હું આત્મા, મારાથી પર (જુદી) એવી કાયાનો ત્યાગ કરું છું, એવો થાય છે. એટલે કે જ્યાં સુધી હું કાઉસ્સગ્ગ કરું છું ત્યાં સુધી હું મારાથી પર એવી કાયાના લાલન-પાલનમાં ઉદાસીન બનું છું. હવે તે કાયા ઉપર કોઈપણ ઉપસર્ગ કે પરિષહ આવશે તોપણ હું તે કાયાને મારી માનીને તે ઉપસર્ગાદિનો સામનો નહિ કરું કે તે કાયાને બચાવવાનો કોઈપણ પ્રયત્ન નહિ કરું પરન્તુ મારા શુદ્ધ સ્વરૂપમાં રમણ કરીશ.

આ છે આપણા કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા. તેનાથી દેહાધ્યાસના ત્યાગ રૂપ આત્મવિકાસના મહત્ત્વના પાયાને સર કરાય છે.

આ સૂત્રમાં 'અપ્પાણં વોસિરામિ' પદો 'કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા' વિભાગ છે.

# સૂત્ર-૯
# ૧૨ નામસ્તવ સૂત્ર
## લોગસ્સ સૂત્ર

**ભૂમિકા :–**

પ્રાણપ્રિય મોક્ષને પ્રાપ્ત કરવા પાપોનો નાશ કર્યા વિના ન ચાલે. પાપોનો નાશ કરવા માટેનું અમોઘ સાધન કાઉસ્સગ્ગ છે.

આ કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞા તથા તેમાં રાખવી પડતી છૂટછાટ (આગારો)નું વર્ણન અન્નત્થ સૂત્રમાં કરવામાં આવ્યું. કાઉસ્સગ્ગ દરમ્યાન મનને ધ્યાનમાં, વચનને મૌનમાં અને કાયાને એક સ્થાનકે રાખવાની વાત પણ તેમાં જણાવાઈ.

પણ મન તો માંકડું છે. તે તો ચારે બાજુ કૂદ્યા કરે છે. દુનિયાભરમાં રખડ્યા કરે છે. તેને એક ખિલ્લે બાંધ્યા વિના શી રીતે સ્થિર કરી શકાય ?

તેથી કાઉસ્સગ્ગ દરમ્યાન મનને ધ્યાનરૂપ ખીલે બાંધવું જરૂરી છે. પણ ધ્યાન કોનું ધરવું ?

પાણી જોઈતું હોય તો માટલી પાસે જવું જોઈએ કેમ કે પાણી માટલીમાં છે. શાહી જોઈતી હોય તો બાટલી પાસે જવું જોઈએ કેમ કે શાહી બાટલીમાં છે. જે જોઈતું હોય તે જેની પાસે હોય, તેની પાસે જવું જોઈએ.

આપણને દોષોનો ક્ષય જોઈએ છે. પાપોનો નાશ જોઈએ છે. આત્માની શુદ્ધિ જોઈએ છે. તે માટે તો કાઉસ્સગ્ગ કરીએ છીએ. તેથી તે બધું જેણે પ્રાપ્ત કર્યું છે, તે અરિહંત ભગવંતોના શરણે આપણે જવું જ જોઈએ. તેથી જ કાઉસ્સગ્ગમાં, સર્વદોષોથી રહિત, ગુણોના સ્વામી એવા ૨૪ ભગવંતોનું નામસ્મરણ કરવા માટે, તેમનું ધ્યાન ધરવા માટે આ લોગસ્સ સૂત્ર ગણીએ છીએ.

આ લોગસ્સ સૂત્રમાં વર્તમાન ચોવીસીના ૨૪ ભગવંતના નામો છે. આ સૂત્રમાં કુલ સાત ગાથા છે. તેમાંની ત્રીજી, ચોથી અને પાંચમી ગાથામાં (દરેકમાં આઠ-આઠ) ૨૪ ભગવાનના નામ આવે છે.

આ લોગસ્સ સૂત્ર પણ શાશ્વત છે. પરન્તુ તેની ૩, ૪, ૫ ગાથામાં ભગવાનના નામો તે તે ચોવીસી પ્રમાણે બદલાયા કરે છે. બાકીની ગાથા સદા તે જ રહે છે.

આવા મહાન શાશ્વત સૂત્રના આલંબને કાઉસ્સગમાં મનને ધ્યાનમાં જોડવાનું છે.

કાઉસ્સગ્ગ પૂર્ણ થતાં પ્રાપ્ત થયેલી શુદ્ધિનો આનંદ હૃદયમાં ઊભરાય છે. અત્યંત આનંદિત બની ગયેલો આત્મા, જેના ઉપકારથી પોતે પાપોથી હળવો થયો છે, તે ઉપકારી અરિહંત ભગવંતોને યાદ કર્યા વિના શી રીતે રહી શકે ? તેથી કાઉસ્સગ્ગ પૂર્ણ થતા ફરીથી આ લોગસ્સ સૂત્ર પ્રગટપણે બોલવા દ્વારા કૃતજ્ઞતા ગુણને પ્રગટ કરે છે.

આમ, કાઉસ્સગ્ગમાં ગણાતો લોગસ્સ આત્મામાં શુદ્ધિને ઉત્પન્ન કરવા માટે છે, જ્યારે કાઉસ્સગ્ગ પછી પ્રગટ બોલાતો લોગસ્સ શુદ્ધિ મળ્યાના ઉલ્લાસને તથા કૃતજ્ઞતા ગુણને પ્રગટ કરવા માટે છે.

* **(૧) જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** નામસ્તવ સૂત્ર

* **(૨) લોકોમાં પ્રચલિત નામ :** લોગસ્સ સૂત્ર.

* **(૩) વિષય :** ૨૪ ભગવંતોની નામપૂર્વક સ્તવના કરીને મોક્ષ પદની માંગણી કરવામાં આવી છે.

* **(૪) સૂત્રનો સારાંશ :** આત્માના સાચા સ્વરૂપની પ્રાપ્તિ સાધના વિના શક્ય નથી. તે સાધના સ્વપુરુષાર્થે ખૂબ મુશ્કેલ છે. તેના બદલે જેઓએ પોતાના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરી છે, તેમની સ્તવના-વંદના કરવામાં આવે તો તે શુદ્ધિ જલ્દી મળી શકે. શુદ્ધિ મેળવવાના આ શોર્ટકટનો અમલ કરવા આ સૂત્ર છે. આમાં ૨૪ ભગવાનની સ્તવના કરીને તેમની પાસે આરોગ્ય, બોધિલાભ, સમાધિ અને મોક્ષની યાચના કરવામાં આવી છે.

* **(૫) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :**

* આ સૂત્રમાં ઘણા અક્ષરો ઉપર મીંડાં આવે છે. તે મીંડાં બરોબર બોલાય તેનું ધ્યાન રાખવું.

* સુવિધિનાથ ભગવાનનું બીજું નામ પુષ્પદંત છે તે ધ્યાનમાં લેવું. તેથી ૨, ૩, ૪ ગાથામાં આઠ-આઠ ભગવાનના નામ થશે. તે દરેકને વંદના કરવાની છે.

* 'સંભવ મભિણંદણં ચ' બોલવું પણ 'સંભવ મભિ અણં દણંચ' ન બોલવું.

* છઠ્ઠા અને આઠમા ભગવાનના નામ પદ્મપ્રભસ્વામી અને ચન્દ્રપ્રભસ્વામી છે પણ પદ્મપ્રભુ તથા ચન્દ્રપ્રભુ નથી.

*** (૬) સૂત્ર :**

*લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,*
*અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. ૧*
*ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ.*
*પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨*
*સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ વાસુપુજ્જં ચ*
*વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ. ૩*
*કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ,*
*વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪*
*એવં મએ અભિથુઆ, વિહુય-રય-મલા પહીણ-જર મરણા,*
*ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫*
*કિત્તિય-વંદિય-મહિઆ, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા*
*આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬*
*ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,*
*સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭*

## (૭) શબ્દાર્થ

**લોગસ્સ :** લોકમાં (જગતમાં)
**ઉજ્જોઅગરે :** ઉદ્યોત=પ્રકાશ કરનાર
**ધમ્મ-તિત્થયરે :** ધર્મતીર્થની સ્થાપના કરનાર,
**જિણે :** જિનેશ્વર,
**અરિહંતે :** અરિહંત ભગવંતોનું
**કીત્તઈસ્સં :** નામ લઈને સ્તુતિ કરીશ.
**ચઉવ્વીસંપિ :** ચોવિશે ય,
**કેવલી :** કેવળજ્ઞાની (કેવળજ્ઞાન પામેલા)
**ઉસભ :** ઋષભદેવને,
**અજિઅં :** અજિતનાથને,
**ચ :** અને
**વંદે :** વંદન કરું છું.
**સંભવં :** સંભવનાથને,
**અભિણંદણં :** અભિનંદનને,
**સુમઈ :** સુમતિનાથને,
**પઉમપ્પહં :** પદ્મપ્રભને,
**સુપાસં :** સુપાર્શ્વનાથને,
**જિણં :** જિનેશ્વરને,
**ચંદપ્પહં :** ચન્દ્રપ્રભને,
**સુવિહં :** સુવિધિનાથને,
**પુપ્ફદંતં :** પુષ્પદંતને,
**સિઅલ :** શીતળનાથને,
**સિજ્જંસ :** શ્રેયાંસનાથને,
**વાસુપુજ્જં :** વાસુપૂજ્યને,
**વિમલં :** વિમલનાથને,
**અનંતં :** અનંતનાથને,
**ધમ્મં :** ધર્મનાથને,
**સંતિ :** શાંતિનાથને,
**વંદામિ :** વંદન કરું છું
**કુંથું :** કુંથુનાથને,
**અરં :** અરનાથને,
**મલ્લિં :** મલ્લિનાથને,
**મુણિસુવ્વયં :** મુનિસુવ્રત સ્વામીને,
**નમિ-જિણં :** નમિનાથ જિનેશ્વરને,
**રિટ્ઠ-નેમિં :** અરિષ્ટનેમિ (નેમિનાથ)ને
**પાસં :** પાર્શ્વનાથને
**તહ :** તથા
**વદ્ધમાણં :** વર્ધમાન (મહાવીર) સ્વામીને
**એવં :** આ રીતે,
**મએ :** મારા વડે,
**અભિથુઆ :** સ્તુતિ કરાયેલા,
**વિહુય-રય-મલા :** રજ (ધૂળ) અને મેલ વગરના,
**પહીણ-જર-મરણા :** ઘડપણ અને મરણ જેમને નથી તેવા,
**જિણવરા :** જિનેશ્વર,
**તિત્થયરા :** તીર્થંકર ભગવંતો
**મે :** મારા ઉપર
**પસીયંતુ :** પ્રસન્ન થાઓ
**કિત્તિય :** કીર્તન કરાયેલા,
**વંદિય :** વંદન કરાયેલા,
**મહિઆ :** પૂજાયેલા
**જે :** જેઓ,
**એ :** આ
**લોગસ્સ :** લોકમાં / જગતમાં
**ઉત્તમા :** ઉત્તમ - શ્રેષ્ઠ
**સિદ્ધા :** સિદ્ધ (કૃતકૃત્ય) થયા છે.
**આરુગ્ગ-બોહિલાભં :** આરોગ્ય અને બોધિ (સમ્યગ્દર્શન)નો લાભ,
**સમાહિ-વરં :** શ્રેષ્ઠ સમાધિ
**ઉત્તમં :** ઉત્તમ
**દિંતુ :** આપો.
**ચંદેસુ :** ચન્દ્ર કરતાં પણ,
**નિમ્મલયરા :** અતિશય નિર્મળ,
**આઈચ્ચેસુ :** સૂર્ય કરતાં પણ
**અહિયં :** વધારે
**પયાસયરા :** પ્રકાશને ફેલાવનારા.

| | | | |
|---|---|---|---|
| સાગરવર-ગંભીરા : | સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વધારે ગંભીર, | સિદ્ધિં : | સિદ્ધિને (મોક્ષને) |
| | | મમ : | મને |
| સિદ્ધા : | મોક્ષમાં ગયેલા સિદ્ધો. | દિસંતુ : | આપો. |

## (૮) સૂત્રાર્થ :

સમગ્ર લોકમાં (કેવળજ્ઞાન વડે) પ્રકાશ કરનારા, ધર્મરૂપી તીર્થ (શાસન)ને પ્રવર્તાવનારા, રાગ-દ્વેષ વગેરે આંતર શત્રુઓને જીતનારા, કેવળજ્ઞાની ચોવીસે ય તીર્થંકર પરમાત્માઓનું હું કીર્તન કરીશ. (૧)

ઋષભદેવ ભગવાન અને અજિતનાથ ભગવાને હું વંદના કરું છું. સંભવનાથ, અભિનંદનસ્વામી અને સુમતિનાથ ભગવાનને, પદ્મપ્રભસ્વામી અને સુપાર્શ્વનાથને તથા રાગ-દ્વેષને જીતનારા ચન્દ્રપ્રભસ્વામીને વંદન કરું છું. (૨)

સુવિધિનાથ ભગવાન કે જેમનું બીજું નામ પુષ્પદંતસ્વામી છે, તેમને; શીતલનાથ, શ્રેયાંસનાથ અને વાસુપૂજ્યસ્વામીને, વિમલનાથ અને રાગ-દ્વેષ વિજેતા અનંતનાથ તથા ધર્મનાથ અને શાન્તિનાથ ભગવાનને હું વંદના કરું છું. (૩)

કુંથુનાથ, અરનાથ અને મલ્લીનાથ ભગવાનને તથા મુનિસુવ્રતસ્વામી અને રાગ-દ્વેષને જીતનાર નમિનાથ ભગવાનને વાંદું છું. અરિષ્ટનેમી (નેમીનાથ) ભગવાનને, પાર્શ્વનાથને તથા વર્ધમાન (મહાવીર) સ્વામીને વંદના કરું છું. (૪)

આ પ્રમાણે મારા વડે સ્તવાયેલા, કર્મરજના મેલને દૂર કરી દીધેલા તથા નાશ કરી દીધા છે જરા (ઘડપણ) અને મરણને જેમણે તેવા રાગ-દ્વેષને જીતનારા ચોવીસે ય તીર્થંકર પરમાત્માઓ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૫)

કીર્તન કરાયેલા, વંદન કરાયેલા, પૂજાયેલા એવા જેઓ આ લોકમાં ઉત્તમ છે, સિદ્ધ છે; તેઓ આરોગ્ય, બોધિલાભ (આવતા ભવમાં જૈન કુળમાં જન્મ) અને શ્રેષ્ઠ સમાધિ આપો. (૬)

ચન્દ્ર કરતાં ય અત્યંત નિર્મળ, સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ કરનારા, સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં ય વધારે ગંભીર સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ (મોક્ષ) આપો.(૭)

## (૯) વિશેષ વિચારણા :

રોજ અવશ્ય કરવા યોગ્ય ક્રિયાને આવશ્યક કહેવાય. આવા છ આવશ્યકો દરરોજ સવારે તથા સાંજે કરવાના હોય છે. (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિ સ્તવ (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ અને (૬) પચ્ચક્ખાણ. આ છ આવશ્યકનો સમુદાય પણ પ્રતિક્રમણ શબ્દથી ઓળખાણ છે. તેથી આપણે સવારે તથા સાંજે રોજ જે પ્રતિક્રમણ કરીએ છીએ, તેમાં આ છએ આવશ્યકોનું આચરણ થઈ જાય છે.

આ છ આવશ્યકમાંનું બીજું આવશ્યક જે ચતુર્વિંશતિસ્તવ છે, તેમાં ૨૪ ભગવાનની સ્તવના કરવાની હોય છે. તેના માટે આ લોગસ્સ સૂત્રનો ઉપયોગ થાય છે.

આ સૂત્રની પહેલી ગાથામાં ચોવીસે ય તીર્થંકર પરમાત્માઓની તેમના મુખ્ય ચાર

અતિશયોને નજરમાં લાવીને સ્તવના કરવામાં આવી છે.

'લોગસ્સ ઉજ્જોઅગરે' પદ વડે અરિહંત પરમાત્માને લોકને પ્રકાશિત કરનારા કહીને પરમાત્માનો જ્ઞાનાતિશય જણાવ્યો. 'ધમ્મ તિત્થયરે' પદોથી પરમાત્માને ધર્મતીર્થના સ્થાપક જણાવ્યા. વાણી વડે પરમાત્મા તીર્થની સ્થાપના કરે. આમ પરમાત્માનો વચનાતિશય જણાવ્યો. 'જિણે' પદથી રાગ-દ્વેષ રૂપી આંતર-શત્રુઓને જીતનારા કહીને પરમાત્માનો અપાયાપગમાતિશય જણાવ્યો. અને 'અરિહંતે' પદથી પરમાત્મા દેવેન્દ્રો વગેરે વડે પણ પૂજાને યોગ્ય છે તેમ જણાવીને પરમાત્માનો પૂજાતિશય જણાવ્યો છે.

આ રીતે પરમાત્મા વિશ્વના સર્વ જીવો કરતાં પણ વિશિષ્ટ અતિશયો - ગુણોને ધારણ કરનારા છે અને તેથી તેઓ સર્વશ્રેષ્ઠ વિભૂતિ તરીકે નક્કી થાય છે.

સર્વ ગુણોનું સ્થાન તેઓ છે. આ દુનિયામાં ક્યાંક પણ નાનકડો સદ્‌ગુણ જણાતો હોય તો તેના મૂળમાં આ અરિહંત પરમાત્મા છે. માટે તેઓની સ્તવના કરવી ખૂબ જ જરૂરી છે.

'ચઉવિસંપિ કેવલી' પદ વડે ચોવીસે ય તીર્થંકર પરમાત્માની હું સ્તવના કરીશ તેવું જણાવવા દ્વારા એમ સૂચવાય છે કે ચોવીસે તીર્થંકરો એકસરખી રીતે વાંદવા-પૂજવાને યોગ્ય છે. તેમની વંદનાદિ ક્રિયામાં ઓછા-વત્તાપણાનો ભાવ ન જોઈએ.

જે વ્યક્તિ ચોવીસે ય તીર્થંકર પરમાત્માને એકસરખી રીતે માને, આરાધે, પૂજે અને તેમાં જરાય ભેદભાવ ન જુએ તે જ સાચો જૈન ગણાય.

જે જિનશાસન ચોવીસે ય ભગવાનને સરખી રીતે માને છે, તે જિનશાસનને માનવાવાળા તમામ જૈનોએ પણ તેમની તરફ એકસરખો પૂજ્યભાવ ધારણ કરવો જોઈએ.

બીજી-ત્રીજી અને ચોથી ગાથામાં આ ચોવીસ ભગવંતોના નામો જણાવ્યા છે. અને પાંચમી ગાથામાં જેમની આ સ્તવના કરવામાં આવી છે, તેવા તીર્થંકર પરમાત્માનું સ્વરૂપ (કર્મરજથી મુકાયેલા અને નાશ કર્યા છે જરા, મરણ જેણે તેવા) જણાવીને તે ચોવીસેય તીર્થંકર પરમાત્માને આપણી ઉપર પ્રસન્ન થવાનું જણાવ્યું છે.

આપણા પરમાત્મા તો વીતરાગ છે. તેમનામાં નથી રાગ કે નથી દ્વેષ. તો પછી રાગ ન હોવાના કારણે તેઓ આપણી ઉપર પ્રસન્ન શી રીતે થાય ? અને જો તેઓ પ્રસન્ન ન થતા હોય તો 'તિત્થયરા મે પસીયંતુ' પદથી તેમને આપણી ઉપર પ્રસન્ન થવાનું શી રીતે કહેવાય ? વળી શું તેઓ આપણી ઉપર જેમ પ્રસન્ન થતા નથી તેમ, તેમનામાં દ્વેષ ન હોવાથી આપણી ઉપર તિરસ્કાર પણ ન જ કરે ને ? આપણને તેમનાથી નુકસાન પણ ન જ થાય ને ? તો પછી ગમે તેટલી આશાતના થઈ જાય તો ય શું વાંધો ? તેઓ આપણને કાંઈ થોડી તકલીફ આપવાના છે ? આવા પ્રશ્નો આપણા મનમાં ઊઠે તે સહજ છે.

અગ્નિને કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ છે ખરો ? જે વ્યક્તિ તાપણું કરે છે તેની ઠંડી

ઉડાડવાનો વિચાર અગ્નિને આવે છે ખરો ? અથવા જે વ્યક્તિ વિધિપૂર્વક અગ્નિનું સેવન (તાપણું) કરતો નથી તેના પ્રત્યે શું અગ્નિને દ્વેષ જાગે છે ? અને શું દ્વેષ જાગવાના કારણે જ અગ્નિ તેને બાળે છે ?

ના... અગ્નિનો સ્વભાવ જ એવો વિશિષ્ટ પ્રકારનો છે કે અગ્નિને તેનું વિધિપૂર્વક સેવન કરનારા ઉપર રાગ ન હોવા છતાં ય તે વ્યક્તિનું ઠંડી દૂર થવા રૂપ કાર્ય થાય છે અને અવિધિથી ગમે તેમ અગ્નિમાં હાથ નાખનાર પ્રત્યે અગ્નિને દ્વેષ ન હોવા છતાં ય તે વ્યક્તિનો હાથ બળે છે.

તે જ રીતે પરમાત્મા વીતરાગ હોવા છતાં ય, પરમાત્મામાં રાગનો એક પણ અંશ ન હોવા છતાં ય, પરમાત્માની જેઓ વિધિપૂર્વકની ભક્તિ કરે છે, નામસ્મરણ કે સ્તવના કરે છે, વંદના કે પૂજન કરે છે, તેમનાં દુઃખો, પાપો અને દોષો દૂર થઈ જ જાય છે. તે દૂર કરવાની પરમાત્માને કાંઈ ઇચ્છા કરવી પડતી નથી.

તે જ રીતે, આ પરમાત્માની જેઓ નિંદા કે ટીકા કરે છે, આશાતના કરે છે, તેમને તેનું નુકસાન ભોગવવું જ પડે છે. પરમાત્મા રાગ-દ્વેષ વિનાનાં હોવા છતાં ય તે વ્યક્તિને તેનું ફળ મળીને જ રહે છે.

હરડે કે ત્રિફળા ઇચ્છા કરતાં નથી કે હું મને લેનારને રેચ લગાડું ! છતાં ય તેનું સેવન કરનારને રેચ લાગે જ છે.

પાણીને તરસ છીપાવવાની ઇચ્છા થતી જ નથી, છતાં જે પાણીનું સેવન કરે તેની તરસ છીપે જ છે.

તે જ રીતે પરમાત્મા પૂજક ઉપર રાગ કરતા નથી કે પ્રસન્ન થતા નથી, છતાં ય પરમાત્માની જેઓ ભક્તિ કરે છે, તેમને તેનું સુંદર ફળ મળ્યા જ કરે છે.

પરમાત્મા પ્રસન્ન ન થતા હોવા છતાં ય, પરમાત્મા પ્રસન્ન થાય અને જે ફળ મળે તે પરમાત્માની ભક્તિથી મળે છે. તેથી આ લોગસ્સ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે તીર્થંકર પરમાત્માઓ મારા ઉપર પ્રસન્ન થાઓ. અર્થાત્ પરમાત્માની પ્રસન્નતાથી જે ફળ મળવાનું હોય, તે-આપ વીતરાગ હોવાના કારણે પ્રસન્ન ન થાઓ તો પણ-પ્રાપ્ત થાઓ.

આ સૂત્રની છઠ્ઠી ગાથામાં પરમાત્મા પાસે આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિની માંગણી કરવામાં આવી છે.

જૈન એટલે જે મોક્ષ માટે ઝૂરતો હોય. તલપતો હોય, તરફડતો હોય. જેનું રોમ રોમ મોક્ષને ઝંખતું હોય. આવો આત્મા પરમાત્મા પાસે મોક્ષ જ માંગે તે સહજ છે. સંસારમાં પરિભ્રમણ તે રોગ છે. તેમાંથી મુક્ત કરાવનારું જે ભાવ આરોગ્ય (મોક્ષ) છે, તેને 'આરુગ્ગ' પદથી માંગવામાં આવ્યું છે.

પણ જ્યાં સુધી પ્રાણપ્યારો મોક્ષ ન મળે ત્યાં સુધી તો સંસારમાં જન્મ લેવા જ પડે. જો આ જન્મ કોઈક ભૂંડ-કૂતરા-બિલાડાના ખોળિયે મળ્યા તો ?

કસાઈ કે મુસલમાનના ત્યાં થાય તો ? જીવન પતનની ખાઈમાં જ પડે ને ?

તેથી 'બોધિલાભં' પદ વડે જ્યાં સુધી જન્મ લેવા પડે ત્યાં સુધી ઊંચામાં ઊંચી જૈન ધર્મની આરાધના થઈ શકે તેવા ઉત્તમ જૈનકુળમાં મારો જન્મ થાઓ, તેવા ધર્મી માતા-પિતાનું કુળ મને પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના કરીએ છીએ.

ઉત્તમ જૈનકુળ અને ધર્મી માતા-પિતા મળવા છતાં ય જો સમાધિભાવ ન આવે તો જીવન એળે જાય.

સમાધિભાવ એટલે દુઃખમાં દીન ન બનવું અને સુખમાં લીન ન બનવું. દુઃખમાં ડગવું નહિ ને સુખમાં છકી ન જવું. મનની પ્રસન્નતા તમામ પરિસ્થિતિમાં સાચવી રાખવી.

રોગ, ઘડપણ, સંઘર્ષ, અપમાન વગેરે પ્રસંગોમાં જો હાય-વોય રૂપ અસમાધિ થઈ જાય તો મળેલું બધું જ ગુમાવી બેસાય તેથી શ્રેષ્ઠ સમાધિની માંગણી 'સમાહિ વરમુત્તમં દિંતુ' પદો વડે કરવામાં આવી છે.

આમ, છઠ્ઠી ગાથામાં ભાવ આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિની માંગણી કર્યા પછી, છેલ્લી ગાથામાં જેમણે મોક્ષ પ્રાપ્ત કરી દીધો છે, તેવા સિદ્ધ ભગવંતો પાસે પોતાની મોક્ષની માંગણીને ફરી દોહરાવતો ભક્ત જણાવે છે કે હે સિદ્ધ ભગવંતો ! મને મોક્ષ આપો.

સૂત્ર-૧૦

# (૧૩) સામાયિક દંડક સૂત્ર

## કરેમિભંતે સૂત્ર

ભૂમિકા :-

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા પૂર્વના ત્રીજા ભવે, વિશ્વના સર્વ જીવોને સર્વ દુઃખોમાંથી, સર્વ પાપોમાંથી અને સર્વ દોષોમાંથી મુક્ત કરવાની ભાવના ભાવે છે. તેના પ્રભાવે તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. ત્રીજા ભવે તેમનો મોક્ષ પણ નક્કી થાય છે.

વચ્ચે દેવ કે નારકનો ભવ કરીને તેઓ છેલ્લા ભવમાં આવે છે. તેમના ચ્યવન અને જન્મ કલ્યાણકની દેવો ઉજવણી કરે છે. પછી પરમાત્મા દીક્ષા લે છે.

દીક્ષા લેતી વખતે સંસારના સર્વ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા તેઓ જે સૂત્ર વડે લે છે, તે સૂત્રનું નામ છે કરેમિભંતે સૂત્ર !

આ કરેમિભંતે સૂત્રને સાવ સામાન્ય ન ગણતા. અસામાન્ય કોટિનું આ સૂત્ર છે. આત્મકલ્યાણનો પાયો આ સૂત્ર છે. તેના રહસ્યોને પ્રગટ કરવા માટે આખી જિંદગી નાની પડે.

સર્વ શાસ્ત્રોમાં શિરોમણિ સૂત્ર જેમ નવકાર છે, તેમ કરેમિભંતે પણ છે. કરેમિભંતે સૂત્રનું મૂલ્ય જરાય ઓછું અંકાય તેમ નથી.

જૈન શાસનના મુખ્ય તત્ત્વો ત્રણ : (૧) દેવ (૨) ગુરુ અને (૩) ધર્મ.

તેમાં તમામ તીર્થંકરદેવો પોતાના તીર્થંકર તરીકેના જીવનમાં સાધુજીવન સ્વીકારતા કરેમિભંતે સૂત્ર બોલે છે. તમામ ગુરુભગવંતો પણ આ સૂત્ર ઉચ્ચારીને જ સાધુજીવનનો પ્રારંભ કરે છે અને શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા સામાયિક ધર્મની આરાધના પણ કરેમિભંતે સૂત્રના ઉચ્ચારણ પૂર્વક જ થાય છે.

આમ દેવ-ગુરુ અને ધર્મ, આ ત્રણેય તત્ત્વોમાં ઉચ્ચારાતું, સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘમાં ઉચ્ચારાતું આ મહાનસૂત્ર છે.

નવકારમંત્ર દ્વારા વિનયધર્મની આરાધના થાય છે તો આ કરેમિભંતે સૂત્ર દ્વારા વિરતિ ધર્મની સાધના થાય છે.

નવકારમંત્રની જેમ જ આ કરેમિભંતે સૂત્ર પણ શાશ્વત છે. તેની રચના કોઈએ કરી નથી. અનાદિકાળથી આ સૂત્ર પોતાનું અસ્તિત્વ ધરાવે છે. ભૂતકાળના તમામ તીર્થંકરોએ આ સૂત્ર બોલીને દીક્ષા સ્વીકારી હતી અને ભાવિના અનંત કાળમાં થનારા અનંતા તીર્થંકર ભગવંતો પણ આ સૂત્ર બોલીને જ દીક્ષા સ્વીકારશે.

નવકારમંત્ર અને કરેમિભંતે સૂત્રની તાકાત અચિન્ત્ય છે. તેના સામર્થ્યની કલ્પના કરવી મુશ્કેલ છે. નવકારમંત્ર કે કરેમિભંતે રૂપ આખા સૂત્રની તો શું વાત કરું, તેની માત્ર એક ગાથા, તેનું એક પદ, અરે ! માત્ર તેના એક જ અક્ષરની તાકાત પણ અજબગજબની

છે.

નવકારમન્ત્રનો 'ન' (નગારાનો 'ન' નહિ હોં !) કે 'કરેમિભંતે' નો 'ક' (કમલનો 'ક' નહિ હોં !) જો દ્રવ્યથી પણ બોલાય, અર્થની સમજણ વિના પણ બોલાય, ગતાનુગતિથી કે દેખાદેખીથી પણ બોલાય તો ય બોલાયેલો તે 'ન' કે 'ક' આત્મા ઉપરના કર્મોના ઢેરનો ઢેર દૂર ખસેડી મૂકવાની તાકાત ધરાવે છે. માત્ર બોલવાની વાત તો દૂર રહો, માત્ર તેને સાંભળવામાં, વાંચવામાં કે લખવામાં આવે તો ય તેનો વિશિષ્ટ લાભ મળ્યા વિના નથી રહેતો. જેમ, વડાપ્રધાન આવે તે પૂર્વે પાઈલોટકાર આવે છે. રસ્તા વગેરે વાળીઝૂડીને સાફ થાય છે. લશ્કર સાબદું બને છે. પોલીસ બધે ગોઠવાય છે. ઘણી ઘણી પૂર્વતૈયારીઓ વડાપ્રધાનના આગમનના પ્રભાવે નગરમાં થઈ જાય છે.

સૂર્ય આકાશમાં ઊગે તે પૂર્વે અંધકાર દૂર થવા લાગે છે. સંધ્યાના રંગો વિસ્તરે છે. અરુણોદય થવા લાગે છે. પ્હોં ફાટે છે.

તેમ નવકારનો 'ન' કે 'કરેમિભંતે'નો 'ક' દ્રવ્યથી પણ બોલવાનું, લખવાનું, સાંભળવાનું કે વાંચવાનું શરૂ કરાય તે પૂર્વે જ આત્મા ઉપર ચોંટીને રહેલા મોહનીય કર્મની સાફસૂફી શરૂ થાય છે. આત્મા ઉપર મોહનીય કર્મ ૭૦ કોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિનું હોઈ શકે છે. પણ 'ન' કે 'ક' બોલતાં પૂર્વે તે સ્થિતિમાં કડાકો બોલાય છે. જ્યારે ઘટેલી તે સ્થિતિ ૧ કોડાકોડી સાગરોપમથી પણ ઓછી થઈ જાય છે, ત્યારે જ નવકારનો 'ન' કે કરેમિભંતેનો 'ક' બોલી, સાંભળી, લખી કે વાંચી શકાય છે.

પણ મોહનીકર્મ આત્મામાં જો ૧ કોડાકોડી સાગરોપમ કે તેથી વધારે જ્યાં સુધી હોય ત્યાં સુધી નવકારમંત્રનો 'ન' કે કરેમિભંતે નો 'ક' લખી-વાંચી-બોલી કે સાંભળી શકાતો નથી. જો એક અક્ષરની આવી જબરી તાકાત છે, તો સમગ્ર સૂત્રની તાકાત કેટલી હશે ?

વળી બસ, આટલાથી પતી જતું નથી. જ્યારે કોઈપણ જીવ નવકારનો 'ન' કે કરેમિભંતે સૂત્રનો 'ક' બોલતો, લખતો, વાંચતો કે સાંભળતો હોય ત્યારે તેના આત્મામાં અતિ ખરાબ અધ્યવસાયો જાગી શકતા જ નથી. તેનો આત્મા તે સમયે મોહનીયકર્મ બાંધતો હોય તો પણ તે મોહનીયકર્મ એક કોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિનું બાંધી શકતો જ નથી.

જો તે સમયે તે જીવ નવકાર કે કરેમિભંતે બોલતો, લખતો, વાંચતો કે સાંભળતો ન હોત તો કદાચ તે મોહનકર્મની સ્થિતિ ઘણી વધારે (૭૦ કોડાકોડી સાગરોપમની) પણ બાંધતો હોત !

આમ, આ સૂત્રશ્રવણાદિનો બેવડો લાભ છે : (૧) આત્મામાં મોહનીયકર્મ એક કોડાકોડી સાગરોપમથી વધારે ન હોઈ શકે તે, અને (૨) નવું મોહનીયકર્મ તે વખતે ૧ કોડાકોડી સાગરોપમથી વધારે ન બંધાય તે.

જે સૂત્રના માત્ર એક અક્ષરના દ્રવ્યથી પણ કરાતા શ્રવણાદિમાં જો આવો મહાન

બેવડો લાભ થતો હોય તો તે સંપૂર્ણ સૂત્રનો મહિમા કેટલો બધો હશે !

તીર્થંકર પરમાત્માઓ-પોતે જ ભગવાન હોવાથી-આ સૂત્ર બોલતી વખતે 'ભંતે' શબ્દ બોલતા નથી. તેઓ જે સૂત્ર બોલે છે, તે જ સૂત્ર 'ભંતે' શબ્દ સહિત સાધુ-સાધ્વીજી ભગવંતો માત્ર દીક્ષા ગ્રહણ કરતી વખતે જ નહિ પરન્તુ પ્રતિક્રમણાદિ ક્રિયા કરતા પણ રોજ બોલે છે.

શ્રાવક અને શ્રાવિકાઓને પાપકર્મોની અનુમોદના ચાલુ હોય છે. તેથી આ કરેમિભંતે સૂત્રના એકાદ પદરહિત અને કેટલાક પદોના ફેરફાર સહિતનું કરેમિભંતે સૂત્ર સામાયિક લેતા બોલવાનું હોય છે.

શ્રાવક અને શ્રાવિકાઓને બોલવાના કરેમિભંતે સૂત્રના અર્થ આ વિભાગમા આપણે વિચારીશું.

અપેક્ષાએ વિચારીએ તો નવકારમંત્ર કરતાં ય આ કરેમિભંતે સૂત્રનું મહત્ત્વ વિશેષ છે. જૈનશાસનમાં, મનુષ્યભવ પામીને માત્ર મોક્ષ મેળવવાની સાધના કરવાની જ વાત છે. અને મોક્ષ મેળવવા માટેની મુખ્ય સાધના જો કોઈ હોય તો તે છે સર્વવિરતિ (સાધુ) જીવનની સાધના એટલે કે સામાયિકભાવની સાધના.

જે વ્યક્તિ સાધુ ન બની શકે, સમગ્ર જીવન સામાયિકભાવની સતત સાધના ન કરી શકે, તેઓ સાધુ બનવાના લક્ષપૂર્વક શ્રાવકજીવન સ્વીકારીને તેમાં આ સામાયિક ભાવની સાધનાનો રસાસ્વાદ માણવા ૪૮-૪૮ મિનિટના સામાયિકની આરાધના કરે તે જરૂરી છે. આ સામાયિક ભાવની સાધના કરવા માટે આ કરેમિભંતે સૂત્ર છે. આ સૂત્ર વડે 'સામાયિકભાવ'ની પ્રતિજ્ઞા કરવામાં આવે છે.

આમ, સામાયિકભાવ મુખ્ય હોવાથી, તેની આરાધનાની પ્રતિજ્ઞા કરાવનારું આ સૂત્ર પણ મુખ્ય છે.

પરન્તુ આવી સાધના કરવાની તાકાત, આવી સાધના કરનારા સાધકોને નમસ્કાર કરવાથી પ્રાપ્ત થાય. તેથી સામાયિકભાવની સાધનાના સાધક એવા પાંચ પરમેષ્ઠિઓને આપણે સૌ પ્રથમ નમસ્કાર કરવા જરૂરી બને છે.

આમ, મુખ્ય છે આ કરેમિભંતે સૂત્ર. અને મુખ્ય એવા આ સામાયિકભાવની સિદ્ધિ માટે પરમેષ્ઠિનમસ્કાર પ્રથમ મંગલ છે. સામાયિકભાવની સિદ્ધિના ઉપાયરૂપ કરેમિભંતે સૂત્ર મુખ્ય છે, તો નવકારમંત્ર પ્રથમ છે.

'મુખ્ય' અને 'પ્રથમ' વચ્ચે તફાવત છે. જેણે ટ્રેન દ્વારા મુંબઈ જવું છે, તેને રેલ્વેસ્ટેશને જવું જ પડે. તે સિવાય તે ટ્રેન દ્વારા મુંબઈ પહોંચી શકે નહિ.

આમાં, મુસાફરને મન મુંબઈ જવાની મુખ્યતા છે. રેલ્વે સ્ટેશન જવાની જરાય નહિ. હા ! એ વાત ચોક્કસ કે સૌ પ્રથમ તેણે રેલ્વે સ્ટેશન જવું તો પડશે જ. તેથી આ કિસ્સામાં મુંબઈ જવું 'મુખ્ય' ગણાય અને રેલ્વેસ્ટેશન જવું તે 'પ્રથમ' ગણાય પરન્તુ 'રેલ્વે સ્ટેશન' જવું 'મુખ્ય' ન ગણાય કે મુંબઈ જવું 'પ્રથમ' ન ગણાય.

ભૂખ્યા માણસ માટે ભોજન મુખ્ય હોવા છતાં ય રસોઈ માટેની ધાન્યાદિ સામગ્રી પ્રથમ ગણાય.

આનંદપ્રમોદાદિ કરવા માટે સંસારરસિયા જીવને માટે ભૌતિક સામગ્રી મુખ્ય ગણાતી હોય તેના માટે પ્રથમ તો તે સામગ્રી લાવી આપનારો પૈસો જ છે ને ! કે જેના માટે ધર્મને ભૂલીને પણ તે જીવ દોડધામ કરીને, પાપોના પોટલા બાંધી, દુર્ગતિ તરફ પ્રયાણ કરીને હાથે કરીને પોતાના પેટમાં ખંજર ભોંકવાનું કાર્ય કરી રહ્યો છે !!!

આમ, સામાયિકભાવ મુખ્ય હોવાથી, તેની પ્રતિજ્ઞા કરાવનારા આ કરેમિભંતે સૂત્રનું મૂલ્ય ઘણું જ વધી જાય છે.

આ સૂત્ર દ્વારા આપણને પ્રેરણા મળે છે કે જીવનના દરેક પ્રસંગમાં ડગલે ને પગલે સૌ પ્રથમ નવકારમંત્રનું સ્મરણ ભલે કરો, પણ સાથે સાથે જીવનમાં મુખ્યતા સામાયિકને આપો. સામાયિકભાવ વિના બધું વ્યર્થ છે.

રેલ્વે સ્ટેશને જાય પણ મુંબઈ જવાનું જ ભૂલી જાય તો ચાલે ?

રસોઈની સામગ્રી લાવે પણ ભોજન કરવાનું જ ભૂલી જાય તો ચાલે ?

તો નવકારમંત્ર રોજ ગણવા છતાંય જો સામાયિક કરવાનું જ વિસરી જવાય તો શી રીતે ચાલે ?

તેથી રોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવાનો નિશ્ચય દરેક જણે અવશ્ય કરવો જોઈએ.

૪૮ મિનિટનું એક સામાયિક કરવાથી ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમ દેવલોકનું આયુષ્ય બંધાય છે. પ્રત્યેક ક્ષણે અનંતાનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાય છે.

આ વાંચીને કદાચ કોઈને રોજ સામાયિક કરવાનું મન થાય તો ય તે ક્યારેક નિયમ લેતા ગભરાય છે ! મનમાં સંકલ્પ કરવા તૈયાર થાય છે પણ પ્રતિજ્ઞા લેતા ખચકાટ અનુભવે છે !!!

જો પ્રતિજ્ઞા લેવાની જરૂર જ ન હોય તો સામાયિક લેવાની પ્રતિજ્ઞારૂપ આ કરેમિભંતે સૂત્રની જરૂર શી હતી ?

આપણા બધાના મનોબળ કરતાં ય તીર્થંકર ભગવંતોનું મનોબળ તો વધુ જોરદાર હોય, તેવું તો માનીએ છીએ ને ? જો તેઓ પણ દીક્ષા લેતી વખતે બે હાથ જોડીને, આ સૂત્ર બોલીને પ્રતિજ્ઞા કરતા હોય તો આપણને પ્રતિજ્ઞાની જરૂર નહિ ? શું આપણે તીર્થંકર ભગવાન કરતાં ય મહાન છીએ ?

સંસારમાં પણ કોઈ મનથી પરણતું નથી ! પણ અગ્નિ સાક્ષીએ કે કોર્ટની સાક્ષીએ લગ્નસંબંધી પ્રતિજ્ઞા કરે જ છે.

મકાનની લે-વેચ કરતી વખતે કરાતા દસ્તાવેજ પણ શું 'આ મકાનની માલિકીનો દાવો હવે હું કદી નહિ કરું' તેવી વેચનારની પ્રતિજ્ઞારૂપ નથી ?

દુનિયાના તમામ વ્યવહારમાં જો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારીશું તો આપણને બધે જ

પ્રતિજ્ઞાના દર્શન થશે. આપણે સતત અનેક પ્રતિજ્ઞાઓ કરતાં જ રહીએ છીએ. તેથી'હું કદી પ્રતિજ્ઞા કરતો નથી' કે 'માત્ર મનથી જ કરીશ' તેવું બોલીને પોતાની જાતને છેતરવાનો ધંધો ઝડપથી બંધ કરી દેવા જેવો છે.

પોતાની શક્તિ, અનુકૂળતા, સંયોગ વગેરે વિચારીને પ્રતિજ્ઞા લેવી. જરૂર જણાય તો પ્રતિજ્ઞા લેતી વખતે પહેલેથી કેટલીક છૂટ પણ રાખી શકાય. પ્રતિજ્ઞાભંગના ભયે પ્રતિજ્ઞા જ ન લેવી, તે બરોબર નથી પણ પ્રતિજ્ઞા ન ભાંગે તેવી રીતે છૂટછાટપૂર્વકની પણ પ્રતિજ્ઞા તો અવશ્ય લેવી જ જોઈએ.

છતાંય કોઈક આકસ્મિક કારણે તે પ્રતિજ્ઞામાં ભંગં થાય તો ગીતાર્થ ગુરુભગવંત પાસે તેનું પ્રાયશ્ચિત્ત લઈ લેવું.

* (૧) **જૈન શાસ્ત્રોમાં જણાવેલું નામ :** સામાયિક દંડક સૂત્ર.

* (૨) **લોકોમાં પ્રચલિત નામ :** કરેમિ ભન્તે સૂત્ર.

* (૩) **વિષય :** સર્વ પાપોનો ત્યાગ કરીને, સમભાવમાં સ્થિર રહેવાના પ્રતિજ્ઞા.

રાગ-દ્વેષ, વિષય-કષાય વગેરેની વિષમતા ટાળીને, સુખ-દુઃખ પ્રત્યે સમભાવ કેળવીને, જીવ માત્ર સાથે તાદાત્મ્યભાવ કેળવવા પૂર્વક સર્વ પ્રકારના કટુભાવોનો ત્યાગ કરીને મધુર પરિણામ કેળવવા માટેની આરાધના કરાવતું આ સૂત્ર છે.

* (૪) **સૂત્રનો સારાંશ :** મહાદુર્લભ માનવજીવનમાં એક માત્ર વિરતિધર્મની સાધના કરવા જેવી છે. પાપો તો દરેક ગતિમાં અઢળક કર્યા છે. આ માનવભવ તે પાપોની વિરતિ કરવા માટે છે.

વધુ ન બને તો છેવટે ૪૮ મિનિટ સુધી, મન-વચન-કાયાની કોઈપણ પ્રકારના પાપો કરવા નહિ કે કરાવવા નહિ.

આ સૂત્રમાં થઈ ગયેલા પાપો બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેની નિંદા અને ગર્હા કરવા સાથે, વર્તમાનકાળે તે પાપોથી અટકવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે.

## * (૫) સૂત્ર :

*કરેમિ ભંતે ! સામાઈયં*
*સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,*
*જાવ નિયમં પજ્જુવાસામિ,*
*દુવિહં તિવિહેણં*
*મણેણં વાયાએ કાએણં*
*ન કરેમિ, ન કારવેમિ*
*તસ્સ ભંતે !*
*પડિક્કમામિ નિંદામિ ગરિહામિ*
*અપ્પાણં વોસિરામિ.*

## (૬) ઉચ્ચાર અંગે સૂચનો :

(૧) આ સૂત્રમાં બે વાર 'ભંતે' શબ્દ આવે છે, તે સંબોધનરૂપ છે. તેથી કોઈને "..." પાડીને બોલાવતા હોઈએ તે રીતે લ્હેકાથી તે બે શબ્દો બોલવા જોઈએ.

(૨) આ સૂત્રમાં અનેક શબ્દોમાં જોડાક્ષરો છે. તે શબ્દો બોલતા, પૂર્વના અક્ષર ઉપર ભાર દેવો ભૂલવો નહિ. સૂત્ર અશુદ્ધ ન બોલાય, તેની કાળજી રાખવી.

(૩) પ્રતિજ્ઞા કરાવનારું આ સૂત્ર હોવાથી, ધીમે ધીમે, શુદ્ધ ઉચ્ચારપૂર્વક, બે હાથ જોડીને મસ્તક નમાવીને આ સૂત્ર બોલવું.

## * (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| **કરેમિ :** | કરું છું | **મણેણં :** | મનથી |
| **ભંતે :** | હે ભગવંત ! | **વાયાએ :** | વચનથી |
| **સામાઇયં :** | સામાયિક | **કાએણં :** | કાયાથી |
| **સાવજ્જં :** | પાપવાળા | **ન કરેમિ :** | કરીશ નહિ |
| **જોગં :** | યોગોનું | **ન કારવેમિ :** | કરાવીશ નહિ |
| **પચ્ચક્ખામિ :** | પચ્ચક્ખાણ કરું છું. | **તસ્સ :** | તેનું |
| **જાવ :** | જ્યાં સુધી | **પડિક્કમામિ :** | પ્રતિક્રમણ કરું છું. |
| **નિયમં :** | નિયમને | **નિંદામિ :** | નિંદું છું. |
| **પજ્જુવાસામિ :** | આરાધું છું. | **ગરિહામિ :** | ગર્હા કરું છું |
| **દુવિહં :** | બે પ્રકારે | **અપ્પાણં :** | આત્માને |
| **તિવિહેણં :** | ત્રણ રીતે | **વોસિરામિ :** | પાપોથી વોસિરાવું છું. |

## * (૮) સૂત્રાર્થ :

**હે ભગવંત ! હું સામાયિક (સમભાવની આરાધના) કરું છું. (તે સમભાવની આરાધના માટે) હું પાપક્રિયાઓનો ત્યાગ (પચ્ચક્ખાણ) કરું છું.**

**જ્યાં સુધી હું મારા આ (સામાયિક ભાવના) નિયમનું સેવન કરું છું, ત્યાં સુધી હું બે પ્રકારે અને ત્રણ પ્રકારે એટલે કે મન-વચન અને કાયાથી પાપક્રિયાઓને કરીશ નહિ કે બીજા પાસે કરાવીશ નહિ.**

**હે ભગવંત ! ભૂતકાળમાં મેં જે કોઈ પાપકર્મો કર્યાં છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તેની નિંદા કરું છું, ગુરુભગવંતની સાક્ષીએ વિશેષ નિંદા (ગર્હા) કરું છું. અને પાપસ્વરૂપ મારા આત્માનો ત્યાગ કરું છું.**

## (૯) વિવેચન :

(૧) **સામાઇયં :** સામાયિક એ જિનશાસનનું મહત્ત્વનું અંગ છે. સામાયિક એટલે સમભાવની શાસ્ત્રીય આરાધના.

જ્યાં સુધી આત્માએ સમતાભાવની સિદ્ધિ ન કરી, ત્યાં સુધી તેની કરેલી તમામ

આરાધનાઓ મોક્ષપદની પ્રાપ્તિ કરાવી શકતી નથી.

તપ કરવા છતાં જો વારંવાર ક્રોધ આવ્યા કરતો હોય તો તે તપ મોક્ષ શી રીતે અપાવે ?

ઘણું ભણવા છતાં, અહંકારથી છાતી ગજ ગજ ફૂલતી હોય અને તેના કારણે આશ્રિતોને વારંવાર તતડાવી દેવાતા હોય તો તે જ્ઞાન આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ શી રીતે કરી શકે ?

ધર્મની અનેક પ્રકારની ક્રિયાઓ સતત અપ્રમત્તપણે કરવા છતાં ય જો નિંદા-કુથલીનો ચેપ લાગી ગયો હોય અને તેના પરિણામે જ્યારે પણ સમય મળે ત્યારે પારકી પંચાત જ કરાતી હોય તો તે ક્રિયા મોક્ષ અપાવશે કે કેમ ?

તપ, જ્ઞાન, ક્રિયા જ મોક્ષ અપાવશે, જો તેમાં સમભાવ ઉમેરાશે તો. તેના અસ્તિત્વકાળમાં રાગ-દ્વેષની વિષમતા ઘટતા ઘટતા છેલ્લે સમૂળગી નાશ પામશે તો.

આમ, અપેક્ષાએ સમભાવની સાધના સૌથી મહત્ત્વની બની રહે છે.

(૧) આપણા આત્માને રાગ કે દ્વેષ, વિષય કે કષાય, કામ, ક્રોધ કે અહંકાર વારંવાર વિષમ પરિસ્થિતિમાં પટકી નાંખે છે.

(૨) પૂર્વે કરેલાં કર્મોનો ઉદય થતા, જીવનમાં આવતા સુખ અને દુઃખના કારણે આપણો આત્મા વિષમ પરિસ્થિતિમાં મુકાય છે.

(૩) અનાદિકાળના કુટિલ અભ્યાસના કારણે જીવ માત્ર પ્રત્યે ધિક્કાર-તિરસ્કાર કે કડવાસનો ભાવ આપણા આત્મામાં જામ થયો છે, જે વિષમ પરિસ્થિતિ પેદા કરે છે.

આ ત્રણે ય પ્રકારની વિષમતાઓ આત્મામાંથી દૂર થાય નહિ, ત્યાં સુધી આત્મા પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરી શકે નહિ. આ વિષમતાઓને દૂર કરવાનો ઉપાય સમભાવની પ્રાપ્તિ છે. શી રીતે આ સમભાવની પ્રાપ્તિ કરવી ? તો તેનો જવાબ છે આ સામાયિકની આરાધના.

સામાયિક કરવાના સમય દરમ્યાન આ જગત સાથેના સંબંધો તોડી નાખવામાં આવે છે. વિષમતાને પેદા કરનારા કારણો સાથેનો સંબંધ દૂર થતા સમભાવ પ્રાપ્ત થવા લાગે છે. જે અંતે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં સમર્થ બને છે.

આમ સમભાવની સાધનારૂપ આ સામાયિક ધર્મની આરાધના એ જિનશાસનનો અદ્‌ભુત, અલૌકિક અને અમોઘ યોગ છે.

સમભાવની સાધનારૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરાવનારા આ સૂત્રને 'સામાયિક દંડક સૂત્ર' કહેવામાં આવે છે. સામાયિક દંડક સૂત્ર એટલે સામાયિક (સમભાવની સાધના)ની પ્રતિજ્ઞા લેવા માટેનો દંડક = મહાપાઠ.

**જાવ નિયમં :** આ સમભાવની પ્રતિજ્ઞા કેટલા સમય માટે છે ? તે આ પદો જણાવે છે.

નિયમ એટલે કાળનો નિયમ. ઓછામાં ઓછો પણ કાળનિયમ એક મુહૂર્તનો

ગણાય છે. એક મુહૂર્ત એટલે ૪૮ મિનિટ.

એક દિવસના ૨૪ કલાક ગણાય છે. તેમાં ૩૦ મુહૂર્ત આવે છે. તેમાંના ઓછામાં ઓછા એક મુહૂર્ત = ૪૮ મિનિટ સુધી સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા આ સૂત્રથી કરાય છે.

આથી વધુ સમયના સામાયિકની પ્રતિજ્ઞા પણ કરી શકાય છે. સાધુ-સાધ્વીજી ભગવંતો આખી જિંદગી સુધી સામાયિકની પ્રતિજ્ઞા કરતા હોવાથી તેઓ 'જાવનિયમં'ના બદલે 'જાવજ્જીવાએ' બોલે છે. એટલે કે જ્યાં સુધી જીવન ટકે ત્યાં સુધીના સામાયિકની પ્રતિજ્ઞા સ્વીકારે છે.

શ્રાવક-શ્રાવિકાઓ પણ જ્યારે રાત-દિવસનો પૌષધ કરે છે ત્યારે 'જાવઅહોરત્તં' અને માત્ર દિવસનો પૌષધ કરે ત્યારે 'જાવદિવસં' બોલીને તેટલા તેટલા સમયની સામાયિકભાવની પ્રતિજ્ઞા કરે છે. .

પરન્તુ ઓછામાં ઓછી ૪૮ મિનિટ સુધી તો સમભાવની પ્રતિજ્ઞા કરવી જ જોઈએ. તે સમયમર્યાદા નિયમ પદથી જણાવેલી છે.

સામાયિક લઈને વ્યાખ્યાનાદિમાં બેઠા હો અને વ્યાખ્યાનાદિ ચાલતુ હોય ત્યારે તેની વચ્ચે ૪૮ મિનિટ પૂર્ણ થઈ જતા પારવાની ક્રિયા કરવી પડે તો વ્યાખ્યાનની ધારા તૂટે. આ રીતે વ્યાખ્યાનની ધારા તોડવી યોગ્ય નથી. વળી જો ચાલુ વ્યાખ્યાનમાં પારવાની ક્રિયા કરીએ તો એકીસાથે બે ક્રિયા કરવાનો દોષ લાગે. તેવો દોષ ન લાગે તે માટે સમય પૂરો થઈ જાય તો પણ સામયિક પારવું નહિ, પરન્તુ મનમાં ધારણા કરી લેવી કે, 'મારું સામાયિક પૂરું થઈ ગયું છે.' આવી ધારણા કરી લીધા પછી વ્યાખ્યાનાદિ શ્રવણ કરવામાં લીન બની જવું તે ઉચિત છે.

વચ્ચે આવી ધારણા પણ ન કરવી હોય તો, 'કરેમિભંતે' રૂપ આ સામાયિકદંડક સૂત્ર ઉચ્ચરતી વખતે જ મનમાં એવો કાળનિયમ કરવો કે, 'જ્યાં સુધી આ વ્યાખ્યાન ચાલે (૪૮ મિનિટથી તો વધુ જ) ત્યાં સુધી હું સાવદ્ય યોગના પચ્ચક્ખાણ રૂપ આ સામાયિક કરું છું.' હવે વ્યાખ્યાન ચાલે ત્યાં સુધી તેણે સામાયિક પારવાની ક્રિયા કરવાની જરૂર જ નથી. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી, જો ૪૮ મિનિટ પૂર્ણ થઈ ગઈ તો સામાયિક પારી શકાય. પરન્તુ જો તે સમય બે-ત્રણ કલાકનો પણ કદાચ થયો હોય તો પણ તે એક જ સામાયિક ગણાય. તેને બે કે ત્રણ સામાયિક ગણી શકાય નહિ. છતાં વચ્ચે વચ્ચે સામાયિક પારવા કરતાં અખંડિત રીતે વ્યાખ્યાનાદિમાં લીન રહેવું તે વધુ ઉચિત જણાય છે.

**દુવિહં-તિવિહેણં** : આ સૂત્રમાં સર્વ પ્રથમ સામાયિક લેવાની પ્રતિજ્ઞા કરવા 'કરેમિ સામાઈયં' કહ્યું. પણ તરત મનમાં પ્રશ્ન ઊઠે કે હું સામાયિક કરું છું એટલે શું કરું છું ? તેનો જવાબ તરત જ આવ્યો કે 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' સાવદ્ય (પાપકારી) યોગોનો ત્યાગ કરું છું. તરત મનમાં સવાલ થાય કે આ ત્યાગ ક્યાં સુધી ? આખી જિંદગી સુધી કે અમુક સમય સુધી ? તેથી તેનો જવાબ તરતના 'જાવ નિયમં પજ્જુવાસામિ.'

પદોમાં આપ્યો કે જ્યાં સુધી કાળનિયમ છે (૪૮ મિનિટ) ત્યાં સુધી ત્યાગ કરું છું.

તેથી પ્રશ્ન ઉદ્‌ભવે કે પાપકારી યોગોનો જે ત્યાગ કરવાનો છે. તે કેવી રીતે કરવાનો ?

તેનો જવાબ 'દુવિહં તિવિહેણં' પદો દ્વારા આપેલ છે. બે પ્રકારે અને ત્રણ પ્રકારે હું પાપકારી યોગોનો ત્યાગ કરું છું.

શાસ્ત્રકાર પરમર્ષિઓ જણાવે છે કે પાપકારી યોગો ત્રણ પ્રકારના છે : (૧) પોતે જાતે પાપ કરવું. (૨) પોતે ભલે પાપ ન કરે, પરંતુ બીજા પાસે પાપ કરાવે તો તે પણ પાપકારી યોગ કહેવાય અને (૩) પોતે સ્વયં પાપ ન કરે કે બીજા પાસે ન કરાવે તો ય જો કોઈ પાપક્રિયા કરતું હોય તેને સંમતિ આપે, તેની અનુમોદના કરે તો તે પણ પાપકારી યોગ કહેવાય.

આ ત્રણ પ્રકારના જે પાપકારી યોગો છે, તેનો સાધુ-સાધ્વીજી ભગવંતો સંપૂર્ણપણે ત્યાગ કરે છે.

પરન્તુ ગૃહસ્થો સામાયિક કે પૌષધ દરમ્યાન પાપ જાતે ન કરવાની કે બીજા પાસે ન કરાવવાની પ્રતિજ્ઞા કરી શકે છે પણ કોઈ પાપ કરતા હોય તેની અનુમોદનાના ત્યાગની પ્રતિજ્ઞા કરી શકતા નથી.

તેઓ સંસારમાં બેઠેલા છે. તેથી સંસારમાં જે કોઈ આરંભ-સમારંભ થઈ રહ્યા છે, તેની અનુમોદના તેમની ચાલુ જ છે. દા.ત., બેંકમાં પોતે ફિક્ષડિપોઝીટ વગેરેમાં પૈસા રોક્યા છે, તેનું વ્યાજ તેના પૌષધના સમયે પણ ચાલુ જ છે. જે કંપનીના શેરોમાં રોકાણ કર્યું છે, તેનું ડિવિડન્ડ વગેરે ચાલુ જ છે અને તેથી પોતાના સામાયિક કે પૌષધ દરમ્યાન તે કંપનીમાં ચાલતી હિંસાદિની અનુમોદના પણ ચાલુ જ છે.

આ વિશ્વમાં એક માત્ર સાધુજીવન જ એવું છે કે, જેને સ્વીકારનારો સંપૂર્ણપણે પાપોનો ત્યાગ કરી શકે છે.

ઘરમાં રહીને કદાચ ધર્મની આરાધના ઘણી કરી શકાતી હોય તો પણ દીક્ષા લેવી જ જોઈએ, સાધુ બનવું જ જોઈએ, તેનું મુખ્ય એક કારણ એ છે કે ઘરમાં રહીને સંપૂર્ણપણે સર્વપાપોનો ત્યાગ થઈ શકતો નથી અને એક વાત બરોબર ઠસાવી લેવી જોઈએ કે ધર્મ કરવાથી નહિ પણ સર્વ પાપોનો ત્યાગ કરવાથી જ મોક્ષ મળે છે.

માટે મોક્ષ મેળવવાની જેની પણ ઇચ્છા હોય તે આત્મા એક ક્ષણ માટે પણ સંસારમાં રહી શકે નહિ. ઘરે રહીને પણ અમે ધર્મ કરીશું ને મોક્ષે જઈશું તેવું વિચારી શકે નહિ.

સાધુ અને સાધ્વીજીને પાપકારી યોગોની અનુમોદનાનો પણ ત્યાગ હોય છે તેથી તેઓ દુવિહં-તિવિહેણં ન બોલતા 'તિવિહં તિવિહેણં' બોલે છે. પણ ગૃહસ્થો સંસારમાં રહેતા હોવાથી, અને સંસારનું સ્વરૂપ જ પાપમય હોવાથી, તે 'તિવિહં તિવિહેણં' પ્રતિજ્ઞા કરી શકતા નથી પણ પોતે પાપ કરવા અને કરાવવાનું ત્યાગતા હોવાથી 'દુવિહં-

તિવિહેણં' પ્રતિજ્ઞા કરે છે.

પાપકારી યોગોના ત્રણ સાધનો છે : (૧) મન (૨) વચન અને (૩) કાયા. આ ત્રણમાંથી એક પણ સાધન વડે પાપ જાતે કરવું નહિ કે બીજા પાસે કરાવવું નહિ, તે શ્રાવક-શ્રાવિકાની પ્રતિજ્ઞા છે, જ્યારે આ ત્રણમાંથી એક પણ સાધન વડે પાપ કરવું નહિ, કરાવવું નહિ કે કોઈ કરતું હોય તેની અનુમોદના પણ ન કરવી તે સાધુ-સાધ્વીજીની પ્રતિજ્ઞા છે.

અને તેથી જ ગૃહસ્થો 'સાવજ્જં જોગં' કહે તેની જગ્યાએ સાધુઓ 'સવ્વં સાવજ્જં જોગં' બોલે છે. કેમકે તેમને બધા જ પાપોનો ત્યાગ છે.

વળી ગૃહસ્થોના 'ન કરેમિ, ન કારવેમિ' પાઠ બોલવાની સાથે સાધુઓ 'કરંતંપિ અન્નં ન સમણુજાણામિ' પાઠ પણ બોલે છે.

આમ ગૃહસ્થોને (૧) મન (૨) વચન અને (૩) કાયાથી, (૧) ન કરવું અને (૨) ન કરાવવું પ્રતિજ્ઞા હોવાથી ૩ × ૨ = છ કોટિ પચ્ચક્ખાણ થયું કહેવાય. જ્યારે સાધુઓને (૧) મન (૨) વચન અને (૩) કાયાથી (૧) ન કરવું (૨) ન કરાવવું અને (૩) ન અનુમોદવું એવી પ્રતિજ્ઞા હોવાથી ૩ × ૩ = નવ કોટી પચ્ચક્ખાણ કરવાનું હોય છે.

**(૪) મણેણં - વાયાએ - કાએણં**

મન-વચન અને કાયાથી પાપોનો ત્યાગ કરવાની વાત આ પદો દ્વારા જણાવી છે.

જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓ મનઃશુદ્ધિની જેટલી આવશ્યકતા માને છે. તેટલી જ આવશ્યકતા વચનશુદ્ધિ અને કાયશુદ્ધિની માને છે.

મનશુદ્ધિથી આત્મશુદ્ધિ થાય છે, તે વાત તો બધા કરે છે, પણ મનઃશુદ્ધિ શેનાથી થાય ? તેનો જવાબ કોઈ પાસે નથી. બધા મૂંઝવણમાં મુકાય છે. ત્યારે શાસ્ત્રકારો આ પદો દ્વારા જણાવે છે કે વચન અને કાયાની શુદ્ધિથી મનઃશુદ્ધિ થઈ શકે છે.

જેના વચન અને કાયા નિયંત્રિત નથી તેનું મન નિયંત્રિત થવું અતિમુશ્કેલ છે. વચન અને કાયાના નિયંત્રણ વિના મન ઉપર નિયન્ત્રણ આવી શકતું નથી.

સૂત્ર-૧૧

# ૧૪ સામાયિક પારણ સૂત્ર :

## સામાઈય વય જુત્તો સૂત્ર

ભૂમિકા :-

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થની આર્યસંસ્કૃતિ પરમપિતા પરમાત્મા ઋષભદેવ ભગવાને પોતાના ગૃહસ્થકાળ દરમ્યાન બતાવી હતી.

દરેકનું લક્ષ એકમેવ મોક્ષને પ્રાપ્ત કરવાનું જ હોય. તે મોક્ષને સાધી આપનાર છે ધર્મ પુરુષાર્થ.

અર્થ (પૈસો) અને કામ (સાંસારિક ઇચ્છાઓ) તો સંસાર વધારનાર છે. અનર્થકર છે. પરન્તુ જો તે અર્થ અને કામમાં પણ ધર્મ ઘુસાડી દેવાય તો તે અર્થ અને કામ પુરુષાર્થ બની જઈને મોક્ષમાર્ગના પરંપરાએ સાધક બની શકે છે.

સિંહ તો ભયંકર જ હોય ને ! એક ત્રાડ નાખે તો ભલભલા ગભરાઈ જાય. પણ જો તે સિંહને પાંજરામાં પૂરી દીધો હોય તો ! હવે તે તેટલું નુકસાન ન કરી શકે !

અર્થને નીતિ અને સંતોષરૂપી પાંજરામાં પૂરવાનો છે. હવે તે અર્થ, નીતિ અને સંતોષરૂપી ધર્મથી નિયંત્રિત બનતા પુરુષાર્થ બની જશે. તે જ રીતે કામને પણ પરસ્ત્રીગમનત્યાગ અને સ્વદારાસંતોષ નામના પાંજરામાં પૂરી દેવામાં આવે તો નિયંત્રિત થયેલો તે કામ પણ પુરુષાર્થ બની જાય. પરંપરાએ મોક્ષને સાધી આપે.

તે જ રીતે ધર્મની ક્રિયાઓ પણ જો ધર્મપુરુષાર્થ બને તો જ તે મોક્ષ આપવા સમર્થ બને. ધર્મની ક્રિયાઓને ધર્મ બનાવવા માટે વિધિ અને જયણાથી નિયંત્રિત કરવી જોઈએ.

તમામે તમામ ધર્મક્રિયાઓ બરોબર વિધિપૂર્વક કરવી જોઈએ. વળી, તે ક્રિયા કરતી વખતે જો કોઈ દોષનું સેવન કરવું જ પડે તો તેમાં જયણા જોઈએ.

જયણા એટલે યતના. લાગતા દોષોમાં શક્યતઃ વધુ ને વધુ ઘટાડો કરવાનો પ્રયત્ન.

આવી વિધિ અને જયણાપૂર્વકની ધર્મક્રિયાઓ ધર્મ બનીને મોક્ષને સાધી આપે છે.

કરેમિભન્તે સૂત્રથી જે સામાયિક નામની ધર્મક્રિયા શરૂ કરી, તે વિધિ અને જયણાપૂર્વક કરવાની છે.

મન-વચન અને કાયાને સમભાવમાં સ્થિર કરવાના છે. જરા ય વિષમતા પ્રવેશી ન જાય તેની કાળજી રાખવાની છે. સામાયિકમાં ન સેવી શકાય તેવા મનના દસ દોષો છે, વચનના દસ દોષો છે અને કાયાના બાર દોષો છે. આવા કુલ ૩૨ દોષોમાંથી એક પણ દોષ ન લાગી જાય તેનું સામાયિકમાં ધ્યાન રાખવાનું છે.

છતાં તેમાંનો કોઈપણ દોષ ભૂલમાં લાગી ગયો હોય કે સામાયિકમાં કોઈ અવિધિ થઈ ગઈ હોય તો તેની ક્ષમા માંગી લેવી જોઈએ. તે ક્ષમા આ સામાઈય વય જુત્તો સૂત્ર બોલવા દ્વારા માંગવાની છે.

વળી આ સામાયિકધર્મની આરાધના વારંવાર કરવી જોઈએ. જેટલી વાર સામાયિક કરીએ તેટલીવાર પાપકર્મો નાશ પામે છે. વળી સામાયિક કરતી વખતે શ્રાવક સાધુ જેવો ગણાય છે. તેવા કારણોસર સામાયિક વારંવાર કરવું જોઈએ તેવું આ સૂત્રમાં જણાવ્યું છે.

વિધિપૂર્વક સામાયિક લીધા બાદ, જે મર્યાદિત કાળ (૪૮ મિનિટ) માટે આ સામાયિકભાવનો નિયમ કર્યો છે, તેટલો કાળ પૂર્ણ થયા બાદ, તે સામાયિક પારવા માટે આ સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં થયેલી અવિધિ અને સેવાઈ ગયેલા દોષોની ક્ષમા માંગીને, ફરી ફરી સામાયિક કરવાની પ્રેરણા કરવામાં આવી છે.

* **(૧) જૈનશાસ્ત્રોમાં જણાવેલું નામ :** સામાયિક પારણ સૂત્ર

* **(૨) લોકોમાં પ્રચલિત નામ :** સામાઇય વય જુત્તો સૂત્ર

* **(૩) વિષય :** સામાયિકમાં થયેલી અવિધિ અને લાગેલા દોષોની ક્ષમાપના માંગવા પૂર્વક વારંવાર સામાયિક કરવાની પ્રેરણા

* **(૪) સૂત્રનો સારાંશ :** બને ત્યાં સુધી અવિધિ કરવી જ નહિ. છતાં પણ અજ્ઞાનતાદિ દોષના કારણે અવિધિનું સેવન થઈ જાય તો થઈ ગયેલી તે અવિધિની ક્ષમા માંગી લેવી જોઈએ. તેમ કરવાથી અવિધિનો દોષ દૂર થઈ જાય છે.

જાણી જોઈને તો અવિધિ ન જ કરવી જોઈએ. દરેક ક્રિયા વિધિપૂર્વક જ કરવી જોઈએ. પણ કદાચ અવિધિથી થઈ જાય તો 'અવિધિથી કરવા કરતાં ન કરવું સારું' તેમ તો ન જ કહેવાય. આરાધના કરવાની ચાલુ રાખવી. અને તેમાં સેવાઈ જતી અવિધિઓને સતત દૂર કરતા રહેવું. થઈ ગયેલી અવિધિઓની ક્ષમાના માંગતા રહેવું.

શ્રાવક એટલે સાધુપણાનો સાચો ઉમેદવાર, તે સાધુ બનવા તલપતો હોય. પરન્તુ કર્મની વિલક્ષણતા કે તેવા કોઈ કારણોસર તે સાધુ બની શકતો ન હોય તોય સાધુ બનવાની ઈચ્છા તો તેના રોમરોમમાં સતત ઊછળતી જ હોય.

પોતાની આ ઈચ્છાને આંશિક ફળીભૂત કરવા શું કરવું ? સાધુ તો ૨૪ કલાક સતત સામાયિકભાવમાં રહે છે. પણ પોતાની તે શક્તિ નથી, તો તેની અનુમોદના કરવા તથા તે સાધુપણાનો રસસ્વાદ માણવા શ્રાવકે વારંવાર આ સામાયિક ભાવનું સેવન કરવું જોઈએ. તેવું આ સૂત્રમાં જણાવ્યું છે.

### * (૫) સૂત્ર :

*સામાઈઅ વય જુત્તો, જાવ મણે હોઈ નિયમ સંજુત્તો*
*છિન્નઈ અસુહં કમ્મં, સામાઈઅ જત્તિઆ વારા ॥૧॥*
*સામાઈઅમ્મિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા*
*એએણ કારણેણં, બહુસો સામાઈયં કુજ્જા ॥૨॥*

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જ કોઈ અવિધિ હુઓ હોય,

તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડમ્.

દસ મનના, દસ વચનના બાર કાયાના એ બત્રીસ દોષમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડમ્.

## * (૬) ઉચ્ચારશુદ્ધિ અંગે સૂચનો :

(૧) કરેમિભન્તે સૂત્રમાં 'નિયમં' છે, જ્યારે આ સૂત્રમાં 'નિયમ' છે તે ભૂલવું નહિ.

(૨) જોડાક્ષરો બોલતી વખતે બરોબર ધ્યાન રાખવું.

(૩) આ સૂત્રની પહેલી બે ગાથા પ્રાકૃતમાં છે. છેલ્લી ગાથાઓ ગુજરાતીમાં છે. શ્રી વર્ધમાનસૂરિકૃત આચારદિનકર, શ્રી મહિમાસાગરજી વિરચિત ષડાવશ્યક વિવરણ વગેરેમાં જે પાઠ આવે છે, તેના કેટલાક અંશોનું આ ગુજરાતીકરણ છે. અને પ્રાયઃ ૧૯મી સદીથી સામાઇય વયજૂત્તો સૂત્ર પછી તે બોલવાની પરંપરા શરૂ થઈ હોય તેમ જણાય છે.

## * (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| **સામાઈય વય જુત્તો :** | સામાયિકના વ્રતથી યુક્ત | **જત્તિઆ વારા :** | જેટલી વાર |
| **જાવ :** | જ્યાં સુધી | **સામાઈયંમિ ઉ કએ :** | સામાયિક કર્યે છતે |
| **મણે :** | મન | **સમણો ઈવ :** | સાધુ જેવો |
| **હોઈ :** | છે | **સાવઓ :** | શ્રાવક |
| **નિયમ સંજુત્તો :** | નિયમથી યુક્ત | **હવઈ :** | થાય છે |
| **છિન્નઈ :** | છેદે છે | **જમ્હા :** | જે કારણથી |
| **અસુહં :** | અશુભ | **એએણ કારણેણં :** | એ કારણથી |
| **કમ્મં :** | કર્મને | **બહુસો :** | વારંવાર |
| **સામાઈઅ :** | સામાયિક | **સામાઈઅં :** | સામાયિક |
| | | **કુજ્જા :** | કરવું જોઈએ. |

## * (૮) સૂત્રાર્થ :

**જ્યાં સુધી મન સામાયિકના નિયમથી યુક્ત છે ત્યાં સુધી તે (આત્મા) સામાયિકવ્રતથી યુક્ત ગણાય છે.**

**વળી જેટલી વાર સામાયિક કરે તેટલી વાર તે આત્મા અશુભ કર્મોનો નાશ કરે છે.**

**જે કારણથી સામાયિક કરતે છતે તે શ્રાવક સાધુ જેવો ગણાય છે; તે કારણથી વારંવાર સામાયિક કરવું જોઈએ.**

**મેં વિધિપૂર્વક સામાયિક લીધું છે, વિધિપૂર્વક સામાયિક પાર્યું છે. છતાં તે વિધિ કરવામાં કોઈપણ અવિધિ થઈ હોય તો મારું તે પાપ મિથ્યા થાઓ.**

**સામાયિક દરમ્યાન મનના દસ, વચનના દસ અને કાયાના બાર; એ બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તેનું મારું પાપ મિથ્યા થાઓ.**

*** (૮) વિવેચન :**

મનુષ્યભવને પ્રાપ્ત કરવા છતાં જેઓ સાધુજીવન સ્વીકારી શકતા નથી, તેઓએ સાધુજીવન પ્રાપ્ત કરવાના લક્ષ સાથે શ્રાવકજીવન જીવવું જોઈએ. તે માટે શ્રાવકના બાર વ્રતોનું પાલન કરવું જોઈએ.

સાધુઓ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. તે મહાવ્રતો પાળવામાં અતિ કઠિન છે. શ્રાવક તે મહાવ્રતો પાળવા સમર્થ નથી. માટે તે આ પાંચ મહાવ્રતો સંબંધિત પાંચ નાના વ્રતોનું પાલન કરે છે, જે અણુવ્રતો તરીકે ઓળખાય છે.

જીવનમાં ગુણોનું સ્થાપન થાય તે માટે ત્રણ વ્રતોનું તેણે પાલન કરવાનું હોય છે. જે ગુણવ્રત તરીકે ઓળખાય છે.

જીવનમાં આ બધા વ્રતોનું પાલન રક્ષણ અને સંવર્ધન થાય તે માટે શ્રાવકે ચાર વ્રતોનું પાલન કરવું અતિશય જરૂરી છે, જે શિક્ષાવ્રત તરીકે પ્રસિદ્ધ છે.

આ ચાર શિક્ષાવ્રતોમાં પ્રથમ નંબર આવે છે : સામાયિકવ્રતનો.

જેનું વારંવાર સેવન કરવાનું હોય, વારંવાર અભ્યાસ કરવો જરૂરી હોય તે શિક્ષાવ્રત કહેવાય.

સામાયિક, દેશાવગાસિક, પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ એ ચાર શિક્ષાવ્રતો છે. તેનું વારંવાર સેવન કરવાથી આત્મામાં વધુ ને વધુ રસ, ઉલ્લાસ, આનંદ વગેરે પેદા થવા લાગે છે. આત્મા કર્મોથી હળવો થાય છે.

સામાયિક એટલે સમભાવ. જ્યાં સમભાવ આવ્યો ત્યાં કયા ગુણો નથી આવ્યા ? તે સવાલ છે.

પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનમાં કેવો ઉચ્ચકક્ષાનો આ સમભાવ પેદા થયો હતો !

ઉપસર્ગોની ફોજ લઈને આવ્યો પેલો મેઘમાળી નામનો દેવ બનેલો કમઠ ! ધોધમાર વરસાદની ધારા તેણે વહાવી. પરમાત્માની નાસિકા સુધી પાણી આવવા લાગ્યું. ભયંકર ઉપસર્ગ તેણે કર્યો. છતાંય પરમાત્માના મનમાં તેના પ્રત્યે ક્ષણ પણ અણગમાનો કે તિરસ્કારનો ભાવ પેદા થયો નહિ !

અને દોડતો આવ્યો પેલો ધરણેન્દ્ર ! જે પૂર્વભવમાં નાગ હતો. મરી રહ્યો હતો. પરમાત્માના પ્રભાવે, નવકારમંત્રના સ્મરણે બન્યો હતો નાગલોકનો ઈન્દ્ર ધરણેન્દ્ર. પોતાના ઉપકારી ઉપરના ઉપસર્ગને દૂર કરવા તેણે પ્રભુ ઉપર ફણાનું છત્ર ધર્યું. પ્રભુને ઉપસર્ગમાંથી મુક્ત કર્યા. પેલા મેઘમાળીને હડધૂત કર્યો.

છતાંય પાર્શ્વપ્રભુ તેના ઉપર આનંદિત થતા નથી. તેના પ્રત્યે અહોભાવ કે ઉપકૃત

થયાની લાગણી મનમાં ય પ્રદર્શિત કરતા નથી !

અપકારી હોય કે ઉપકારી હોય. બંનેની બાબતમાં છે તેમની સમદૃષ્ટિ. તેમણે સમતાને આત્મસાત કરી હતી.

સમભાવને પોતાની આરાધનાનો પ્રાણ બનાવ્યો હતો.

આ સમભાવની જીવનભર સાધના કરવા માટે છે સાધુજીવન. મર્યાદિત સમય માટેની સાધના કરવા માટે છે આ સામાયિકનું સેવન.

સામાયિકની પ્રત્યેક ક્ષણ અનંતાનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાવે છે. તેની પ્રત્યેક મિનિટે આત્મા લગભગ પોણા બે કરોડ પલ્યોપમ સુધી ચાલે તેટલા દેવલોકના સુખો જમા કરી દે છે.

એક વ્યક્તિના કુટુંબની ત્રણ પેઢીના જુદા જુદા સાતથી આઠ માનવો દરેક પોતાના જીવનકાળના ૬૦-૬૦ વર્ષ સુધી, રોજના ૮થી ૧૦ કલાક ગધ્ધામજૂરી કરે તો પણ કેટલી કમાણી કરી શકે ? અનેક કરોડ અબજો રૂપિયા ને ?

તેથી પણ અનેકગણી વધારે કિંમતી વસ્તુઓની પ્રાપ્તિ અનેક પલ્યોપમ સુધી દેવલોકમાં તે આત્મા પ્રાપ્ત કરી દે છે, માત્ર એક જ સામાયિક કરવાથી !

૪૮ મિનિટનું એક સામાયિક કરવાથી ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમ સુધી ચાલે તેટલું દેવલોકનું સુખ મેળવી શકે છે.

આ વાતને જાણ્યા પછી હવે કયો વ્યક્તિ આ દુનિયામાં એવો હોય કે જે દિવસમાં એકાદ સામાયિક પણ ન કરે ?

દુનિયાની ગધ્ધામજૂરીમાં Maximum efforts to get minimum result (ઘણી મહેનત કરીને થોડું મેળવવાનું) છે તો સામાયિકની સાધનામાં Minimum effort to get maximum result (ઓછી મહેનત અને ઘણું મેળવવાની વાત) છે.

સામાયિકનો મહિમા વર્ણવતા મહાપુરુષોએ કહ્યું છે કે, રોજ એક લાખ સોનાની ખાણનું એક માણસ દાન કરે અને બીજો એક માણસ રોજ માત્ર (વિધિવત્) એક સામાયિક કરે તો તેના સામાયિકને પેલું દાન આંબી શકે નહિ. એટલે કે તે દાન કરતાં સામાયિકનું મૂલ્ય વધી જાય.

વળી અન્ય સ્થાને જણાવેલ છે કે, કરોડો ભવો સુધી તીવ્ર તપ કરવા છતા પણ જે કર્મોને જીવ ખપાવી શકતો નથી, તે કર્મોને સમભાવથી (સામાયિકથી) યુક્ત આત્મા અર્ધી ક્ષણમાં ખપાવી દે છે.

આવો અદ્ભુત અને અપરંપાર પ્રભાવ છે આ સામાયિકનો. તે પ્રભાવને પામવા માટે જીવનમાં રોજ સામાયિક કરવાનો સંકલ્પ કરવો જોઈએ. કોઇ કારણસર સામાયિક ન થઈ શકે તો આકરો દંડ રાખવો જોઈએ. રાત્રે ચેન ન પડવું જોઈએ. ઊંઘ હરામ થઈ જવી જોઈએ. રાત્રે બાર વાગે ઊઠીને સામાયિક કર્યા પછી જ નિરાંત થવી જોઈએ.

વર્તમાનકાળે પણ એવા અનેક મહાનુભાવો છે, કે જેમના કુટુંબના તમામ સભ્યો

રોજ એક સામાયિક અચૂક કરે જ છે. નાના બાળકોને ભૂલમાં સામાયિક કરવાનું રહી ગયું હોય અને સૂઈ ગયા હોય તો મોડી રાત્રે ઉઠાડીને પણ તેઓને સામાયિક ધર્મની સાધનામાં પ્રેમથી જોડવામાં આવે છે.

જો કોઈ દિવસ કોઈપણ કારણસર સામાયિક ન થઈ શકે તો રૂ.દસ હજાર જેવી માતબર રકમનો દંડ ભોગવવાની પ્રતિજ્ઞા કરનાર ભાગ્યશાળીઓ પણ આ કાળમાં છે. કેવું ગમી ગયું હશે તેમને આ સામાયિક ધર્મનું અનુષ્ઠાન !

રોજ દાન આપવાની પ્રતિજ્ઞા આજે પૂર્ણ ન થવાથી શેઠને ઊંઘ આવતી નથી તો થોડે દૂર આજે સામાયિક ન થવાથી એક ઘરડા ડોશીમા વ્યથિત છે. શબ્દો સરી પડે છે તેમના મુખમાંથી, "આજનો મારો દિન વાંઝિયો ગયો કેમ કે આજે મારે એકે ય સામાયિક થયું નથી."

આ સાંભળીને પેલા શેઠ કહે છે, 'અરે ડોસલી ! સામાયિક ન થયું તેમાં આટલો કકળાટ શાનો ? સામાયિકમાં શું ધાડ મારવાની છે ? કટાસણા ઉપર બેસવાનું જ ને !

ખરેખર તો કકળાટ મને છે કેમ કે દાન આપવાનું આજે મારાથી રહી ગયું છે.

ડોસી તો તેમના દાનની અનુમોદના કરે છે અને પોતાનાથી આજે સામાયિક નથી થયું, તેનો પશ્ચાત્તાપ કરે છે. પેલા શેઠના હૈયામાં સામાયિક પ્રત્યે તિરસ્કાર છે ને સાથે સાથે પોતાના દાનધર્મનો અહંકાર માઝા મૂકી રહ્યો છે.

પરિણામ તે આવ્યું કે સામાયિકના પ્રભાવે પેલી ડોસી મૃત્યુ પામીને રાજકુમારી બની. જ્યારે પેલો શેઠ સામાયિક પ્રત્યેના તિરસ્કારના કારણે મરીને હાથી બન્યો. રાજકુમારીએ તે હાથીને પ્રતિબોધ પમાડ્યો. દેવલોકની ભેટ આપી.

જે સામાયિકના પ્રભાવે ડોશીમા રાજકુમારી બની શક્યા, તે સામાયિક કરવાનું કદી પણ મૂકવું નહિ. સામાયિકના પ્રભાવની બીજા એક શેઠની વાત પણ જાણવા જેવી છે.

શેઠ ઘરે આવીને શેઠાણીને કહે છે કે, 'વાટકીમાં ઝેર ઘોળ.'

'પણ શું થયું છે ? તે તો કહો.'

શું શું થયું ? આબરૂ બચાવવી મુશ્કેલ છે. વહાણો ડૂબી ગયા છે. લેણદારોની લાઈન લાગી છે. બધાને પૈસા ચૂકવી શકાય તેમ નથી. ઇજ્જત મને પ્રાણ કરતાં વધારે પ્યારી છે. ઇજ્જત જાય તે પહેલા પ્રાણ ચાલ્યા જાય તે જ સારં. માટે હવે બીજી વાતો કર્યા વિના જલદી ઝેર ઘોળ.

શેઠાણી ચબરાક હતી. સમયપારખુ હતી. તેણે કહ્યું, 'ઝેર તો હમણા જ ઘોળી આપું પણ આજે મરવાના દિને શું તમારે પ્રતિજ્ઞાનો ભંગ કરવો છે ? રોજ એક સામાયિક કરવાનો તમારો નિયમ છે. આજનું સામાયિક તો હજુ બાકી છે. તો પહેલા સામાયિક કરી પછી ઝેર લેવાનું.'

અને શેઠને તે વાત ગળે ઊતરી ગઈ. સામાયિક કરવા તેઓ બેસી ગયા. શેઠાણી

સામાયિકના નામે સમય પસાર કરવા માંગતા હતા.

શેઠને નજીકમાં મોત દેખાતું હતું. તેઓ ધર્મમાં તલ્લીન બનવા લાગ્યા.

જીવનમાં સેવેલા પાપોનો કારમો પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

જેટલું મરણ નજીક તેટલું પાપ દૂર. જેટલું મરણ દૂર તેટલું પાપ નજીક.

માટે જ પ્રત્યેક પળે આપણે મોતની શક્યતાને નજર સમક્ષ રાખવી જોઈએ. તેમ કરવાથી જીવન પવિત્ર રહેશે. પાપો યોજનો દૂર રહેશે.

થોડી વારમાં દરવાજે ટકોરા પડ્યાં. મંત્રીશ્વર આવીને ઊભા છે. સામાયિક પૂર્ણ થતા શેઠ તેમનું સ્વાગત કરે છે.

શેઠ ! આ ત્રણ રત્નો તમારી પાસે થાપણ તરીકે મૂકવા આવ્યો છું. મારે તાત્કાલિક નગર છોડવુ પડે તેમ છે. પાછો આવુ ત્યારે પરત કરજો.

શેઠ : મંત્રીશ્વર ! દેવાળુ કાઢવાની તૈયારી છે. મારી ઉપર વિશ્વાસ શી રીતે મૂકી શકશો ?

મંત્રી : શેઠજી ! તમારી નેકી ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. આ ત્રણ રત્નોમાંથી એક રત્ન તમને થાપણ સાચવવા પેટે ભેટ આપું છું. તેની કિંમત સવાકરોડ સોનામહોર છે. તેનાથી તમારું ટેન્શન દૂર થઈ જશે હવે લો ત્રણ રત્નો અને મને જવાની રજા આપો.

ત્રણ રત્નો આપીને મંત્રીએ વિદાય લીધી.

શેઠાણી શેઠને કહે છે : 'જોયુંને સામાયિકનો પ્રભાવ ! તમે સામાયિક ન કર્યું હોત તો ઝેર પીને મરી ગયા હોત. સામાયિકે તમારી આબરૂ બચાવી અને મોતથી પણ ઉગાર્યા.

**શેઠ** : તારી વાત એકદમ સાચી છે. હવે કદી આ સામાયિક વિના હું રહી શકીશ નહિ.

તમામ ધર્મોનો એકમેવ ઉપદેશ છે કે હિંસા ન કરવી. કોઈપણ જીવને મારવો નહિ. ત્રાસ આપવો નહિ.

પરન્તુ આ ઉપદેશનો સંપૂર્ણ અમલ શી રીતે કરવો ? આ માત્ર આદર્શની વાત છે કે જીવનમાં ખરેખર તેનો અમલ શક્ય પણ છે ? શું પૃથ્વી પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે વિશ્વના સર્વ જીવોને અભયદાન આપી શકાય ખરા ? કોઈપણ જીવની હિંસા વિના જીવન જીવવું આપણા માટે શક્ય ખરું ?

આ સવાલનો પોઝિટિવ જવાબ અન્ય કોઈ ધર્મ પાસે નથી. હિંસા વિનાના જીવનની કલ્પના પણ કોઈ ધર્મ પાસે નથી. પણ જૈન ધર્મને તો પ્રકાશિત કર્યો છે સર્વજ્ઞ ભગવંતોએ. તેઓને ત્રણે લોકનું, ત્રણે કાળનું એકી સાથે જ્ઞાન હતું. તેમની પ્રત્યેક વાત અત્યંત સાચી અને અમલ કરવા માટે યોગ્ય જ હોય.

આવા સર્વજ્ઞ ભગવંતે જૈનધર્મમાં સાધુજીવન એવું બતાવેલ છે કે જેમાં એકપણ જીવની હિંસા વિના જીવન જીવી શકાય છે. સાધુ જીવનમાં નથી પૃથ્વીકાયની હિંસા તો

નથી પાણીના જીવની હિંસા નથી અગ્નિના જીવોની હિંસા કે નથી વાયુની હિંસા. સર્વજીવોને અભયદાન આપનારું આ જીવન છે.

પરન્તુ બધાની શક્તિ આ સાધુજીવનને સ્વીકારવાની નથી હોતી. તો શું સંસારી માનવ સર્વજીવોને અભયદાન ન આપી શકે ?

પરમપિતા પરમાત્મા કહે છે કે મારી તમામ વાતો પ્રેક્ટિકલ છે. હુ માત્ર સુદર આદર્શ જ નથી બતાડતો પણ જીવનમાં અમલ કરી શકાય તેવી વાતો જણાવું છું.

તેઓ કહે છે કે જો સાધુજીવન ન જ જીવી શકાય તેમ હોય તો ૪૮ મિનિટનું એક સામાયિક કરી દો.

હવે આ ૪૮ મિનિટ દરમ્યાન તમારા તરફથી સર્વ જીવોને અભયદાન મળી જ જશે. આ સામાયિક દરમ્યાન કોઈ જીવની હિંસા થઈ શકે તેમ નથી. તેની ગોઠવણ જ એવી સુંદર મજાની છે કે જેથી તે સામાયિક દરમ્યાન નથી લાઇટ વગેરે ઇલેક્ટ્રિસિટીનો ઉપયોગ કે નથી પંખા દ્વારા વાયુકાયની વિરાધના. તે દરમિયાન નથી રસોઈ કરી શકાતી કે નથી ટી.વી. જોઈ શકાતો. નથી લડાઈ કરી શકાતી કે નથી વેપાર કરી શકાતો. તે સામાયિક દરમ્યાન લઈ શકાય છે પ્રભુનું નામ તો ધરી શકાય છે પ્રભુનું ધ્યાન. કરી શકાય છે સારા પુસ્તકોનું વાંચન તો ગણી શકાય છે નવકારમંત્ર. તેમાં કાઉસગ્ગ પણ કરાય અને સત્સંગ પણ થાય. ટૂંકમાં પાપોના દરવાજા બંધ કરીને આત્માના સ્વરૂપમાં રમણતા માણવાની અદ્‌ભુત ક્રિયા એટલે આ સામાયિક. સર્વ જીવો સાથેના તાદાત્મ્યભાવને સિદ્ધ કરવાની સાધના એટલે આ સામાયિક. જીવ માત્ર પ્રત્યેના મધુર પરિણામને પેદા કરનારી રીફાઇનરી એટલે આ સામાયિક.

આવું સામાયિક વારંવાર કરવાનું જે આ સૂત્રમાં જણાવ્યું છે, તેનું પ્રયોજન એ છે કે આ રીતે વારંવાર સામાયિક કરવાથી આત્મામાં સમભાવની વિશેષ ખિલવટ થતા એક દિન આ આત્મા સાધુજીવન સ્વીકારી ઊંચી કક્ષાના સમભાવને સિદ્ધ કરવાની ક્ષમતા પામી શકે છે. માટે માત્ર સામાયિક કરીને અટકી ન જતા, સામાયિક કરતાં કરતા પણ સાધુજીવનની પ્રાપ્તિનું સતત લક્ષ કેળવવું જોઈએ.

સામાયિકમાં શ્રાવક સાધુ જેવો ગણાય છે, તેમ કહીને સામાયિકમાં વારંવાર જોડાવાનો ઉલ્લાસ પેદા કરવાનો પ્રયત્ન કરાયો છે. સાથે સાથે સામાયિક કરવાથી હું સાધુ જેવો ગણાયો પણ સાધુ તો નથી જ થયો, તે વાતનું ભાન કરાવીને સાધુ બનવા માટેનો પ્રયત્ન કરવાની પ્રેરણા કરાઈ છે.

સમભાવ લાવનારા સામાયિક કરવા માટે અત્યંત શુદ્ધ અને પવિત્ર વસ્ત્રોની આવશ્યકતા છે.

સફેદ વસ્ત્રો એ વાત્સલ્યના પ્રતીક છે. વિશ્વના જીવમાત્ર પ્રત્યે મધુર પરિણામ પેદા કરાવનારા આ સામાયિક માટે સફેદ ધોતિયું અને ખેશ (સાધુ-સાધ્વીને જિંદગીભરનું સામાયિક હોય છે તો તેમને તે માટે જિંદગીભર સફેદ વસ્ત્રો) પહેરવાના હોય છે. બહેનોએ મર્યાદા સચવાય તેવા, શુદ્ધ વસ્ત્રો પહેરવા જોઈએ.

ભાઈઓએ સામાયિક કરતી વખતે ખમીશ કાઢવું જોઈએ તેવું જણાવવા કરતાં ખેશ ધારણ કરીને સામાયિક કરવું જોઈએ, તેમ જણાવવું વધુ ઉચિત લાગે છે.

ઊન વગેરે ગરમ ચીજો બહારના પરમાણુઓને પોતાનામાં ગ્રહણ કરી લે છે. તેથી બહારની અશુદ્ધિઓ સમભાવની આ ક્રિયા દરમ્યાન આપણામાં ન પ્રવેશી જાય તે માટે ઊનનું ગરમ કટાસણું વાપરવામાં આવે છે. તેની ઉપર વ્યવસ્થિત રીતે બેસીને શાંતિથી આરાધના કરી શકાય તેટલું મોટું ચોરસ (લગભગ ૧ગજના માપનું) આ કટાસણું હોય છે.

સામાયિકમાં કાયોત્સર્ગ વગેરે આરાધના ઊભા ઊભા પણ થઈ શકે છે. વાચના, વ્યાખ્યાન વગેરે ઉભડક પગે પણ સાંભળી શકાય છે, તેથી કટાસણું અત્યંત આવશ્યક ઉપકરણ નથી. કટાસણા વિના પણ સામાયિક થઈ શકે છે. છતાં કોઈ કારણે બેસવું પડે તો જીવ રહિત જગ્યાએ ચળવળાથી પૂંજીને, કટાસણું પાથરીને તેની ઉપર સામાયિકમાં બેસી શકાય છે.

સાધુ-સાધ્વીજી ભગવંતો ડબલ પડવાળું આસન પાથરે છે.

ઉચ્ચાસણે - સમાસણે (ઊંચે કે સમાન આસને બેસવાના) દોષ ન લાગે તે માટે તેમના કરતાં કટ (અડધી) સાઈઝનું જે આસન (એક પડિયું) વપરાય તે કટાસણ = કટાસણું કહેવાય.

સામાયિક દરમ્યાન જો કાંઈપણ બોલવું પડે તો મોઢા પાસે મુહપત્તિ રાખીને જ બોલી શકાય. જો મોઢા પાસે મુહપત્તિ રાખ્યા વિના બોલીએ તો બોલેલું તે શાસ્ત્રવચન પણ પાપીવચન બની જાય.

મુહ = મુખની પાસે રાખવાની પત્તી = પટ્ટી = કપડું તે મુહપત્તિ. તે એક વેંત અને ચાર આંગળ લાંબું-પહોળું કપડું હોય છે. તેની એક કિનારી ઓટેલી (ધારવાળી) જોઈએ. બાકીની ત્રણ કિનારી ઓટ્યા વિનાની જોઈએ.

ઉપયોગ એ ધર્મ છે. જીવનમાં દરેક બાબતમાં સતત સજાગતા જાગૃતિ જોઈએ. આ જાગૃતિ તે જ ધર્મ છે.

તેથી સામાયિક દરમ્યાન મુહપત્તિને મોઢા ઉપર બાંધી રાખવાની નથી કે નથી પોતાના કમરે રૂમાલની જેમ ખોસી દેવાની કે નથી પોતાના પગ કે કટાસણા ઉપર એમનેમ મૂકી દેવાની.

જ્યારે જ્યારે બોલવું પડે ત્યારે તે મુહપત્તિને પોતાના મુખ આગળ લાવવાનો અને પછી તરત દૂર કરવાનો સતત ઉપયોગ રહેવો જરૂરી છે. બાંધી રાખવાથી કે કમરમાં ખોસી દેવાથી આ ઉપયોગ રહેતો નથી.

સામાયિક કરતી વખતે કટાસણું ન હોય તો ચાલે પણ જેમ મુહપત્તિ વિના તો ન જ ચાલે તેમ ચરવળા વિના પણ ન જ ચાલે. ચરવળો એ પૂંજવા પ્રમાર્જવાનું સાધન છે.

સામાયિકમાં સર્વ જીવોને અભયદાન આપવાનું છે, કોઈને ય સ્હેજ પણ કિલામણા નથી થવા દેવાની. તેથી જયારે પણ બેસવાનું, ઊભા થવાનું આવે કે પગ ઊંચા, નીચે,

લાંબા કરવા પડે ત્યારે કોઈ જીવ મરી ન જાય તે માટે પૂજવું પ્રમાજવું જોઈએ. ચરવળા વિના તો શી રીતે પૂંજી શકાય ? માટે સામાયિકમાં ચરવળો અત્યંત આવશ્યક છે. ચરવળા વિના સાચું સામાયિક થઈ શકે નહિ.

આ ચરવળો કુલ ૩૨ આંગળ લાંબો જોઈએ. તેમાં ૨૪ આંગળ લાંબી દાંડી અને આઠ આંગળ લાંબી દસી (ઊનની સુંવાળી દોરીઓવાળો ભાગ) જોઈએ. ક્યારેક એકાદ-બે આંગળ નાની મોટી દાંડી કે દસી હોય તો ચાલે પણ બંનેનું ભેગું માપ તો ૩૨ અંગુલ થવું જ જોઈએ.

ભાઈઓએ ગોળ દાંડીવાળા ચરવળાનો અને બહેનોએ ચોરસ દાંડીવાળા ચરવળાનો ઉપયોગ કરવો જોઈએ.

કાઉસ્સગ્ગ કરતી વખતે ડાબા હાથમાં (આગળ દાંડી અને પાછળ નીચે દસી રહે તે રીતે) ચરવળો અને જમણા હાથમાં મુહપત્તિ રાખવી જોઈએ. ઊભા ઊભા ક્રિયા કરીએ ત્યારે જમણી તરફ દસી રહે તે રીતે ચરવળો પકડવો જોઈએ.

કદાચ ચરવળો ન હોય તો સામાયિકમાં ઊભા થઈ શકાય નહિ.

દુનિયાની તમામે તમામ બાબતમાં વિધિનું ખૂબ જ મહત્ત્વ છે. ડોક્ટર સાહેબ દવા આપે અને તે દવા લેવાની વિધિ સમજાવે કે ૧૦ દિવસ સુધી રોજ ત્રણ વખત બે-બે ગોળી દૂધ સાથે લેવી. પણ જો તે દરદી તે દવાને દૂધ સાથે ન લે તો ? અથવા ત્રણવાર ન લે તો ? અથવા દસે દિવસની ૯૦ ગોળી એક જ સાથે લઈ લે તો ? તે નીરોગી થાય કે વધુ રોગી થાય ? તેનો રોગ મટે ખરો ?

જેમ દવા લેવામાં વિધિ સાચવીએ તો જ રોગ મટે તેમ તમામ ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ વિધિ સાચવીએ તો જ તેનું સાચું ફળ પ્રાપ્ત કરી શકાય.

પૂર્વે જણાવ્યું તેમ અર્થ (ધન-કમાણી)માં જો નીતિ અને સંતોષ ઉમેરાય તો જ તે અર્થ પુરુષાર્થ બને. પરંપરાએ મોક્ષનું કારણ બની શકે. કામમાં જો સ્વદારાસંતોષ અને પરસ્ત્રીગમન ત્યાગ ઉમેરાય તો જ તે કામ પોતે કામપુરુષાર્થ બની શકે, તે જ રીતે ધર્મમાં પણ જો વિધિ અને જયણા ઉમેરાય તો જ તે ધર્મ પોતે ધર્મપુરુષાર્થ બની શકે. અને મોક્ષ અપાવવા સમર્થ બની શકે.

સામાયિક એ પણ ધર્મ છે. તેને પુરુષાર્થ બનાવવા વિધિ અને જયણા તો જોઈએ જ.

વિધિપૂર્વક સામાયિક લેવું જોઈએ. અને સમય પૂર્ણ થતાં વિધિપૂર્વક તે સામાયિક પરાવું જોઈએ. સામાયિક દરમ્યાન પણ તેમાં અવિધિ કે દોષો ન આચરાઈ જાય તેની કાળજી જોઈએ. જો દોષોનું સેવન કરવાની પરિસ્થિતિનું નિર્માણ થાય તો તેમાં જયણા જોઈએ.

જયણા એટલે યતના. દોષ સેવનની સાપેક્ષતા. જે દોષ સેવ્યા વિના ચાલે તેમ ન હોય તે દોષની માત્રા ઓછામાં ઓછી શી રીતે થાય ? તેનો જે પ્રયત્ન તેનું નામ છે જયણા.

ચાલો... આપણે પણ સૌ પ્રથમ સામાયિક લેવાની વિધિ સમજી લઈએ.

# ૧૫ સામાયિક લેવાની વિધિ

સીવ્યા વિનાનાં શુદ્ધ વસ્ત્રો (ભાઈઓએ ધોતી અને ખેસ) પહેરીને સામાયિક લેવાનું શરૂ કરવાનુ છે.

જૈનશાસનની ક્રિયાઓ ગુરુભગવંતની સાક્ષીએ કરવાની હોય છે. ગુરુભગવંત પાસે જે સ્થાપનાચાર્યજી હોય છે, તેમાં આચાર્યભગવંતની સ્થાપના કરેલી હોય છે. તે સ્થાપનાચાર્યજીની સામે સામાયિક કરવાનું છે.

જો સ્થાપનાચાર્યજી ન હોય તો સાપડા ઉપર પુસ્તક મૂકીને તેમાં સૌ પ્રથમ આચાર્ય ભગવંતની સ્થાપના કરવી જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્રના કોઈપણ ઉપકરણમાં પણ આચાર્યભગવંતની સ્થાપના કરી શકાય છે.

ચરવળાથી જમીનને પૂંજીને કટાસણું પાથરવું. જો આચાર્ય ભગવંતની સ્થાપના સ્થાપવાની હોય તો પોતાનો જમણો હાથ સ્થાપના સન્મુખ રાખીને મંગલ માટે-

(૧) સૌ પ્રથમ નમસ્કાર મહામંત્ર બોલવો.

(૨) પછી તેમાં આચાર્યભગવંતની સ્થાપના કરવા પંચિંદિયસૂત્ર બોલવું. આ સૂત્ર બોલવા દ્વારા સન્મુખ રહેલા પદાર્થમાં ૩૬ ગુણયુક્ત આચાર્યભગવંતની સ્થાપના થાય છે.

સ્થાપનાચાર્યજી કે આ રીતે સ્થાપેલા આચાર્યભગવંત સામે ગુરુવંદન કરવું જોઈએ. કેમ કે ગુરુનો વિનય કર્યા વિના તો કાર્યમાં સફળતા શી રીતે મળે ? આ ગુરુવંદન કરવા માટે (૩) પહેલાં બે ખમાસમણ દઈને (૪) ઇચ્છકારસૂત્ર બોલીને ગુરુ ભગવંતને શાતા પૂછવાની છે. (૫) પછી (પદવીધારી હોય તો એક ખમાસમણ દઈને) અબ્ભુટ્ઠિયા સૂત્રથી ગુરુભગવંત સંબંધિત થયેલા અપરાધોની ક્ષમા માંગવાની છે.

(૬) હવે સમતાભાવને પ્રાપ્ત કરાવનારી સામાયિક ધર્મની મહાન આરાધના શરૂ કરવી છે. તે સર્વજીવરાશી સાથેના ક્ષમાપનાના ભાવ વિના સાચી શી રીતે થઈ શકે ? તેથી ખમાસમણ દઈને ઇરિયાવહી સૂત્ર બોલવા દ્વારા જતા-આવતા થયેલી વિરાધનાની માફી માંગવાપૂર્વક સર્વ જીવરાશી સાથે ક્ષમાપના કરાય છે.

(૭) પછી પોતાની જાતને શલ્યાદિથી રહિત કરવા માટે તથા આત્માની વિશેષ શુદ્ધિને પ્રાપ્ત કરવા માટે કાઉસ્સગ્ગ કરવાનો સંકલ્પ કરવા તસ્સ ઉત્તરી સૂત્ર બોલવાનું છે.

(૮) તે કાઉસ્સગ્ગ કરતા પૂર્વે, તેમાં જે છૂટો રાખવાની છે, તે છૂટોનું વર્ણન કરવા પૂર્વક કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરતું અન્નત્થ સૂત્ર બોલવુ જરૂરી છે.

ઈરિયાવહીથી અન્નત્થ સુધીના સૂત્રો ઊભા ઊભા બે હાથ જોડીને બોલવાના છે. તે વખતે બે પગની પાની વચ્ચે ચાર આંગળનું અને એડી વચ્ચે તેથી થોડુંક ઓછું અંતર રાખીને ઊભા રહેવાનું છે. પરસ્પર આંગળીઓ એકબીજાના આંતરામાં ગોઠવાઈ જાય તે રીતે બે હાથ જોડીને આ સૂત્રો બોલવાના છે.

મુહપત્તિ અને ચરવળો બે હાથમાં-આંગળીઓ અને અંગૂઠાના વચ્ચેના ભાગમાં-રાખવાના છે. ચરવળાનો દાંડીવાળો ભાગ પોતાની ડાબી બાજુ અને દસીનો ભાગ પોતાની જમણી બાજુ રહે તે રીતે ચરવળો પકડવાનો છે.

(૯) અન્નત્થ સૂત્ર પૂર્ણ થતાં જ થયેલા તે વિરાધનાના પ્રાયશ્ચિત્ત રૂપે (ચંદેસુ નિમ્મલયરા સુધીના) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો છે.

(પૂર્વે જણાવ્યા પ્રમાણે હકીકતમાં કાઉસ્સગ્ગમાં લોગસ્સસૂત્રનું જ સ્મરણ કરવાનું છે. જેમને હજુ સુધી લોગસ્સ સૂત્ર ન આવડતું હોય તેમણે તરત જ તે સૂત્ર ગોખવાનો ઉદ્યમ શરૂ કરવો જોઈએ. પણ જ્યાં સુધી તે સૂત્ર ગોખાઈ ન રહે, ત્યાં સુધી આરાધનાથી તેઓ વંચિત ન રહી જાય તે માટે પૂર્વના મહાપુરુષોએ એ આત્મા ટૂંક સમયમાં લોગસ્સ સૂત્ર શીખી લેશે તેવી આશા રાખીને તેની જગ્યાએ ચાર નવકાર ગણવાની રજા આપી છે. તેથી કાયમ માટે ચાર નવકાર જ ગણ્યા કરવા તે ઉચિત નથી. પણ જલ્દીથી લોગસ્સસૂત્ર ગોખી લેવું જરૂરી છે.) કાઉસગ્ગ દરમ્યાન ડાબા હાથમાં ચરવળો અને જમણા હાથમાં મુહપત્તિ લઈને બંને હાથને લટકતા રાખીને ૨૪ ભગવાનના ધ્યાનમાં લીન બનવાપૂર્વક લોગસ્સસૂત્રનું સ્મરણ કરવાનું છે.

(૧૦) પછી, થઈ ગયેલી વિરાધનાની કાઉસ્સગ્ગ દ્વારા હવે જે વિશિષ્ટ શુદ્ધિ પ્રાપ્ત થઈ તેના આનંદને વ્યક્ત કરવા માટે તથા તે શુદ્ધિ પ્રાપ્ત કરાવવામાં ઉપકારી બનનાર ૨૪ પરમાત્માનુ સ્મરણ કરવા પ્રગટપણે લોગસ્સ સૂત્ર બોલવાનું છે. જેના દ્વારા સાધક પોતાના કૃતજ્ઞતાભાવને વ્યક્ત કરે છે.

હજુ તો આરાધકે પૂર્વ ભૂમિકા જ કરી છે. તે માટે જરૂરી શુદ્ધીકરણ પણ કર્યું. હવે સામાયિકભાવની આરાધના કરવા માટે પ્રતિજ્ઞા કરવાનો અવસર આવ્યો છે. પણ તે માટે કેટલીક પૂર્વવિધિ પણ જરૂરી છે.

સમગ્ર સામાયિક દરમ્યાન જે મુહપત્તિ અને જે શરીરનો ઉપયોગ કરવાનો છે તેનું પણ પ્રતિલેખન કરવું જરૂરી છે, અર્થાત્ તે જીવથી રહિત છે કે નહિ ? તેની કાળજી લેવી જરૂરી છે. તે માટે એક ખમાસમણ દઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું ?' ('હે ભગવંત ! ઈચ્છાપૂર્વક આપ આદેશ આપો તો હું સામાયિક કરવા માટે મુહપત્તિનું પ્રતિલેખન કરું !) આદેશ માંગીને, ગુરુભગવંત 'પડિલેહ' કહે એટલે ઊભડક પગે બેસીને ૨૫ બોલથી મુહપત્તિનું પડિલેહણ કરવાનું છે.

(મુહપત્તિ પડિલેહણની વિધિ પાના નં. ૧૨૫ ઉપર જોવી.

ત્યારબાદ પ્રતિલેખન કરાયેલી તે મુહપત્તિથી શરીરનું પ્રતિલેખન બીજા ૨૫ (સાધ્વીજીએ ૧૮ અને સ્ત્રીઓએ ૧૫) બોલથી કરવાનું છે.

પ્રતિલેખન કરવાથી બાહ્ય ઉપકરણોની શુદ્ધિ થાય છે, તો તે પ્રતિલેખન કરતી વખતે તેના બોલ બોલવાથી આંતરશુદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી દરેક જણે મુહપત્તિ તથા શરીરના પ્રતિલેખનાનો કુલ જે ૫૦ બોલ છે, તે યાદ કરી લેવા જોઈએ. આ ૫૦ બોલમાં તો જાણે કે જિનશાસનનું સમગ્ર તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે.

છેલ્લા છ બોલ બોલવાપૂર્વક ચરવળાથી પ્રતિલેખન કરવાનું હોય છે. હવે જે વ્યક્તિ ચરવાળા વિના સામાયિક-પ્રતિક્રમણાદિ કરે તે વ્યક્તિનું મુહપત્તિ તથા શરીરનું

પ્રતિલેખન (ચરવળાના અભાવે છેલ્લા છ બોલનું પ્રતિલેખન ન થઈ શકવાથી) સાચું શી રીતે થઈ શકે ? પરિણામે તેમની સામાયિક-પ્રતિક્રમણની ક્રિયા કેવી ગણાય ? માટે જ સામાયિક-પ્રતિક્રમણાદિમાં ચરવળાની અત્યંત આવશ્યકતા છે. તેના વિના તો ન જ ચાલે.

મુહપત્તિ અને શરીરની શુદ્ધિ કર્યા બાદ સામાયિક ભાવની પ્રતિજ્ઞા કરવા ગુરુભગવંત પાસે આદેશ માંગવાના છે. તે માટે ખમાસમણ દઈને, 'હે ગુરુભગવંત ! આપ મને સામાયિકની આરાધના કરવાની રજા આપો. (ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાઉં ?) એમ પુછાય છે. ગુરુ જવાબ આપે કે 'હા ! રજા છે' (સંદિસાવેહ). ત્યારે 'આપની આજ્ઞા પ્રમાણ છે.' (ઇચ્છં) કહીને ખમાસમણ દઈને પૂછવાનું કે, 'આપની ઇચ્છાપૂર્વક રજા હોય તો હવે હું સામાયિકભાવમાં મારા આત્માને સ્થાપન કરું ! (ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક ઠાઉં ?' ગુરુ જવાબ આપે' સ્થાપન કર' (ઠાવેહ) ત્યારે આપની આજ્ઞા સ્વીકારું છું (ઇચ્છં) કહીને હવે જે સામાયિક ભાવમાં સ્થિર થવાનું છે, તેની પ્રતિજ્ઞા કરવા માટે, સૌ પ્રથમ તેમાં વિઘ્નો ન આવે તે માટે મંગલ કરવા બે હાથ જોડીને મસ્તક નમાવીને નવકારમંત્ર બોલવાનો છે.

આ રીતે મંગલ કરીને, હવે સામાયિક ભાવની પ્રતિજ્ઞા આપવા માટે ગુરુભગવંતને વિનંતિ કરવા બોલવાનું કે, 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી.' તે વખતે જો ગુરુભગવંત હાજર હોય તો તેઓ, નહિ તો પૂર્વે જેણે સામાયિક લીધેલું છે, તે વ્યક્તિ અથવા પોતે સામાયિકની પ્રતિજ્ઞા કરાવતા (દંડક) મહાપાઠ રૂપ કરેમિભંતે સૂત્ર બોલે.

બે હાથ જોડીને, મસ્તક નમાવીને કરેમિભંતે સૂત્ર વડે સામાયિક ભાવની પ્રતિજ્ઞા કર્યા પછી, હવે સામાયિકમાં સતત અપ્રમત્તભાવમાં (પ્રમાદરહિત અવસ્થામાં) રહેવું જોઈએ.

તે અપ્રમત્તભાવ સ્વાધ્યાય દ્વારા આવે છે. માટે સામાયિકમાં સતત સ્વાધ્યાય કરવો જોઈએ.

વળી તે અપ્રમત્તભાવ લાવવા માટે સમગ્ર સામાયિકભાવની આરાધના ઊભા ઊભા કરવી જોઈએ. પણ દરેકની કાંઈ ઊભા રહેવાની તેટલી શક્તિ ન પણ હોય. તેથી બેસીને સ્વાધ્યાય કરવા માટે ગુરુભગવંત પાસે આદેશ માંગવો જરૂરી છે.

તે માટે જુદા જુદા ચાર ખમાસમણ દેવાપૂર્વક ચાર આદેશ આ પ્રમાણે માંગવાના છે :-

(૧) હે ગુરુભગવંત ! આપની ઇચ્છા હોય તો મને બેસવાની રજા આપો. (ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાઉં ?)

ગુરુ 'રજા છે' (સદિસાવેહ) જવાબ આપે એટલે (ઇચ્છં) આજ્ઞા પ્રમાણ છે બોલીને ખમાસમણ દઈ બીજો આદેશ માંગવો.

(૨) 'હે ગુરુભગવંત ! આપની રજા પૂર્વક હવે હું બેસું છું. ('ઇચ્છા. સંદિ. ભગ !

બેસણે ઠાઉં ?) ગુરુ 'ઠાવેહ' કહે એટલે 'ઇચ્છં' બોલીને ખમાસમણ દઈને

(૩) હે ગુરુભગવંત ! ઇચ્છાપૂર્વક આપ આજ્ઞા આપો તો હું સ્વાધ્યાય કરું.? (ઇચ્છા. સંદિસહ ભગવન્ ! સજઝાય સંદિસાઉં ?) ગુરુ 'સંદિસાવેહ' 'કહે એટલે ઇચ્છં બોલી' ખમાસમણ દઈને

(૪) હે ગુરુભગવંત ! ઇચ્છાપૂર્વકની આપની આજ્ઞાનુસાર હું સ્વાધ્યાય કરું છું.

(ઇચ્છા. સંદિ. ભગ. સજ્ઝાય કરું ?) ગુરુભગવંત 'કરેહ' કહે એટલે 'ઇચ્છં' બોલીને સ્વાધ્યાયનું મંગળ કરવા બે હાથ જોડીને ત્રણ નવકાર ગણવા. અને પછી આગળ બીજો જે કાંઈ સ્વાધ્યાય કરવો હોય તે કરી શકાય.

સામાયિકનો મહાપાઠ ઉચ્ચર્યા પછી જ બેસવાની રજા માંગવાના આદેશો આવ્યા, તે ઉપરથી સમજી શકાય તેવી વાત છે કે જ્યાં સુધી આ બે આદેશ માંગ્યા નથી, ત્યાં સુધીની તમામ ક્રિયા ઊભા ઊભા જ કરવી જોઈએ.

જેણે બેઠા બેઠા જ બધી ક્રિયા કરી છે, તેવી બેઠેલી વ્યક્તિએ હવે બેસવાની રજા માંગવાની જરૂર ખરી ?

અને જો અત્યાર સુધીની ક્રિયા તેણે ઊભા ઊભા જ કરવાની હોય તો તે ચરવળા વિના થઈ શકે ખરી ?

તેથી સામાયિકાદિમાં ચરવળાની જેમ જરૂર છે તેમ ઊભા ઊભા તમામ ક્રિયા કરવાની પણ જરૂર છે. સામાયિક લીધા પછી ૪૮ મિનિટ સુધી સામાયિકભાવમાં લીન બનવું. તે દરમ્યાન નવું ગોખવું કે પાછલું ગોખેલું પાકું કરવું. સ્તવનાદિ ગોખી શકાય. જપ કરી શકાય. સારા પુસ્તકોનું વાંચન કરી શકાય. અનાનુપૂર્વી ગણાય. મહાપુરુષોના જીવનચરિત્ર વંચાય. વ્યાખ્યાન-વાચનાદિનું શ્રવણ થઈ શકે. પરસ્પર ધર્મની ચર્ચા પણ કરી શકાય. ટૂંકમાં સાંસારિક ભાવોથી દૂર થઈને આત્મિક ભાવોમાં રમણતા જે જે પ્રવૃત્તિથી થઈ શકે, તે તમામ પ્રવૃત્તિઓ સામાયિકમાં કરી શકાય.

પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયેલા આત્માએ પાછું પોતાના ઘરમાં આવીને પ્રસન્નતાથી વસવું તેનું નામ સામાયિક.

શાસ્ત્રકાર પરમર્ષિઓ જણાવે છે કે, 'જીવનો જે સમય સામાયિક અને પૌષધમાં વ્યતીત થાય છે તે જ તેના જીવનનો સફળ સમય છે. બાકીનો સમય તો તેના સંસારની વૃદ્ધિનું કારણ છે.

***'સામાઈય-પોસહ-સંઠિયસ્સ, જીવસ્સ જાઈ જો કાલો***
***સો સફલો બોદ્ધવ્વો, સેસો સંસાર ફલ હેઉ***

સામાયિકવ્રત એ શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમુ વ્રત છે. તેનો શિક્ષાવ્રતમાં સમાવેશ થાય છે. શિક્ષાવ્રત એટલે વારંવાર સેવન કરવાનું વ્રત.' આ વ્રતનો વારંવાર અભ્યાસ કરવાથી, સેવન કરવાથી તેમાં વધુ ને વધુ રસ, ઉલ્લાસ-આનંદ પેદા થતા જાય છે.

સામાયિકની પ્રત્યેક મિનિટે આત્મા લગભગ બે કરોડ પલ્યોપમના દેવાયુનું સુખ

જમા કરી દે છે. જીવનભર કાળો પુરુષાર્થ કરીને ય જીવ કેટલા અબજ રૂપિયા કમાય ? અને આ સામાયિકથી એક જ મિનિટમાં દેવાયુના કેટલા બધા સુખ પ્રાપ્ત કરી શકાય ?

કરોડો જન્મ સુધી તીવ્ર તપ કરતા પણ જીવ જે કર્મોને ખપાવી શકતો નથી, તે કર્મોને સમભાવથી યુક્ત આત્મા અર્ધી ક્ષણમાં ખપાવી શકે છે.

સામાયિકમાં ૩૨ દોષમાંનો એકપણ દોષ ન લાગી જાય તેની કાળજી રાખવી જોઈએ.

સામાયિકમાં દસ મનના, દસ વચનના અને દસ કાયાના - એમ જે ૩૨ દોષો ત્યાગવાના હોય છે, તે નીચે પ્રમાણે છે.

## ત્યાગવા યોગ્ય મનના દસ દોષ

(૧) **અવિવેક દોષ :** સામાયિક દરમ્યાન આત્માનું હિત થાય તેવા જ વિચારો કરવા જોઈએ. પણ જો તે સિવાયના વિચારો કરીએ તો આ અવિવેક દોષ લાગે.

(૨) **યશઃકીર્તિ દોષ :** હું સામાયિક કરીશ તો લોકો મારી વાહ-વાહ કરશે. મને યશ મળશે. આવી ઇચ્છાથી સામાયિક કરે તો યશઃકીર્તિ દોષ લાગે.

(૩) **લાભ-વાંછા દોષ :** સામાયિકના બદલામાં કોઈપણ જાતના ધન-લાભની ઇચ્છા રાખવી તે લાભ-વાંછા દોષ.

(૪) **ગર્વ દોષ :** બીજા બધા કરતાં હું સારું સામાયિક કરું છું. હું બધા કરતાં ચડિયાતો છું આવી રીતનું અભિમાન કરે તો ગર્વ દોષ લાગે.

(૫) **ભય દોષ :** બધા સામાયિક કરે છે ને હું સામાયિક નહિ કરું તો લોકો શું કહેશે ? મારા માટે બીજા શું વિચારશે ? આવા ભયથી સામાયિક કરે ત્યારે આ ભય દોષ લાગે.

(૬) **નિદાન દોષ :** સામાયિક કરીને, તેના ફળ તરીકે સાંસારિક સુખની ઇચ્છા કરવી તે નિદાન દોષ ગણાય.

(૭) **સંશય દોષ :** હું જે સામાયિક કરી રહ્યો છું, તેનું ફળ મને મળશે કે નહિ ? સામાયિકનું કોઈ ફળ હશે કે નહિ ? વગેરે રીતે સામાયિકના ફળની બાબતમાં શંકા કરવી તે સંશય દોષ.

(૮) **રોષ દોષ :** શત્રુને દેખીને સામાયિકમાં ગુસ્સો-તિરસ્કાર વગેરે કરવો. અથવા તો કોઈપણ કારણથી ઉત્પન્ન થયેલા ગુસ્સામાં ને ગુસ્સામાં સામાયિક કરવું તે રોષ દોષ કહેવાય.

(૯) **અવિનય દોષ :** જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તેના ધારક મહાત્માઓ વગેરે પ્રત્યે શ્રદ્ધા કે વિનય વિના સામાયિક કરવું, તે અવિનય દોષ

(૧૦) **અબહુમાન દોષ :** ભક્તિ બહુમાન-ઉલ્લાસ વિના સામાયિક કરવું તે અબહુમાન દોષ.

ઉપરના દસે દોષોમાંથી એક પણ દોષ સામાયિક કરતા ન લાગી જાય તેની પૂર્ણ કાળજી લેવી જરૂરી છે.

## ત્યાગવા યોગ્ય વચનના દસ દોષો

(૧) **કુવચન દોષ :** સામાયિક દરમ્યાન અસત્ય, કડવું કે અપ્રિય વચન બોલવું તે કુવચન દોષ છે.

(૨) **સહસાકાર દોષ :** વિચાર્યા વિના ઉતાવળિયા થઈને એકાએક ગમે તે વચનો બોલવા તે સહસાકાર દોષ છે.

(૩) **સ્વચ્છંદ દોષ :** શાસ્ત્રોની દરકાર રાખ્યા વિના પોતાની ઇચ્છા પ્રમાણે મન ફાવે તેમ ગમે તે બોલ્યા કરીએ તો આ સ્વચ્છંદ દોષ લાગે.

(૪) **સંક્ષેપ દોષ :** સામાયિક લેતી પારતી વખતે કે સ્વાધ્યાયાદિ કરતી વખતે સૂત્રો-સિદ્ધાંતના પાઠો સ્પષ્ટપણે બોલવા જોઈએ. તેના બદલે ટૂંકાણમાં જેમ તેમ બોલી જવાથી આ સંક્ષેપદોષ લાગે છે.

(૫) **કલહ દોષ :** સામાયિક દરમ્યાન કોઈની સાથે ઝઘડો કરીએ, બોલાચાલી કરીએ, અપશબ્દો બોલીએ તો આ કલહદોષ લાગે.

(૬) **વિકથા દોષ :** ચાર પ્રકારની વિકથા છે. (૧) **સ્ત્રી-કથા :** સ્ત્રીના રૂપલાવણ્ય સૌંદર્ય વગેરેની વાતો કરવી તે સ્ત્રી-કથા કહેવાય (૨) **ભક્તકથા :** ખાવા-પીવાની કે તેના સ્વાદ વગેરે સંબંધિત વાતો કરવી તે ભક્તકથા કહેવાય (૩) **દેશકથા :** કોઈપણ દેશની ગામ-નગરની વાતો કરવી, તેમાં રહેલા બાગ-બંગલા-દુકાનો વગેરેની વાત કરવી તે દેશકથા કહેવાય (૪) **રાજકથા :** દેશના રાજા, વડાપ્રધાન, વગેરે બાબતમાં વાતો કરવી, ચૂંટણીમાં કોણ જીતશે-હારશે વગેરે વાતો કરવી તે રાજકથા કહેવાય. આ ચારમાંથી કોઈપણ પ્રકારની વાતો સામાયિકમાં કરીએ તો વિકથાદોષ લાગે.

(૭) **હાસ્ય દોષ:** સામાયિકમાં હસા-હસ કરીએ કે કોઈની ઠઠ્ઠા-મશ્કરી કરીએ તો આ હાસ્યદોષ લાગે.

(૮) **અશુદ્ધ દોષ :** સામાયિક લેતા-પારતા સૂત્રો અશુદ્ધ બોલીએ, કાનો-માત્રા કે મીંડું ઓછું કે વધારે બોલીએ, જોડાક્ષરો બરોબર ન બોલીએ તો આ અશુદ્ધ દોષ લાગે.

(૯) **નિરપેક્ષ દોષ :** સાવદ્ય વચન બોલીએ તો આ દોષ લાગે. અપેક્ષા વિનાનું વાક્ય બોલવું કે જકાર પૂર્વકની ભાષાનો પ્રયોગ કરવો તે આ દોષ છે. આવો, બેસો, જાઓ, તમારું કાર્ય થશે જ. આ કામ હું ચોક્કસ કરીશ જ' વગેરે વાક્યો નિરપેક્ષ કહેવાય. તે ન બોલાય. તેના બદલે આ કાર્ય માટે હું બનતો પ્રયત્ન કરીશ, તમારું કાર્ય થવાનો સંભવ છે. વગેરે સાપેક્ષ વાક્યપ્રયોગ કરી શકાય. તેમ કરવાથી જૂઠા પડવાનો સંભવ નથી. જો સામાયિકમાં નિરપેક્ષ વાક્ય બોલાય તો આ દોષ લાગે.

(૧૦) **મુણમુણદોષ :** સામાયિકના સમય દરમ્યાન ગણગણાટ કરવો, બબડવું, સૂત્ર પાઠમાં ગરબડ ગોટા વાળવા તે મુણમુણદોષ કહેવાય.

વચનના આ દસ દોષોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

## ત્યાગવા યોગ્ય કાયાના બાર દોષો

(૧) **અયોગ્યાસન દોષ :** પગ ઉપર પગ ચડાવીને બેસવું તે અયોગ્ય આસન ગણાય. તે રીતે સામાયિકમાં બેસીએ તો દોષ લાગે.

(૨) **અસ્થિરાસનદોષ :** આસન ઉપર અસ્થિર રહીને અથવા ડગમગતી અસ્થિર જગ્યાએ બેસીને સામાયિક કરીએ કે એવા અસ્થિર આસન ઉપર બેસીને સામાયિક કરીએ કે જ્યાંથી ઊઠવાની ફરજ પડે, તો આ અસ્થિરાસન નામનો દોષ લાગે.

(૩) **ચલદષ્ટિદોષ :** સામાયિકમાં બેઠા બેઠા નિષ્કારણ ચારે બાજુ જોયા કરીએ, ડાફોળિયા મારીએ તો ચલદષ્ટિદોષલાગે.

(૪) **સાવદ્યક્રિયા દોષ :** સામાયિકમાં ઘરકામની, વેપારધંધાની કે શાળાના લેસન વગેરેની વાતો કરીએ, ઈશારા કરીએ કે તે અંગેના કાર્યો કરીએ તો સાવદ્યક્રિયા દોષ લાગે.

(૫) **આલંબન દોષ :** સામાયિકમાં ભીંત, થાંભલા વગેરેનો ટેકો દઈને બેસીએ તો આલંબન દોષ લાગે. ટટ્ટાર-અપ્રમત્તપણે આરાધના કરવી જોઈએ.

(૬) **આકુંચન-પ્રસારણ દોષ :** ચાલુ સામાયિકમાં હાથ-પગ લંબાવીએ, ઊંચા-નીચા કરીએ, સંકોચીએ તો આ દોષ લાગે.

(૭) **આળસ દોષ :** સામાયિકમાં આળસ મરડીએ, બગાસાં ખાઈએ, તો આ દોષ લાગે.

(૮) **મોટન દોષ :** સામાયિક દરમ્યાન હાથ-પગ મરડીએ, હાથ કે પગની આંગળીઓના ટચાકા ફોડીએ કે તેવી કોઈ રમત કરીએ તો આ મોટન દોષ લાગે.

(૯) **મલ દોષ :** સામાયિકમાં નખ કાપીએ, શરીર ઉપરનો મેલ દૂર કરીએ, આંખ-કાનનો મેલ કાઢીએ તો આ મલ દોષ લાગે.

(૧૦) **વિસ્મારણ દોષ :** સામાયિક દરમ્યાન સ્વાધ્યાય-ધ્યાન-વાંચન-જાપ વગેરે કરવાને બદલે આળસુની જેમ બેઠા રહીએ, પ્રમાદ કરીએ તો આ વિસ્મારણદોષ લાગે.

(૧૧) **નિદ્રાદોષ :** સામાયિકમાં ઊંઘીએ, ઝોકાં ખાઈએ તો નિદ્રા દોષ લાગે.

(૧૨) **વસ્ત્ર-સંકોચન દોષ :** સામાયિક દરમ્યાન વસ્ત્રની ઘડી કરવાથી, સંકોરવાથી, આઘા-પાછા વગર કારણે કર્યા કરવાથી આ વસ્ત્રસંકોચન નામનો દોષ લાગે છે.

કાયાના આ બારદોષમાંથી એક પણ દોષ લાગી ન જાય તેની કાળજી લેવી જોઈએ.

આ રીતે દસ મનના, દસ વચનના અને બાર કાયાના, એ બત્રીસ દોષમાંથી એક પણ દોષ ન લાગે તે રીતે સામાયિક કરવું જોઈએ.

આપણે પેલા પુણીયા શ્રાવકની વાત ક્યાં નથી સાંભળી ? જે પુણીયા શ્રાવકનું સામાયિક ખરીદવા ગયેલા મગધના સમ્રાટ શ્રેણિકને નિરાશા મળી હતી.

નરકના કાતિલ દુઃખોનું વર્ણન સાંભળીને ધ્રૂજી ઊઠેલા મહારાજા શ્રેણિકે પોતાની

સંભવિત ૧લી નરકને અટકાવવા પ્રભુને વિનંતી કરી.

'પુણીયા શ્રાવકનું સામાયિક જો તું મેળવે તો તારી નરક અટકે' તેવું પરમાત્માએ શ્રેણિકને જણાવ્યું.

કલ્પના કરી જુઓ કે એક સામાયિકની તાકાત કેટલી બધી ! તે નરકને પણ અટકાવી શકે !

જીવનમાં જ્યારે ડગલે ને પગલે અનેક પાપો સેવાઈ રહ્યાં હોય અને તેના વડે દુર્ગતિઓ નક્કી થવાની સંભાવના જ્યારે જણાતી હોય ત્યારે કયો આત્મા, તે દુર્ગતિને દૂર કરવા સામાયિક ધર્મની આરાધના કરવાનો પ્રયત્ન ન કરે ?

જો હજુ પણ રોજ સામાયિક કરવાનો ઉલ્લાસ પેદા ન થતો હોય તો એમ ન માની શકાય કે હજુ દુર્ગતિનો ભય પેદા થયો નથી ! હજુ દુઃખોનો ત્રાસ લાગ્યો નથી ! હજુ નરકગતિના વર્ણન ઉપર વિશ્વાસ બેઠો નથી ! અથવા તો વૈકુંઠમાંથી વિમાન તેડવા આવવાનું છે, તેવા ભ્રમમાં જીવીએ છીએ !

આવી ભ્રમણાઓમાંથી બહાર નીકળીએ. આત્માની થતી દુર્ગતિને અટકાવવા અને સદ્ગતિ તથા પરંપરાએ સિદ્ધિગતિને પ્રાપ્ત કરવા રોજ સામાયિક કરવાનો નિર્ણય અવશ્ય કરીએ.

મગધનો નાથ શ્રેણિક સામાયિક ખરીદવા ગયો છે પુણીયા પાસે, પણ પુણીયો તો મસ્ત છે પોતાનામાં.

ઔચિત્ય સાચવવા, મગધના નાથનું સ્વાગત તો કર્યું. પણ જ્યારે શ્રેણિકે એક સામાયિક માંગ્યું ત્યારે ડાબા હાથની હથેળીમાં મોઢું ટેકવીને ગંભીર મુદ્રામાં તે વિચારમાં પડી ગયો.

દુનિયામાં પૈસો જ સર્વસ્વ છે. પૈસાથી બધું જ ખરીદી શકાય. બધા લોકો પૈસાના દાસ હોય છે. પૈસા વડે શું ન થઈ શકે ? જાણે કે આવી માન્યતા ધરાવતા શ્રેણિકે સામાયિકના બદલામાં ૧૦૦ સોનામહોર આપવાની વાત કરી દીધી !

પણ આ તો છે પુણીયો ! તે તો મગનું નામ મરી પાડવા તૈયાર નથી. તેની મુદ્રામાં સહેજ પણ ફેરફાર ન થયો. તેથી જાણે કે આ રકમ તેને ઓછી પડી રહી છે ! એમ માનીને શ્રેણિક સામાયિકની કિંમત વધારતો ગયો. ૧૦૦૦ સોનામહોર ! ૧૦૦૦૦ સોનામહોર ! ૧ લાખ ! ૧ કરોડ ! દસ કરોડ !

પણ... સામાયિકની કિંમત અને સામાયિકના મૂલ્યમાં રાત-દિનનું અંતર નિહાળતો પુણીયો મૌન જ છે.

તેનું મૌન મગધના નાથને અકળાવી રહ્યું છે. શું દસ કરોડ સોનામહોર પણ ઓછી પડતી હશે ? ના ! મારે સામાયિક મેળવવું જ છે. કેમ કે મારે મારી નરક મિટાવવી છે.

અને આ ભાવનાથી યુક્ત બનેલા શ્રેણિકે કહ્યું કે મગધનું અડધું રાજપાટ આપું

પણ મને તું એક સામાયિક આપ !

કલ્પના તો કરી જુઓ કે મગધનું અડધું રાજ કોને કહેવાય ? પણ તેના કરતાં ય સામાયિકનું મૂલ્ય પુણીયાના મનમાં વધારે છે ! જાતને પૂછીએ કે આપણે સામાયિકના આ મૂલ્યને સમજી શક્યા છીએ ખરા ?

જો સામાયિકનું મૂલ્ય આપણને સમજાઈ જાય તો આપણું સામાયિક પ્રત્યેનું વલણ અદ્‌ભુત થાય. હૃદયમાં બહુમાન ભાવ ઊછળે. મળતા સમયનો સદુપયોગ કરવા સામાયિક કર્યા વિના ન રહી શકીએ, નિંદા-ટીકા કે ફોગટની વાતચીત-વિકથામાં સમય બદબાદ કરવાના બદલે સતત સામાયિકભાવમાં રહેવાનો ઉલ્લાસ આપણો વધતો જાય.

સામાયિકના બદલામાં અડધા રાજપાટની ઓફર કરવા છતાંય પુણીયાના મુખ ઉપરની રેખા ન પલટાઈ ત્યારે શ્રેણિકથી નરકના દુઃખોથી ઊગરવા કહેવાઈ ગયું કે 'આખું મગધનું રાજ તને આપું. કહેતો હોય તો તારો છડીદાર બનવા તૈયાર છું. તારા માથે છત્ર ધરીશ, તને ચામર વીંઝીશ, તારી બધી જ સેવા કરીશ. પણ તું મને એક સામાયિક આપ.'

કલ્પના કરી જુઓ કે શ્રેણિકને દુર્ગતિનો કેવો ભય લાગ્યો હશે ! રાજપાટ આખું સોંપી દેવું છે કારણ કે પરલોક તરફ તેની નજર થઈ ગઈ છે.

આપણી નજર પરલોક તરફ થઈ છે ? એક દિવસ મરવાનું છે અને મરીને પાછો ક્યાંક જનમ લેવાનો છે, તે વાત ઉપર શ્રદ્ધા છે ? મરીને ક્યાં જન્મ મળશે ? તેની ચિંતા કરી છે ખરી ? મરીને જ્યાં જનમ લેવાની આપણી ઇચ્છા છે, ત્યાં જનમ મળશે જ, તેવું કહી શકવા સમર્થ છીએ ખરા ?

આજથી જ આપણા વિચારો, ઉચ્ચારો અને વ્યવહારો તરફ બારીક નિરીક્ષણ કરીએ અને જ્યાં જવાની ઇચ્છા છે, ત્યાં જવામાં અટકાવનાર વિચારો, ઉચ્ચારો અને વ્યવહારોમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરીએ.

જ્યારે મગધના નાથનો તાજ (મુગટ) પુણીયાના મસ્તકે ધરવા શ્રેણિક તૈયાર થયો ત્યારે જાણે કે પુણીયો પોતાનું મોં ખોલે છે:

'ઓ મગધનાથ ! તમે શ્રીમંત ખરા ! મોટા શ્રીમંત પણ ખરા ! પરંતુ મારું સામાયિક ખરીદી શકો તેટલા શ્રીમંત તો નહીં જ !'

શું ખુમારી હશે પુણીયા પાસે ! શું મહત્તા સામાયિકની સમજાણી હશે પુણીયાને ! આપણું તો મગજ પણ કામ ન કરે તેવી આ વાત છે ને ! સમગ્ર મગધદેશના અધિપતિને આવા વાક્યો સંભળાવી દેવા તે કાચાપોચાનું તો કામ નહિ જ ને !

પણ આ તાકાત પુણીયામાં આવી છે તેના સામાયિકના પ્રભાવથી. સામાયિકની મહત્તા તેને પાકી સમજાણી છે. વિધિયુક્ત સામાયિક તે રોજ કરે છે. તેના પ્રભાવે પ્રાપ્ત થતા સમતાભાવનો રસ તેણે ચાખ્યો છે.

આ પુણીયાને એક દિન સામાયિકમાં દિલ લાગતું નથી. મન ચોંટતું નથી. તેના

મૂંઝવણનો પાર નથી. દોષ લગાડવો નથી. સમજાતું નથી કે ચિત્ત આજે સામાયિકમાં કેમ ઠરતું નથી ! તેના ત્રાસનો પાર નથી.

પ્રભુભક્તિમાં, મંત્રજપમાં, સામાયિકમાં દિલ ચોંટતું નથી તેનો ત્રાસ આપણને થાય છે ખરો ?

પુણીયો શોધવા માંગે છે કે આજે મન કેમ ચોંટતું નથી ?

વિચારતા વિચારતા પત્નીને પૂછે છે કે આજે કાંઈ અણહક્કનું આપણા ત્યાં આવ્યું નથી ને ? અનીતિની ચીજ આવી નથી ને ?

કારણ કે તે જાણે છે કે અણહક્કની ચીજ પચે નહિ. અનીતિથી મેળવેલી ચીજ બુદ્ધિને ભ્રષ્ટ કર્યા વિના ન રહે !

મન જો સાધનામાં ન ચોંટતું હોય તો ઘરમાં અનીતિનું કાંઈ આવ્યું છે કે નહિ ? તેની તપાસ કેટલાયે કરી ? કે પછી બધું અનીતિથી જ આવેલું છે ? પછી ક્યાંથી આરાધના-સાધનામાં મજા-આનંદ વગેરે આવે ?

અને તપાસ કરતા પત્નીએ કહ્યું કે પાડોશીના બે છાણાં ભૂલથી આપણા ઘરમાં આવી ગયાં છે. ત્યારે પોતાનું સામાયિક બરોબર ન થવાનું કારણ સમજાઈ ગયું અને તરત છાણાં તેના માલિકને પરત કરાવ્યાં. પછી જ તેને શાંતિ વળી.

સામાયિકમાં જરા પણ દોષ ન લાગી જાય, લાગે તો તેને તરત દૂર કરવો છે, તે માટેની જે ચીવટ પુણીયામાં દેખાય છે, તે ચીવટ આપણે કેળવવાની છે. તે માટે આ બત્રીસ દોષો સમજીને તેનેં દૂર કરવાનો પ્રયત્ન કરવાનો છે.

આ સામાયિક ૪૮ મિનિટનું હોય છે. કારણ કે બે ઘડી (૪૮ મિનિટ) પછી ઉપયોગ બદલાઈ જાય છે. અર્થાત્ શુભ ભાવ સતત બે ઘડી સુધી રહે છે. ત્યાર પછી તેમાં કાંઈક ફેરફાર થાય છે. ફરી સામાયિક લેવાની વિધિ કરવાથી ફરી શુભભાવ પેદા થઈ શકે છે.

(अंतमुहुत्ताउ परं जोगुवओगा न संति, उपयोगः आन्तर्मुहूर्तिकमेव।)

પ્રથમ સામાયિક પૂર્ણ થયા પછી શ્રાવકે અનુકૂળતા પ્રમાણે વારંવાર સામાયિક કરવાં જોઈએ. તેમ કરવા માટે ૪૮ મિનિટ પૂર્ણ થતા પૂર્વે જણાવાયેલી વિધિ પ્રમાણે ફરી સામાયિક લેવું જોઈએ.

આ રીતે બીજી કે ત્રીજી વાર સામાયિક લેતી વ્યક્તિએ છેલ્લા આદેશ વખતે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ?'ના બદલે 'ઈચ્છા. સંદિ. ભગ. ! સજ્ઝાયમાં છું.' એ પ્રમાણે બોલવાની અને ત્યાર બાદ ત્રણ નવકારના બદલે એક નવકાર ગણવાની પરંપરા છે.

આ રીતે સતત ત્રણ સામાયિક પૂર્ણ થયા બાદ જો ચોથું સામાયિક કરવું હોય તો સૌ પ્રથમ સામાયિક પારવું જોઈએ. પછી કુદરતી હાજત વગેરે દૂર કરીને ફરી નવું સામાયિક લેવું જોઈએ.

## સામાયિક પારવાની વિધિ

સામાયિક પારવા માટે સામાયિક લેવાની વિધિમાં જણાવ્યા પ્રમાણે સૌ પ્રથમ ઈરિયાવહીયા (ઈરિયાવહીથી લોગસ્સ સુધી) કરવાની હોય છે, જેનાથી સામાયિકમાં જો કાંઈ નાનું કે મોટું સાવદ્ય સેવાયું હોય તો તેની ક્ષમા મંગાય છે.

ત્યારબાદ ખમાસણ દઈને, ઈચ્છા. સંદિ. ભગ. મુહપત્તિ પડિલેહું ? ('સામાયિક' શબ્દ ન બોલવો.) 'ઈચ્છં' કહીને મુહપત્તિનું પડિલેહણ કરવું.

પછી, સામાયિક પારવાની રજા મેળવવા ખમાસમણ દઈને ગુરુમહારાજ પાસે આદેશ માંગવો કે 'ઈચ્છા. સંદિ. ભગવન્ ! સામાયિક પારું ?' (આપ રજા આપો તો હું સામાયિક પારું ?)

પણ ગુરુ મહારાજ શી રીતે હા પાડે ? કેમ કે સામાયિક પાર્યા પછી તે આત્મા જે કાંઈ સાવદ્ય પ્રવૃત્તિઓ કરે તે દોષના ભાગી ગુરુ બની જાય !

માટે જ્યારે સામાયિક પારવાની રજા માંગે ત્યારે ગુરુ તેને ગર્ભિત રીતે જવાબ આપે છે કે, 'ભાઈ સામાયિક પારવું કે નહિ ? તે તું જાણે, પણ આ સામાયિક તારે ફરી કરવા જેવું તો છે જ. (પુણરવિ કાયવ્વં)

જો અનુકૂળતા હોય તો ફરી સામાયિક કરવું જોઈએ. પણ જો અનુકૂળતા ન હોવાના કારણે સામાયિક પારવું જ હોય તો યથાશક્તિ (મારી શક્તિ પ્રમાણે કરું છું) બોલીને ખમાસમણ દઈને આદેશ માંગવો કે, 'ઈચ્છા. સંદિ. ભગવન્ ! સામાયિક પાર્યું ! એટલે કે, 'હે ગુરુદેવ ! મેં સામાયિક પાર્યું છે.'

હવે જ્યારે સામેની વ્યક્તિ સામાયિક પારી જ રહી હોય ત્યાં ગુરુદેવ શું જવાબ આપે ? છતાં સામેનાના હૃદયમાં વારંવાર સામાયિક કરવાનું મન થાય તે માટે ગુરુદેવ કહે છે કે 'આ આચાર છોડવા જેવો નથી. (આયારો ण મોત્તવ્વો)'

ગુરુદેવે પ્રેમથી કરેલી આ વાતને સ્વીકારીને 'તહત્તિ' બોલવાનું છે. અર્થાત્ આપની વાત બરોબર છે. હું અનુકૂળતાએ તે માટે પ્રયત્ન કરીશ.

પછી, ચરવળા ઉપર હાથ ઠાવીને, અંતિમ મંગલ તરીકે નવકારમંત્ર ભણીને સામાઈય વય જુત્તો સૂત્ર બોલવાનું છે. તેનાથી સામાયિકની મહત્તા સમજાવા સાથે ફરી ફરી સામાયિક કરવાનું મન થાય છે અને સામાયિકમાં સેવાઈ ગયેલા દસ મનના, દસ વચનના અને બાર કાયાના દોષોની માફી મંગાય છે.

ત્યાર બાદ, જો સ્થાપનાચાર્યજી ન હોવાના કારણે નવકાર-પંચિંદિય સૂત્રથી સ્થાપના સ્થાપી હોય તો સવળો હાથ કરીને નવકારમંત્ર ગણવાપૂર્વક સ્થાપનાનું ઉત્થાપન કરવું.

# ૧૬ મુહપત્તિ પડિલેહણની વિધિ

સામાયિક લેતી કે પારતી વખતે મુહપત્તિનું પડિલેહણ અવશ્ય કરવાનું હોય છે. મુહપત્તિનું પડિલેહણ કરવાની પણ આપણે ત્યાં વિધિ બતાડવામાં આવી છે.

મુહપત્તિ ખોલીને માત્ર ફેરવવાની નથી કે તેને ઝાટકવાની નથી. તેમાં ક્યાંય નાના જીવો ફસાઈ ન ગયા હોય તેની તપાસ કરવાની છે. જો ક્યાંક કોઈ જીવો દેખાય તો જયણાપૂર્વક તે જીવોને યોગ્ય સ્થાને મૂકવાના છે.

મુહપત્તિ વગેરેનું પડિલેહણ કરતી વખતે કેટલાક બોલ બોલવાના છે. આપણે ત્યાં ૫૦ બોલ બતાવવામાં આવ્યા છે. જે ૫૦ બોલમાં અપેક્ષાએ સમગ્ર જૈન શાસન સમાઈ ગયું છે. દરેક જૈને આ ૫૦ બોલ ને ગોખી લેવા જોઈએ.

મુહપત્તિનું પડિલેહણ ૨૫ બોલથી કરવાનું છે. પછી પડી લીધેલી તે મુહપત્તિથી બીજા ૨૫ બોલ બોલવા દ્વારા શરીરનું પડિલેહણ કરવાનું હોય છે. મુહપત્તિ અને શરીરની પડિલેહણાના મળીને થતા ૫૦ બોલ હાલ મુહપત્તિના ૫૦ બોલ તરીકે પ્રચલિત છે.

પૌષધ વગેરેમાં પડિલેહણ કરતી વખતે ચરવળા વગેરે ગોળ ચીજોનું પડિલેહણ ૧૦ બોલથી કરવાનું હોય છે, જ્યારે કટાસણા વગરે ચોરસ ચીજોનું પડિલેહણ પ્રથમ ૨૫ બોલથી કરવાનું હોય છે.

મુહપત્તિનું પડિલેહણ કુલ ૫૦ બોલ બોલીને જે વિધિએ કરવાનું છે, તે વિધિ આ પ્રમાણે છે.

મુહપત્તિ એક વેંત અને ચાર આંગળ લાંબી-પહોળી હોય છે. તેની એક તરફની કિનાર ધારવાળી હોય છે. અને તેની ઘડી એવી રીતે કરેલી હોવી જોઈએ કે જેથી પોતાની જમણી તરફ તથા નીચેની તરફ ઘડીવાળો ભાગ રહે તે રીતે મુહપત્તિને પકડીએ ને જમણા હાથથી તે મુહપત્તિના ચાર પડમાંથી છેલ્લા પડનો ઉપરનો છેડો પકડીને ખોલીએ તો ધારની કિનારવાળો ભાગ આંખની સામે ઉપર આવે તથા વચ્ચેની ઊભી ઘડી પોતાની તરફ વળતી હોય તેવું દેખાય. મુહપત્તિનું પડિલેહણ કરવા ઉભડક પગે બેસવું. અને મુહપત્તિને તે રીતે ખોલવી. (**જુઓ ચિત્ર-૧**)





૧. ઊભડક બેસો.

૨. હાથ બે પગની અંદર રાખો.

૩. મુહપત્તિને ખોલો.


૪. પછી નિરીક્ષણ કરો. તે વખતે મનમાં '**સૂત્ર**' બોલો. પછી, મુહપત્તિની તે બાજુનું બરાબર નિરીક્ષણ કરવું. કોઈ જીવ-જંતુ વગેરે દેખાય તો જયણા-પૂર્વક તેમની રક્ષા કરવી. પછી જમણા હાથમાં રહેલો છેડો ડાબા હાથમાં અને ડાબા હાથમાં રહેલો છેડો જમણા હાથમાં ફેરવવો. અને પૂર્વની રીતે બીજી બાજુનું પણ બરાબર નિરીક્ષણ કરવું.




(જુઓ ચિત્ર-૨)

મુહપત્તિને બીજી બાજુએ ફેરવીને નિરીક્ષણ કરતા મનમાં **'અર્થ તત્ત્વ કરી સદ્દહું'** બોલો.


પછી ડાબા હાથ તરફનો છેડો ત્રણ વાર ખંખેરવો. તે **ત્રણ પુરિમ** કહેવાય. પછી પૂર્વની જેમ મુહપત્તિના છેડા બદલીને બીજી બાજુ જોવી અને જમણા હાથ તરફનો છેડો ત્રણ વાર ખંખેરવા રૂપ **ત્રણ પુરિમ** કરવા. **(જુઓ ચિત્ર - ૩-૪)**




મુહપત્તિના ડાબા છેડાને ખંખેરતા **'સમ્યક્ત્વ મોહનીય. મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું'** બોલો.

જમણા છેડાને ખંખેરતા મનમાં **'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું'** બોલો.

પછી જમણા હાથથી મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ ઉપર નાંખીને મધ્યભાગનો હથેળી તરફનો વડીવાળો છેડો એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય.





પછી મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ ઉપર આ રીતે નાંખવો. **(જુઓ ચિત્ર-૫)**

**નજર સમક્ષ** આવેલ બે પડની ઘડી વાળી તે મુહપત્તિના ત્રણ વળને જમણા હાથની ચાર આંગળીઓના ત્રણ આંતરામાં રાખીને, ડાબા હાથની હથેળીથી કોણી સુધી હાથને અડે નહીં તે રીતે લઈ જવા તે વખતે મનમાં અનુક્રમે **'સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું', 'જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું', 'મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરું'** બોલો.

તથા કોણીથી હથેળી તરફ ઘસીને ત્રણ વાર બહાર લાવવા. **(જુઓ ચિત્ર ૬- ૭)**


તે વખતે મનમાં અનુક્રમે **'કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું', 'જ્ઞાનવિરાધના-દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું' 'મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરું'** બોલો.



કોણી તરફ હાથને અડ્યા વિના મુહપત્તિ લઈ જવી તે **'અક્ખોડા'** કહેવાય. અને હાથને ઘસીને ત્રણ વખત હથેળી તરફ મુહપત્તિને પાછી લાવવી તે **'પક્ખોડા'** કહેવાય. આટલી વિધિ કરવાથી મુહપત્તિની પડિલેહણા પૂરી થાય છે. અને તે દરમ્યાન પચીસ બોલ બોલવાના હોય છે. ત્યાર પછી પડિલેહણ થઈ ગયેલી તે મુહપત્તિથી શરીરની પડિલેહણા નીચેની રીતે પચીસ બોલ બોલવાપૂર્વક કરવાની હોય છે.

## શરીરની પડિલેહણા

'પકખોડા' પતી ગયા પછી, જમણા હાથમાં ત્રણ વળ વાળેલી તે મુહપત્તિથી ડાબા હાથના પાછળના ભાગને ઉપરથી કોણી સુધી પ્રમાર્જવો. પછી કોણીથી ઉપર સુધીના જમણી તરફના ભાગને પ્રમાર્જીને ઉપરથી કોણી સુધી ડાબી તરફના ભાગને પ્રમાર્જવા રૂપ ડાબા હાથની ત્રણ પ્રમાર્જના કરવી. તે વખતે **'હાસ્ય-રતિ, અરતિ પરિહરું'** બોલો.



ત્યારબાદ ડાબા હાથની આંગળીઓના ત્રણ આંતરામાં મુહપત્તિના ત્રણ વળ કરીને ડાબા હાથની જેમ જમણા હાથની ત્રણ પ્રમાર્જના કરવી. તે વખતે **'ભય-શોક-દુગંછા પરિહરું'** બોલો. **(જુઓ ચિત્ર-૮)**


પછી વળ દૂર કરીને, બે હાથે બે છેડા પકડીને મુહપત્તિથી મસ્તકના મધ્ય, જમણા તથા ડાબા ભાગની, મુખના મધ્ય જમણા તથા ડાબા ભાગની અને હૃદયના મધ્ય જમણા તથા ડાબા ભાગની પ્રમાર્જના કરવી. **(જુઓ ચિત્ર-૯-૧૦-૧૧)**

મસ્તકની પ્રમાર્જના કરતા મનમાં **'કૃષ્ણલેશ્યા-નીલલેશ્યા-કાપોતલેશ્યા પરિહરું'** બોલો.

મુખની પ્રમાર્જના કરતા મનમાં **'રસગારવ-ઋદ્ધિગારવ શાતાગારવ પરિહરું'** બોલો.

છાતીની પ્રમાર્જતા કરતા મનમાં **'માયાશલ્ય-નિયાણશલ્ય-મિથ્યાત્વશલ્ય પરિહરું'** બોલો.

પછી જમણા ખભે બે વાર ને ડાબા ખભે બે વાર, એમ ચાર વાર મુહપત્તિથી




પ્રમાર્જના કરવી. અથવા તો જમણા-ડાબા ખભે અને જમણી-ડાબી બગલમાં એમ ચાર વાર મુહપત્તિથી પ્રમાર્જના કરવી.

બંને ખભે પડિલેહણા કરતાં મનમાં અનુક્રમે **'ક્રોધ-માન પરિહરું', 'માયા-લોભ પરિહરું'** બોલો. (જુઓ ચિત્ર-૧૨)

ત્યાર બાદ ચરવળા અથવા ઓઘાથી જમણા પગની મધ્ય, જમણી તથા ડાબી તરફ અને ડાબા પગની મધ્ય, જમણી તથા ડાબી તરફ એમ છ પ્રમાર્જના કરવી. (જુઓ ચિત્ર-૧૩)

બંને પગની પ્રમાર્જના કરતા મનમાં અનુક્રમે **'પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાયની રક્ષા કરું' 'વાયુકાય-વનસ્પતિકાય ત્રસકાયની રક્ષા કરું'** બોલો.

આમ પચીસ બોલથી મુહપત્તિનું અને ત્યાર પછી બીજા પચીસ બોલથી તે પડિલેહણ કરેલી મુહપત્તિથી શરીરનું પડિલેહણ કરવાનું હોય છે. તે વખતે આમ કુલ ૫૦ બોલો બોલવાના હોય છે. પણ બહેનોએ ચિત્ર નં. ૯, ૧૧, ૧૨ ની તથા સાધ્વીજીઓએ ચિત્ર નં. ૧૧, ૧૨ ની પડિલેહણા કરવાની હોતી નથી.






| બોલ સંખ્યા | કઈ પડિલેહણ વખતે ? | કયા બોલ બોલવાના ? | બોલ નંબર |
|---|---|---|---|
| | પહેલી બાજુનું નિરીક્ષણ કરતા | સૂત્ર | |
| ૧ | બીજી બાજુનું નિરીક્ષણ કરતા | અર્થ-તત્ત્વ કરી સદ્દહું | ૧ |
| ૩ પુરીમ | પહેલા ત્રણ પુરિમ વખતે | સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય મિથ્યાત્વમોહનીય પરિહરું | ૨-૩-૪ |
| ૩ પુરિમ | બીજા ત્રણ પુરિમ વખતે. | કામ રાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું | ૫-૬-૭ |
| ૯ અક્ખોડા | પહેલા ત્રણ અક્ખોડા કરતા | સુદેવ, સુગુરુ, સુધર્મ, આદરું | ૮-૯-૧૦ |
| તથા | પહેલા ત્રણ પક્ખોડા કરતા | કુદેવ, કુગુરુ, કુધર્મ, પરિહરું. | ૧૧-૧૨-૧૩ |
| | બીજા ત્રણ અક્ખોડા કરતા | જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદરું | ૧૪-૧૫-૧૬ |
| ૯ પક્ખોડા | બીજા ત્રણ પક્ખોડા કરતા | જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્રવિરાધના પરિહરું | ૧૭-૧૮-૧૯ |
| | ત્રીજા ત્રણ અક્ખોડા કરતા | મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, આદરું | ૨૦-૨૧-૨૨ |
| | ત્રીજા ત્રણ પક્ખોડા કરતા | મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું | ૨૩-૨૪-૨૫ |

ત્યાર બાદ નીચે પ્રમાણે શરીરની પડિલેહણા પચીસ બોલથી કરવી.

| બોલ | કઈ પડિલેહણ વખતે ? | કયા બોલ બોલવાના ? | બોલ નંબર |
|---|---|---|---|
| ૩ | ડાબા હાથના ત્રણ ભાગની પ્રમાર્જના કરતા | હાસ્ય, રતિ, અરતિ પરિહરું. | ૨૬-૨૭-૨૮ |
| ૩ | જમણા હાથના ત્રણ ભાગની પ્રમાર્જના કરતા | ભય, શોક, દુગંછા પરિહરું | ૨૯-૩૦-૩૧ |
| ૩ | મસ્તકના ત્રણ ભાગની પ્રમાર્જના કરતા | કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા કાપોતલેશ્યા પરિહરું | ૩૨-૩૩-૩૪ |
| ૩ | મુખના ત્રણ ભાગની પ્રમાર્જના કરતા | રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું | ૩૫-૩૬-૩૭ |
| ૩ | હૃદયના ત્રણ ભાગની પ્રમાર્જના કરતા | માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વ શલ્ય પરિહરું | ૩૮-૩૯-૪૦ |
| ૪ | જમણા ખભાની પ્રમાર્જના કરતા | ક્રોધ, માન પરિહરું. | ૪૧-૪૨ |
| | ડાબા ખભાની પ્રમાર્જના કરતા | માયા, લોભ પરિહરું. | ૪૩-૪૪ |
| ૬ | જમણા પગની ત્રણ બાજુની ચરવળાથી પ્રમાર્જના કરતા | પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું | ૪૫-૪૬-૪૭ |
| | ડાબા ભાગની ત્રણ બાજુની ચરવળાથી પ્રમાર્જના કરતા | વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું | ૪૮-૪૯-૫૦ |

# ૧૭ ચૈત્યવંદનસૂત્રોનું ઝુમખું

સૂત્રો : ૧૧

| | |
|---|---|
| ૧. જગચિંતામણિ | ૭. ઉવસગ્ગહરં |
| ૨. જંકિંચિ | ૮. જયવીયરાય |
| ૩. નમુત્થુણં | ૯. અરિહંત ચેઈઆણં |
| ૪. જાવંતિ ચેઈઆઈં | ૧૦. કલ્લાણકંદં |
| ૫. જાવંત કે વિ સાહૂ | ૧૧. સંસાર દાવાનલ |
| ૬. નમોઽર્હત્ | |

## ચૈત્યવંદનની ભૂમિકા :

ચૈત્યોને વંદના જેના વડે કરાય તેનું નામ ચૈત્યવંદન.

'ચૈત્ય' શબ્દના પાંચ અર્થો થાય છે.

(૧) તીર્થ (૨) તીર્થમાં (કે અન્યત્ર) રહેલું દેરાસર (૩) દેરાસરમાં રહેલી જિનપ્રતિમા, (૪) પ્રતિમાથી સૂચવાતા અરિહંત પરમાત્મા અને (૫) અરિહંત પરમાત્માના ગુણો.

પહેલા ત્રણ અર્થ પ્રમાણે તીર્થ, દેરાસર કે જિનપ્રતિમાને વંદના કરવા દ્વારા હકીકતમાં તો ચોથા અને પાંચમા અર્થ રૂપ અરિહંત પરમાત્મા અને અરિહંત પરમાત્માના ગુણોને જ વંદના કરવાની છે અને તે દ્વારા આપણા આત્મામાં શુભ ભાવોની સંવેદના જગાડવાની છે.

ચૈત્ય શબ્દના ઉપરોક્ત પાંચ અર્થમાંથી મુખ્યત્વે ચૈત્યશબ્દના 'દેરાસર' અને 'જિનપ્રતિમા' અર્થ પ્રચલિત છે.

તેથી આ ચૈત્યવંદના જિનપ્રતિમાની સન્મુખ રોજ કરવામાં આવે છે.

આપણે બધા ભાવુક આત્માઓ છીએ. આપણને જેવા નિમિત્તો મળે તેવી અસર થાય છે. ભોજનની સામગ્રી નજર સમક્ષ આવતા ખાવાના ભાવો પેદા થાય છે. તો દુશ્મન સામે દેખાતા વૈરની આગ પેદા થાય છે.

જ્યારે નિમિત્તોની આટલી બધી અસર છે, ત્યારે જો મનમાં સદા શુભ ભાવો ઊભરાવવા હોય તો સદા સારા નિમિત્તો જ નજર સમક્ષ લાવવા જોઈશે ને ?

એક વાત નક્કી છે કે આપણા સારા-નરસા વિચારો=ભાવોની બંધાતા અને પૂર્વે બંધાઈ ગયેલા કર્મો ઉપર મોટી અસર છે.

જો સારા ભાવો લાવીએ તો પુણ્યકર્મ બંધાય અને પૂર્વના પાપકર્મો નાશ પામી જાય. તેનાથી ઊલ્ટું ખરાબ ભાવો લાવવાથી થાય. પાપો નવા ચિક્કાર બંધાય અને પુણ્યની બેલેન્સ ખલાસ થાય.

તેથી સૌએ સતત શુભ ભાવો લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે માટે શુભ

પદાર્થને આલંબન તરીકે સ્વીકારવો જોઈએ.

પરમાત્મા જેવું શુભ આલંબન આ વિશ્વમાં કયું હોઈ શકે ? તેમના પ્રભાવે શુભ ભાવો પુષ્કળ ઊછળ્યા વિના ન રહે. પરન્તુ વર્તમાનકાળમાં પરમાત્મા સાક્ષાત્ તો હાજર નથી. ત્યારે તેમની ગેરહાજરીમાં તેમની પ્રતિમા પણ આપણા શુભ ભાવોને ઉછાળવામાં આલંબનભૂત બને છે.

કોઈ કદી એમ ન કહેતા કે ભગવાનની પ્રતિમા તો પથ્થર છે, જડ છે. જડમાં વળી આપણામાં શુભાશુભ ભાવો પેદા કરવાની શી તાકાત ?

ના, આવું વર્તમાનકાળની કોઈપણ વ્યક્તિ વિચારી પણ ન શકે. કારણ કે તેના રાબેતાના જીવનમાં એવી ઘણી જડ વસ્તુઓના આલંબને તેનામાં સારા કે નરસા ભાવ પેદા થતા તેણે પોતે જ અનુભવ્યા છે !!!

ઘરમાં રહેલા ટી.વી. પર જ્યારે જુદા જુદા દશ્યો આવે છે ત્યારે ક્યારેક તેની આંખોમાં વિકાર ઊભરાય છે તો ક્યારેક હવામાં હાથ ઉછાળીને પોતે જ ફાઈટિંગ કરવા લાગી જાય છે ! ક્યારેક તેની આંખમાં અશ્રુ છલકાઈ જાય છે તો ક્યારેક તે ક્રિકેટમાં ભારતનો વિજય નિહાળી હર્ષથી ચિચિયારી પાડી ઊઠે છે. તેનામાં આ વિકારના-ફાઈટિંગના-રુદનના કે હર્ષના ભાવો કોણે પેદા કર્યા ?

સામે ટી.વી. ઉપર જે ચિત્રો દેખાઈ રહ્યા છે, તે ચિત્રો જેના છે, તે વ્યક્તિ ભલે ક્યાંક જીવતી હોય, પરન્તુ તે ચિત્રો તો જડ છે ને ? શું આ જડચિત્રોની અસર સૌ કોઈએ પોતાના જીવનમાં અનુભવી નથી ? તો પછી પરમાત્માની પ્રતિમાની અસર માનવા કેમ તૈયાર નથી થવાતું ?

દશવૈકાલિક સૂત્રમાં **'ચિત્તભીત્તિં ન નિજ્ઝાએ, નારિં વા સુઅલંકિયં'** પદો દ્વારા ભીંત ઉપર દોરેલું સુંદર નારીનું ચિત્ર જોવાની પણ 'ના' ફરમાવી છે. તે આ જ વાતને પુષ્ટ કરે છે કે જડ એવા ચિત્રની પણ ચેતન આત્માના ભાવો ઉપર વિશિષ્ટ અસર છે !

અને તેથી તો વર્તમાનકાળે પણ ચૂંટણી વખતે મતદાન કરવા મતદારોને જે હોલમાં જવાનું હોય છે, ત્યાં કોઈપણ રાજકીય પુરુષોનો ફોટો કે કટ-આઉટ રાખવાની સખ્ત મનાઈ ફરમાવવામાં આવી છે. કદાચ તે ચિત્ર જોઈને મતદારનું મન તેની તરફેણમાં મત આપવાનું થઈ જાય તો ? આમ ત્યાં પણ ચિત્રની અસર માનવામાં આવી છે, તો ભગવાનની પ્રતિમાના દર્શનની આત્માના ભાવો ઉપર અસર કેમ ન થાય ?

સાચું કહો : કોઈ આપણને 'ગધેડો' કે 'વાંદરો' કહે તો આપણને શું થાય ? ગુસ્સો આવે ? તેને કાંઈક સંભળાવી દઈએ ? તાકાત હોય તો ઊંચકીને એક લાફો લગાવી દઈએ ? કદાચ સામેની વ્યક્તિ વધારે બળવાન હોય તો મનમાં ને મનમાં સમસમી જઈએ ? આવા કો'ક ભાવો તો પેદા થાય જ ને ? છેવટે, 'જવા દો. એને કાંઈ સમજણ પડતી નથી કે તે કોને શું કહી રહ્યો છે ! માફ કરી દો. તેવા ક્ષમાના ભાવ પણ આવે ને ? તે ગાંડો હોય તો તેના તે શબ્દો સાંભળીને તેની ઉપેક્ષા કરવાના ય ભાવ તો જાગે ને ?

તો આ 'ગધેડો' કે 'વાંદરો' એ શબ્દો પણ જડ જ છે ને ? જો આ જડ શબ્દોની

તાકાત આટલી બધી હોય તો ત્રણલોકના નાથ દેવાધિદેવ પરમાત્માની પ્રતિમાની તાકાત તો કેવી અચિન્ત્યકોટીની હોય !

કોઈ દલીલ કરે છે કે પથ્થરની ગાય જો દૂધ આપી શકે તો પથ્થરની પ્રતિમા મોક્ષ આપી શકે ! બોલો ! પથ્થરની ગાય કદી દૂધ આપે ખરી ? જો ના. તો પથ્થરના ભગવાનને પૂજે શું થાય ?

પરન્તુ તેમની આ દલીલ સાવ વાહિયાત છે. બાળજીવોને ખોટા રસ્તે ખેંચવા માટેનો આ તર્ક છે.

પથ્થરની ગાય ભલે પોતે દૂધ ન આપતી હોય પણ પથ્થરની ગાય સાચી ગાયને ઓળખાવી તો શકે ને ? અને જેને પથ્થરની ગાય દ્વારા સાચી ગાય ઓળખાઈ, તે વ્યક્તિ ક્યારેક જરૂર પડશે તો સાચી ગાયની પાસેથી દૂધ પણ મેળવી શકશે કે નહિ ? જો તેને સાચી ગાયની ઓળખાણ જ ન હોય તો સાચી ગાય સામે આવે તો ય તે દૂધ ન મેળવી શકે ! આમ, પથ્થરની ગાયે સાચી ગાયની ઓળખાણ કરાવી અને તેથી દૂધ મળ્યું તો પથ્થરની ગાયે પણ દૂધ આપ્યું કહેવાય.

તે જ રીતે પથ્થરની ભગવાનની પ્રતિમા પોતે ભલે મોક્ષ ન આપતી હોય, પણ તે આપણને સાચા પરમાત્માની ઓળખાણ તો કરાવે છે ને ? પ્રભુની પ્રતિમા જોતા પરમાત્માના ગુણવાન સ્વરૂપની ઓળખાણ થાય છે. હૃદયમાં સાચા પરમાત્મા પ્રત્યે ભાવો ઊભરાય છે, જે કેવળજ્ઞાન અને મોક્ષ અપાવવા સમર્થ બને છે. જો પથ્થરની પણ પ્રતિમાના દર્શન ન કરત તો સાચા પરમાત્માના સ્વરૂપની ઓળખાણ શે થાત ? અને તે ઓળખાણ થયા વિના ભાવો પણ શે ઊછળત ? પરિણામે કેવળજ્ઞાન કે મોક્ષ શી રીતે થાત ?

એક વખત એક રાજાએ પોતાના રાજકુમારને, સલામતી ખાતર જન્મથી જ ભોંયરામાં રાખ્યો. બહારની દુનિયાથી તેને સાવ અલિપ્ત રાખ્યો.

પાંચ વર્ષની ઉંમર થતા, તેને ભણાવવા રાજગુરુ પણ ભોંયરામાં આવવા લાગ્યા. બહારના કોઈ પદાર્થો તે રાજકુમારને જોવાના ન હોવાથી પથ્થરમાંથી ગાય, ભેંસ, ઘોડા, હાથી, મગર, પોપટ વગેરે કંડારવામાં આવ્યા. પથ્થરના તે પ્રાણીઓ બતાડીને જ રાજગુરુ તે રાજકુમારને શિક્ષણ આપી રહ્યા છે.

એક વાર સફેદ આરસની ગાય બતાડીને રાજગુરુ તેને કહે છે કે જો આ ગાય કહેવાય. આ તેનું મોઢું છે. તેનાથી તે ઘાસ ખાય છે. આ આગળ કોથળી લટકે છે. તે સાસ્ના કહેવાય. આ પાછળ પૂંછડું છે. આ બે શિંગડાં છે. આ ચાર પગ છે. આ તેના આંચળ છે. આ આંચળને જો આ રીતે દોહવામાં આવે તો ગાય દૂધ આપે. તે દૂધ પીવાથી આપણી તરસ છીપે, ભૂખ પણ ભાંગે ને ઘણી શક્તિ પણ મળે. વગેરે...

જે જે ગુરુ ભણાવે છે, તે બધું પેલો રાજકુમાર ધ્યાનમાં રાખી રહ્યો છે.

કેટલાક વર્ષો બાદ પરદેશી રાજાએ હુમલો કર્યો. લોકોએ નાસભાગ કરી. રાજાએ

પણ રાજપુત્રને લઈને નાસી છૂટવું પડ્યું, જંગલમાં રાજકુમાર છૂટો પડી ગયો.

ભૂખ્યો, તરસ્યો, થાકેલો રાજપુત્ર એકલો આગળ વધી રહ્યો છે. ત્યાં દૂરથી તેણે ગાયને આવતી જોઈ. જિંદગીમાં કદી પણ તેણે સાચી ગાય જોઈ નહોતી. પહેલી જ વાર સાચી ગાયને જોતા રાજગુરુએ બતાડેલા પથ્થરના જુદા જુદા પ્રાણીઓ યાદ આવ્યા. તેના મનમાં ભાવ જાગ્યા કે મને રાજગુરુએ જે પથ્થરની ગાય બતાડેલી, તેના જેવું જ આ પ્રાણી સામે દેખાય છે માટે, તે ગાય જ હશે. ગાયને આંચળ હોય, તેને દોહવાય તો દૂધ મળે, તેનાથી ભૂખ ભાંગે, તરસ છીપે ! વગેરે વાક્યો યાદ આવ્યા. તરત તે ગાય પાસે પહોંચી ગયો. આંચળ પકડીને દોહવા લાગ્યો. દૂધ પીને તેણે તરસ છિપાવી. તે તૃપ્ત થયો.

બોલો ! આ રાજકુમારને દૂધ કોણે આપ્યું ? ભલે સાચી ગાયે જ દૂધ તેને આપ્યું હોય, પરન્તુ જો તેણે પથ્થરની ગાય જોઈ જ ન હોત તો જંગલમાં આજે તે સાચી ગાયને ઓળખી શકત ખરો ? અને જો ન ઓળખી શકત તો તેનું દૂધ પણ પી શકત ખરો ? નહિ જ ને ?

તેથી પથ્થરની ગાયે સાચી ગાયની અને તેને દોહવાની રીતની ઓળખાણ આપી હોવાથી પથ્થરની ગાયે જ તેને દૂધ આપ્યું તેમ કહીએ તો ખોટું નહિ ગણાય.

બસ, તે જ રીતે પરમાત્માની પથ્થરની પ્રતિમા પણ સાચા પરમાત્માની ઓળખાણ કરી આપવા દ્વારા મોક્ષ આપણને આપે છે, તેમ કહીએ તો તેમાં શું ખોટું છે ?

બાકી તો 'પથ્થરની ગાય' એવા શબ્દમાં જ દલીલ કરનારે પથ્થરને પણ શું ગાય તરીકે સ્વીકાર્યો નથી ? જો પથ્થરને ગાય તરીકે તેણે ન માની હોય તો 'પથ્થરની ગાય દૂધ આપી શકે ખરી ?' તેવો પ્રશ્ન પૂછી શકે ખરો ? જો પથ્થરને, તે ગાયના આકારનો હોય તેટલા માત્રથી ગાય કહી શકે તો ભગવાનના આકારના પથ્થરને ભગવાન કેમ ન કહી શકાય ?

વળી જો ગાયની પથ્થરની પ્રતિમા દૂધ નથી આપતી માટે ભગવાનની પથ્થરની પ્રતિમા પણ કાંઈ ન કરે, તેમ કહેશો તો ગાયનો 'ગાય... ગાય... ગાય...' એવા નામોચ્ચારણપૂર્વકનો જાપ કાંઈ દૂધ નથી આપી શકતો તો 'મહાવીર... મહાવીર...' એવા નામોચ્ચારણપૂર્વકનો જાપ પણ કાંઈ નહિ કરી શકે ને ? તો તો હવે કોઈપણ મંત્રનો ઉચ્ચાર કદી કોઈથી ય નહિ થઈ શકે ને ?

જો ભગવાનની પ્રતિમા પથ્થરની હોવાથી જડ છે, તો ભગવાનનું નામ પણ શબ્દાત્મક હોવાથી જડ જ છે ને ! તો તો ભગવાનનું નામ પણ લેવાનું બધાએ બંધ કરી દેવું જોઈએ ને ?

હકીકતમાં જે સાચા ભગવાન છે, એવાને એવા જ કાંઈ પ્રતિમા રૂપ ભગવાન કે નામોચ્ચારણ રૂપ ભગવાન નથી જ, છતાં ભગવાનની પ્રતિમા કે ભગવાનના નામોચ્ચારણ દ્વારા સાચા ભગવાનની આપણને ઓળખાણ થાય છે. અને તે ઓળખાણ થતા સાચા ભગવાન પ્રત્યે હૃદયમાં પુષ્કળ ભાવો ઊછળે છે. આ ઊછળતા શુભ ભાવો આપણા

પાપકર્મોનો કચ્ચરઘાણ બોલાવે છે, જે આપણા લાભમાં થાય છે. માટે જેમ રોજ પ્રભુના નામનું સ્મરણ કરવું જોઈએ તેમ રોજ પ્રભુની પ્રતિમાના દર્શન-વંદન-પૂજનાદિ કરવા જ જોઈએ.

પરમાત્માના નામ કે પ્રતિમા અંતરના શુભ ભાવોને પેદા કરવાનું, વધારવાનું, શુદ્ધ કરવાનું મોટું આલંબન છે. પણ જો તે આલંબનને પામીને જેણે તેવી શુભભાવોની ઉત્પત્તિ, વૃદ્ધિ કે શુદ્ધિ કરવી જ ન હોય તેના માટે તે આલંબન જડ બની જાય તેવું બને ખરું !

જેનું હૃદય સંવેદના ભરપૂર હોય તેના માટે ભગવાનનું નામ કે પ્રતિમારૂપ આલંબન જીવંત ગણાય, બાકી જેનું હૃદય લાગણી વિહોણું, જડ અને રૂક્ષ થઈ ગયું હોય તેના માટે ભગવાનનું નામ કે ભગવાનની પ્રતિમારૂપ આલંબન જડ બને, તે સહજ છે !!! આમ, આલંબન પોતે જડ છે કે ચેતન ? તેનું મહત્ત્વ નથી, પરન્તુ તે આલંબન જેને સાંપડ્યું છે, તે વ્યક્તિનું હૃદય સંવેદનશીલ (ચેતન) છે કે જડ ? તે મહત્ત્વનું છે.

હવે સમજાઈ ગયું હશે કે જે આલંબન છે, તેની પાસેથી હકીકતમાં આપણે કાંઈ જ મેળવવાનું નથી. પરન્તુ તેના આલંબને આપણા હૃદયમાં શુભ ભાવોનો ઉછાળો લાવવાનો છે. જે ઉછાળાથી પાપકર્મો ખપતા દુઃખો ચાલ્યાં જશે. પુણ્યકર્મો બંધાતા સુખો ચરણોમાં આળોટવા લાગશે.

તેથી જ આલંબન તરીકે આપણને મળેલા પરમાત્મા વીતરાગ હોવા છતાં ય વાંધો નથી. તેઓ ભલે રાગી ન હોય, પણ આપણે તો રાગી છીએ ને ? તેથી તેમના અતિશય વિશિષ્ટ કોટીના ગુણોનું ધ્યાન ધરતા આપણા ભાવો એવા ઊછળશે કે જેના પ્રભાવે આપણને બધું જ મળશે. શું નહિ મળે ? તે સવાલ રહેશે.

એકલવ્યને ગુરુ દ્રોણાચાર્ય વિદ્યા આપવા તૈયાર નહોતા, તો તેણે ગુરુ દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી. આ પ્રતિમા તો રાગ-દ્વેષ વિનાની હતી. સાવ જડ હતી. છતાંય તેના આલંબને એકલવ્ય મહાધનુર્ધારી બન્યો ! શું કારણ ? ગુરુની પ્રતિમાના આલંબને તેના હૃદયમાં પોતાના માનેલા ગુરુ પ્રત્યે અપરંપાર અહોભાવ પેદા થયો હતો. જે અહોભાવે જ તેને સવાઈ અર્જુન બનાવી દીધો.

આ જ રીતે, સામેનું આલંબન વીતરાગ છે, તે આપણું શું કરે ? તે પ્રશ્ન હવે ઉપસ્થિત થઈ શકતો નથી. તેના જેવા વિશિષ્ટ આલંબનના પ્રભાવથી આપણામાં વિશિષ્ટભાવો પેદા થઈ શકે છે અને તેથી કાર્યસિદ્ધિ પણ તેના પ્રભાવથી સહજ થઈ જાય છે.

જો દ્રોણાચાર્યની પ્રતિમા એકલવ્યને સવાઈ અર્જુન બનાવી શકે તો આપણને પરમાત્માની પ્રતિમાં સિદ્ધ કેમ ન બનાવી શકે ?

ખોવાઈ ગયેલા દીકરા મહેશને શોધવા તેનો ફોટો છપાવવો પડે છે. પોલીસને તેની તપાસ કરવા આપવો પડે છે. મહેશનો આ ફોટો તો જડ છે ને ? છતાં આવા સમયે

મહેશને ઓળખીને શોધવા માટે, આ ફોટા સિવાય બીજું શું ઉપયોગી બની શકે તેમ છે ? જેવો આ મહેશનો ફોટો છે, તેવી મંદિરમાં ભગવાનની પ્રતિમા છે. જો ફોટો મહેશને ઓળખાવી શકે તો પ્રતિમા પરમાત્માને કેમ ન ઓળખાવી શકે ? સાચાની ઓળખાણ કરી આપતી ચીજ સાચી ન કહેવાય ?

એક વાર એક ભાઈ આવ્યા. ચરણોમાં વારંવાર ઝૂકવા લાગ્યા. હૃદયમાં અપરંપાર ઊભરાતો અહોભાવ તેના શબ્દો દ્વારા વ્યક્ત થવા લાગ્યો. 'ભગવાન' 'ભગવાન' કરવા લાગ્યા.

'અરે ! અમે ભગવાન નથી. અમે તો છદ્મસ્થ સાધુ છીએ. અમને ભગવાન ન કહેવાય !

'ના બાપજી ના ! મારા માટે તો તમે ભગવાન જ છો. હું તમને ભગવાનથી જરા ય ઓછું નથી માનતો હોં બાપુ !

ભગવાન જે ઉપકાર કરે તે તમે મારા જીવનમાં કરી દીધો. ૫૦ વર્ષમાં જે જીવનપરિવર્તન ન થયું, તે માત્ર આ ચોમાસામાં મારું થઈ ગયું. મારા જનમોજનમ બગડી ગયા હતા, પણ બાપજી ! તમારા આ ચોમાસાના પ્રભાવે હવે મારા ભવોભવ સુધરી ગયા. મારા માટે તો તમે ભગવાન જેવા જ. જરા ય ઓછા નહિ !'

પોતાના ઉપર જેના દ્વારા અસીમ ઉપકાર થયો છે, તે ગુરુભગવંત જો ભગવાન જેવા લાગતા હોય તો જેના દ્વારા ઢગલાબંધ પાપો નાશ પામતા હોય, હૃદયમાં શુભ ભાવો ઊભરાતા હોય, આત્મિક આનંદની અનુભૂતિ થતી હોય, ભવોભવ આબાદ બનતા જણાતા હોય તે ભગવાનની પ્રતિમા ભક્તને ભગવાન જેવી જ કેમ ન લાગે ? જો ગુરુમહારાજ પ્રત્યે ભગવાન જેવો અહોભાવ આવતો હોય તો જિનપ્રતિમા પ્રત્યે ભગવાન જેવો અહોભાવ કેમ ન જાગે ? જાગેલો આ અહોભાવ શું અનંતાં કર્મોને ખપાવવા સમર્થ ન બને ?

તિરંગો ઝંડો હકીકતમાં તો કેસરી-સફેદ-લીલો કપડાનો ટુકડો જ છે ને ? છતાં તેનું કોઈ અપમાન કરે તો તેને શું સજા ન થાય ? કેમ ? કારણ કે તિરંગો ઝંડો એ હવે માત્ર કપડું નથી, પણ સમગ્ર ભારતદેશનું એક પ્રતીક છે. તેના તિરસ્કારમાં સમગ્ર રાષ્ટ્રનો તિરસ્કાર છે, બરોબર ને ?

તેમ પરમાત્માની પ્રતિમા એ માત્ર પથ્થરનો પીસ નથી, સાક્ષાત્ ભગવાન છે. તેથી પ્રતિમાનો તિરસ્કાર એ હકીકતમાં ભગવાનનો તિરસ્કાર છે, તે વાત કદી ન ભૂલવી.

રૂ. ૧૦, ૫૦ કે ૧૦૦ની જે નોટો દ્વારા સંસારીઓ પોતાનો વ્યવહાર ચલાવે છે, તે કાગળિયાના ટુકડા સિવાય હકીકતમાં છે શું ? છતાં અન્ય કાગળિયાના ટુકડા જેવો જ વ્યવહાર તેનો કેમ નથી કરાતો ? શા માટે તેને ફડાતી નથી ? શા માટે સાચવીને પાકીટમાં રખાય છે ?

કહેવું પડશે કે રૂપિયાની નોટો ભલે કાગળ હોય, છતાં ય તેમાં રિઝર્વ બેંકના

ગવર્નરની સહી થઈ ગઈ છે, માટે તે કાગળ નથી, તે હવે રૂપિયા છે. કાગળમાં સહી દ્વારા સંસ્કાર કરવામાં આવ્યા છે, જેનાથી હવે તે માત્ર કાગળ ન કહેવાય પણ રૂપિયા કહેવાય. હવે તેની કિંમત માત્ર કાગળિયા જેટલી નહિ પણ અનેક ચીજ-વસ્તુઓ ખરીદી શકાય તેટલી. બરોબર ને ?

તેમ, પરમાત્માની પ્રતિમા એ મૂળમાં ભલે પથ્થર હોય તો ય તેમાં શિલ્પીએ ટાંકણા લગાવીને પરમાત્માનો આકાર પેદા કર્યો છે, એટલું જ નહિ, ત્યારબાદ ગીતાર્થ આચાર્યોએ પ્રાણપ્રતિષ્ઠાની વિધિ કરીને તેમાં પ્રાણનો સંચાર કર્યો છે. હવે શી રીતે તેને પથ્થરની પ્રતિમા કહેવાય ? ના હવે તો તેને ભગવાન જ કહેવાય. તેની આરાધના-ઉપાસનાથી ભૌતિક સુખથી માંડીને મોક્ષસુખ સુધીનું બધું જ મળે. તેની આશાતનાથી બધા જ નુકસાન થાય માટે કદી પણ પરમાત્માને પથ્થર કહેવાની ભૂલ સ્વપ્નમાં પણ ન કરવી.

શાસ્ત્રને, પુસ્તકને માનીએ અને ભગવાનની પ્રતિમાને ન માનીએ તે કેવું ? શું શાસ્ત્રના કે પુસ્તકના અક્ષરો જડ નથી ? છતાં તે જડ અક્ષરોના પ્રભાવે જો આપણને કાંઈક આત્મજ્ઞાન લાધતું હોય તો ભગવાનની પ્રતિમાના દર્શન-પૂજનથી કેમ શુભભાવો ન જાગે ?

પરમાત્મા જ્યારે દેશના આપતા હોય છે, ત્યારે સમવસરણમાં તેઓ પૂર્વાભિમુખ બિરાજે છે. બાકીની ત્રણ દિશામાં દેવો તેમના પ્રતિબિંબો (પ્રતિમાઓ) સ્થાપે છે. તે પ્રતિમાઓ તેની સામે બેઠેલા દરેકને સાચા ભગવાન તરીકે જ લાગે છે અને તેના દર્શન-વંદન કરીને અનેક જીવો પ્રતિબોધ પણ પામે જ છે. જેઓ ભગવાનની પ્રતિમાને ભગવાન નથી માનતા પણ પથ્થર માને છે, તેઓ શાસ્ત્રની ઉપરોક્ત વાતનો શું જવાબ આપશે ?

જો કાબાના પથ્થર સામે નમાઝ પઢી શકાતી હોય, પોતાના ગુરુના ફોટાના દર્શન કરી શકાતા હોય, જો સાધુ-સાધ્વી-સંત-મહાસતીજી વગેરેના કાળધર્મ પામ્યા પછીના નિર્જીવ (જડ) બનેલા શબના દર્શન-પૂજન-વંદનના લાભ લઈ શકાતા હોય અને તે દ્વારા પુષ્કળ પુણ્ય બંધાય ને પાપો ખપે તેવું મનાતું હોય તો પરમાત્માની પ્રતિમાના દર્શન-વંદન-પૂજનથી લાભ થાય છે તેવું કેમ ન મનાય ?

હકીકતમાં તો આપણા બધાનો આત્મા સંસારી અવસ્થામાં લાગણીપ્રિય હોવાના કારણે, તેનો સંબંધ કોઈક ને કોઈક વ્યક્તિ સાથે થવાનો જ.

જે વ્યક્તિ પ્રત્યે અનુરાગ પેદા થયો, તે વ્યક્તિનો કોઈ કારણસર વિરહ થઈ પડે તો તેની શું સ્થિતિ હોય ? તે જાણવી હોય તો કોઈક મનોચિકિત્સક (સાયકોલૉજિસ્ટ)ને પૂછો.

તે તરત કહેશે કે, માનવને જે વ્યક્તિ પ્રિય હોય છે, તે વ્યક્તિનું તે સતત સાન્નિધ્ય ઝંખતો હોય છે. જો કોઈક કારણસર તે વ્યક્તિનું સાન્નિધ્ય ન મળે તો, તે તેના વિરહમાં ઝૂરતો હોય છે. પ્રિયપાત્રના વિરહમાં વારંવાર તેનું સ્મરણ થયા વિના તેને નથી રહેતું.

વારંવાર પ્રિયપાત્રનું સ્મરણ કરતી વ્યક્તિના હૃદયમાં પછી તે વ્યક્તિનું દર્શન કરવાની તીવ્ર ઝંખના પેદા થાય છે. તેનાથી તે વ્યક્તિનું દર્શન કર્યા વિના રહી શકાતું નથી. પરિણામે જો શક્ય હોય તો તે પ્રિયપાત્ર વ્યક્તિનો ને પોતાની પાસે ફોટો રાખે છે અથવા તેની પ્રતિમા બનાવીને સ્થાપે છે.

પતિના વિરહમાં પત્ની પોતાના પતિનો ફોટો પોતાની પાસે રાખતી હોય છે, તે વાત શું આપણને કોઈએ કહેવી પડે તેમ છે ?

અને વારંવાર દર્શન કરતા કરતા તે ચાહકના હૃદયમાં પોતાની પ્રિયપાત્ર વ્યક્તિને ભેટવાની, સ્પર્શવાની ઇચ્છા થયા વિના નથી રહેતી. અને જો તેવો અનુકૂળ સમય આવી જાય તો તે વ્યક્તિ દોડીને પણ પ્રિયપાત્રને વળગી પડશે, બરોબર છે-ને ?

બસ એ જ રીતે, ભક્તને પરમાત્મા એટલા બધા વહાલા લાગી ગયા છે કે પરમાત્માનો જ્યારે વિરહ સાલે છે ત્યારે ભક્તજન તે વિરહમાં આશ્વાસન મેળવવા તે પરમાત્માની પ્રતિમા બનાવ્યા વિના, તેના દર્શન-વંદન-પૂજન કર્યા વિના રહે શી રીતે ? તેથી તો પૂ. દેવચન્દ્ર મહારાજાએ એક જગ્યાએ પોતાને 'વિરહકાતર' કહીને જણાવ્યું છે કે 'હે પ્રભુ ! તારા વિરહથી કાયર બનેલો હું તારી પ્રતિમાનું વંદન-પૂજન કરવા સિવાય બીજું શું કરું ?'

અરે ! જેઓ પરમાત્માની સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરે છે, તેઓ જ તે વાત સમજી શકે છે કે એ પ્રતિમા પૂજનથી પોતાના દુઃખો કેટલાં બધાં હળવાં બને છે ! હૃદયમાં આનંદ કેટલો બધો ઊભરાવા લાગે છે ! ચિત્તપ્રસન્નતાનો મહાસાગર કેવો છલકાવા લાગે છે !

અનેકોના સ્વાનુભવની આ વાતો છે. તેની સાથે માત્ર કોરીકટ દલીલો કેટલી ટકી શકે ?

નજરની સામે જ ઘરમાં રમણભાઈ ઊભેલા દેખાતા હોય છતાંય ઘરની પાંચ વ્યક્તિઓ જુદી જુદી દલીલોથી રમણભાઈ ઘરમાં નથી, તેવું સાબિત કરતી હોય તો તેને કોણ સ્વીકારી શકશે ?

વર્તમાનકાળે પરમાત્માના વિરહકાળમાં સંસારસમુદ્ર તરવા માટે આપણી પાસે બે જ સાધનો છે : (૧) જિનપ્રતિમા અને (૨) જિન આગમ. આ બેમાંથી ય જિનાગમ તો ગુરુભગવંત વિના સાંભળવા ન મળી શકે. ક્વચિત્ જ સાંભળવા મળનારું સાધન જિનાગમ છે, જ્યારે જિનપ્રતિમા તો બારેમાસ પોતાના ગામમાં મળે. સાધુ ભગવંતોના વિરહકાળમાંય પરમાત્માની પ્રતિમા તો મળે જ. અને તેથી ત્રિકાળ મોહનો નાશ કરનારી, પુણ્યની જબરદસ્ત વૃદ્ધિ કરનારી પ્રભુપૂજા રૂપી સાધના ઘર આંગણે સતત મળ્યા જ કરે પણ પ્રભુપ્રતિમાને જે ન માને તે તો આ સાધનાંથી વંચિત જ રહી જાય ને ?

કેટલાક લોકો એમ કહી રહ્યા છે કે હવે અમે આલંબન તરીકે પ્રભુપ્રતિમાને સ્વીકારવા તૈયાર થયા છીએ. પૂર્વે તેના દર્શન નહોતા કરતા, પણ હવે અમને તેનો

મહિમા સમજાણો છે, માટે તેના દર્શન કરવા શરૂ કર્યા છે. મંદિરમાં જઈને પ્રભુ પ્રતિમાનું અવલંબન લઈને ધ્યાનમાં લીન પણ બનીએ છીએ.

પણ ભગવાનની પ્રતિમાની પૂજા તો ન જ કરીએ. પૂજા કરવામાં તો કેટલી બધી હિંસા થાય ? પ્રક્ષાલ કરવા કાચાપાણીના અસંખ્યાતા જીવોની હિંસા ! પુષ્પપૂજા કરતા ફૂલોના જીવોને કિલામણા ! ધૂપ-દીપ કરતા અગ્નિ-વાયુના જીવોની હિંસા... ના... ભાઈ ના... આટલી બધી હિંસા તો કરાય ?

ઉપરોક્ત વેવલી વાતો કરનારાને એટલું જ કહેવું છે કે ભાઈ, તમે હિંસા-અહિંસાનો અર્થ જ બરોબર સમજ્યા નથી. નહિ તો તમને મનમાં આ સવાલ જ ન થાત ?

જૈનધર્મ દેખીતી (સ્વરૂપ) હિંસા કે અહિંસાને વિચારતો નથી પણ પરિણામ (અનુબંધ) હિંસા-અહિંસાને વિચારે છે.

તેથી ક્યારેક દેખીતી રીતે હિંસા જણાતી હોય પણ તેમાં આશય જો અહિંસાનો હોય તો તે અનુબંધ અહિંસા જ કહેવાય. પરન્તુ તેને હિંસા કહી શકાય નહિ. તે જ રીતે દેખીતી રીતે અહિંસા હોય પણ આશય તેમાં હિંસા કરવાનો ભળેલો હોય તો તે દેખીતી અહિંસાને પણ હકીકતમાં અહિંસા મનાય નહિ.

બોકડાને મારીને તેનું પુષ્કળ માંસ મેળવવા માટે આજે તેને પુષ્કળ લીલાજવ ખવડાવાતા હોય તો તેની માંસવૃદ્ધિ માટે તેને જવ ખવડાવવાની ક્રિયાને કદી અહિંસક કહી શકાશે નહિ પણ હિંસક કહેવાશે, કારણ કે જવ ખવડાવનારના મનમાં તો તેની હિંસા કરવાનો જ આશય છે !

અપહરણકારોથી બચાવવા લાફો મારીને ઘરમાં નાના બાળકને લાવતી માના હૃદયમાં બાળકને બચાવવાનો આશય હોવાથી દેખીતી રીતે હિંસક હોવા છતાંય તેની લાફો મારવાની ક્રિયાને અહિંસક જ કહેવી પડશે ને ?

તેમ પરમાત્માને કરાતી પ્રક્ષાલ-ધૂપ-દીપપૂજામાં દેખીતી રીતે કેટલીક હિંસા જણાતી હોય તો ય, તે વખતે આશય તો તેના દ્વારા મોક્ષ મેળવીને સર્વ જીવોની રક્ષા કરવાનો હોવાથી હકીકતમાં અહિંસા જ છે. તેને હિંસા માનવાની કોઈ ભૂલ કરશો મા ! જો આશયના આધારે હિંસા-અહિંસાનો વિચાર નહિ કરાય અને માત્ર દેખીતી રીતે જ જે જણાય તે હિંસા કે અહિંસા કહેશો તો આપણે કોઈ જ ધર્મક્રિયા કદી પણ નહિ કરી શકીએ !

ભલા ભાઈ ! કહો તો ખરા, કઈ ધર્મક્રિયા એવી છે કે જેમાં કાંઈક પણ હિંસા થતી ન હોય ? વિહારમાં ય હિંસા થાય છે ને વ્યાખ્યાન કરવામાં કે વ્યાખ્યાન સાંભળવામાંય હિંસા થાય છે ! સ્થાનક બનાવવામાં ય હિંસા થાય છે અને સ્થાનકમાં જવામાં પણ હિંસા થાય છે ! સ્વામીવાત્સલ્ય કરવામાં ય હિંસા થાય છે તો સાધર્મિકને અન્નાદિની સહાય કરવામાં ય હિંસા છે ! ગુરુવંદન કરતા ય હિંસા થાય છે તો તપશ્ચર્યા કરવામાં ય શરીરમાં રહેલા કરમિયા વગેરે મરી જતા હિંસા થાય છે !

તો શું ઉપરના તમામ ધર્મો કરવાનું બંધ કરી દેવું છે ? રે... તેમ કરશો તોય હિંસાથી છુટકારો થઈ શકશે ખરો ? જીવીએ છીએ તેમાંય શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં હિંસા થાય છે. જેને આવી સ્વરૂપહિંસા પણ માન્ય ન હોય તેને તો જન્મતાની સાથે જ આપઘાત કરીને મરી જવું પડશે ! અરે ! પણ જન્મ લેતા ને આપઘાત કરતાં ય તેનાથી હિંસા થશે તેનું શું ? હા ! મોક્ષમાં જે પહોંચે તેને આવી સ્વરૂપ (દેખીતી) હિંસા પણ રહેતી નથી. પણ જ્યાં સુધી મોક્ષે ન પહોંચીએ ત્યાં સુધી શું ?

ત્યાં સુધી જો જન્મ-મરણ કરવાના જ છે, તો જલ્દીથી મોક્ષ મળે તે માટે પ્રભુની પૂજા કરવાની. ઉપરોક્ત તમામ ધર્મો પણ કરવાના.

હકીકતમાં જેમાં દેખીતુ થોડુ નુકસાન હોય પણ પછી લાભ ઘણો હોય, તેને ગીતાર્થ મહાપુરુષો નુકસાન કહેતાં જ નથી. ચાર આના દઈને મેળવેલો માલ પછી આઠ આને વેચાતો હોય તો ત્યાં પહેલા 'ચાર આના ખોયા,' એમ કોઈ જ બોલતું નથી, બલ્કે 'ચાર આના કમાયો,' એમ જ કહેવાય છે.

હકીકતમાં જે પદાર્થ પોતે સુંદર હોય તેનું નામ, તેનું ચિત્ર કે તેની પ્રતિમા પણ સુંદર જ હોય. જો મૂળ વસ્તુ પૂજનીય, વંદનીય કે નમનીય હોય તો તેનું નામ, ચિત્ર કે પ્રતિમા પણ પૂજનીય અને વંદનીય જ હોય. જે મૂળભૂત પદાર્થ તિરસ્કાર કે અવહેલનાને યોગ્ય ન હોય તેનું નામ, ચિત્ર કે મૂર્તિ પણ તિરસ્કાર કે અવહેલનાને પાત્ર ન જ હોય.

માતા-પિતા પોતે પૂજનીય-વંદનીય છે, તો તેમનું નામ પણ તેટલું જ પૂજનીય છે. એટલું નહિ, તેમનો ફોટો (ચિત્ર) કે બાવલું (પ્રતિમા) પણ એટલાં જ પૂજનીય ગણાય છે. માતા-પિતાના ફોટા કે બાવલા ઉપર થૂંકી શકાય ખરું ?

તે જ રીતે ગુરુભગવંત આપણને પૂજનીય-વંદનીય લાગ્યા છે તો તેમનું નામ પણ આપણને વંદન કરવા જેવું લાગે છે ને તેમનો ફોટો જોવા મળે તો તેને પણ વંદન કર્યા વિના રહી શકાતું નથી.

બસ, તે જ રીતે પ્રભુમહાવીર વગેરે ભગવંતો જો આપણને હકીકતમાં પૂજનીય અને વંદનીય સમજાણા હોય તો તેમનું નામસ્મરણ કર્યા વિના આપણે જેમ ન રહી શકીએ, તેમ તેમના ફોટા કે તેમની પ્રતિમાને વંદના કે પૂજા કર્યા વિના શી રીતે રહી શકીએ ? જેઓ ભગવાનની પ્રતિમાની પૂજા નથી માનતા તેમને ખરેખર ભગવાન વહાલા લાગે છે તેમ કહી શકાય ખરું ? તે વિચારણીય છે.

આપણને તો ભગવાન ખૂબ વહાલા છે. માટે ભગવાનની પ્રતિમાના દર્શન-વંદન-પૂજન કર્યા સિવાય શી રીતે ચાલે ? તે વંદનાદિ કરતા બોલતા સૂત્રોના જો અર્થ જાણીએ તો વંદના કરવામાં ઉલ્લાસ ખૂબ વધી જાય.

સૂત્ર-૧૨

# ૧૮ ચૈત્યવંદન સૂત્ર

## જગચિંતામણિ સૂત્ર

**ભૂમિકા :–**

આ સૂત્ર પરમાત્મા મહાવીરદેવના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમસ્વામીએ બનાવ્યું છે.

ચૈત્ય શબ્દના જે પાંચ અર્થ (૧) તીર્થ, (૨) જિનાલય, (૩) જિનપ્રતિમા, (૪) વિચરતા અરિહંત અને (૫) અરિહંતના ગુણો છે. તે પાંચેયને વંદના આ સૂત્ર દ્વારા થાય છે, માટે આનું નામ ચૈત્યવંદન સૂત્ર છે. આ સૂત્રનું પ્રથમ પદ 'જગચિંતામણિ' હોવાથી લોકવ્યવહારમાં 'જગચિંતામણિ' સૂત્ર તરીકે પ્રસિદ્ધિ પામેલ છે.

માનવજીવન મેળવ્યા બાદ એક માત્ર મોક્ષને જ મેળવવાની તીવ્રતમ ઝંખના જોઈએ. રોમરોમમાં સતત મોક્ષની લગન હોવી જોઈએ.

પરમાત્માના પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીના રોમરોમમાં મોક્ષનો તીવ્ર તલસાટ હતો. વારંવાર તેઓ પ્રભુને પૂછતા હતા કે પ્રભુ ! મારો મોક્ષ ક્યારે થશે ?

તેમાં એક વાર તેમને જાણવા મળ્યું કે જેઓ પોતાની લબ્ધિથી અષ્ટાપદજી તીર્થની યાત્રા કરે તે ચરમશરીરી હોય, અર્થાત્ તેનો તે જ ભવમાં મોક્ષ થાય. આ જાણીને મોક્ષની તીવ્ર ઝંખનાવાળા તેઓ પોતાને આજ ભવમાં મોક્ષ મળશે તો ખરો ને ? તે પાકું કરવા અષ્ટાપદજી તરફ આગળ વધ્યા.

અષ્ટાપદજી તીર્થના એકેક યોજનના અંતરે રહેલા આઠ પગથિયા ચડવા સહેલા નહોતા. અનેક તાપસો છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ અને પારણે લીલ-સેવાળાદિનું ભક્ષણ તથા અનેક યોગાસનો કરવા દ્વારા ઉપર પહોંચવા પ્રયત્ન કરતા હતા, પણ કોઈનેય પૂર્ણ સફળતા મળી શકતી નહોતી.

ત્યારે દૂરથી જ હૃષ્ટપુષ્ટ કાયાવાળા ગૌતમસ્વામીને આવતા જોઈને તાપસો મશ્કરી કરે છે કે, 'જુઓ ને પેલો પઠ્ઠો ઉપર ચઢવા આવ્યો ! આપણે તપસ્વી નથી ચઢી શકતા તો તે શું ચઢવાનો ?'

પણ ગૌતમસ્વામી તો જયણાપૂર્વક, નીચે જોઈને ડગ ભરી રહ્યા છે, નજીક આવ્યા ત્યારે, જેમ દોરડું પકડીને ઉપર ચઢીએ તેમ સૂર્યના કિરણોનું આલંબન લઈને સડસડાટ તેઓ ઉપર પહોંચી ગયા. નીચે રહેલા તાપસો તો આ દૃશ્ય જોઈને જ ચકિત થઈ ગયા.

પરમાત્મા ઋષભદેવ ભગવાન, છ ઉપવાસના તપ પૂર્વક, દસ હજાર મુનિઓ સાથે પાદપોપગમન અનશન કરીને જ્યાં મોક્ષપદ પામ્યા હતા, તે પર્વત ઉપર તેમના પુત્ર ભરત ચક્રવર્તીએ 'સિંહનિષદ્યા' નામનું જિનાલય બંધાવ્યું હતું, જેમાં આ અવસર્પિણીકાળના ૨૪ ભગવાનની, તેમના શરીરના માપ અને વર્ણ પ્રમાણેની રત્નમય પ્રતિમાઓની સ્થાપના કરી હતી, અને એક એક યોજનના અંતરે આઠ પગથિયા બનાવવાથી અષ્ટાપદ પર્વત તરીકે જે પ્રસિદ્ધ થયો. તે આ અષ્ટાપદ પર્વત ઉપર પહોંચીને ગૌતમસ્વામી

ચોવીસેય પરમાત્માની સ્તવના કરવા લાગ્યા. પછી ચૈત્યવંદના કરી. તે માટે તેઓએ આ સૂત્રની રચના કરી. આ રીતે આવા પરમપવિત્ર સૂત્રની આપણને પ્રાપ્તિ થઈ. આપણું આ મહા સદ્ભાગ્ય કહેવાય.

ત્યાં તેમણે વજસ્વામીના પૂર્વભવીય દેવાત્માને પુંડરિકઅધ્યયન પ્રરૂપીને પ્રતિબોધ પમાડ્યો હતો. પછી નીચે ઊતરીને તેમણે પંદરસો તાપસોને પ્રતિબોધ પમાડ્યા. અંતે, તે પંદરસો મોક્ષે પહોંચ્યા.

અષ્ટાપદજી તીર્થ ઉપર ગૌતમસ્વામી વડે નિર્મિત આ ચૈત્યવંદનાસૂત્ર આપણા હૃદયમાં કૃતજ્ઞતાનો ભાવ વિકસિત કરે છે. જે તારક તીર્થંકર પરમાત્માઓનો આપણા ઉપર અગણિત ઉપકાર છે તે ઉપકારીઓના ઉપકારને યાદ કરીને, આ સૂત્ર દ્વારા તેમને અગણિત વંદના કરવામાં આવી છે.

ચોવીસ ભગવાનને વંદના કર્યા બાદ ઉત્કૃષ્ટપણે વિચરતા ૧૭૦ તીર્થંકરો અને તેમના પરિવારોને તથા જઘન્યપણે વિચરતા ૨૦ તીર્થંકરો અને તેમના પરિવારોને વંદના કરીને, પાંચ તીર્થોના તથા મહાવિદેહક્ષેત્રમાં વિચરતા તીર્થંકરોને વંદના કરી છે.

આટલી બધી વંદના કરવા છતાં ય નહિ ધરાયેલો આ આતમ ત્રણે ય લોકમાં રહેલાં શાશ્વત જિનચૈત્યોને અને તેમાં રહેલી શાશ્વતી જિનપ્રતિમાઓને ભાવભરીને વંદના કરીને પોતાના કૃતજ્ઞતા ગુણને વધુ વિકસિત બનાવવાનો પ્રયત્ન કરે છે. આવી વંદના વારંવાર કરવાથી અનંતાનંત કર્મો ખપે છે. આત્મા પાવન બને છે.

*** (૧) શાસ્ત્રીય નામ :** ચૈત્યવંદન સૂત્ર

*** (૨) લોકપ્રસિદ્ધ નામ :** જગચિંતામણિ સૂત્ર

*** (૪) વિષય :** જિનાલયો, જિનપ્રતિમાઓ, તીર્થો, વિચરતા અરિહંતો તથા અરિહંતના ગુણોને વંદના.

*** (૪) સૂત્રનો સારાંશ :** જેમનો આપણા ઉપર થોડોક પણ ઉપકાર થયો હોય તેને જો કદી ય ન વીસરાય તો જે તારક તીર્થંકરદેવોનો આપણી ઉપર અઢળક ઉપકાર થયો છે, તેમને શી રીતે વીસરી શકાય ?

પૂર્વના ત્રીજા ભવથી જ તે તીર્થંકરોએ સર્વ જીવોને તારવાની ભાવના કરીને ઉપકારની હેલી વરસાવવાની શરૂ કરી હતી. આવા મહાન ઉપકારી પરમાત્માને, તેમના તીર્થોને, તેમનાં ચૈત્યોને, તેમની પ્રતિમાને તથા તેમના ગુણોને વંદના કરવી તે કૃતજ્ઞતા ગુણને પ્રગટ કરવાનું અને પ્રગટેલા તે ગુણને વિશેષ વિકસિત કરવાનું શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. માટે વારંવાર આવા ઉપકારી પરમાત્મા અને તેમના તીર્થો, ચૈત્યો, પ્રતિમા તથા ગુણોને વંદના કરવી જોઈએ.

*** (૫) ઉચ્ચાર વગેરે અંગે સૂચનો :**

(૧) પહેલી અને ત્રીજી ગાથામાં ઘણા પદો પરમાત્માને સંબોધન રૂપ છે તેથી 'હે મહેશ !' જે લહેકાથી બોલાય છે, તે લહેકાથી તે પદો બોલવા જોઈએ.

(૨) પહેલી ગાથામાં 'ચઉવિસંપિ જિણવર જયંતુ' છે, તે ધ્યાનમાં રાખવું. જો 'ચઉવિસંપિ જિણવરા' બોલશો તો તરત જ લોગસ્સ સૂત્રમાં પહોંચી જવાશે !

(૩) બીજી ગાથા 'કમ્મભૂમિહિં' પદમાં મ્મ જોડાક્ષર છે તથા 'હિં' ઉપર મીંડું છે, પણ 'પઢમ' સંઘયણીમાં મ ઉપર મીંડું નથી, તે ધ્યાનમાં રાખવું. 'સમણહ' નો હ બોલવો ભૂલવો નહિ.

(૪) ત્રીજી ગાથામાં 'મુણિસુવ્વય' છે, પણ મુણિસુવ્વયં નથી. લોગસ્સમાં 'મુણિસુવ્વયં' આવે.

(૫) છેલ્લી બે ગાથામાં જોડાક્ષર તથા મીંડા બોલવામાં બરોબર ઉપયોગ રાખવો જરૂરી છે નહિ તો ઘણી ભૂલો થવા સંભવ છે.

**સૂત્ર**

**સૌ પ્રથમ ચૈત્યવંદન કરવાનો આદેશ માંગવો :**

*ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?*
*(ગુરુ: કરેહ:) શિષ્ય: ઈચ્છં.*

**અષ્ટાપદના ૨૪ જિનને વંદન**

*જગ-ચિન્તામણિ !*
*જગ-નાહ !*
*જગ-ગુરુ !*
*જગ-રક્ખણ !*
*જગ-બન્ધવ !*
*જગ-સત્થવાહ !*
*જગ-ભાવ-વિઅક્ખણ !*
*અટ્ઠાવય સંઠવિઅ રૂવ !*
*કમ્મટ્ઠ વિણાસણ !*
*ચઉવિસંપિ જિણવર ! જયંતુ*
*અપ્પડિહય-સાસણ ! ॥૧॥*

**સપરિવાર વિચરતા ઉત્કૃષ્ટ ૧૭૦ અને જઘન્ય ૨૦ જિનેશ્વર ભગવંતોને વંદના.**

*કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં*
*પઢમ-સંઘયણિ*
*ઉક્કોસય સત્તરિસય*
*જિણવરાણ વિહરંત લબ્ભઈ.*
*નવકોડિહિં કેવલીણ*
*કોડિ-સહસ્સ નવ સાહૂ ગમ્મઈ*
*સંપઈ જિણવર વીસ*
*મુણિ બિહું કોડિહિં વરનાણ*

*સમણહ કોડિ સહસ દૂઅ*
*થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ ॥૨॥*

**ભરતક્ષેત્રનાં પાંચ પ્રસિદ્ધ તીર્થોના ભગવંતોને વંદના**

*જયઉ સામિય, જયઉ સામિય*
*(૧) રિસહ સત્તુંજિ*
*(૨) ઉજ્જિંતિ પહુ નેમિજિણ*
*(૩) જયઉ વીર ! સચ્ચઉરિ-મંડણ !*
*(૪) ભરુઅચ્છહિં મુણિસુવ્વય !*
*(૫) મુહરિ પાસ ! દુહ દુરિઅ ખંડણ !*

**મહાવિદેહાદિના સર્વ તીર્થંકરોને વંદના**

*અવરવિદેહિં તિત્થયરા*
*ચિહું દિસિ વિદિસિ જિંકેવિ*
*તીઆણાગય સંપઈ અ*
*વંદુ જિણ સવ્વે વિ ॥૩॥*

**ત્રણે ય લોકના સર્વ ચૈત્યોને વંદના**

*સત્તાણ-વઈ-સહસ્સા*
*લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડિઓ*
*બત્તીસસય બાસિઆઈં*
*તિઅ લોએ ચેઈએ વંદે ॥૪॥*

**ત્રણે ય લોકની સર્વ જિનપ્રતિમાઓને વંદના**

*પનરસ કોડિ સયાઈં*
*કોડિ બાયાલ લક્ખ અડવન્ના,*
*છત્તીસ સહસ અસિઈં*
*સાસય બિંબાઈં પણમામિ ॥૫॥*

## (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| **જગ :** | જગતના | **કમ્મટ્ઠ :** | આઠ કર્મો |
| **ચિન્તામણિ :** | ચિંતામણિરત્ન સમાન | **વિણાસણ :** | નાશ કરનારા |
| **નાહ :** | નાથ | **ચઉવીસંપિ :** | ચોવીસેય |
| **રક્ખણ :** | રક્ષણહાર | **જયંતુ :** | જય પામે |
| **બંધવ :** | ભાઈ | **અપ્પડિહય :** | અપ્રતિહત-કોઈથી હણાય નહિ તેવું. |
| **વિઅક્ખણ :** | વિચક્ષણ | **સાસણ :** | શાસન. |
| **અટ્ઠાવય :** | અષ્ટાપદ | **કમ્મભૂમિહિં :** | કર્મભૂમિને વિષે |
| **સંઠવિઅ :** | સ્થાપન કરેલા છે. | **પઢમ :** | પહેલા |
| **રૂવ :** | પ્રતિમા | | |

| | |
|---|---|
| **સંઘયણિ :** | સંઘયણવાળા |
| **ઉક્કોસય :** | ઉત્કૃષ્ટપણે |
| **સત્તરિસય :** | એકસોસિત્તેર |
| **જિણવરાણ :** | જિનેશ્વરો- |
| **વિહરંત :** | વિચરતા |
| **લબ્ભઈ :** | પામીએ. |
| **નવ કોડિહિં :** | નવ કરોડ |
| **કેવલીણ :** | કેવળજ્ઞાનીઓ. |
| **કોડિ :** | કરોડ |
| **સહસ્સ :** | હજાર |
| **સાહૂ :** | સાધુ |
| **ગમ્મઈ :** | જાણીએ |
| **સંપઈ :** | વર્તમાનકાળે |
| **મુણિ :** | સાધુ |
| **બિહું :** | બે |
| **વરનાણ :** | કેવળજ્ઞાની |
| **સમણહ :** | સાધુ |
| **સહસ :** | હજાર |
| **દુઅ :** | બે |
| **થુણિજ્જઈ :** | સ્તવના કરીએ. |
| **નિચ્ચ :** | હંમેશા |
| **વિહાણિ :** | સવારે |
| **જયઉ :** | જય પામો |
| **સામિઅ :** | સ્વામી ! |
| **રિસહ :** | ઋષભદેવ |
| **સત્તુંજિ :** | શત્રુંજય ઉપર |
| **ઉજ્જિંતિ :** | ગિરનાર ઉપર |
| **પહુ :** | પ્રભુ |
| **નેમિજિણ :** | નેમિનાથ ભગવાન |
| **વીર :** | મહાવીરસ્વામી |
| **સચ્ચઉરિ :** | સત્યપુરનગરના |
| **મંડણ :** | આભૂષણ |
| **ભરુઅચ્છહિં :** | ભરુચમાં |
| **મુણિસુવ્વય :** | મુનિ સુવ્રતસ્વામી |
| **મુહરિ :** | મુહરિ ગામના |
| **પાસ :** | પાર્શ્વનાથ ભગવાન |
| **દુહ :** | દુઃખ |

| | |
|---|---|
| **દુરિઅ :** | દુરિત, પાપ |
| **ખંડણ :** | નાશ કરનારા |
| **અવર :** | બીજા પણ |
| **વિદેહિ :** | મહાવિદેહ ક્ષેત્રના |
| **તિત્થયરા :** | તીર્થંકરો |
| **ચિંહુ :** | ચારે |
| **દિસિ :** | દિશામાં |
| **વિદિસિ :** | વિદિશામાં |
| **જિંકેવિ :** | જે કોઈ |
| **તીઅ :** | ભૂતકાળના |
| **અણાગય :** | ભવિષ્યના |
| **સંપઈ :** | વર્તમાનના |
| **અ :** | અને |
| **વંદું :** | વંદન કરું છું |
| **જિણ :** | જિનેશ્વરોને |
| **સવ્વેવિ :** | બધાય ને |
| **સત્તાણવઈ :** | સત્તાણુ |
| **સહસ્સા :** | હજાર |
| **લક્ખા :** | લાખ |
| **છપ્પન્ન :** | છપ્પન |
| **અટ્ઠ :** | આઠ |
| **કોડિઓ :** | કરોડ |
| **બત્તીસસય :** | બત્રીસસો |
| **બાસિઆઈ :** | બ્યાસી |
| **તિઅ :** | ત્રણ |
| **લોએ :** | લોકમાં રહેલા |
| **ચેઈએ :** | ચૈત્યોને |
| **વંદે :** | વંદના કરું છું. |
| **પન્નરસ :** | પંદર |
| **સયાઈ :** | સો |
| **બાયાલ :** | બેતાલીસ |
| **અડવન્ના :** | અઠ્ઠાવન |
| **છત્તીસ :** | છત્રીસ |
| **અસિઈ :** | એંસી |
| **સાસય :** | શાશ્વત |
| **બિંબાઈ :** | જિનબિંબોને |
| **પણમામિ :** | પ્રણામ કરું છું. |

### [illegible]

હે ભગવંત ! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો તો હું વંદન કરું ?
(ગુરુ : કરો) શિષ્ય : હું એ જ ઈચ્છું છું.
અષ્ટાપદ પર્વત ઉપર રહેલા ૨૪ જિનને વંદના
હે જગતના ચિન્તામણિરત્ન સમાન !
હે જગતના નાથ !
હે જગતના ગુરુ !
હે જગતના રક્ષણહાર !
હે જગતના બંધુ !
હે જગતના (મોક્ષ માર્ગના) સાર્થવાહ સમાન !
હે જગતનું સ્વરૂપ જાણવામાં વિચક્ષણ !
હે અષ્ટાપદ પ્રર્વત ઉપર જેમની પ્રતિમા સ્થાપન કરાઈ છે, તે ભગવંતો !
હે આઠે કર્મોના નાશક !
હે અપ્રતિહત (કોઈથી પણ અટકાવી ન શકાય તેવા) શાસનવાળા !
હે ચોવીસે ય તીર્થંકરો !
આપ જગતમાં સર્વોત્કૃષ્ટપણે જય પામો છો.

વિચરતા ઉત્કૃષ્ટ ૧૭૦ અને જઘન્ય ૨૦ જિનેશ્વરોને વંદના

દરેક દરેક (પંદરેય) કર્મભૂમિમાં (બધું મળીને) પહેલા સંઘયણવાલા વધારેમાં વધારે એકસો સિત્તેર તીર્થંકર ભગવંતો વિચરતા મળી શકે. તેમના નવકરોડ કેવળજ્ઞાનીઓ તથા નવ હજાર કરોડ સાધુઓ જાણવા.

હાલમાં વર્તમાનકાળે વિચરતા ૨૦ તીર્થંકર ભગવંતો (તથા તેમના) બે કરોડ કેવળજ્ઞાનીઓ અને બે હજાર કરોડ સાધુઓ (જાણવા). તેમની રોજ સવારે સ્તવના કરીએ.

ભરતક્ષેત્રના પાંચ પ્રસિદ્ધ તીર્થના ભગવંતોને વંદના :

હે સ્વામી ! જય પામો !!! હે સ્વામી ! જય પામો !!!

(૧) શત્રુંજય ઉપર ઋષભદેવ (૨) ગિરનાર ઉપરના નેમીનાથ ભગવાન (૩) સત્યપુરી (સાંચોર) નગરના આભૂષણ રૂપ મહાવીરસ્વામી ભગવાન જય પામો. (૪) ભરૂચ નગરમાં મુનિસુવ્રતસ્વામીજી તથા દુઃખ અને પાપોનો નાશ કરનારા (ઈડર પાસેના ટીટોઈ ગામના કે મથુરાના ?) મુહરી પાર્શ્વનાથ ભગવાન જય પામો.

મહાવિદેહાદિના સર્વ તીર્થંકરોને વંદના :

બીજા પણ મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરો તથા ચારે દિશા-વિદિશામાં જે કોઈ ભૂતકાળમાં, ભવિષ્યકાળમાં ને વર્તમાનકાળમાં હોય તે સર્વે જિનેશ્વરોને હું વંદના કરું છું.

ત્રણેય લોકના શાશ્વત સર્વચૈત્યોને વંદના :

ત્રણ લોકના આઠ કરોડ, છપ્પન લાખ, સત્તાણુ હજાર બત્રીસસો ને બ્યાસી શાશ્વત જિનેચૈત્યોને હું વંદના કરું છું.

ત્રણ લોકની શાશ્વતી સર્વપ્રતિમાઓને વંદના :

પંદરસો ક્રોડ (પંદર અબજ) બેંતાલીસ કરોડ અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર એંસી શાશ્વત પ્રતિમાઓને હું પ્રણામ કરું છું.

([illegible]) [illegible] :

**જગચિંતામણિ :** પરમાત્મા આ જગતના વિશિષ્ટ કોટિના ચિંતામણિરત્ન સમાન છે. આ દુનિયામાં ચિંતામણિરત્ન તેને કહેવાય છે કે જે રત્નની પાસે આપણે આલોકની જે ચીજ માંગીએ તે મળે. પરન્તુ જો ચિંતામણિરત્ન પાસે માંગીએ જ નહિ તો કાંઈ ન મળે. વળી જો આવતા ભવમાં મને મોક્ષ મળો કે દેવલોકના સુખ મળો, તેવું માંગીએ તો તે ચિંતામણિરત્ન ન આપી શકે.

જ્યારે પરમાત્મા એવું ચિંતામણિરત્ન છે કે જેની પાસે ઇચ્છા કરવાની પણ જરૂર રહેતી નથી. તેની પાસે કાંઈપણ ન માંગીએ તોય બધું જ મળે. તે મોક્ષ પણ આપે ને મોક્ષ ન મળે ત્યાં સુધી સતત ભૌતિક સુખોની રેલમછેલ પણ તે જ આપે.

બોલો હવે ખરેખર ચિંતામણિ કોને કહેવાય ? આ દુનિયાની જ માંગેલી વસ્તુને આપતા પથ્થરના ટુકડાને કે માંગેલી અથવા નહિ માંગેલી આલોકની કે પરલોકની તમામ ચીજોને આપનારા પરમાત્માને ?

**જગનાહ :** પરમાત્મા જગતના નાથ છે. બીજું કોઈ નહિ. દુનિયાના કોઈક નગરનો રાજા, રાષ્ટ્રપતિ, પ્રમુખ કે વડાપ્રધાન ભલે પોતાની જાતને પ્રજાનો નાથ માનતો હોય, પરન્તુ હકીકતમાં તે નાથ છે જ નહિ. કારણ કે પોતાની જાતને માંદગી, ઘડપણ કે મોતમાંથી પણ જ્યારે ઉગારી શકતો નથી ત્યારે બીજાને તો તેમાંથી શી રીતે ઉગારી શકશે ?

જ્યારે પરમાત્મા તો રોગ-ઘડપણ-મોત આદિ તમામ દુઃખો અને તેને લાવનારા પાપો કે દોષોથી પણ રહિત છે, અને તેવા આપણને બનાવનારા છે. પછી તેમને નાથ કેમ ન કહેવાય ?

**જગગુરુ :** પરમાત્મા જ જગતના સાચા ગુરુ છે, કારણ કે સાચા હિતની વાત તેઓ જ કહી શકે. જે હિતાહિતને જાણે અને લોકોને તેની જાણકારી આપે તે ગુરુ કહેવાય. કેવળજ્ઞાનના પ્રકાશ વિના સાચું હિતાહિત જાણી શકાય નહિ. બીજા જે પણ ગુરુઓ પરમાત્માના વચનોનું આલંબન લે છે, તેઓ જ સાચું હિતાહિત જણાવી શકે છે, પણ તે સિવાયના તો નહિ જ. તેથી સાચું હિતાહિત જણાવી શકનારા ગુરુના પણ ગુરુ તો પરમાત્મા જ થયા તેથી પરમાત્માને જ જગતના ગુરુ કહી શકાય.

**જગરક્ષક :** જગતના સર્વ જીવોનું જ્ઞાન જ જેને ન હોય તે શી રીતે તેમની રક્ષા કરી શકવાનો હતો ? પરમાત્મા સર્વજ્ઞ હોવાથી વિશ્વના સર્વ જીવોને જાણે છે. અને પૂર્વના ત્રીજા ભવથી જ તેમના રોમરોમમાં કરુણા વહેતી હતી. તેથી વિશ્વના સર્વ જીવોની રક્ષા કરનારા તે બને, તે સહજ છે.

**જગબંધવ :** કોઈપણ જાતનો ઉપકાર ન કર્યો હોવા છતાં, નિષ્કારણ વાત્સલ્ય જે વહેવડાવે તે સાચો ભાઈ કહેવાય. આપણે બધાએ પરમાત્મા ઉપર જરા પણ ઉપકાર કર્યો નથી. છતાં ય તેઓ કોઈપણ કારણ વિના આપણી ઉપર સતત ઉપકારોની હેલી

વરસાવી રહ્યા છે. આપણને તરવાનો માર્ગ તેમણે ચીંધ્યો. આમ તેઓ આપણા ઉપર નિષ્કારણ વાત્સલ્ય વરસાવી રહ્યા હોવાથી તેઓ જ જગતના બંધવ કહેવાય.

**જગસત્થવાહ :** તેઓએ માત્ર મોક્ષનો માર્ગ જ નથી બતાવ્યો, પણ સંસાર રૂપી જંગલને પસાર કરવામાં તેઓ સાર્થવાહની ગરજ સારે છે. જાતે હાથ પકડીને સંસારને તરાવે છે. માટે તેઓ જગતના સાર્થવાહ છે.

**જગભાવ વિઅક્ખાણ :** પરમાત્મા સર્વજ્ઞ હોવાથી વિશ્વના સર્વભાવો-સર્વ પદાર્થોને જાણવામાં વિચક્ષણ છે. વિચક્ષણ પુરુષ જ સાચા ખોટાનો વિવેક દાખવી શકે. તેઓ સર્વભાવોને જાણવામાં વિચક્ષણ હોવાથી, તેમણે કહેલી વાતોનો અમલ કરીએ તો આપણા આત્માનું કલ્યાણ થયા વિના ન રહે.

**અટ્ઠાવય સંઠવીય રૂવ :** અષ્ટાપદ પર્વત ભરતક્ષેત્રમાં ઉત્તરદિશામાં આવેલ છે. અષ્ટાપદકલ્પમાં જિનપ્રભસૂરિ મહારાજા જણાવે છે કે, અયોધ્યાનગરીની ઉત્તરદિશામાં બાર યોજન દૂર અષ્ટાપદ નામનો રમ્ય પર્વતરાજ આવેલો છે, જેની ઊંચાઈ આઠ યોજન છે અને જેનું બીજું નામ કૈલાસ છે.

પરમાત્મા ઋષભદેવ ભગવાનના અનેક સમવસરણો આ અષ્ટાપદ પર્વત ઉપર મંડાયા હતા. છેલ્લે નિર્વાણ પૂર્વે પણ પ્રભુ આ પર્વત ઉપર સમોસર્યાં હતા. છેલ્લે પ્રભુએ ૧૦,૦૦૦ સાધુઓ સાથે પાદપોપગમન અનશન સ્વીકાર્યું હતું.

અહીં પ્રભુ નિર્વાણ પામતા ભરતમહારાજા દિગ્મૂઢ બની ગયા હતા. પછી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. ત્યારથી મોત પછી રુદન કરવાની રીત શરૂ થયેલ. આ રુદનમાંથી તો અષ્ટાપદતીર્થનું સર્જન થયું.

શત્રુંજય ગિરિરાજ શાશ્વત છે. તે કાયમ માટે તીર્થ છે. તેની તીર્થ તરીકે સ્થાપના કરવાની જરૂર હોતી નથી. કારણકે અનાદિકાળથી શત્રુંજયતીર્થ તો હતું જ.

પણ આ અવસર્પિણીકાળમાં સૌથી પ્રથમ નવા તીર્થની સ્થાપના થઈ હોય તો તે આ અષ્ટાપદતીર્થની. જે પર્વત ઉપર પરમાત્મા ઋષભદેવ નિર્વાણ પામ્યા, ત્યાં તેમની યાદમાં, ભરત મહારાજાએ 'સિંહનિષદ્યા' નામના જિનાલયનું સર્જન કર્યું. તેમાં ચોવીસે ય પરમાત્માની રત્નમય પ્રતિમાને બિરાજમાન કરી.

હીરા-માણેક-રત્નોના લોભે કોઈક આ પ્રતિમા ચોરી ન જાય કે તેની આશાતના ન કરી બેસે તે માટે ભરત ચક્રવર્તીએ તે પર્વત ઉપર જલ્દીથી ન ચઢી શકાય તે રીતે દંડરત્નથી વચ્ચે વચ્ચેનો ભાગ ખોદી કાઢી આઠ પગથિયાં બનાવી દીધા. તે પૂર્વે પગથિયાં નહોતા. ઢોળાવ હતો. આરામથી ચઢી શકાતું હતું. પણ એકેક યોજનના આંતરે (એક યોજન=૩૨૦૦ માઇલ) આ આઠ પગથિયાંના કારણે હવે અપાત્ર વ્યક્તિઓ માટે ચઢવાનું આકરું બની ગયું.

આ આઠ પગથિયાં બનાવવાના કારણે, તેનું નામ અષ્ટાપદ (અષ્ટ=આઠ, પદ=પગથિયાં) તીર્થ પડ્યું. આ અષ્ટાપદ પર્વત ઉપર જેમની પ્રતિમા સ્થાપન કરાઈ છે,

તે ૨૪ ભગવાનને વંદના કરાય છે.

**અપ્પડિહય સાસણ** : જેમનું શાસન કોઈથી પણ પ્રતિઘાત પામે તેવું નથી. પરમાત્માએ જે જૈનશાસન બતાવેલ છે, તે એવું અદ્ભુત અને અલૌકિક છે કે તેની વિરુદ્ધની એકપણ દલીલ કદી પણ ટકી શકે તેવી નથી. જૈનશાસનની તમામ બાબતો અત્યંત વૈજ્ઞાનિક અને વ્યાવહારિક છે. કોઈપણ વાત અવ્યવહારું નથી.

જૈનશાસને માત્ર આદર્શો જ બતાડ્યા નથી, તે આદર્શના અમલીકરણના સરળ ઉપાયો પણ તેણે બતાડ્યા છે. તેની વાતો સ્યાદ્વાદના સિદ્ધાન્ત ઉપર રહેલી હોવાથી કદી પણ અસત્ય ઠરી શકતી નથી. તેને પ્રકાશનારા પરમાત્મા કેવળજ્ઞાની હોવાથી, જગતના ભાવોને તે સ્વરૂપમાં જાણવામાં વિચક્ષણ હોવાથી તેમની વાતને કોઈ ચેલેંજ આપી શકે તેમ નથી, માટે પ્રભુનું શાસન આજે પણ અવિરોધપણે જયવંતુ વર્તે છે.

**કર્મભૂમિ** : જે ભૂમિમાં ચપ્પુ, સૂડી, કાતર વગેરે અસિકર્મ હોય, ધંધા-વેપાર વગેરે મસીકર્મ હોય અને ખેતી રૂપ કૃષીકર્મ હોય તે ભૂમિને કર્મભૂમિ કહેવાય.

અથવા જ્યાં ભગવાન, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચક્રવર્તી, વગેરેનો જન્મ થતો હોય તે કર્મભૂમિ કહેવાય. તે સિવાય અકર્મભૂમિ કહેવાય.

કર્મભૂમિમાં ધર્મ હોય.

આ વિશ્વમાં કર્મભૂમિઓ કુલ પંદર છે. પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર, એ પંદરક્ષેત્રો પંદર કર્મભૂમિ તરીકે ઓળખાય છે. તેમાં જ ધર્મની આરાધના હોય છે. ત્યાં જન્મેલા મોક્ષમાં જાય છે.

તે સિવાય જ્યાં ધર્મારાધના નથી ત્યાં તીર્થંકરો વગેરે જન્મ લેતા નથી, તે અકર્મભૂમિ કહેવાય છે. તેવી અકર્મભૂમિઓ ૩૦ છે. તે આ પ્રમાણે :

પાંચ હિમવંતક્ષેત્ર, પાંચ હિરણ્યવંતક્ષેત્ર,
પાંચ હરિવર્ષક્ષેત્ર, પાંચ રમ્યક્ક્ષેત્ર,
પાંચ દેવકુરુક્ષેત્ર, પાંચ ઉત્તરકુરુક્ષેત્ર.

આ ત્રીસે અકર્મભૂમિઓમાં સદા યુગલિકો હોય છે. તેઓ અલ્પકષાયવાળા હોય છે. મરીને તેઓ નિયમા દેવલોકમાં જાય છે.

આ સૂત્રમાં બે વાર 'કમ્મભૂમિહિં' પદ આવે છે, તેનો અર્થ દરેક કર્મભૂમિમાં એવો કરવાનો છે.

**પઢમ સંઘયણી** : પ્રથમ સંઘયણવાળા.

સંઘયણ એટલે શરીરના હાડકાની રચના, હાડકાના સાંધાની મજબૂતાઈ. તે છ પ્રકારની હોય છે. તે છ પ્રકારની રચના જુદા જુદા નીચે જણાવેલા છ સંઘયણના નામે ઓળખાય છે.

(૧) વજ્રઋષભનારાચ સંઘયણ, (૨) ઋષભનારાચ સંઘયણ (૩) નારાચ સંઘયણ (૪) અર્ધનારાચ સંઘયણ (૫) કીલીકા સંઘયણ અને (૬) છેવટ્ઠું સંઘયણ.

તમામ તીર્થંકર પરમાત્માઓને પ્રથમ સંઘયણ જ હોય. તે સૌથી વધારે મજબૂતાઈવાળું હોય. પછી પછીના સંઘયણો પૂર્વ-પૂર્વ કરતાં નબળા હોય છે. સૌથી નબળું સંઘયણ તે છેવટ્ઠું સંઘયણ. જે આપણને છે. સહેજ કોઈ હાથ ખેંચે ને ઊતરી જાય ! જરાક પગ લપશે ને ફ્રેક્ચર થઈ જાય !

**ઉત્કૃષ્ટપણે ૧૭૦ તીર્થંકરો :**

પરમાત્મા મહાવીરદેવ હાલ મોક્ષમાં છે પણ તેમના જીવનકાળના ૪૨થી ૭૨ વર્ષ દરમ્યાન તેઓ આ દુનિયામાં વિચરતા હતા.

આ રીતે આપણી દુનિયામાં વિચરતા હોય તેવા ભગવાન એકી સાથે વધારેમાં વધારે (પંદરેય કર્મભૂમિમાં મળીને) ૧૭૦ હોય. ૧૭૦ ભગવાનથી વધારે ભગવાન એક જ સમયે આ દુનિયામાં જુદા જુદા ક્ષેત્રમાં મળીને પણ ન હોય.

જ્યારે આ ચોવીસીની બીજા નંબરના અજિતનાથ ભગવાન આપણા આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા, ત્યારે પંદરેય કર્મભૂમિમાં મળીને કુલ ૧૭૦ ભગવાન એકી સાથે વિચરતા હતા તે આ રીતે :

| | |
|---|---|
| પાંચ ભરતક્ષેત્રમાં (દરેકમાં એકએક) | ૫ |
| પાંચ ઐરાવતક્ષેત્રમાં (દરેકમાં એકએક) | ૫ |
| પાંચ મહાવિદેહક્ષેત્રમાં (૫ × ૩૨) | ૧૬૦ |
| | કુલ : ૧૭૦ |

(દરેક મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨-૩૨ વિજય (મોટા નગરો) આવેલી છે. તેથી પાંચે મહાવિદેહમાં મળીને કુલ ૫ × ૩૨ = ૧૬૦ વિજય છે. તે દરેક વિજયમાં એકેક તીર્થંકર ભગવાન અજિતનાથ ભગવાનના કાળમાં વિચરતા હતા. તેથી પાંચ મહાવિદેહક્ષેત્રના ૧૬૦ ભગવાન થયા.)

એકી સાથે ૧૭૦ તીર્થંકર પરમાત્મા વિચરતા હોવા છતાં, તેઓમાંના કોઈપણ બે તીર્થંકર પરમાત્માઓ કદી ભેગા થતા નથી, કારણ કે બંનેના ક્ષેત્રો વચ્ચે ભૌગોલિક અંતર પુષ્કળ હોય છે.

**વર્તમાનકાળના વીસ તીર્થંકરો :**

પંદર કર્મભૂમિમાં મળીને ગમે તે કાળે ઓછામાં ઓછા વીસ ભગવાન તો વિચરતા હોય જ. કોઈ કાળ એવો નથી કે જ્યારે આ દુનિયામાં ભગવાન વિચરતા ન હોય ! હાલ આપણા ભરતક્ષેત્રમાં એક પણ ભગવાન વિચરતા નથી, (મહાવીરસ્વામી સુધીના ચોવીસેય ભગવાન મોક્ષે ગયા હોવાથી) છતાંય મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી ભગવાન વગેરે વિચરતા હોવાથી હાલ પણ વીસ ભગવાન તો છે જ, તે આ રીતે

હાલ પાંચ ભરત અને પાંચ ઐરાવત, એ દસ કર્મભૂમિમાં એકપણ ભગવાન વિચરતા નથી. પરન્તુ દરેક મહાવિદેહક્ષેત્રની આઠમી, નવમી, ચોવીસમી અને પચીસમી, એ ચાર વિજયમાં હાલ પણ એકેક ભગવાન વિચરે છે. તેથી પાંચ

મહાવિદેહની દરેકની ચાર ચાર વિજયમાં મળીને (૫ × ૪=૨૦) વીસ ભગવાન વિચરી રહ્યા છે, જેઓ વીસ વિહરમાન તીર્થંકર તરીકે પ્રસિદ્ધ છે. તે વીસ વિહરમાન ભગવાનના નામો આ પ્રમાણે છે :

જંબુદ્વીપના મહાવિદેહમાં ચાર ભગવાન

૧. સીમંધર સ્વામી ૨. યુગમંધર સ્વામી ૩. બાહુસ્વામી ૪. સુબાહુ સ્વામી

ધાતકીખંડના બે મહાવિદેહક્ષેત્રમાં મળીને આઠ ભગવાન.

૫. સુજાત સ્વામી ૬. સ્વયંપ્રભ સ્વામી ૭. ઋષભાનન સ્વામી ૮. અનંતવીર્ય સ્વામી ૯. સુરપ્રભસ્વામી ૧૦. વિશાલ સ્વામી ૧૧. વજ્રધર સ્વામી ૧૨. ચન્દ્રાનનસ્વામી

અર્ધપુષ્કરાવર્તદ્વીપના બે મહાવિદેહક્ષેત્રમા મળીને આઠ ભગવાન

૧૩. ચન્દ્રબાહુ સ્વામી ૧૪. ભુજંગ સ્વામી ૧૫. ઈશ્વરદેવ સ્વામી ૧૬. નેમિપ્રભ સ્વામી ૧૭. વીરસેન સ્વામી ૧૮. મહાભદ્ર સ્વામી ૧૯. દેવયશાસ્વામી ૨૦.અજિતવીર્ય સ્વામી.

**શાશ્વત ચૈત્યો :** ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા વૈમાનિક દેવલોકમાં સદાકાળ જિનાલયો આવેલાં છે. તે શાશ્વત છે. કોઈએ તેમને બનાવેલા નથી. તેવા જ શાશ્વત જિનાલયો આપણા મધ્યલોકમાં પણ નંદીશ્વરદ્વીપ વગેરે સ્થળે છે.

તેમાં વ્યંતર-જ્યોતિષ્કમાં તો અસંખ્યાતા જિનચૈત્યો છે. જેને સંખ્યાથી જણાવી શકાય તેમ નથી, પરન્તુ તે સિવાય પણ જે શાશ્વત જિનચૈત્યો છે, તેની સંખ્યા ૮,૫૭,૦૦,૨૮૨ થાય છે. તેમને આ સૂત્રમાં વંદના કરવામાં આવી છે.

**શાશ્વતી પ્રતિમાઓ :** ઉપરોક્ત શાશ્વત ચૈત્યોમાં ભગવાનની જે પ્રતિમાઓ શાશ્વતકાળથી બિરાજમાન છે, તે શાશ્વતી પ્રતિમાઓ કહેવાય છે.

દરેક શાશ્વત ચૈત્યોમાં ચૌમુખજી ભગવાન હોય છે. તેમના નામ (૧) ઋષભ (૨) ચન્દ્રાનન (૩) વારિષેણ અને (૪) વર્ધમાનસ્વામી છે. આ ચારે નામો પ્રવાહ રૂપે શાશ્વત છે. એટલે કે દરેક કાળમાં આ ચાર નામવાળા ભગવાન કોઈક ને કોઈક ક્ષેત્રમાં તો હોય છે જ. તેથી શાશ્વત ચૈત્યોમાં આ ચાર નામના ભગવાનની શાશ્વતી પ્રતિમાજીઓ હોય છે.

આ કાળમાં, આપણા ભરતક્ષેત્રમાં પ્રથમ અને છેલ્લા જિન તે ઋષભદેવ અને વર્ધમાનસ્વામીજી. તથા ઐરાવતક્ષેત્રમાં થયેલી ચોવીસીના પહેલા અને છેલ્લા જિન તે ચન્દ્રાનન સ્વામી અને વારિષેણ સ્વામી.

આવી શાશ્વતી પ્રતિમાઓ વ્યંતર-જ્યોતિષીમાં અસંખ્યાતી છે. પણ તે સિવાયના શાશ્વત ચૈત્યોમાં બધું મળીને ૧૫, ૪૨, ૩૬, ૦૮૦ પ્રતિમા છે. તેને વંદના કરવી.

સૂત્ર-૧૩

# ૧૯ તીર્થવંદના સૂત્ર

## જંકિંચિસૂત્ર

ભૂમિકા :-

જગચિંતામણિ સૂત્ર દ્વારા વિવિધ પ્રકારના ચૈત્યોને વંદના કરી, જે જિનાલયમાં જે ભગવંત બિરાજમાન હોય તેમનું ચૈત્યવંદન બોલવા દ્વારા પણ તે પરમાત્માની વંદના કરાય છે પરન્તુ પરમાત્મા ઉપકારોના અતિશય ભારથી નમ્ર બનેલા ભક્તને તેટલા માત્રથી સંતોષ શી રીતે થાય ? તેને તો તમામે તમામ તીર્થોની વંદના કરવાનો ભાવ ઊભરાયા કરે.

પોતાના ઊભરાતા તે ભાવના કારણે તે ભક્ત તમામ તીર્થોને વંદના કર્યા વિના રહી શકતો નથી. તેથી તમામ તીર્થોને વંદના કરવા તે ભક્ત આ 'જંકિંચિ' સૂત્ર બોલે છે.

આ સૂત્ર બોલતી વખતે તમામ તીર્થોને માનસપટમાં લાવવાના છે, તે સર્વેને ભાવવિભોર બનીને વંદના કરવાની છે.

વંદન કર્યા વિના બંધાયેલા પાપોની નિકંદના શી રીતે થાય ? પ્રત્યેક પળે જુદા જુદા પાપો તો આ જીવડો બાંધ્યા જ કરે છે. તેમાંથી મુક્ત થવા વંદના કર્યા વિના શી રીતે ચાલી શકે ?

* (૧) **શાસ્ત્રીય નામ :** તીર્થવંદના સૂત્ર
* (૨) **લોક પ્રસિદ્ધ નામ :** જંકિંચિ સૂત્ર
* (૩) **વિષય :** સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા સર્વ તીર્થો અને તેમાં રહેલી પ્રતિમાઓને વંદના.
* (૪) **સૂત્રનો સારાંશ :**

સંસારસમુદ્રમાં ડૂબતા આત્માને માટે તરવાનું સાધન કોઈ હોય તો તે પરમાત્માની ભક્તિ છે.

તેમાં ય પરમાત્માના વિરહકાળમાં તો પરમાત્માની પ્રતિમા અને પરમાત્માના આગમ સિવાય બીજું તરવાનું સાધન કયું ?

તેથી એક પણ તીર્થને બાકાત રાખવાની લાચારીના કારણે સઘળાંય તીર્થોની વંદના આ સૂત્ર દ્વારા કરીને ભક્તજન પોતાના ભક્તિભાવને વ્યક્ત કરે છે.

* (૫) **ઉચ્ચારશુદ્ધિ અંગે સૂચનો :**

જાઈં, બિંબાઈં, તાઈં, સવ્વાઈં વગેરે પદો ઉપર મીંડું છે, તે બોલવું ભૂલવું નહિ.

* (૬) સૂત્ર :

***જંકિંચિ નામ તિત્થં,***
***સગ્ગે પાયાલિ માણુસે લોએ,***
***જાઈં જિણ બિંબાઈં***
***તાઈં સવ્વાઈં વંદામિ.***

## (૭) શબ્દાર્થ :

| | | | |
|---|---|---|---|
| **જંકિંચિ :** | જે કાંઈ | **જાઈં :** | જેટલાં |
| **નામ :** | વાક્યનો અલંકાર | **જિણ બિંબાઈં :** | જિનપ્રતિમાઓ |
| **તિત્થં :** | તીર્થ | **તાઈં :** | તેમને |
| **સગ્ગે :** | સ્વર્ગમાં | **સવ્વાઈં :** | બધાને |
| **પાયાલિ :** | પાતાળમાં | **વંદામિ :** | વંદન કરું છું. |
| **માણુસે લોએ :** | મનુષ્યલોકમાં | | |

## (૮) સૂત્રાર્થ :

સ્વર્ગ (ઊર્ધ્વલોક), પાતાળ (અધોલોક) અને મનુષ્યલોક (તીર્ચ્છાલોક)માં જે કોઈ તીર્થો છે, તથા જે કાંઈ જિનપ્રતિમાઓ છે, તે સર્વેને હું વંદન કરું છું.

## (૯) વિવેચન :

**નામ :** 'નામ' શબ્દનો અર્થ કાંઈ નથી. માત્ર વાક્યની શોભા (અલંકાર) માટે નામ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**સગ્ગે :** સગ્ગ શબ્દનો અર્થ સ્વર્ગ થાય. પણ અહીં ઊર્ધ્વલોક કરવાનો છે. તેનાથી ઊર્ધ્વલોકમાં રહેલા ભગવંતોને વંદના કરવાની છે.

ઊર્ધ્વલોકમાં વૈમાનિકદેવોના વિમાનો આવેલા છે. બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર, વગેરે દેવલોકના વિમાનોમાં કુલ ૮૪, ૯૭,૦૨૩ જિનાલયો આવેલા છે. તેમને આ સગ્ગે પદથી નજરમાં લાવવાના છે.

**પાયાલિ :** 'પાયાલિ' પદનો અર્થ 'પાતાળ' થતો હોવા છતાં અહીં અધોલોક કરવાનો છે. અધોલોકમાં ભવનપતિ દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો આવેલા છે, જે દરેકમાં એકેક ચૈત્ય છે. તેથી અધોલોકમાં કુલ સાત કરોડ બોંત્તેર લાખ જિનાલયો થયા. તે દરેક ચૈત્યોને 'પાયાલિ' પદ બોલતી વખતે નજર સમક્ષ લાવવાના છે.

**માણુસેલોએ :** મનુષ્યલોક અર્થ થતો હોવા છતાં અહીં 'તીર્ચ્છાલોક' અર્થ કરવો. તીર્ચ્છાલોકમાં વ્યંતરોના અસંખ્યાતા નગરો આવેલા છે. જેમાં અસંખ્યાતા જિનાલયો છે. તેજ રીતે સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે જ્યોતિષ્ક દેવોના વિમાનો પણ તિર્ચ્છાલોકમાં આવેલા છે. સમગ્ર તિર્ચ્છાલોકમાં આવા અસંખ્યાતા વિમાનો જ્યોતિષ્ક દેવોના છે, જે દરેકમાં એકેક ચૈત્ય છે. આવા અસંખ્યાતા ચૈત્યો તિર્ચ્છાલોકમાં જ્યોતિષ્ક દેવલોકના થયા.

તે સિવાય પણ નંદીશ્વરદ્વીપ, રુચકદ્વીપ, મેરુપર્વત વગેરે સ્થળોએ મળીને કુલ ૩૨૫૯ ચૈત્યો આવેલા છે.

'માણૂસે લોએ' પદો બોલતી વખતે આ વ્યંતર-જ્યોતિષ્કના અસંખ્યાતા-અસંખ્યાતા જિનાલયો તથા અન્ય ૩૨૫૯ ચૈત્યો નજર સમક્ષ લાવવાના છે. તેમને વંદના

કરવાની છે.

**જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ :** ઊર્ધ્વલોકમાં ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ જિનપ્રતિમાઓ છે. અધોલોકમાં ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ જિનપ્રતિમાઓ છે. તિર્ચ્છાલોકમાં વ્યંતર-જ્યોતિષ્ક દેવલોકના અસંખ્યાતા ચૈત્યોમાં અસંખ્યાતી જિનપ્રતિમાઓ છે અને તે સિવાયના ૩૨૫૯ જિનચૈત્યોમાં ૩,૯૧,૩૨૦ જિનપ્રતિમાઓ છે, તે બધી મળીને, ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ જિનપ્રતિમાઓ તથા વ્યંતર-જ્યોતિષીની અસંખ્યાતી જિનપ્રતિમાઓ અને તે સિવાયના પણ અશાશ્વતા દેરાસરોની જિનપ્રતિમાઓ ઘણી છે. તે તમામ જિન પ્રતિમાઓને નજર સમક્ષ લાવીને વંદના કરવાની છે.

સૂત્ર-૧૪

# ૨૦ શક્રસ્તવ સૂત્ર

## નમુત્થુણં સૂત્ર

ભૂમિકા :-

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માના પાંચે કલ્યાણકો મહાપવિત્ર ગણાય છે. તે પાંચે કલ્યાણકના સમયે ચૌદે રાજલોકમાં પ્રકાશ પથરાય છે. સર્વ જીવો ક્ષણ માટે આનંદનો અનુભવ કરે છે. બધા જીવોના કલ્યાણ માટે પરમાત્માના જીવનના આ પાંચ પ્રસંગો બને છે. તેથી તેને કલ્યાણક કહેવાય છે.

પ્રભુ પોતાની માતાની કુક્ષીમાં પધારે ત્યારે ચ્યવન કલ્યાણક થયું કહેવાય. જ્યારે પ્રભુનો જન્મ થાય ત્યારે જન્મકલ્યાણક ગણાય, પ્રભુ જ્યારે દીક્ષા સ્વીકારે ત્યારે દીક્ષાકલ્યાણક કહેવાય. પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે ત્યારે કેવળજ્ઞાનકલ્યાણક થયું ગણાય. અને પ્રભુ જ્યારે નિર્વાણ પામે (મોક્ષમાં પધારે) ત્યારે નિર્વાણકલ્યાણક ગણાય.

પરમાત્માના કલ્યાણકોનો અવસર જ્યારે જ્યારે આવે છે ત્યારે ઈન્દ્ર મહારાજાનું સિંહાસન ચલાયમાન થાય છે. અવધિજ્ઞાનના ઉપયોગથી ઈન્દ્રમહારાજા જાણે છે કે અમુક ભગવાનનો આત્મા દેવલોકથી ચ્યવીને મનુષ્યલોકમાં અમુક રાજાની રાણીની કુક્ષીમાં પધાર્યો છે. વગેરે...

તરત જ ઈન્દ્ર મહારાજા તે તારક પરમાત્મા પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરવા સિંહાસન ઉપરથી ઊતરીને, પરમાત્માનો આત્મા જે દિશામાં હોય તે દિશામાં સાત-આઠ પગલાં આગળ વધે છે. પગની મોજડી દૂર કરે છે. ધરતી ઉપર જમણો ઢીંચણ ઢાળે છે. ડાબો ઢીંચણ ઊભો રાખે છે. પછી પેટ ઉપર હાથની કોણી ટેકવે છે. પછી બે હાથ જોડીને જે સૂત્ર વડે પરમાત્માની સ્તવના કરે છે, તે આ નમુત્થુણં સૂત્ર છે. આ સૂત્ર દ્વારા શક્ર (ઈન્દ્ર) પરમાત્માની સ્તવના (સ્તુતિ) કરતા હોવાથી આ સૂત્રને શક્રસ્તવ કહેવાય છે.

જેમ, સામાયિક લેવાના સૂત્રોમાં સૌથી મહત્ત્વનું કોઈ સૂત્ર હોય તો તે કરેમિભંતે સૂત્ર છે, તેમ ચૈત્યવંદનાના તમામ સૂત્રોમાં સૌથી મહત્ત્વનું સૂત્ર જો કોઈ હોય તો તે નમુત્થુણં સૂત્ર છે.

આ સૂત્રમાં અરિહંત ભગવંતના જુદા જુદા ૩૫ વિશેષણો જણાવીને, સ્તવના કરવામાં આવી છે. આ સૂત્રને જો અર્થની વિચારણાપૂર્વક બોલીએ તો તારક તીર્થંકર પરમાત્મા પ્રત્યેનો વિશિષ્ટ કોટિનો અહોભાવ ઊછળ્યા વિના ન રહે, આ સૂત્રમાં 'નમુત્થુણં' પદ દ્વારા અનેક વિશેષતાવાળા અરિહંતપરમાત્માને વારંવાર નમન કરવામાં આવેલ છે.

આમ આ સૂત્રમાં અરિહંત ભગવંતને વિશિષ્ટ રીતે વારંવાર વંદના (પ્રણિપાત) કરવામાં આવેલ હોવાથી, આ સૂત્રને પ્રણિપાતદંડક સૂત્ર પણ કહેવામાં આવે છે.

શાસ્ત્રમાં જણાવેલી મુદ્રા (બેસવાની પદ્ધતિ) વડે જે સૂત્રો અસ્ખલિત રીતે બોલવાના હોય તે સૂત્રોને દંડક સૂત્રો કહેવાય છે.

ઉત્કૃષ્ટ પ્રકારના ચૈત્યવંદનની વિધિમાં આવા પાંચ દંડક સૂત્રોનો સમાવેશ થાય છે.

(૧) શક્રસ્તવ દંડક (નમુથ્થુણં) (૨) ચૈત્યસ્તવ દંડક (અરિહંત ચેઈઆણં) (૩) નામસ્તવ દંડક (લોગસ્સ) (૪) શ્રુતસ્તવ દંડક (પુક્ખરવરદીવઙ્ઢે) અને (૫) સિદ્ધસ્તવ દંડક (સિદ્ધાણં બુદ્ધાણં) આ પાંચે દંડક સૂત્રોમાં સૌ પ્રથમ આ નમુથ્થુણં સૂત્ર આવે છે. એટલું જ નહિ, પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં આ સૂત્ર પાંચ વાર બોલવાનું હોય છે; જે આ સૂત્રનો વિશિષ્ટ મહિમા જણાવે છે. ચૈત્યવંદનાના સૂત્રો ઉપર, સૂરિપુરંદર, ૧૪૪૪ ગ્રન્થના રચયિતા, હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'લલિત વિસ્તરા' નામની ટીકાની રચના કરી છે.

તેમાં 'નમુથ્થુણં' સૂત્રના વિશેષણોની ટીકા કરતી વખતે, આપણને પ્રાપ્ત થયેલા, ત્રણલોકના નાથ, દેવાધિદેવ પરમાત્માની વિશેષતા બતાવવા સાથે, તે તે વિશેષણો અન્ય દેવો કે તેમના મતમાં કઈ રીતે ઘટી શકતા નથી, તે ખૂબ સારી રીતે સમજાવેલ છે.

આ 'લલિતવિસ્તરા'ના પ્રભાવે તો આપણને સિદ્ધર્ષિગણી જેવા મહાપુરુષ પ્રાપ્ત થયા છે.

રસોઈ કરવામાં વહુનું મન જોડાયેલું નથી. વારંવાર તેની ભૂલો થયા કરે છે. કારણ કે તેને ઝોકાં-બગાસાં આવે છે. રાત્રિનો ઉજાગરો છે.

સાસુએ કારણ પૂછ્યું. વહુ કહે છે કે, "તમારા દીકરા રાત્રે ઘણા મોડા ઘરે આવે છે. દરવાજો ખોલવા માટે તેમની વાટ જોવા જાગવું પડે છે. ઉજાગરો થવાના કારણે ચિત્ત રસોઈકામમાં ચોંટતું નથી."

સાસુ કહે છે કે, 'વહુ બેટા ! મને અત્યારસુધી કેમ વાત ન કરી શું રોજ એને મોડું થાય છે ? તો આજે વહુ બેટા ! તમે દરવાજો બંધ કરી વહેલા સૂઈ જજો. દીકરો આવશે ત્યારે દરવાજો ખોલવાનું કામ આજે હું કરીશ. તમે નિશ્ચિત થઈને રહેજો હોં.' અને રાત્રિના દોઢ-બે વાગે, દીકરો સિદ્ધ ગામમાં રખડતો રખડતો ઘરે આવ્યો. જોરથી દરવાજો ખટખટાવ્યો.

મા પૂછે છે - 'કોણ છે ?'

'દરવાજો ખોલો. હું સિદ્ધ છું.'

'આટલો મોડો કેમ ? આજે દરવાજો નહિ ખૂલે. જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં પહોંચી જા.'

માના મુખમાંથી નીકળેલા શબ્દો સાંભળીને સિદ્ધ આશ્ચર્યમુગ્ધ બન્યો. પણ માનો સ્વભાવ તે જાણતો હતો. 'બોલવામાં હવે કાંઈ સાર નથી.' સમજીને તે ચાલવા લાગ્યો.

આટલી મોડી રાતે વળી કયું ઘર ખુલ્લું હોય ? ખુલ્લા દરવાજાવાળા ઘરની શોધમાં તે ફરી રહ્યો છે.

જેનાથી કોઈને ય ભય ન હોય અને જેને કોઈનાથી ય ભય ન હોય તેનું નામ જૈનસાધુ. તે જ્યાં રહેતા હોય તે ઉપાશ્રય વગેરે સ્થાનના દરવાજા સદા ઉઘાડા હોય. તેઓ અપરિગ્રહી હોવાથી તેમને કોઈ જાતની ચોરીની ચિંતા તો હોય જ નહિ ને !

ફરતો ફરતો સિદ્ધ પહોંચી ગયો ઉપાશ્રય પાસે. દરવાજા જોયા સાવ ખુલ્લા ! માતાનું વચન યાદ કરીને કર્યો અંદર પ્રવેશ.

સવારના ચારેક વાગ્યાનો સમય કદાચ થયો હશે. અંદર જઈને જોયું તો પ્રસન્નતાનો પમરાટ જેમના મુખ ઉપર પ્રસરી રહ્યો હતો, તેવા ગુરુભગવંતો પોતાની સાધનામાં લીન હતા. કોઈક સ્વાધ્યાય કરતા હતા, તો કો'ક ધ્યાન ધરતા હતા. કોઈક જાપ કરતા હતા તો કો'ક કાઉસ્સગ કરતા હતા.

કોઈ દિવસ નહિ જોયેલાં આ દૃશ્યને ધરાઈ ધરાઈને આજે જોયા જ કર્યું. આ દુનિયાના સુખીમાં સુખી માનવો તેને અહીં દેખાયા. તે આજે અંજાઈ ગયો. એને કાંઈક અદ્‌ભુત અદ્‌ભુત લાગવા માંડ્યું.

પૂ. ગુરુભગવંતનો સત્સંગ કર્યો. સાધુ બનવાના ભાવો ઊભરાયા. સવારે તપાસ કરતા કરતા મા ઉપાશ્રયે આવીને. ઘરે પાછા આવવા સમજાવા લાગી. પણ જેના હૃદયમાં વૈરાગ્ય ઊભરાઈ રહ્યો હોય તે હવે સંસારમાં ટકી શકે ? 'મા ! તેં જ કહ્યું હતું ને કે જેના દરવાજા ઉઘાડા હોય ત્યાં પહોંચી જા.' તારા વચનથી જ અહીં આવ્યો છું. હવે ઘરે પાછો નહિ આવું.'

અને છેવટે માતાએ સંમતિ આપવી પડી. સિદ્ધ હવે સિદ્ધર્ષિ બન્યા. ધર્મશાસ્ત્રનું વિશિષ્ટ અધ્યયન કર્યું. વિદ્વાન બન્યા. હવે તેમને બૌદ્ધમતનો અભ્યાસ કરવાની ઇચ્છા પેદા થઈ. તે માટે બૌદ્ધસાધુના મઠમાં જવું પડે. તેમની પાસેથી જ્ઞાન મેળવવું પડે.

ગુરુ જ્ઞાની હતા. તેમને સિદ્ધર્ષિ માટે બૌદ્ધમતનો અભ્યાસ કરવો ઉચિત ન લાગ્યો. પણ સિદ્ધર્ષિએ આગ્રહ રાખ્યો. ગુરુએ કહ્યું કે, 'જૈનધર્મના સિદ્ધાન્તોનો તેં વિશિષ્ટ અભ્યાસ કર્યો નથી. તેથી બૌદ્ધમતની કોઈ વાત સાંભળતા, કદાચ તને જૈનધર્મ પ્રત્યે અણગમો થાય કે આ સાધુપણું છોડવાનું મન થાય તો મારો આપેલો ઓઘો મને પાછો આપવા આવજે. આટલું વચન આપીને જા.'

સાધુપણાના અત્યંત રાગી શિષ્યને આ વાત સાંભળતા આશ્ચર્ય થયું ! ગુરુજી આમ કેમ બોલે છે ? શું હું દીક્ષા છોડવાનો વિચાર કરું ? કદી ય ન બને ! છતાં ગુરુજી કહે છે, તો વચન આપવામાં ક્યાં તકલીફ છે ? વચન આપીને સિદ્ધર્ષિ ભણવા પહોંચ્યા બૌદ્ધિભિખ્ખુ પાસે.

બૌદ્ધભિખ્ખુ પાસે પહોંચીને સિદ્ધર્ષિ બૌદ્ધ ગ્રન્થોના અભ્યાસમાં લીન થઈ ગયા. તેમની વિશિષ્ટ બુદ્ધિ-પ્રતિમા જોઈને બૌદ્ધ ભિખ્ખુના મનમાં સિદ્ધર્ષિને પોતાના મતમાં ખેંચવાની ઈચ્છા થાય તે સહજ છે. જૈન ધર્મના પદાર્થોને મારીમચડીને રજૂ કરી બૌદ્ધધર્મ જ સાચો છે, તેવા ભાવો સિદ્ધર્ષિના મનમાં પેદા કરવામાં તેઓ સફળ થયા. સિદ્ધર્ષિને

જૈનધર્મના પદાર્થોમાં શંકાઓ પડવા લાગી. જેમ જેમ બૌદ્ધ ધર્મનો વિશેષ અભ્યાસ કરતા ગયા, તેમ તેમ જૈન ધર્મ ખોટો અને બૌદ્ધધર્મ સાચો લાગવા માંડ્યો. અરે, બૌદ્ધભિખ્ખુ બનવાનું તેમને મન થઈ ગયું.

ગુરુનો દ્રોહ કર્યો છે. ગુરુની ઇચ્છા વિના ભણવા નીકળ્યા છે. પછી પતન થવાની શક્યતા કેમ પેદા ન થાય ? શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે ગુરુદ્રોહ કદી ન કરવો. ગુરુદ્રોહનું પાપ એટલું બધું ભયંકર છે કે તે પ્રાયઃ આ ભવમાં જ પોતાનું ફળ બતાવ્યા વિના રહેતું નથી. પેલા કુલવાલકમુનિએ ગુરુદ્રોહ કર્યો હતો તો તેનું એક ગણિકાથી પતન થયા વિના ન રહ્યું. અરે ! ભગવાન મુનિસુવ્રતસ્વામીના સ્તૂપને ઉખેડી નંખાવવામાં તે નિમિત્ત બન્યો ! હરિભદ્રસૂરિજીના સગા ભાણિયા શિષ્યો હંસ-પરમહંસે પોતાના ગુરુના વચનનો દ્રોહ કર્યો તો તેઓ તે જ ભવમાં અકાળે મરણને શરણ થયા ! માટે કદી પણ ગુરુભગવંતના વચનનો અનાદર ન કરવો. તેમના પ્રત્યે સદા સમર્પણભાવ કેળવવો. તેમની ઇચ્છા ખાતર પોતાની તમામ ઇચ્છાઓને ગૌણ કરી દેવી. પોતાની સારી કે સાચી ઇચ્છાને પણ જો ગુરુની સંમતિ ન હોય તો ત્યાગી દેવામાં ક્ષણનો વિલંબ ન કરવો. હા ! એક વાત ધ્યાનમાં રાખવી કે ગુરુ પરમાત્માની આજ્ઞાને વફાદાર હોવા જોઈએ. ગીતાર્થ અને સંવિગ્ન હોવા જોઈએ. પવિત્ર જીવન જીવનારા જોઈએ. શાસ્ત્રકાર પરમર્ષિઓ તો કહે છે કે જો આવા વિશિષ્ટ ગુરુ મેળવવા ૭૦૦ માઈલનો વિહાર કરવો પડે તો કરવો, ૧૨ વર્ષ ફરવું પડે તો ફરવું, પણ સાચા ગુરુ શોધવા." તેમના ચરણે જીવન સમર્પિત કરવું. તેમનો પડ્યો બોલ ઝીલી લેવો. પણ ગુરુ વિના ન રહેવું. માથે ગુરુ તો રાખવા.

સિદ્ધર્ષિએ ગુરુનો દ્રોહ કર્યો. ભાવ પતિત થવા લાગ્યા. ગુરુની એ વાત યાદ આવી કે કદાચ સાધુપણું છોડવાની ઇચ્છા થાય તો મને રજોહરણાદિ (ઓઘો) પાછો આપવા આવજે. અને ગુરુના તે વચનને પૂર્ણ કરવા ઇચ્છા થઈ ગુરુ પાસે જવાની. પણ બૌદ્ધ ભિખ્ખુએ વચન લીધું કે ત્યાં રહી જવાનું મન થાય તો એક વાર મને મળીને પછી જવું. તે વાત સ્વીકારી પહોંચ્યો ગુરુ પાસે.

બૌદ્ધ ગ્રન્થો ભણીને તેમને જૈનધર્મની વાતોમાં જ શંકાઓ પડી હતી, તેના ગુરુએ સચોટ જવાબો આપ્યા. ગુરુ પાસેથી, સરસ સમાધાનો મળતા હવે તેઓ જૈન ધર્મમાં સ્થિર થયા. પણ વચન પ્રમાણે બૌદ્ધ ભિખ્ખુને મળવા ગયા.

ત્યાં બૌદ્ધ ભિખ્ખુએ જે નવી દલીલો કરી તેના આધારે તેમને બૌદ્ધધર્મ ફરી સાચો લાગવા માંડ્યો. સાધુવેશ પરત કરવા પાછા પહોંચ્યા ગુરુ પાસે. ગુરુએ આપેલા સમાધાન અને નવી દલીલોથી પાછો જૈનધર્મ સાચો લાગવા માંડ્યો. પહોંચ્યા બૌદ્ધભિખ્ખુને તે વાત કરવા. પણ ત્યાંની વાત સાંભળીને ત્યાં રહેવાનું મન થવા લાગ્યું.

આ રીતે ૨૧ વાર આવન-જાવન ચાલી. બૌદ્ધભિખ્ખુ પાસે જાય ત્યારે બૌદ્ધધર્મ સાચો લાગે અને સાધુપણું છોડી બૌદ્ધભિખ્ખુ બનવાનું મન થાય. જ્યારે ગુરુ પાસે આવે ત્યારે જૈન ધર્મ જ સાચો લાગે અને તેથી સાધુપણામાં સ્થિર થવાનું મન થાય.

પણ છેલ્લીવાર જ્યારે બૌદ્ધભિખ્ખુ પાસે ગયા ત્યારે તેની અકાટ્ય દલીલોથી હવે તેને બૌદ્ધધર્મ જ સર્વથા સચોટ અને શ્રેષ્ઠ લાગ્યો. જૈનધર્મ પ્રત્યે અને પોતાના ગુરુ પ્રત્યે ભયંકર અનાદરભાવ પેદા થયો. અત્યારસુધી તો ગુરુ પાસે જ્યારે જતા હતા, ત્યારે પુષ્કળ વિનય સાચવતા હતા. હૈયામાં આદર ઊભરાતો હતો. પણ આ વખતે તો સાધુપણું છોડી દેવાનો નિશ્ચય છે. જૈનધર્મ પ્રત્યે જરાય આદર નથી. પછી જૈનસાધુ પ્રત્યે તો આદર ક્યાંથી હોય ?

અંદર પાટ ઉપર ગુરુભગવંત બિરાજેલા છે અને બહારથી જ સિદ્ધર્ષિ 'મત્થએણ વંદામિ' પણ કહ્યા વિના અનાદરપૂર્વક કહે છે, 'આ તમારો ઓઘો પાછો.'

તેના અનાદરભર્યા શબ્દો સાંભળીને ગુરુને થઈ ગયું કે હવે આ કેસ મારા હાથમાં નથી.

જ્યાં સુધી આપણી પ્રત્યેનો સદ્ભાવ સામેની વ્યક્તિમાં હોય ત્યાં સુધી આપણે સામેની વ્યક્તિમાં ગમે તેટલો ફેરફાર કરી શકીએ છીએ. તેને યોગ્ય માર્ગદર્શન આપીને સુધારી શકીએ છીએ. પણ જ્યારે સામાના હૃદયમાં આપણી પ્રત્યેનો સદ્ભાવ ખત્મ થઈ જાય ત્યારે બાજી આપણા હાથમાં રહેતી નથી. તેવા વખતે તેના હિત માટે પણ જે કહેવાય તે તેને ઊંધું પડતું હોય છે. તેનામાં આપણા પ્રત્યે વિશેષ અસદ્ભાવ પેદા કરનાર બને છે.

માટે જ માતા-પિતાએ પોતાના પુત્રોને તે રીતે જ પ્રેરણા-હિતશિક્ષા કે સલાહ આપવી જોઈએ કે જેથી તેના હૃદયમાં રહેલો માતા-પિતા પ્રત્યેનો સદ્ભાવ ખત્મ ન થાય. જો સદ્ભાવ ખત્મ થઈ રહ્યો છે, તેવું લાગે તો ટકોર કરવાનું બંધ કરી દઈને, ફરી સદ્ભાવ પેદા કરવાનું કામ શરૂ કરી દેવું જોઈએ. પણ ભૂલેચૂકે ય સદ્ભાવ ખત્મ ન થઈ જાય તેની કાળજી લેવી જોઈએ. જો સદ્ભાવ ખત્મ થઈ ગયો તો હવે તેને સુધારી શકવાની તે મા-બાપમાં કોઈ શક્યતા નથી. હવે તો તેવા મા-બાપે તેવા દીકરાને કાંઈપણ કહેવાનું પણ બંધ કરી દેવું જોઈએ. અને કેસ કાળને સોંપી દેવો જોઈએ. તેના જીવનમાં પરિવર્તન આવે તે માટે બહારના બધા ઉપાયોને છોડી દઈને, પરમાત્માને પ્રાર્થના કરવી જોઈએ. કાળ પાકશે ત્યારે ઓટોમેટીક સારું થશે.

સિદ્ધર્ષિના હૃદયમાં પોતાના પ્રત્યેનો સદ્ભાવ હવે ઊભો રહ્યો નથી, તે જાણતા ગુરુને હવે તેમની સાથે ચર્ચા કરવાનો કોઈ ફાયદો ન દેખાયો.

ઓઘો પાછો આપવા અંદર આવેલા સિદ્ધર્ષિને થોડી વાર બેસવાનું કહી, પોતે સ્થંડિલ જવાના બહાને અન્ય શિષ્યને સાથે લઈને બહાર નીકળી ગયા. પણ તે વખતે પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત લલિતવિસ્તરા ગ્રન્થ ત્યાં પાટ ઉપર મૂકી દીધો.

જ્ઞાનીને જ્ઞાન પ્રત્યે પ્રેમ હોય જ. ગુરુની ગેરહાજરીમાં સમય શી રીતે પસાર કરવો ? તે સવાલ હતો, ત્યાં આ લલિતવિસ્તરા ગ્રન્થ તરફ નજર ગઈ. હાથમાં ગ્રન્થને લઈને, તેના પાના એક પછી એક ઊથલાવવા માંડ્યા. વાંચવામાં ખૂબ રસ પડ્યો. કારણ કે પોતાનો મનગમતો તે વિષય હતો.

આ ગ્રન્થમાં ચૈત્યવંદનાના નમુથ્થુણં વગેરે સૂત્રો ઉપર વિવેચન હતું. જેમાં નમુથ્થુણં સૂત્રમાં આપેલા પરમાત્માના વિશેષણો દ્વારા અન્ય મતોનું તાર્કિક ખંડન પણ કરવામાં આવ્યું હતું.

જે પાના તેમના વાંચવામાં આવ્યા તેમાં તેમની મૂંઝવણોના ઉકેલ હતા. જૈન ધર્મની સર્વોપરિતાની સિદ્ધિ હતી. બૌદ્ધમતની અધૂરાશની ઝલક હતી. જેમ જેમ આગળને આગળ રસપૂર્વક વાંચતા ગયા, તેમ તેમ તેમના હૃદયમાં જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા પેદા થતી ગઈ. વિશેષ વૃદ્ધિ પામવા લાગી.

**વિશિષ્ટ બુદ્ધિ અને પ્રતિભાના તેઓ સ્વામી હતા. વળી ૨૧-૨૧ વાર બંને તરફથી દલીલો સાંભળીને હવે બંનેના મતો તેમના મનમાં સ્પષ્ટ હતા. છતાં સાચું સમજવામાં જે મુશ્કેલી નડતી હતી, તે આજે આ ગ્રન્થના વાંચને દૂર થઈ. કલ્પના કરીએ કે હરિભદ્રસૂરિજીએ આ ગ્રન્થમાં કેવી કેવી અદ્‌ભુત વાતો જણાવી હશે કે જેણે અત્યંત વિરોધી બનેલા આ સિદ્ધર્ષિને આજે બકરી બેં બનાવી દીધો હતો !**

મનની શંકાઓ સર્વથા ટળી જતા, તે હવે કટ્ટર જૈનધર્મી બની ગયો. બૌદ્ધોની ચાલાકી તેના ધ્યાનમાં આવી ગઈ. કોઈપણ સંયોગમાં બૌદ્ધમત હવે પછી ન સ્વીકારવાના નિશ્ચય સાથે તેણે મનોમન જૈનમત સ્વીકારી લીધો.

પીળીયાને સર્વત્ર પીળું દેખાય. પણ જો પીળીયો દૂર થઈ જાય તો તેને કહેવું ન પડે કે આ વસ્તુ સફેદ છે ! સ્વાભાવિક રીતે જ તે સફેદ ચીજ તેને સફેદ દેખાવા લાગે.

પૂર્વગ્રહો હોય ત્યાં સુધી જ બીજી સાચી વ્યક્તિ પણ ખોટી લાગવા માંડે. જ્યાં પૂર્વગ્રહો ટળી જાય કે તરત જ સાચી વસ્તુ સાચી લાગવા માંડે. કાંઈ તેને સાચી સિદ્ધ કરવાની જરૂર ન પડે. માટે જો આત્મકલ્યાણ માટે કાંઈ કરવાની જરૂર હોય તો સૌપ્રથમ પૂર્વગ્રહ દૂર કરવાની જરૂર છે.

જો કે આકાશમાં ઉપગ્રહો છોડવા સહેલા છે, પણ બંધાઈ ગયેલા પૂર્વગ્રહો છોડવા ખૂબ મુશ્કેલ છે. તેથી કોઈ દિવસ કોઈના માટે અશુભ (નેગેટીવ) પૂર્વગ્રહો બાંધવા જ નહિ.

જૈનધર્મ ખોટો છે, તેવો સિદ્ધર્ષિના મનમાં પેદા થયલો પૂર્વગ્રહ લલિતવિસ્તરા ગ્રન્થ વાંચતા ટળી ગયો. પૂર્વગ્રહ રૂપ પીળીયો દૂર થતાં સ્વચ્છ દર્શન તેમને થયું. જૈનધર્મ અને જૈનધર્મના સાધુઓ-શાસ્ત્રો વગેરે પ્રત્યે વિશેષ બહુમાનભાવ પેદા થયો. પોતાની નપાવટ પ્રત્યે તથા ગુરુ તરફ થોડી વાર પહેલા કરેલા બેહૂદા વર્તન બદલ ભારોભાર ધિક્કાર પેદા થયો. ગુરુભગવંત પાસે તેની ક્ષમા માંગવાની તલપ પેદા થઈ. રાહ જુએ છે ગુરુ ભગવંતના પાછા ફરવાની.

ગુરુ ભગવંતને દૂરથી આવતા નિહાળી ઊભો થઈ સામે ગયો. હૃદયમાં ઊછળી રહ્યો છે બહુમાનભાવ. બે હાથ જોડી જોરથી 'મત્થેણ વંદામિ' કહીને આવકારે છે.

એકાએક બદલાઈ ગયેલા વર્તને તેમના હૃદયમાં પેદા થયેલા ભારોભાર બહુમાનની જાણ ગુરુદેવને કરી દીધી. આ બધો પ્રભાવ પેલા લલિતવિસ્તરા ગ્રંથનો છે તે સમજતા ગુરુદેવને વાર ન લાગી.

સિદ્ધર્ષિએ ગુરુદેવના ચરણોમાં ધ્રુસકે ધ્રુસકે રડીને પોતાના અપરાધની ક્ષમા માંગી. ગુરુદેવના ભરપૂર વાત્સલ્યે કાયમ માટે તેમને જૈન શાસનમાં સ્થિર કરી દીધા.

વિશિષ્ટ બુદ્ધિપ્રતિભાના સ્વામી તેમણે જૈનધર્મના શાસ્ત્રોનો વિશેષ ઊંડાણથી અભ્યાસ કરી, બાળજીવોની ઉપર ઉપકાર કરનારા 'ઉપમિતિ ભવ પ્રપંચા કથા' નામના ગ્રંથની રચના કરી. જેમાં સંસારના બિહામણા સ્વરૂપનું કથાના માધ્યમથી સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. પાંચ ઈન્દ્રિયો, કષાયો અને અવ્રતોને પણ માનવના પાત્રોમાં રજૂ કરીને તેમણે કમાલ કરી છે. આ ગ્રંથ પ્રત્યેક વ્યક્તિએ મનન-પૂર્વક વાંચવા જેવો છે. હવે તો તેનું ગુજરાતી ભાષામાં તૈયાર થયેલું ભાષાન્તર પણ મળે છે. મનન-ચિંતનપૂર્વક આ ગ્રંથ વાંચનારના જીવનમાંથી ક્રોધાદિ દોષો પાતળા પડ્યા વિના ન રહે. વૈરાગ્ય પેદા થયા વિના પ્રાયઃ ન રહે. આવો અદ્‌ભુત ગ્રંથ આપણને સિદ્ધર્ષિ ત્યારે જ આપી શક્યા કે જ્યારે આ નમુથ્થુણં સૂત્ર ઉપરની લલિતવિસ્તરા ટીકાએ તેમને સાધુજીવનમાં સ્થિર કર્યા. આ લલિતવિસ્તરા ગ્રન્થ ઉપર ગુજરાતી ભાષામાં વિવરણ પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ કરેલ છે, જે 'પરમતેજ' નામે દિવ્યદર્શન કાર્યાલયે પ્રગટ કરેલ છે. તેનું વાંચન કરવાથી જૈન શાસન પ્રત્યે વિશેષ અહોભાવ અને પરમાત્મભક્તિમાં વૃદ્ધિ થયા વિના નહિ રહે.

આ નમુથ્થુણં સૂત્રમાં નવ સંપદા છે. એટલે કે જુદા જુદા પદોના નવ ઝૂમખા છે. જે દરેક ઝૂમખાને બોલ્યા પછી સ્હેજ અટકીને પછી નવું ઝૂમખું બોલવાનું છે.

આ સૂત્રનો 'નમો જિણાણં જિઅભયાણં' સુધીનો મૂળ પાઠ કલ્પસૂત્ર, ઔપાતિક સૂત્ર, રાજ્યપ્રશ્નીય સૂત્ર વગેરે આગમોમાં આવે છે. પરંતુ 'જે અ અઈઆ સિદ્ધા' વગેરે પાઠ ભલે આગમમાં નથી, છતાં પૂર્વશ્રુતધરે તેની રચના કરેલી હોવાથી તે પાઠને તે સ્થાને પૂર્વના મહાપુરુષોએ સ્વીકારેલ છે. તે પાઠથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના જિનોને વંદના કરાય છે.

* (૧) **શાસ્ત્રીય નામ :** શક્રસ્તવ અથવા પ્રણિપાત - દણ્ડક સૂત્ર.
* (૨) **લોક પ્રસિદ્ધ નામ :** નમુત્થુ ણં સૂત્ર.
* (૩) **વિષય :** પરમાત્મા તીર્થંકર દેવની તેમના ગુણો દ્વારા સ્તવના.
* (૪) **સૂત્રનો સારાંશ :** સમગ્ર જગત ઉપર જેમનો અસીમ ઉપકાર વાઈ ગયો છે તે તારક તીર્થંકર દેવોની સ્તવના દ્વારા કૃતજ્ઞતાગુણનો વિકાસ કરવો જોઈએ. આવા ઉપકારીઓને વારંવાર વંદના કરવી જોઈએ.

*** (૫) સૂત્ર :**

**સ્તોતવ્ય - સંપદા (૧)**

***નમુત્થુ ણં***

***અરિહંતાણં, ભગવંતાણં,***

**હેતુ - સંપદા (૨)**

*આઈગરાણં, તિત્થયરાણં,*
*સયંસંબુદ્ધાણં*
ઈતર હેતુ - સંપદા (૩)
*પુરિસુત્તમાણં પુરિસ-સીહાણં*
*પુરિસ - વર - પુંડરિયાણં.*
*પુરિસ - વર - ગંધહત્થીણં*
ઉપયોગ - સંપદા (૪)
*લોગુત્તમાણં, લોગ-નાહાણં,*
*લોગ - હિયાણં,*
*લોગ - પઈવાણં, લોગ-પજ્જોઅગરાણં.*
તદ્ધેતુ - સંપદા (૫)
*અભય - દયાણં, ચક્ખુ - દયાણં,*
*મગ્ગ - દયાણં, સરણ - દયાણં,*
*બોહિ - દયાણં,*
સવિશેષોપયોગ - સંપદા (૬)
*ધમ્મ - દયાણં, ધમ્મ - દેસયાણં,*
*ધમ્મ - નાયગાણં, ધમ્મ સારહીણં,*
*ધમ્મ - વર - ચાઉરંત ચક્કવટ્ટીણં,*
સ્વરૂપ - સંપદા (૭)
*અપ્પડિહય - વર - નાણ - દંસણ ધરાણં,*
*વિયટ્ટ છઉમાણં*
નિજ-સમ-ફલદ-સંપદા (૮)
*જિણાણં જાવયાણં,*
*તિન્નાણં તારયાણં,*
*બુદ્ધાણં બોહયાણં,*
*મુત્તાણં મોઅગાણં*
મોક્ષ - સંપદા (૯)
*સવ્વન્નૂણં સવ્વદરિસીણં*
*સિવ-મયલ-મરૂઅ-મણંત - મક્ખય-*
*મવ્વા બાહ-મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ - નામ-ધેયં,*
*ઠાણં સંપત્તાણં,*
*નમો જિણાણં, જિઅ - ભયાણં.*
*જે અ અઈઆ સિદ્ધા*
*જે અ ભવિસ્સંતિ ણાગયકાલે*
*સંપઈ અ વટ્ટમાણા*
*સવ્વે તિવિહેણ વંદામિ.*

## (૬) ઉચ્ચારશુદ્ધિ અંગે સૂચના :

(૧) આ સૂત્રની નવ સંપદાઓને બરોબર ધ્યાનમાં લેવી જોઈએ, જેથી સૂત્ર અત્યન્ત સુંદર રીતે બોલી શકાય. દરેક સંપદા પૂરી થાય એટલે થોડુંક અટકીને- પછી જ બીજી સંપદા બોલવી જોઈએ. તેની વચમાં ક્યાંય વધુ અટકવું ન જોઈએ. સંપદા પૂરી થાય ત્યારે જ કંઈક વધુ અટકવું જોઈએ.

(૨) કેટલાક શબ્દો કે વાક્યો અશુદ્ધ ન બોલાઈ જાય તે માટે નીચેનું શુદ્ધિપત્રક ધ્યાનમાં રાખવું.

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| સયંસબુદ્ધાણં | સયંસંબુદ્ધાણં | જિણ્ણાણં | જિણાણં |
| પુરિસિહાણં | પુરિસસિહાણં | તારિયાણં | તારયાણં |
| લાગિયાણં | લોગહિયાણં | સવ્વનૂણં | સવ્વન્નૂણં |
| મગદયાણં | મગ્ગદયાણં | મપુણરાવિતિ | મપુણરાવિત્તિ |
| ધમુદયાણં | ધમ્મદયાણં | જે અઈઆ | જે અ અઈઆ |
| ધમ્દેશીયાણં | ધમ્મદેસયાણં | જે ભવિસ્સંતિ | જે અ ભવિસ્સંતિ |
| અપડિયા વરનાણં | અપ્પડિહય વરનાણ | સંપટ વટમાણા | સંપઈઅ વટ્ટમાણા |
| દંસણં ધરાણ | દંસણ ધરાણં | | |

## (૭) શબ્દાર્થ :

**નમુથ્થુણં :** નમસ્કાર થાઓ
**અરિહંતાણં :** અરિહંતને
**ભગવંતાણં :** ભગવંતને
**આઈગરાણં :** શરૂઆત કરનારને.
**તિત્થયરાણં :** તીર્થંકરને
**સયંસંબુદ્ધાણં :** જાતે બોધ પામનારને
**પુરિસુત્તમાણં :** પુરુષોમાં ઉત્તમને
**પુરિસ :** પુરુષોમાં
**સીહાણં :** સિંહ સમાનને
**વર :** શ્રેષ્ઠ
**પુંડરીયાણં :** પુંડરિક કમળ સમાનને
**ગંધ હત્થીણં :** ગંધ હાથીને.
**લોગુત્તમાણં :** લોકમાં ઉત્તમને
**નાહાણં :** નાથને
**હિયાણં :** હિતકારીને
**પઈવાણં :** દીપક સમાનને
**પજ્જોઅગરાણં :** સૂર્ય સમાન પ્રકાશ કરનારને.
**અભય :** નિર્ભયતા
**દયાણં :** આપનારને
**ચક્ખુ :** ચક્ષુ - આંખ
**મગ્ગ :** મોક્ષમાર્ગ
**સરણ :** શરણું
**બોહિ :** સમ્યગ્દર્શન
**દેસયાણં :** દેશના આપનારને
**નાયગાણં :** નાયકને
**સારહીણં :** સારથિને
**ચાઉરંત ચક્કવટ્ટીણં :** ચતુરંગ ચક્રવર્તીને
**અપ્પડિહય :** કોઈથી હણાય નહિ તેવું
**ધરાણં :** ધારણ કરનારને
**વિયટ્ટછઉમાણં :** છદ્મસ્થપણાને દૂર કરનારાને
**જિણાણં :** જીતેલાને
**જાવયાણં :** જીતાડનારાને

| | |
|---|---|
| તિન્નાણં : | તરેલાને |
| તારયાણં : | તારનારને |
| બુદ્ધાણં : | બોધ પામેલાને |
| બોહયાણં : | બોધ પમાડનારને |
| મુત્તાણં : | મુક્ત થયેલાને |
| મોઅગાણં : | મુક્ત કરનારને |
| સવ્વન્નૂણં : | સર્વજ્ઞને |
| સવ્વદરિસીણં : | સર્વદર્શિને |
| સિવ : | કલ્યાણકારી |
| મયલ : | અચલ |
| મરુઅ : | રોગરહિત |
| મણંત : | અનંત |
| મક્ખય : | અક્ષય |
| મવ્વાબાહ : | પીડા વિનાના |
| મપુણરાવિત્તિ : | જ્યાંથી ફરી જન્મ લેવાનો નથી તેવા |

| | |
|---|---|
| સિદ્ધિ ગઈ : | મોક્ષ |
| નામધેયં : | નામના |
| ઠાણં : | સ્થાનને |
| સંપત્તાણં : | પામેલાને |
| નમો : | નમસ્કાર થાઓ |
| જિણાણં : | જિનેશ્વરોને |
| જિઅભયાણં : | ભયો ને જિતનારને |
| જે : | જેઓ |
| અઈઆ : | ભૂતકાળમાં |
| ભવિસ્સંતિ : | થશે |
| ણાગએ : | ભવિષ્યકાળમાં |
| સંપઈ : | વર્તમાનકાળમાં |

## (૮) સૂત્રાર્થ :

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. ધર્મની શરૂઆત કરનારાને, તીર્થને પ્રવર્તાવનારાને, જાતે બોધ પામનારાને (નમસ્કાર થાઓ)

(પરોપકરાદિ ગુણો વડે) પુરુષો ઉત્તમને (આંતર શત્રુઓને હણવા માટેના શૌર્યાદિ ગુણો વડે) પુરુષોમાં સિંહ સમાનને (સંસાર રૂપી કાદવ વગેરેથી નહિ લેપાયેલા જીવનવાળા હોવાથી) પુરુષોમાં ઉત્તમ કમળ સમાનને (સ્વચક્ર-પરચક્ર વગેરે સાત પ્રકારની ઇતિ-આપત્તિઓને દૂર કરવામાં) પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાનને (નમસ્કાર થાઓ.)

(ભવ્યજીવો રૂપી) લોકમાં ઉત્તમને, ભવ્ય લોકોના (યોગ-ક્ષેમ કરતા હોવાથી) નાથને, ભવ્ય લોકનું (સમ્યક્પ્રરૂપણા કરવા દ્વારા) હિત કરનારાને, ભવ્ય લોકોના (મિથ્યાત્વ રૂપી અંધકારને દૂર કરવામાં), દીપક સમાનને, ભવ્ય લોકોને (સૂક્ષ્મ સંદેહોને પણ દૂર કરવા દ્વારા) પ્રકાશ કરનારાને (નમસ્કાર થાઓ.)

(સંસારના ભયથી) અભયને આપનારાને, (શ્રદ્ધા રૂપી) આંખોનું દાન કરનારાને, (મોક્ષ) માર્ગને આપનારાને, (રાગ-દ્વેષથી હારી ગયેલા જીવોને) શરણ આપનારાને, (મોક્ષવૃક્ષના મૂળ રૂપ) બોધિબીજના લાભ આપનારાને (નમસ્કાર થાઓ)

(શ્રુતધર્મ અને ચારિત્રધર્મ રૂપ બે પ્રકારના) ધર્મને આપનારાને, (૩૫ ગુણયુક્ત વાણી વડે) ધર્મની દેશના આપનારાને, ધર્મના નાયકને, ધર્મ રૂપી રથને ચલાવવામાં (નિષ્ણાત) સારથિને, ચાર ગતિનો અંત લાવનારા ધર્મ રૂપ શ્રેષ્ઠ ચક્રને ધારણ કરનારા ધર્મ ચક્રવર્તીને નમસ્કાર થાઓ.

કોઈથી પણ હણાય નહિ તેવા શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનારાને તથા છદ્મસ્થપણાથી (ઘાતીકર્મથી) રહિતને (નમસ્કાર થાઓ.)

સ્વયં રાગ-દ્વેષને જીતેલા હોવાથી જિનને, બીજાઓને રાગ-દ્વેષ ઉપર જય પમાડનારને (જિન બનાવનારને), સ્વયં (સંસારસમુદ્રથી) તરેલાને, બીજાઓને (સંસાર સમુદ્રથી) તારનારને, સ્વયં બોધ પામેલાને, બીજાઓને બોધ પમાડનારને, સ્વયં (કર્મથી) મુક્તને, બીજાઓને (કર્મથી) મુક્ત બનાવનારને (નમસ્કાર થાઓ).

સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણકારી, સ્થિર, રોગરહિત, અનન્ત, અક્ષય, પીડા વિનાના, જ્યાંથી ફરી સંસારમાં જન્મ લેવા આવવાનું નથી તેવા સિદ્ધિગતિ (મોક્ષ) નામના સ્થાનને પામેલાને, જિનેશ્વરોને, સર્વ ભયોને જીતી લેનારને (નમસ્કાર થાઓ.)

(ઋષભદેવ વગેરે) જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા છે.

(શ્રેણિક વગેરે) જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થયા છે.

તથા (સીમંધરસ્વામી વગેરે) જેઓ વર્તમાનકાળમાં (તીર્થંકરપણે) વિદ્યમાન છે, તે બધાને હું મન-વચન-કાયાથી (તિત્રિવિધ) વંદના કરું છું.

## (૪) વિવેચન :

**નમુથ્થુણં :** નમસ્કાર થાઓ. **આ પદ અરિહંત** ભગવાનના પ્રત્યેક વિશેષણ સાથે જોડવાનું છે. તેથી અરિહંતને નમસ્કાર થાઓ, ભગવાનને નમસ્કાર થાઓ. એ રીતે દરેક પદોનો અર્થ થશે. આ દરેક પદ બોલતા મસ્તક ઝૂકવું જોઈએ. જુદી જુદી વિશેષતાવાળા પરમાત્માને નમસ્કાર કરતી વખતે, તે વિશેષતાને નજરમાં લાવવાથી હૃદયમાં અહોભાવ ઊછળ્યા વિના નહિ રહે. આપણને જૈનકુળમાં જન્મ થવાના કારણે મળેલા અદ્‌ભુત ભગવાનની વિશેષતાઓનો અનુભવથી સાક્ષાત્કાર થવા લાગશે. દરેક વખતે નમવાથી વંદનામાં જીવંતતા આવશે. અનંતા પાપકર્મોની નિકંદના થશે. જીવંતતા વિનાની વંદના શી રીતે કર્મોની નિકંદના કરી શકે ?

**અરિહંતાણં :** અરિ = રાગ-દ્વેષ વગેરે આંતર શત્રુઓ. તેને હણનારા. અથવા અરુહંતાણં = ફરીથી સંસારમાં નહિ ઊગનારાને, અરિહં = યોગ્ય જીવોના તાણં = રક્ષણહારને. અથવા અરિહંતાણં = અષ્ટ પ્રતિહાર્ય યુક્ત તીર્થંકર લક્ષ્મીને ભોગવવાને યોગ્યને, નમસ્કાર થાઓ.

અન્ય દેવ-દેવીઓના જીવનચરિત્રો ક્યાંક રાગથી ઊભરાયેલા તો ક્યાંક દ્વેષથી લીંપાયેલા જ્યારે દેખાય છે, ત્યારે રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરનારા પરમાત્માને નમસ્કાર કરતા હૃદય સવિશેષ રોમાંચિત થાય તે સહજ છે.

**ભગવંતાણં :** ભગ = સમૃદ્ધિ. તેનાવાળા પરમાત્મા છે. કેવળજ્ઞાન-કેવળદર્શન-અનંતશક્તિ વગેરે આંતરસમૃદ્ધિ સાથે સમવસરણ-અષ્ટપ્રાપ્તિહાર્ય વગેરે બાહ્ય સમૃદ્ધિથી પણ પરમાત્મા યુક્ત છે. તેમની આ સમૃદ્ધિની સામે માનવ-દેવ વગેરેની ભેગી કરેલી સમૃદ્ધિ પણ તુચ્છ છે. આવી વિશિષ્ટ સમૃદ્ધિવાળાને નમસ્કાર કરવાનો છે.

**આઈગરાણં :** જૈન ધર્મ તો અનાદિ છે. તેની શરૂઆત ક્યારેય કોઈએ ય કરી નથી. પરન્તુ તે તે કાળે જિનશાસનને તીર્થંકરો પ્રકાશિત કરે છે. તે રીતે તે તે કાળમાં તે તે જીવોને વિષે ધર્મની આદિ થાય છે. તેવી ધર્મની આદિ કરનારા અરિહંત ભગવંત છે. કારણ કે સૌ પ્રથમ કેવળજ્ઞાન તે કાળમાં તેઓ પામે છે.

**તિત્થયરાણં :** તીર્થ - ચતુર્વિધ સંઘ. અથવા પ્રથમ ગણધર.

પરમાત્માની ગેરહાજરીમાં પણ વિશ્વના જીવો આ તીર્થના બળે સંસાર સમુદ્રથી તરવા સમર્થ બની શકે છે. આવા પવિત્રતમ તીર્થની સ્થાપના કરનાર અરિહંત ભગવંત છે. તીર્થને સ્થાપતા હોવાથી તેઓ તીર્થંકર કહેવાય છે. પૂર્વના ત્રીજા ભવમાં વિશિષ્ટ પ્રકારનું કર્મ - તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલ હોય તેઓ જ તીર્થંકર બની શકે છે.

પ્રભુ મહાવીરદેવના આત્માએ નંદન રાજર્ષિ તરીકેના ૨૫મા (પૂર્વના ત્રીજા) ભવમાં માસક્ષમણના પારણે માસક્ષમણ કરીને વીસસ્થાનકની આરાધનાથી આ તીર્થંકર નામકર્મ નિકાચિત બાંધ્યું હતું.

**સયંસંબુદ્ધાણં :** તીર્થંકર પરમાત્માઓ જન્મથી જ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, એ ત્રણ જ્ઞાનના સ્વામી હોય છે. ત્યાર પછી પણ તેમણે લૌકિક જ્ઞાન મેળવવાની જરૂર હોતી નથી. પોતાની જાતે જ તેઓ જ્ઞાની હોય છે.

પ્રભુવીરના માતા-પિતાએ મોહને વશ થઈ, નિશાળમાં ભણવા બાળ વર્ધમાનને મૂક્યા તો તરત ધર્મ મહાસત્તાએ ઈન્દ્રમહારાજનું સિંહાસન કંપાયમાન કર્યું. ધર્મસત્તાથી તીર્થંકરની થતી આશાતના સહન થતી નથી. ઇન્દ્ર મહારાજ બ્રાહ્મણનું રૂપ લઈને આવી ગયા. વર્ધમાનકુમારને પંડિતજીના આસને બેસાડી દીધા અને પંડિતજીને જે શંકાઓ હતી, જેના જવાબ તેઓ હજુ સુધી મેળવી શક્યા નહોતા તે શંકાઓ ઈન્દ્ર પ્રભુને-બાળ વર્ધમાનને-પૂછવા લાગ્યા અને બાળ વર્ધમાને તે શંકાઓના એવા સચોટ સમાધાન આપ્યા કે પેલા પંડિતજી તો આ સાંભળીને આભા બની ગયા ! 'કમાલ ! આટલા નાના બાળકને, મને ન આવડતા જવાબો આવડે છે ! આટલું બધું જ્ઞાન હોવા છતાં ય આ વર્ધમાનકુમારની ગંભીરતા તો જુઓ ! એક શબ્દ પણ પૂછ્યા વિના બોલ્યા નથી. માતા-પિતા ભણવા મૂકવા આવે છે, તો કહેતા નથી કે મને તો બધું આવડે છે ! કેટલા નિરભિમાની ! ધન્ય છે બાળ વર્ધમાનને ! તેમના દર્શને આજે હું પાવન થઈ ગયો !'

પરમાત્માના આત્માને વૈરાગ્ય પમાડવા કોઈએ ઉપદેશ આપવાની પણ જરૂર નથી. તેમને સહજ વૈરાગ્ય હોય છે અને દીક્ષા લીધા પછી પણ પોતાની જાતે જ કેવળજ્ઞાન પામે છે.

પ્રભુના સાધનાકાળની શરૂઆતમાં ઈન્દ્રે પ્રભુ મહાવીરને વિનંતી કરેલ કે, 'હે પ્રભો ! મારા અવધિજ્ઞાનમાં હું જોઈ રહ્યો છું કે આપની ઉપર ઘણા ઉપસર્ગો આવવાના છે. તેથી આપશ્રીને વિનંતી કરું છું કે મને આપની સેવામાં રહેવા દો.

ત્યારે પ્રભુ મહાવીરે કહ્યું હતું કે, 'એવું ક્યારેય બન્યું નથી, બનવાનું નથી કે તીર્થંકરો કોઈની સહાયથી કેવળજ્ઞાન પામે.' અર્થાત્ તીર્થંકરો પોતાની જાતે જ કેવળજ્ઞાન

પામતા હોય છે. આવા સ્વયંસંબુદ્ધ (જાતે જ બોધ પામેલા) ભગવાનને નમસ્કાર થાઓ.

**પુરિસ વર પુંડરિયાણં :** કમળ, કાદવ અને પાણીમાં ઊગે છે, તેમાં જ મોટું થાય છે. છતાં તેનાથી સંપૂર્ણ નિર્લેપ રહે છે. પાણી કે કાદવથી તે જરાય લેપાતું નથી તેમ પરમાત્મા પણ સંસારના ભોગસુખો રૂપી કાદવથી પેદા થવા છતાંય સંસારના ભોગસુખોની વચ્ચે જીવન પસાર કરતાં હોવા છતાં ય સ્વયં ભોગસુખોથી જરાય ખરડાતા નથી. લેપાતા નથી. માટે ભગવંત પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરિકકમળ સમાન છે.

**પુરિસ વર ગંધહત્થીણં :** ગંધહસ્તિ એટલે મદ ઝરતો હસ્તિ. જેના મદમાંથી એવી વિશિષ્ટ ગંધ નીકળતી હોય કે જેના કારણે અન્ય હાથીઓ તેનાથી સહજ રીતે દૂર રહે. તે જ રીતે પરમાત્મા વિચરતા હોય ત્યાં ચારેબાજુ ૧૨૫ યોજનમાં મારી-મરકી ઇતિ ઉપદ્રવ વગેરે આવી ન શકે. આવ્યા હોય તો દૂર થયા વિના ન રહે માટે પરમાત્મા ગંધહસ્તિ સમાન છે.

**અભયદયાણં વગેરે :** એક વાર એક કાફલો જઈ રહ્યો હતો. જંગલમાંથી જ્યારે તે પસાર થતો હતો, ત્યારે એક મહાધાડપાડુએ લૂંટ ચલાવી. બધા લોકો આમતેમ નાસભાગ કરવા લાગ્યા. એક માણસ પણ પોતાનો જાન બચાવવા દોડી રહ્યો હતો. તેની પાછળ પેલો ક્રૂર-ખૂંખાર ધાડપાડુ પડ્યો હતો.

બિલાડીની ઝાપટમાં આવેલો ઉંદર કેટલું ટકી શકે ? ધાડપાડુએ પેલા માણસને પકડી લીધો. ઢોરમાર મારવાનું શરૂ કર્યું. પેલો માણસ તો ભયથી થરથર ધ્રૂજી રહ્યો છે.

તેની પાસે રહેલી મિલકત વગેરે લૂંટી લઈને, તે ધાડપાડુએ તે માણસની આંખે પાટા બાંધી દીધા. પછી તે માણસને જંગલની અંદરના ભાગમાં આડોઅવળો લઈ જઈ, એક ઝાડ સાથે બાંધી દીધો !

ભૂખ્યો-તરસ્યો તે માણસ સહાય વિનાનો, ભયથી થરથર ધ્રૂજતો ઝાડ સાથે બંધાઈ ગયો છે. કો'કની સહાયની આવશ્યકતા છે. પણ આ તો છે જંગલ ! અહીં તો જે મળે તે ચોર, ડાકુ કે બહારવટિયો જ હોય ને ! અહીં વળી સારી સહાય આપનાર કોણ મળે ? સતત ભયગ્રસ્ત બનીને સમય પસાર કરે છે. ભયના માર્યા તેના મોઢામાંથી 'બચાવો... બચાવો...' ચીસ નીકળી રહી છે.

તે ચીસ સાંભળીને એક સજ્જન ત્યાં આવી પહોંચે છે. 'ભાઈ ! જરાય ચિંતા ન કરીશ. હું આવી ગયો છું, હવે તારે જરાય ગભરાવાની જરૂર નથી.'

સહાનુભૂતિભર્યા આ શબ્દો સાંભળતાં જ તેને ટાઢક થઈ. હાશ ! કોઈ મદદે આવ્યું. હવે વાંધો નહિ. તે હવે નિર્ભય બન્યો.

પેલા સજ્જને ધડાધડ દોરડાં કાપીને તેને ઝાડથી મુક્ત કર્યો. પછી ધીમે ધીમે તેની આંખે બાંધેલ પાટા છોડી દીધા. આંખો ખૂલતા તેને જાણે કે નવી દૃષ્ટિ મળી. તે ખુશખુશાલ થઈ ગયો. તેને સમજાઈ ગયું કે, સહાયે આવેલ માણસ ખરેખર સજ્જન છે. તેનાથી નિશ્ચે મારું હિત થવાનું છે.

આંખ ખૂલ્યા પછી આભાર માનીને ચારે બાજુ જુએ છે તો ક્યાંય કોઈ રસ્તો ક

કોઈ કેડી દેખાતી નથી. હવે મૂંઝવણ છે કે જવું ક્યાં ?

ત્યાં પેલા સજ્જન કહે છે, 'મૂંઝાવાની જરૂર નથી. લાવો ! હું તમને નગરનો મુખ્ય માર્ગ બતાડી દઉં.'

નગરમાં જવાની ઇચ્છા તો ઘણી છે. પણ બે તકલીફ હજુ ઊભી છે : (૧) એક તો કકડીને ભૂખ લાગી છે. ભૂખ્યો માણસ ચાલી શી રીતે શકે ? અને (૨) કદાચ નગરના માર્ગમાં વચ્ચે ફરી કો'ક લુંટારા મળી જાય તો શુ કરવું ?

આવનાર વ્યક્તિ સજ્જન-શિરોમણિ હતા. કહે છે, જરા ય મૂંઝાવાની જરૂર નથી. લો, આ રહ્યું ભોજન. પેટ ભરીને જમી લો.

અને પછી ચાલવા માંડો નગર તરફ. ના, ચિંતા કરવાની જરૂર નથી. હું પણ તમારી સાથે નગર સુધી આવીશ. મારા શરણે રહેશો તો કોઈ તમને તકલીફ નહિ આપી શકે.

પેલો માણસ તો કૃતજ્ઞતાભરી નજરે આવનાર સજ્જન સામે જોઈ રહ્યો. ભોજન કરીને, તે સજ્જનને પૂર્ણ સમર્પિત થવા દ્વારા તેનું શરણું સ્વીકારી ઇચ્છિત સ્થાને પહોંચ્યો. વાણી દ્વારા વારંવાર તે સજ્જનનો આભાર માની રહ્યો.

બસ ! આપણને મળેલા ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા આનાથી ય વિશેષ સજ્જન-શિરોમણિ છે.

સંસારરૂપી જંગલમાં પસાર થતા આપણી પાછળ મોહરાજ નામનો ધાડપાડુ પડ્યો છે. તેણે આપણા ગૂણોને લૂંટી લીધા છે. આંખે મિથ્યાત્વનો પાટો બાંધીને અંધાપો લાવી દીધો છે. ચારિત્રમાર્ગથી કરોડો યોજન દૂર કરી દીધા છે. આપણે ભયભીત બની ગયા છીએ. સંસારમાં ડૂબીને દુર્ગતિમાં જવાનું પોષાતું ન હોવાથી જ્યારે 'બચાવો, બચાવો' બૂમો પાડીએ છીએ ત્યારે પરમાત્મા આવીને કહે છે. 'નિર્ભય થઈ જા. કોઈ ભય રાખીશ નહિ. હું તારી મા છું.'

અને અભયને આપનારા ભગવાન મળતાં જ ભક્ત હૃદયને એટલું બધું સાન્ત્વન મળે છે, જેટલું માને જોઈને બાળકને મળે છે.

નાનકડું બાળક આંગણામાં રમી રહ્યું હતું. ત્યાં દૂરથી ઘૂઘરિયો બાવો આવતો દેખાયો. બાવાને જોઈને બાબો ગભરાઈ ગયો. દોડતો દોડતો રસોડામાં જઈને રસોઈ કરતી માને વળગી પડ્યો. ભયથી શરીર થરથર ધ્રૂજતું હતું. બોલવાની હામ નહોતી. ગભરાટનો પાર નહોતો.

ત્યાં તો પેલો બાવો તેના જ ઘરની બહાર આવીને કહે છે, 'મૈયા ! ભિક્ષાં દેહિ !' અને આ શબ્દો સાંભળતા પેલી માતાએ આટો ભરેલી વાટકી તેડેલા બાબલાના હાથમાં પકડાવી, દરવાજે પહોંચી. બાવાને જોઈને થોડી વાર પહેલાં જે બાબલો ગભરાયો હતો, તે જ બાબલાને કહે છે, 'બેટા ! બાવાજીને આટો આપ !'

અને આશ્ચર્ય ! ખરેખર ! પેલા બાબલાએ જરા પણ ગભરાયા વિના બાવાજીને વાટકી લોટ આપી દીધો. થોડી વાર પહેલાં બાવાજીને જોઈને ગભરાટમાં થરથર ધ્રૂજતો

બાળક હવે મસ્તીથી તે જ બાવાજીને પોતાના હાથે લોટ આપી શકે છે ! તેનું કારણ ?

તેનું કારણ એ છે કે, તેને ખબર છે કે મારી માની પાસે હું છું. અને જ્યાં સુધી મને મારી માનું શરણ છે, ત્યાં સુધી આ બાવો મારું કાંઈ પણ બગાડી શકે તેમ નથી !

માએ બાળકને જેવું અભય આપ્યું તેવું અભયનું દાન પરમાત્મા આપણને આપે છે. અને જ્યાં પરમાત્મા આવીને ઊભા રહે ત્યાં પેલો ભય પણ શી રીતે ઊભો રહી શકે ?

પરમાત્મા અભયદાન કરીને અટકી જતા નથી. પણ પેલા મોહનીય ગુંડાએ મિથ્યાત્વનો પાટો બાંધીને જે અંધાપો લાવ્યો છે, તેને પણ દૂર કરે છે. સમ્યગ્દર્શન આપીને નવી દૃષ્ટિ ખોલે છે. તેથી તેઓ ચક્ષુનું દાન કરનારા કહેવાય છે.

માત્ર સમ્યગ્દર્શનરૂપી આંખો જ નથી આપતા, સાથે સાથે, ચારિત્રધર્મ રૂપી મોક્ષમાર્ગ બતાવે છે. હે આત્મન્ ! ચાલ્યો આવ સડસડાટ આ રસ્તે... મોક્ષનગરમાં તને પહોંચાડી દઈશ.

પ્રભુ કહે છે કે રસ્તામાં પેલા મોહ... ચોરટાથી ગભરાવાની જરૂર નથી. મારી આજ્ઞાના પાલન કરવા રૂપ મારી હાજરી સતત તારી સાથે છે. તેં મારું શરણું માંગ્યું, તો મેં તને આપ્યું છે. મારા શરણે રહેનારાએ હવે કોઈનો ય ડર રાખવાની જરૂર નથી.

અને આ ચારિત્ર્યમાર્ગે ચાલતા પહેલાં તારી ભૂખને દૂર કરવા લે આ સમ્યગ્દર્શનરૂપ ભોજન કરી લે. આ ભોજન વાપર્યા વિના ચારિત્રના માર્ગે કદમ પણ ભરી શકવાની તારામાં તાકાત નથી.

કેવા મહાકરુણાસાગર છે આ પરમાત્મા ! જેઓ અભય - આંખ - માર્ગ - બોધિ અને શરણના દાતા છે. નિષ્કારણ આપણી ઉપર અખૂટ વાત્સલ્ય વરસાવી રહ્યા છે ! સતત આપણી કાળજી લઈ રહ્યા છે. જાણે કે એક માત્ર આપણને તારી દેવાની પ્રવૃત્તિમાં મસ્ત છે.

પણ આપણે જો આ પરમાત્માની આવી ભવ્ય કરુણાને ન સ્પર્શી શકીએ તો આપણા જેવો અભાગી બીજો કોઈ નહિ.

**ધમ્મ સારહીણં :** પરમાત્મા આપણા ધર્મરથના સારથિ છે. આપણે ધર્મમાર્ગે આગળ વધતા વધતા ક્યારેક અનાદિકાળના અશુભસંસ્કારને વશ થઈ ખોટા માર્ગે ચાલવા માંડીએ તો પરમત્મા આપણા જીવનરથને સાચા માર્ગે પાછા લાવનારા સારથિ છે.

પેલા મેઘકુમારને દીક્ષા લીધા પછી સાધુઓની ચરણરજના કારણે પ્રતિકૂળતા મળતા દીક્ષા છોડી દેવાના વિચાર આવ્યા, ત્યારે ઉન્માર્ગે જતા તેના જીવનરથને પરમાત્મા મહાવીરદેવ સાચા માર્ગે ક્યાં નહોતા લાવ્યા ? પ્રભુવીર મેઘના જીવનરથના સારથિ બન્યા હતા.

આપણો જીવનરથ પણ પાપના માર્ગે કદમ ન ભરે તે મટે પ્રભુને વિનંતી કરીએ કે હે પ્રભો, આપ મેઘકુમારની જેમ અમારા પણ ધર્મરથના સારથિ બનો અને અમારા જીવનને સદા પવિત્ર રાખવામાં સહાય કરો. ખોટા વિચારો-ઉચ્ચારો કે વર્તન કરતા અમને સદ્બુદ્ધિ આપીને સાચા રાહે લઈ જાઓ.

**જાવયાણં - તારયાણં - બોહયાણં - મોઅગાણં :**

પરમાત્માની અદ્‌ભુત વિશેષતાઓ આ પદોમાં જણાવી છે - આ દુનિયાની વ્યક્તિઓ સામાન્યતઃ પોતાની જાતને મહાન બનાવવાના અનેક પ્રયત્નો કરતી હોય છે પણ પોતે જેવા મહાન બન્યા, તેવા મહાન બીજાઓને બનાવવા ઇચ્છતી નથી.

કોઈ શેઠ પોતાના નોકરને પોતાના જેવો શેઠ બનાવવાને ઇચ્છતો નથી.

જ્યારે આપણને મળેલા પરમાત્માનું સ્વરૂપ જ અચિન્ત્ય છે. તેઓ મહાકરુણાસાગર છે અને તેથી રાગ-દ્વેષને જીતીને તેઓ માત્ર જિન જ બન્યા નથી, આપણને પણ રાગ-દ્વેષ ઉપર વિજય પ્રાપ્ત કરાવીને જિન બનાવનારા છે.

માત્ર પોતે જ સંસારસમુદ્રને તરનારા નથી, આપણને પણ સંસારસમુદ્રના પારને પમાડનારા છે.

કેવળજ્ઞાન પામીને માત્ર પોતે જ બુદ્ધ થયા છે, એમ નહિ આપણા જેવાને પણ કેવળજ્ઞાન પમાડીને બુદ્ધ બનાવનારા છે.

તથા કર્મોથી જાતે તો મુક્ત બન્યા છે, આપણને પણ સર્વ કર્મોથી મુક્ત બનાવનારા છે.

સ્વયં જિન-તીર્ણ-બુદ્ધ કે મુક્ત બનવાની તાકાત તો બીજા પણ આત્માઓમાં હોઈ શકે પણ અન્ય જીવોને જિન-તીર્ણ-બુદ્ધ કે મુક્ત બનાવવાની તાકાત તો માત્ર ભગવંતમાં જ છે. તેથી તીર્થંકર ભગવંતોને જ જિનેશ્વર (જિનોના પણ સ્વામી) કહેવાય છે.

ગૌતમસ્વામી વગેરે જિન બન્યા છે, પણ જિનેશ્વર બનવાની તાકાત તો મહાવીરસ્વામી વગેરેમાં જ હતી.

બધાને ઉગારવાની ભાવનાથી આ જિનેશ્વર ભગવંતોએ કેવી તારક શક્તિ મેળવી છે કે જેનાથી તેઓ શાસન સ્થાપીને અનેકોને જિન-તીર્ણ-બુદ્ધ અને મુક્ત બનાવવાનું કાર્ય કરે છે. આવા તારક દેવાધિદેવ પરમાત્માની આ વિશિષ્ટ તાકાતનો ખ્યાલ આપણને આવશે ત્યારે તેમની કરુણાની પરાકાષ્ઠા તરફ હૈયું ભાવોથી ઝૂકી ગયા વિના રહેશે નહિ. અનંતશઃ વંદના હો તેઓના ચરણે.

**સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં.**

આ શબ્દોમાં મોક્ષનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. મોક્ષનું નામ છે : સિદ્ધિગતિ. તે સર્વ ઉપદ્રવોથી રહિત કલ્યાણકારી સ્થાન છે. તે નિશ્ચલ સ્થાન છે. ત્યાં રોગાદિ પીડા કદી હોતી નથી. અનંતકાળ સુધી ટકનારું છે. અક્ષય છે. કોઈ પણ જાતની વ્યાબાધા ત્યાં નથી. એટલું જ નહિ, આ મોક્ષમાં પહોંચ્યા પછી કદીય સંસારમાં ફરી જન્મ લેવાનો હોતો નથી. સદા-શાશ્વતકાળ માટે ત્યાં જ આનંદમાં મસ્ત રહેવાનું હોય છે.

જો મોક્ષમાં જઈને પણ પાછો જન્મ લેવાનો હોય, માતાના પેટમાં નવ મહિના ઊંધા મસ્તકે લટકવાનું હોય. એકડો ફરીથી ઘૂંટવાનો હોય, નવાં નવાં દુઃખોમાં સબડવાનું હોય, ઘડપણ અને મોતને અનિચ્છાએ પણ સ્વીકારવાનાં હોય અને અનેક

જન્મો લેવા રૂપે ફરી સંસારમાં રખડપટ્ટી કરવાની હોય તો તેવા મોક્ષનો શું અર્થ ? તેવો મોક્ષ મેળવીને ફાયદો શો ? શા માટે તેવા મોક્ષને મેળવવા બધાં કષ્ટો સહેવાનાં ?

મોક્ષમાં જતાંની સાથે જ બધા દુઃખો નાશ પામી જતાં હોવાથી, સંસારની રખડપટ્ટી ટળી જતી હોવાથી, આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ થતું હોવાથી શાશ્વતકાળ સુધી આનંદમય અવસ્થા પ્રાપ્ત થતી હોવાથી મોક્ષમાં જવાનું છે. મોક્ષમાં ગયા પછી જન્મ લેવાનો નથી. ધરતી ઉપર આવવાનું નથી.

મોક્ષનું આવું વિશિષ્ટ સ્વરૂપ જૈન ધર્મ સિવાય ક્યાંય બતાડેલ નથી. જૈન ધર્મની આ એક જબરી વિશિષ્ટતા છે.

ચાલો... આપણે સૌ પણ ઉપરોક્ત સ્વરૂપવાળા મોક્ષને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ, તે માટે શુદ્ધ ધર્મને જીવનમાં સ્થાન આપીએ અને આત્માનું જલદીથી કલ્યાણ કરીએ.

**નમો જિણાણં... જિઅભયણં**

ઉપરોક્ત સ્વરૂપવાળા મોક્ષને પ્રાપ્ત કરનારા સર્વ પ્રકારના ભયોને જિતનારા જિનને નમસ્કાર થાઓ.

આપણને તો ડગલેને પગલે અનેક પ્રકારના ભયો સતાવે છે. પરમાત્માએ તમામ ભયોને જીતી લીધા છે. તેથી ભયરહિત અવસ્થા પ્રાપ્ત કરવા આપણે આ ભયરહિત ભગવાનને ભજવા જોઈએ.

**જે અ અઈઆ સિદ્ધા....**

ભૂતકાળ- વર્તમાનકાળ- અને ભવિષ્યકાળના સિદ્ધોને આ છેલ્લી ગાથામાં નમસ્કાર કર્યાં છે. માત્ર વિચરતા તિર્થંકરો જ વંદનીય છે, એમ નહિ માત્ર ભગવાનનું નામ લઈને કે પ્રતિમાની પૂજા કરીને અટકી જવાનું નથી, પણ ભૂતકાળમાં થયેલા ને ભવિષ્યમાં થનારા એવા દ્રવ્યતિર્થંકર ભગવંતોને પણ વંદના કરવાની છે. તે વંદના પણ માત્ર કાયાથી કે વચનથી જ નહિ મનથી પણ કરવાની છે.

[વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.]

* * *

ટૂંક સમયમાં બહાર પડશે
સૂત્રોના રહસ્યો
ભાગ-૨
વસાવીને વાંચવાનું ચૂકશો નહિ.

